॥ श्रीकृष्णाय नमः ॥

રસિક ધોળ પદસંગ્રહ

(સુધારા વધારા સાથે.)

શ્રીવલ્લભીય સંપ્રદાયના વૈષ્ણવોને માટે.

પ્રકાશક—કર્તા

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

જેઠાભાઈની પોળમાં, ખાડીયા—અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૨૦૦૦.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧.૪, શ્રીવલ્લભાબ્દ ૪૩૫, સંવત ૧૯૬૯, સન ૧૯૧૩.

ન્યોછાવર રૂ. ૦-૮-૦, રૂ. ૦-૨-૦ પોસ્ટેજ.

॥ श्रीकृष्णाय नमः ॥

રસિક ધોળ પદસંગ્રહ

(સુધારા વધારા સાથે.)

શ્રીવલ્લભીય સંપ્રદાયના વૈષ્ણવોને માટે.

પ્રકાશક

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસ.

જેઠાભાઈની પોળમાં, ખાડીયા-અમદાવાદ.

આવૃત્તિ ત્રીજી. પ્રત ૨૦૦૦.

શ્રીકૃષ્ણાબ્દ ૫૧૩૯, શ્રીવલ્લભાબ્દ ૪૩૫, સંવત ૧૯૬૯, સન ૧૯૧૩.

ન્યોછાવર રૂ. ૦-૮-૦, રૂ. ૦-૨-૦ પોષ્ટેજ.

અમદાવાદ

ધી ગુજરાત પ્રીન્ટીંગ પ્રેસમાં, શા. સોમાલાલ મંગળદાસે છાપ્યું.

॥ श्रीवल्लभाधिशो जयति ॥

પ્રસ્તાવના.

આ ગ્રંથનું નામ રસિક ધોળ પદ સંગ્રહ આપવામાં આવેલું છે તેનું કારણ એ કે તેની અંદર અષ્ટ સખા, ચોરાશી અને બસેંબાવન તથા એતન માર્ગીય વૈષ્ણવોના રચેલાં ધોળ પદનો સંગ્રહ દાખલ કરવામાં આવ્યો છે. અને વળી ઘણા ભાગે હસ્ત લિખિત પુસ્તકોની સાથે મુકાબલો કરી છપાવવામાં આવ્યો છે. એકવાર વાંચવાથી રૂચી ઉત્પન્ન થયા વગર રહેશે નહી એવી મારી માન્યતા છે, તે કેટલે અંશે સત્ય છે તેનો અનુભવ લેવાથી ખાત્રી થશે.

ગુજરાતી ભાષામાં છાપેલાં ધોળ પદના પુસ્તકો આજ કાલમાં ઘણાં બહાર પડેલાં જોવામાં આવે છે પણ પ્રાયઃ ઘણાખરાનું અવલોકન કરતાં તેમાં શુદ્ધતા તથા સરલતા ઘણે અંશે ઓછી માલમ પડે છે મૂળ પુરૂષે છપાવેલાં હશે તે વખત તો ભૂલ ચૂક વગરનાં હશેજ ત્યારબાદ વહેપારી લોકો જેમ જેમ તેમની

ખપતી જોવામાં આવતી ગઈ તેમ તેમ બીજી આવૃત્તિઓ છપાવતા ગયા. નફો મેળવવાની ખાતર પુસ્તકોના કાગળ, ટાઈપ, અને શુદ્ધતાનું ઠેકાણું મળેજ નહિં તે ધર્મ સંબંધી પુસ્તકોના રહસ્યને હાનિ પહોંચાડનાર છે. વળી તેથી વાંચકવર્ગને કંટાળો ઉપજતો જાય કારણ કે અર્થનો અનર્થ થાય અને વાંચનારને આનંદ થોડો પ્રાપ્ત થાય આવા કારણોને લીધે અને મારા સ્નેહી વૈષ્ણવોના આગ્રહને લીધે પુનઃ આ પુસ્તક છપાવવાની મને ઉત્કંઠા થઇ. મારૂં કહેવું એવું નથી કે દોષ વગરનું પુસ્તક થશે. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે, તોપણ એટલી વિનતિ કરૂં છું કે વૈષ્ણવ બન્ધુઓ કૃપા કરી તેમાં કોઇ દોષ જોવામાં આવે તો તેને સુધારીને વાંચશે.

અમદાવાદ-જેઠાભાઇ
ની પોળમાં-ખાડીયા
તા. ૪-૮-૧૩
સં. ૧૯૬૯ શ્રાવણ
શુદી ૨ સોમવાર.

લી. કૃપાકાંક્ષી.

દાસાનુદાસ

વૈષ્ણવ હરિદાસ ઝવેરદાસના
દીનતાપુર્વક ભગવદ્દસ્મરણ.

અનુક્રમણિકા.

સને ૧૮૫૫ ની સાલમાં ગોસ્વામી શ્રીવિઠ્ઠલેશજી મહારાજના આશ્રય હેઠળ સ્થપાયેલી ૫૭ વર્ષની જુની દુકાન.

વૈષ્ણવોના ઉપયોગમાં આવતી ચીજો.

માનવંતા સાહેબ,

અમે ઘણા હર્ષપુર્વક આપને જણાવવાની રજા લઇએ છીએ કે અમારે ત્યાં ઘણા વર્ષથી શ્રીઠાકોરજીના મુગટશૃંગાર વિગેરે તમામ જાતનો સામાન–સાચા કસબનો તેમજ સોના ચાંદીનો બનાવવામાં આવે છે. માલ ઘણોજ ટકાઉ તેમજ સુશોભીત તૈયાર થાય છે. બીજું હાલમાં અમોએ અમારો વેપાર વધારે વિસ્તારથી ફેલાવવાને તેમજ ઘરાકોની માગણીને લીધે મંદિરો વીગેરે સ્થળોમાં પવિત્ર અને ઉંચી જાતના સુગંધીદાર અત્તરો, તેલો તથા અસલ ચંદનો, ચુવો, સરબતો, પાનમાં ખાવાની કસ્તુરી મીશ્રીત ભુકી વીગેરે બનાવવાનું કારખાનું ખોલ્યું છે.

અમારા કારખાનામાં બનતી સર્વે વસ્તુઓની પવિત્રતા અને ઉત્તમ-તાની અમો ખાત્રી આપીએ છીએ તે સીવાય રેશમી ફુલમાલાઓ, પવીત્રાં તુલસીની કંઠી, ચાંદીના વાસણો, લાકડાના રમકડાં વિગેરે મંદિરને લગતાં તમામ સાહીત્યો મળશે.

સઘળા માલપર (રજીસ્ટર્ડ) ટ્રેડમાર્ક મારેલો હશે. હિંદુસ્થાનના મુખ્ય શહેરોમાં દેશી વેપારીઓ પાસેથી મળી શકશે. માલ લેતી વખતે ટ્રેડમાર્ક તપાસીને લેવો.

બહાર ગામના ઓર્ડરો ઉપર પુરતું ધ્યાન આપી માલ વી૰ પી૰ થી મોકલવામાં આવશે.

બનાવનાર તથા વેચનાર,

મુગટવાળા નારણદાસ કાલીદાસ.

૫૬૮, ડોસીવાડાની પોળ–શ્રી નટવરલાલના મંદિર

પાસે—**અમદાવાદ.**

સ્વધર્મના મુખ્ય સિદ્ધાંતો.

૧. જગત્ સત્ય છે.

૨. જગત્, જીવ, અંતર્યામી, અક્ષર ઇત્યાદિનાં નિમિત્ત અને ઉપાદાન કારણ શુદ્ધ નિર્ગુણ બ્રહ્મ કૃષ્ણ પરમાત્માજ છે.

૩. જીવ અવિદ્યાથી કલ્પેલો અહન્તામમતાત્મક સંસાર મિથ્યા છે.

૪. જીવ અણુ છે, શુદ્ધ નિર્ગુણ બ્રહ્મનો અંશ છે, વ્યાપક નથી.

૫. પરબ્રહ્મ પુરુષોત્તમ કૃષ્ણનું ધામ અક્ષરબ્રહ્મ ગણિતાનંદ છે.

૬. સર્વોપરિ વેદાદિશાસ્ત્રે પ્રતિપાદિત પરમકાષ્ઠાપન્ન વસ્તુ શ્રીકૃષ્ણજ છે.

૭. કૃષ્ણની સેવા એજ અંશ જીવનો ધર્મ છે, એટલે વસ્તુતઃ સ્વધર્મ કૃષ્ણસેવાજ છે.

૮. સાક્ષાત્ શ્રીકૃષ્ણોપદિષ્ટ આત્મનિવેદન અને પ્રભુપ્રપત્તિ સિવાય અન્ય વિશ્વધર્મ હોઇ શકે જ નહિ.

અખંડ ભૂમંડલાચાર્યવર્ય શ્રીમદ્ વલ્લભાચાર્ય પ્રતિપાદિત સનાતન શુદ્ધાદ્વૈત સમ્પ્રદાયના પ્રમાણ અને સિદ્ધાન્તો.

वेदाःश्रीकृष्णवाक्यानि व्याससूत्राणि चैव हि ।
समाधिभाषाव्यासस्य प्रमाणं तच्चतुष्टयम् ॥ १ ॥

વેદ વાક્ય શ્રીકૃષ્ણના, વ્યાસ સૂત્ર કહેવાય;
સમાધિભાષા વ્યાસની, ચાર પ્રમાણ ગણાય.

" एकं शास्त्रं देवकीपुत्रगीतम् ।
एको देवो देवकी पुत्र एव ॥
मंत्रोप्येक स्तस्य नामानि यानि ।
कर्माप्येकं तस्य देवस्य सेवा ॥ ॥ २ ॥"

સોરઠો.

" ગીતા આગમ એક, એક દેવ દેવકિતનય;
નામો મંત્ર વિવેક, કર્મ એક તે પ્રભુભજન."

વૈષ્ણવોને સુચના.

દોહરા.—કરશે વૃદ્ધિ ધર્મની, સંશય કરશે દૂર;
આ પુસ્તક વાંચ્યા થકી, ભક્તિ વધે ભરપૂર. ૧
શક્તિ વધશે વાંચતાં, થાશે અક્ષર જ્ઞાન;
નામ હરિનું એ મિષે, લેવાશે સત્ય નામ. ૨
તેથી તમે આળસ તજી, બે ઘડી વાંચો એહ;
જન્મ મરણના દુઃખ થકી, છુટે આ નિજ દેહ. ૩
દુઃસંગ શત્રુ છેદવા, ખડગ મળ્યું તમ હાથ;
જો એને તમે મૂકશો, વૈરી ભરશે બાથ. ૪
લખ્યાં નામ જે વૈષ્ણવે, પુસ્તક લેવા કાજ;
તે તો હવે લેતા નથી, આ કલિયુગને રાજ. ૫
બુદ્ધિ બગડી સર્વની, ચેતો સર્વે જન;
વૈષ્ણવ થઈ અજ્ઞાનમાં, કેમ પડયું આ મન. ૬
જન્મ મૃત્યુ પાલણ સૌ, છેજ હરિને હાથ;
અંતે કાંઈ નવ આવશે, પ્રાણ ગયે તમ સાથ. ૭
હરિભક્તિ સુખકર છે, કલિમાં તારણ નાવ;
મહા દોષ બાળે સદા, રાખો તેપર ભાવ. ૮
અજામેલ મહા પાતકી, મામકી વેશ્યા જેહ;
ચાર ઘડી ખટવાંગ નૃપ, હરિને પામ્યો તેહ. ૯
ગજને જ્ઞાન ન ઉપજે; (પણ) ભક્તિ તણે પ્રતાપ;
જ્ઞાન ઉપજ્યું હરિતણું, દર્શન પામ્યો આપ. ૧૦
ગુરૂએ તમપર કરી કૃપા, પુસ્તક આપ્યું સાર;
ભાષણ સર્વે શાસ્ત્રનું, એ જાણો નિરધાર. ૧૧
પછી જો હોય ન ભાગ્ય બળ, તેનું કળ્યું ન જાય;
માંખણ મૂકી છાશને, રોગી ખાવા ધાય. ૧૨
આ શિક્ષા નહિ માનશો, પસ્તાશો તમે અંત;
કાળ અને માયા વળી, નહિ મુકે તમ અંત. ૧૩

श्रीनाथजी.



પાટોત્સવ મહા વદિ ૭.

॥ श्रीकृष्णाय नमः ॥

રસિક ધોળ પદ સંગ્રહ.

॥ श्रीजन्माष्टमी बधाई (देवगंधार) ॥

॥ श्रीमथुरेशोजयति ॥

॥ श्रीकृष्णाय नमः ॥ श्रीगोपीजनवल्लभाय नमः ॥

વ્રજ ભયો મહરિકેં પૂત જબ યહ બાત સુની,
સુનિ આનંદે સબ લોક ગોકુલ ગણિત [1]ગુનિ;
વ્રજ પૂરવ પૂરે પુન્ય ઋષીકુલ સુથિર [2]થુની,
ગ્રહ લગ્ન નક્ષત્ર બલિ સોધિ કીની વેદ ધ્વની. ૧
સુનિ ધાઇ સબ વ્રજનારિ સહજ સિંગાર કિયે,
તન પહેરેં નૌતન ચીર કાજર નેન દિયે;
કસિ કંચુકી તિલક લિલાટ સોભિત હાર હિયે,
કર કંકણ કંચન થાર મંગલ સાજ લિયે. ૨
વે અપને અપને મેલ નિકસી ભાંતિ ભલી,
માનો [3]લાલ મુનિનકી પાંતિ પિંજરન ચૂર ચલી;

---

૧ જોષી. ૨ ખંભ. ૩ લાલપંખીનકી પંક્તી.

વે ગાવેં મંગલ ગીત મિલિ દશ પાંચ અલી,
માનો ભોર ભયો રવિ દેખિ ફૂલી કમલ કલી. ૩
ઉર [1]અંચલ ઉડતન જાન્યો સારી સુરંગ સુહી,
મુખ [2]માંડયો [3]રોરી રંગ સેંદુર[4] માંગ[5] છુહીં;
શ્રમ શ્રવનન [6]તરૂલ [7]તરોના વેની શિથિલ ગુહીં,
શિર વરષત કુસુમ [8]સુદેશ માનો મેઘ [9]પુહીં. ૪
પીય પહેલેં પહોંચી જાય અતિ આનંદ ભરી,
લઈ ભીતર ભવન બુલાય સબ [10]સિસુ પાય પરી;
એક વદન ઉઘારિ નિહારત દેત અસીષ ખરી,
ચિરજીયો જસોદાનંદ પૂરણ કામ કરી. ૫
ધન્ય ધન્ય દિવસ ધન્ય રાત્ર ધન્ય યહ પહર ઘરી,
ધન્ય ધન્ય મહીરજાકી કૂખિ ભાગિ સુહાગ ભરી;
જીન જાયો એસો પૂત સબ સુખ ફલન ફરી,
થિર થાપ્યો સબ પરિવાર મનકી શૂલ હરી. ૬
સુનિ ગ્વાલન ગાય [11]બહોરિ બાલક બોલિ લિયે,
ગુહિ ગુંજા ઘસિ વન [12]ધાતુ અંગ અંગ ચિત્ર[13]ઠયે;

---

૧ કપડાકોપલ્લો. ૨ લગાએ. ૩ કંકુ. ૪ હીંગલૂ. ૫ શ્રીમંત. ૬ ચંચલ. ૭ કાનકો આભુષણ. ૮ સુંદર. ૯ બૂંદે. ૧૦ બાલક. ૧૧ ફેરિ. ૧૨ ગેરૂ. ૧૩ બનાયે.

શિર દધિ માખણુ કે માટ ગાવત ગીત નયે,
સંગ ઝાંઝ મૃદંગ બજાવત સબ નંદ ભવન ગયે. ૭

એક નાચત કરત કુલાહલ છિરકત હરદ દહીં,
માનો વરષત ભાદોં માસ નદી ઘૃત દૂધ વહી;
જાકો જહીં જહીં ચિત્ત જાય કૌતિક તહીં તહીં,
રસ આનંદ મગનગવાલ કાહૂ વદત નહીં. ૮

એક ધાઇ નંદજૂપે જાય [1]પુનિપુનિ પાય પરેં,
એક આપ આપુહી માંઝ હસિ હસિ [2]અંક ભરે;
એક અંબર સબહી ઉતારિ દેત નિસંક ખરેં,
એક દધિ [3]રોચન ઓર [4]દૂબ સબનકે શીસ ધરેં. ૯

તબ નંદ ન્હાય ભયે ઠાડે અરૂ [5]કુશ હાથ ધરેં,
ઘસિ ચંદન ચારુ મંગાય વિપ્રન તિલક કરેં;
નાંદી મુખ પિતર પુજાય અંતર સોચ હરેં,
[6]વરગુરજન દ્વિજન પહેરાય સબનકે પાય પરેં. ૧૦

ગનગૈયા ગિની ન જાય તરૂણ સુવચ્છ બઢી,
નિત્ય ચરેં જમુનાજૂકે [7]કાછ દૂને દૂધ ચઢી;

---

૧ ફરી ફરી. ૨ છાતી તે લગાયકે ભેટનો. ૩ ગોરોચન. ૪ હરીઘાસ. ૫ ડાભ. ૬ બડે. ૭ કિનારો.

ખુર રૂપે તાંબે પીઠ સોને સીંગ મઢી,
તે દીની દ્વિજન અનેક હરખિ અશીષ પઢી. ૧૧
તબ અપને મિત્ર સુબંધુ હસિ હસિ બોલિ લિયે,
મથિ [1]મૃગમદ [2]મલય કપૂર માથે તિલક કિયે;
ઉર મણિ માલા પહેરાય [3]વસન વિચિત્ર દિયે,
માનોં વરષત માસ અષાઢ દાદુર મોર જિયે. ૧૨
વરબંદી માગધ સૂત આંગન ભવન ભરે,
તે બોલે લેલે નામ હિત કોઉ ના વિસરે;
જિન જો જાચ્યો સો દીનો રસ નંદરાય ઢરે,
અતિ દાન માન [4]પરધાન પૂરણ કામ કરે. ૧૩
તબ રોહિની અંબર મંગાય સારી સુરંગ ઘની,
તે દીની વધુન બુલાય જેસી જાય બની;
વે અતિ આનંદિત બહોરિ નિજગ્રહ ગોપ ધનિ,
મિલિ નિકસી દેત અશીષ રૂચિ અપુની અપુની. ૧૪
તબ ઘર ઘર ભેરિ મૃદંગ પટહનિસાન બજે,
વર બાંધી વંદન માલ અરૂ ધ્વજ કલશ સજે;
તબ તાદિનતે વે લોગ સુખ સંપતિ ન તજે,
સુનિ સૂર સબનકી યહ ગતિ જે હરિચરણ ભજે. ૧૫

૧ કસ્તુરી. ૨ ચંદન. ૩ વસ્ત્ર. ૪ શ્રેષ્ટ.

શ્રીનાથજીનું ધોળ.

ધોળ ૧ લું.

સાખી.

માળા ંગલી સોહામણી, શોભા વર્ણી ન જાય;
ગોસ્વામિ બાલક સહુ, માળા પહેરે ત્યાંય.

વલણ.

છઠ્ઠી ઘર શ્રીજમુનાજી કુંજ ધામ રે,
મારૂં મન તો લાગ્યું છે એજ ધામ રે;
મંજુસ ઘર તો કહીએ અભિરામ રે.
સાહેલી આનંદ ઉર ન સમાય રે. ૧

મણિ કોઠો તે મણિમય રૂપરે;
શ્રીકુંવારિકાના કુંજ અનૂપ રે,
ત્યાં જોઇને મોહ્યા વ્રજ ભૂપ રે. સાહેલી. ૨

મંદિર અક્ષર બ્રહ્મ કરી જાણો રે;
ત્યાં બીરાજે શ્રીગોવર્દ્ધન રાણો રે,
શ્રીચંદ્રાવલીની કુંજ મન આણો રે. સાહેલી. ૩

સજ્યા મંદિર શ્રીપ્યારીજીના કુંજ રે;
શ્રીસ્વામિનિજી છે રસના પુંજ રે,
બાલા રમણ કરે બેઉ સંગ રે. સાહેલી. ૪

સાખી.

દર્શન આપ્યા શ્રીનાથજી, પુરી મનની આશ;
લોચન મન શીતળ થયાં, શ્રીમુખ નિરખ્યા ચંદ્રપ્રકાશ.

વલણ.

મન મોહ્યું શ્રીસુંદર શ્યામ રે,
છોડી નહિં તો જાઉં એજ ધામ રે;
મારૂં ચિત્તરે ચોર્યું અભિરામ રે,
શામળીયા વહાલા વરણી ગયા રે. ૧

નેત્ર કમલને ભૃકુટી કમાન રે,
મોર મુકટને કુંડલ કાન રે;
સૂથન કાછનીની શોભા પરવારી રે. શા. ૨

શ્યામ ચોટી દીસે છે લે લાળી રે,
બહુ અલક ચોટી ઘુઘરી વાળી રે;
સખી શ્રીમુખની બલિહારી રે. શા. ૩

લાલ પહેરે પીતાંબર પટકારે,
નિત્ય નૌતમ કરે વહાલો લટકારે;
મારૂં ચિત્ત તો ચરણુમાં અટકે રે. શા. ૪
નિત્ય નૌતમ કરે છે શ્રૃંગાર રે,
બહુ રત્ન ને મોતીના હાર રે;
નિરખિ લોચન થયાં છે નિહાલ રે. શા. ૫

સાખી.

કમલ નેંન પ્યારા પ્રભુ, મારા જીવન પ્રાણ;
ચરન કમલ પરસું સદા, વસું સદા એજ ધામ.

રાસડો.

સૈયર મન મોહ્યા શ્રીનાથજી છબીલા,
હાં હાં રે એઉના લોચન કુટિલ અરૂવીલા. સૈયર-૧
જગ મોહન શ્રીજમુનાજીની કુંજ.
હાં હાં રે વ્રજભક્ત ઉભા છે અલી પુંજ. સૈયર-૨
રત્ન તે ચોકમાં રત્ન મણિ જડીયા,
હાં હાં રે વ્રજભકત શ્રીમુખ જોઇ અડીયા. સૈયર-૩
શ્રીલલિતાજીના કુંજ સદન ધામ,
હાં હાં રે શ્રીરતનિયા ગલીછે એનું નામ. સૈયર-૪

રાગ રાગણી સપ્ત સૂર તીન ગ્રામ,
હાં હાં રે સ્વરૂપ સહીત ઉભા છે એજ ધામ.સૈયર—૫
તાલ મૃદંગ સારંગી બેનું બાજે,
હાં હાં રે કોકિલ કંઠ મધૂર સૂર સાજે. સૈયર—૬
જન્મ દિવસના ત્યાં થાય છે આનંદ,
હાં હાં રે જમે નંદ સુવન દોઉ સંગ. સૈયર—૭
સમે સમેના ગુણ ચરિત્ર ત્યાં ગાતાં,
હાં હાં રે પ્રાણનાથના ત્યાં દર્શન થાતાં. સૈયર—૮
વસ્ત્ર તે ઘરની છત છે ન્યારી,
હાં હાં રે નીચે ગોપી ગ્વાલની તિબારી. સૈયર—૯
આનંદ ગલી રંગીલી ગલી સોહે,
હાં હાં રે અન્નકોટની રસોઈ ત્યાં જોઇએ. સૈયર—૧૦
ઘરેણાં ઘર માણેક ચોક સાજે,
હાં હાં રે પંખા ગલીમાં બેનું ત્યાં બાજે. સૈયર—૧૧
કૃષ્ણ કમલા શ્રીમુખપર વારી,
હાં હાં રે મારૂં ચિત્ત ચોર્યું ગિરિધારી. સૈયર—૧૨

શ્રીમહાપ્રભુજીના પ્રાકટ્યનું ધોળ

*ધોળ ૨ જું.

શ્રીલક્ષ્મણ ઘેર આજરે વધામણા;
પ્રકટયા શ્રીવલ્લભરાયરે,
સૈયર સૌ દીજીએ વધામણા. ૧
પ્રથમે શ્રીનંદ ઘેર પ્રકટીયા વધામણા,
દ્વિતીયે દ્વિજવર અવતારરે. સૈયર. ૨
પંદરસેં પાંત્રીસ સંવતે વધામણા,
મધ્યાન સમે સુખ રાસ રે. સૈયર. ૩
વૈશાખ વદી એકાદશી વધામણા,
શુભ નક્ષત્ર શુભ વાર રે. સૈયર. ૪
ચંપારણ્ય સોહામણા વધામણા,
અગ્નિનો કુંડ ધન્ય ધન્ય રે. સૈયર. ૫
બાળ સ્વરૂપ મધ્ય કુંડમાં વધામણા,
ચરણ અંગુષ્ટ મુખ માંય રે. સૈયર. ૬

*શ્રીસુરતવાળાં શ્રીજસોદા બેટીજી કૃત.

દેવના તે દુંદુભી વાગીયાં વધામણા,
પુષ્પની વૃષ્ટિ થાય રે.　　　　સૈયર. ૭
માતે દીધા તાતના ઉછંગમાં વધામણા,
વર્ત્યો છે જય જયકારરે.　　　　સૈયર. ૮
શ્રીલક્ષ્મણ તાત આનંદીયા વધામણા,
હરખ્યા શ્રીઇલ્લંમાજી માત રે.　　　　સૈયર. ૯
ધાઇને તે નંદ ઘેર આવીયા વધામણા,
નાળ વધેરવાને કાજરે.　　　　સૈયર. ૧૦
ધાઇને તે પુત્ર લીધા ગોદમાં વધામણા,
મુખ ચુંબન છૂટી દૂધ ધારરે.　　　　સૈયર. ૧૧
શ્રીજીનો કેસરી ઉપરણો વધામણા,
કંઠીને ચર્ચિત ઓગાળ રે.　　　　સૈયર. ૧૨
રત્ન જટીત કેરે પાલણે વધામણા,
ઝુલાવે શ્રીઇલંમાજી માત રે.　　　　સૈયર. ૧૩
નંદ જશોદાજી આવીયાં વધામણા,
ગોપી ગ્વાલ સકલ સમાજરે.　　　　સૈયર. ૧૪
એક નાચેને ફરે ફૂંદડી વધામણા,
ગોરસની મચીયેલ કીચ રે.　　　　સૈયર. ૧૫

એક ગાયેને સર્વે ઝીલતા વધામણા,
મંગલ વધાઈ રસાલ રે. સૈયર. ૧૬
કદલીના સ્થંભ રોપાવીયા વધામણા,
તોરણ બાંધ્યા છે દ્વારરે. સૈયર. ૧૭
મોતીના ચોક પુરાવીયા વધામણા,
કુંકુમ કેસર સાર રે. સૈયર. ૧૮
નામકરણ ગર્ગમુની કર્યાં વધામણા,
શ્રીવલ્લભ આચાર્યે સુખરાસ રે. સૈયર. ૧૯
નામ સમર્પણ આપીયાં વધામણા,
કર ગ્રહી સોંપ્યા છે નિજ નાથ રે. સૈયર. ૨૦
ગૂઢ સ્વરૂપે નિજ સ્વામિનિ વધામણા,
નર દેહ ધરી છે અમ કાજ રે. સૈયર. ૨૧
અંગીકૃત જન સર્વે જાણશે વધામણા,
વિમુખને એ રસ દૂર રે. સૈયર. ૨૨
અમૃત કલ્પવૃક્ષ દ્રુમ ફળ્યો વધામણા,
શાખા પત્ર ફળ રસ રૂપ રે. સૈયર. ૨૩
આપ સેવેને સેવા શિખવે વધામણા,
શ્રૃંગાર ભોગ પ્રકાર રે. સૈયર. ૨૪

આપ ચરણ રજ કીંકરિ વધામણા,
જન્મો જન્મની દાસ રે. સૈયર. ૨૫
ગાય શિખે શુણે સાંભળે વધામણા,
હોજો શ્રીવ્રજમાં વાસ રે. સૈયર. ૨૬

ધોળ ૩ જું.

જે જે લાલ ગોવર્દ્ધનધારી; સુંદર રૂડાં નામજી; ટેક.
શ્રીપુરૂષોત્તમ પ્રકટ થયા, શ્રીવિઠ્ઠલ રૂપ નિધાનજી. ૧
ટોળે મળી સર્વે તારૂણીને, સજોની સોળે શૃંગારજી;
થાળ ભરી મુક્તાફળેને, વધાવો શ્રીવલ્લભલાલજી. ૨
વધાવીને શ્રીમુખ નિર્ખો, નીમીષ ન અળગા થાઓજી;
પ્રેમસુધારસ પીઓરે પદ્મણી, હળીમળી મંગળગાઓજી.૩
શ્રીવ્રજસુંદરીજીના જીવણવહાલા, સેવકના સુખકંદજી;
બત્રીસમાં એકો નહી ઓછું, સોળ કળા મુખચંદજી. ૪
શ્રીવલ્લભ સુતજો વહાલા કરીયે,તો ભવસાગર તરીએજી;
અન્ય દેવ ઉપાસના તજીએ, તો વર વિઠ્ઠલ વરીએજી.૫
તન મન ધન સમર્પણ કરીએ, વૈષ્ણવને અનુસરીએજી;
માધવદાસ એટલડું માગે, શ્રીગોકુળમાં અવતરીએજી. ૬

ધોળ ૪ થું.

શ્રીવલ્લભ વિઠ્ઠલ હરિ ન જાણ્યા, તેણે સર્વસ્વ ખોયું રે.ટેક

શું લાવ્યા શું લઇને જાશો, વારંવાર વહેવાયા રે;
પુષ્ટિમાર્ગમાં જે જન આવ્યા, વિશ્વાસે ના વળગ્યા રે, ૧
સેવાનું ફલ સેવા થાશે, ઋતુ પ્રમાણે મેવા રે;
સંપત પ્રમાણે સમર્પિ લેઇએ, તેનું નામ તે સેવારે. ૨
સેવા કરશેને પાખંડ ધરશે, તે અથડાતા મરશે રે;
ભાવ વિના જે ભક્તિ કરશે, તે પથ્થર કેમ તરશેરે. ૩
મીઠું બોલેને આચરણ ખોટાં, તેને તે ખળ કહીયેરે;
માધવદાસ એટલું માગે છે, તેહનો સંગ ના કરીયેરે. ૪

ધોળ ૫ મું.

કૃષ્ણ કહેતાં શું બેસે નાણું, મૂર્ખ તુંને કૃષ્ણ કહેતાં
શું બેસે નાણું; ટેક.
મીથ્યા લવરી મનગમતી કરે છે, તેમાં નહિં ઠામ ઠેકાણું.૧
દામનું કામ નહીં પરિશ્રમ, ગાતાં ગોવિંદ ગુણ ગાણું. ૨
કિંચિત શ્રમને લાભ ઘણેરો, નહિં કોઇ એહ સમાણું. ૩
ખાતો ન હોય તો નબળો કહૂં તુંને, જોઇયે બશેરનું ભાણું.૪
હરિ ભજતાં તુંનેઆળસઆવે,ભવભટકણુનિશવહાણું.૫
કો દહાડો તુંને કો ક્ષીન થવું જે, કૃષ્ણકીર્તન મુખઆણું. ૬
પ્રભુ સ્મરણ વિના ભવ ન તરાયે, હું નિશ્ચે કરીને જાણું. ૭
જનદયો કહેહરિભજ મનમ્હારા, ફરી નહિમળેઆટાણું.૮

ધોળ ૬ ઠું.

કૃષ્ણ કામધેનુ દૂઝે હમારે,
નિત્ય અમૃત રસ પીજેરે;
નિત્ય અમૃત રસ પીજે હો રસીયા,
નિત્ય અમૃત રસ પીજે રે. કૃષ્ણ. ૧

ખાણુ ખરચને ચારો ન માગે,
એનો દોહનારો દુઃખીયો ન થાયે રે;
અરણુ ન રહે કોઇ હમારા કુળમાં,
વાછરૂ મરી નવ જાય રે. કૃષ્ણ. ૨

ખારાં ખાટાં ને તીખાં બીજાં,
અવરન રસ શું જાણે રે;
જુગના જીવણ જુગતેં જોગવે,
દહીં દૂધ ઘૃત ઘણું આપે રે. કૃષ્ણ. ૩

આંખે છે આંજણી ને મોંઢે છે મુંજણી,
તોય કહેતી ગાય ખોટી રે;
વહ્લભના સ્વામિ પ્રભુ રસિક શીરોમણી,
ભવના બંધન કાપે રે. કૃષ્ણ. ૪

તાદૃશીય વૈષ્ણવનું ધોળ.

ધોળ ૭ મું.

તાદશીય જન જેને જાણીએ રે, જેમાં એવા ગુણ હોય;
નીંદા સ્તુતી કોઇની નવ કરે, સઘળું સમદષ્ટી જોય. તા ૧
જેના દર્શન માત્રથીરે, ટળે પ્રપંચનું ધ્યાન;
સ્મરણ કરાવે શ્રીકૃષ્ણનું, નસાવે અઘ અજ્ઞાન(૨)તા. ૨
ગુણ ગાએ ગોવિંદના રે, પુલકીત મન થાય;
નેત્ર પ્રવાહ વહે પ્રેમના, હરખે હૃદય રૂંધાય (૨) તા. ૩
પરદુઃખે દાઝે ઘણા રે, ન કરે કોઇનો દ્રોહ;
ઇંદ્રી જીત સાચા સગા, ન પામે માયામાં મોહ (૨) તા. ૪
સકળ ચરાચરને વિષે રે, વસ્યા દેખે ભગવાન;
શુભ ઇચ્છે સર્વ જગતનું, લેશ નહીં અભિમાન(૨) તા. ૫
સઘળી લીલા અવિનાશનીરે, જેમાં લુબ્ધ જેનું મન;
પ્રીતિ બહુ પર ઉપકારમાં, સદા પ્રસન્ન વદન (૨) ૬
નટવર ઝલકે નેનમાં રે, કાંત કરૂણામેં હોય;
સત્ય ભાવ સંતોષ બહુ, દોષ કોઇનો ન જોય (૨) તા. ૭

વહાલા લાગો છો સર્વનેરે, અતિ ઉદાર જેનું ચિત્ત;
અનન્ય ભાવે ભજે શ્રીકૃષ્ણને, જેને વ્હાલું નહિં વિત્ત(૨)
હરિ ગુરૂ વૈષ્ણવને વિષેરે, સદા અતી ઘણા વહાલ;
દ્દઢ આશરો અરૂ દીનતા, બોલે વચન રસાલ (૨) ૯
સેવાસ્મરણસતસમાગમને વિષેરે,જેનીઆશક્તિઅનંત;
કપટનો લેશ નહીં હ્રદિયા વિષે,જેનું હરિ ચરણે ચિત્ત(૨)
વિહ્‌વલતા શ્રીવિઠ્ઠલેશસુંરે, મુખે શ્રીકૃષ્ણનું નામ;
એવા ભગવદીયના દાસના,હરિદાસ ગુણ ગાય(૨)તા.૧૧

ધોળ ૮ મું.

વૈષ્ણવ નથી થયો તુંરે, શીદ ગુમાનમાં ધુમે;
હરિજન નથી થયો તુંરે.   ટેક.
હરિજન જોઈ હઈડું નવ હરખે, દ્રવે ન હરિગુણ ગાતાં;
કામધામ ચટકી નથી ફટકી, ક્રોધે લોચન રાતાં. વૈ. ૧
તુંજ સંગે કોઈ વૈષ્ણવ થાએ, તો તું વૈષ્ણવ સાચો;
તારા સંગનો રંગ ન લાગે, તહાંલગી તું કાચો. વૈ. ૨
પરદુઃખ દેખી હ્રદે ન દાઝે, પરનિંદાથી નથી ડરતો;
વ્હાલ નથી વિઠ્ઠલસું સાચું, હઠે ન હું હું કરતો. વૈ. ૩

પરોપકારે પ્રીતિ ન તું જને, સ્વાર્થ છૂટયો છે નાંહીં;
કહેણી તેવી રહેણી ન મળે, કયાં લખ્યું એમ કહેની.૪
ભજવાની રૂચિ નથી મન નિશ્ચે, નથી હરિનો વિશ્વાસ;
જગત તણી આશા જહાં લગી, જગત ગુરૂ તું દાસ. ૫
મનતણો ગુરૂ મન કરીશ તો, સાચિ વસ્તુ જડશે;
દયા દુઃખ કે સુખ માનપણ, સાચું કહેવું પડશે. વૈષ્ણવ.૬

ધોળ ૯ મું.

સર્વ તજીને ભજી લે શ્રીગોવિંદને,
જે નારાયણ નોધારાનો આધાર જો;
ભાગે સંકટ કુડા રે સંસારનાં,
તેના નામ થકી તો ઉતરિયે ભવપારજો. સર્વ તજીને. ૧
અપરમાને વચને ધ્રુવજી વન સાંચર્યાં,
નારદજીએ દીધો છે ઉપદેશ જો;
જ્ઞાન દૃષ્ટિ વૈરાગ્ય તે મનમાં આણિયાં,
હરિ ભજ્યા તેણે જઇ બાલે વેશજો. સર્વ તજીને. ૨
દૈત્ય પુત્ર પ્રહ્લાદજીને આગે થયા,
લાગ્યો છે કાંઇ પિતા પુત્રનો વાદ જો;
સ્થંભથી પ્રકટયા રે નૃસિંહ રૂપથી,
શ્રીમહાપ્રભુજીયે દીધો તેને સાદ જો. સર્વ તજીને. ૩

લાખા ગ્રહમાં પાંડવને વળિ આવિયા,
ભક્ત જનને દીધી છે ઘણી ધીરજો;
સ્મરણ પહેલાં આવ્યા છો તમે સદા,
ભક્ત જન ઉગાર્યા પાંચે વીરજો. સર્વ તજીને. ૪
સુદામાનું દારિદ્ર જાણ્યું ઘણું,
મુષ્ટિ એક તાંદુલ આરોગ્યા મહારાજ જો;
એમ દાસ દયાનો પ્રભુજી કરૂણા કીજીયે,
ભક્તજનનાં કીધાં કોટીધા કાજ જો. સર્વ તજીને. ૫

ધોળ ૧૦ મું.

હરિ તુંને પ્રસન્ન તે કેમ થાયે, ત્હારા મનનું કપટ ન જાય;
ત્હારા દીલનો છળ નવ જાય, પ્રભુ તુંને પ્રસન્ન. ટેક.
હરિ કિર્તન હરિનામ રટણમાં, અતિશે આળસ ત્હારે;
ડાચા કુટ લવે પરનિંદામાં, આખો દિવસ ન હારે. ૧
પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા ત્હારી કંપે;
ગંજીફા સોકટાં કૂટતાં, આઠે પહોર ન જંપે. ૨
પ્રભુનું ચંદન ઘસતી વેળા, તું જ શ્રમથી શરીર બગડે;
કૂંડી કૂટકે મરી મશાલે, ભાવે ભાગ તું રગડે. ૩
એકાદશી ઓચ્છવનું જાગરણ, અતિ અઘરૂં તુંને લાગે;
ભવાઇ કે ગુણિકા નૃત્ય નારિસંગ, જામિની આખી જાગે. ૪

બે પૈસાની ગુરૂ સેવા બતાવે, ત્યારે ગણુગણુતું તું બોલે;
ઘરની સ્ત્રી જ્યારે માગે ઘરેણું, ત્યારે છગનમગન થઇ ડોલે. ૫
ખોટાં મોતી કાચ કીડીયાં, ભગવત ભૂષણુ ઘાલે;
સોનું રૂપું મણી મુક્તા વિના, સ્ત્રીસુતને ના ચાલે. ૬
હરિના ભક્તને લુખું સુકું, વેઠ વળગી હોય જ્યારે;
સગાં સંબંધી ઘેર આવે પરૂણા, ત્યારે મિષ્ટાન પીરસે પરાણે.
જગ દેખે તાંહાં જપવા બેસે, બાકી ન્હાય ન ખાવા;
ગળાં કાપે કેમ થાયે ગળગળો, એ વૈષ્ણવના ચાળા. ૮
આ કરવું આ ના કરવુ, એમ સૌને શિક્ષા દે છે;
તેમાંનું તું કાંઇ નથી કરતો, અનુચિત કર્મ કરે છે. ૯
અંતરનો છળ અન્ય ન લહે, પણુ જાણે અંતરજામી;
એ તો સાચાનો સંગી છે, દાસ દયાનો સ્વામિ. પ્રભુ. ૧૦

ધોળ ૧૧ મું.

ચિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણુને કરવું હોય તે કરે;
સ્થાવર જંગમ જડ ચૈતનમાં, માયાનું બળ ઠરે;
સ્મરણુ કર શ્રીકૃષ્ણુચંદ્રનું, જન્મ મરણુ ભય હરે. ૧
નવ માસ પ્રાણી કૃષ્ણુચંદ્રનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણુ કર્યું ત્યારે, લક્ષ ચોરાશી ફરે. કૃષ્ણુ. ૨

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે;
ધણીનો ધાર્યો મનસુબો, હરબ્રહ્માથી નવ ફરે, કૃષ્ણ.૩
દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વગાડે જંત્રી, તેવો સ્વર નીસરે. કૃષ્ણને.૪
થનાર વસ્તુ થયાં કરે, જેમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે,જેમ ગજ કોઠું ગરે. કૃ. ૫
જેવું જેટલું જે જયમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહી કોઇથી,શીદ કુટાઇ તું મરે. કૃષ્ણ.૬
તારૂં ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપ આપણું અજ્ઞાનપણું એ, મૂળ વિચારે ખરે. કૃ. ૭
થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઉચ્ચરે;
રાખ્ય ભરૂંસો રાધાવરનો, દયા શીદને ડરે. કૃષ્ણને. ૮

ધોળ ૧૨ મું.

ધન્ય જેણે હરિ ગુણ ગાયા,
સંસારમાં ધન્ય જેણે હરિગુણ ગાયા.
બધા સંસારમાં તે જન જીત્યા,
બીજા સહુ જાણજો વહેવાયા. સંસારમાં. ૧

હુંને મારૂં તેમાં પંડિત ભુલ્યા,
ધુળ મળ્યું ડહાપણ ડાહ્યા, સંસારમાં. ૨
હાથી ઘોડે સુખપાલ બેઠે શું થયું,
શું થયું મેળવી ઘણી માયા. સંસારમાં. ૩
જમના ઝપેટાથી નવ ચેત્યા,
કામ દામમાં લલચાયા. સંસારમાં. ૪
કંઠ સાહીને તુંને કાઢશે પલકમાં,
દૂર રહેશે સગાં વિત્ત જાયા. સંસારમાં. ૫
દયા જપો નિત્ય નામ નંદકુંવરનું,
થાશે સફળ તારી કાય. સંસારમાં. ૬

ઘોળ ૧૨ મું.

દામોદર દુઃખડાં કાપોરે, પાવલે લાગું,
નંદલાલ નિજાનંદ આપોરે, એ વર માગું, ટેક.
વ્હાલાજી હું છું, પળ પળનો અપરાધી;
ભરેલો આધિ વ્યાધિરે, પાવલે લાગું. દામોદર ૧
વ્હાલાજી હું તો તમારા બળથી ચણો ગાજૂં;
જાણો છો કહું શું ઝાઝૂં રે, પાવલે લાગું. દામોદર. ૨

વ્હાલાજી હું જેવો તેવો, તોએ છું તમારો;
આધાર અવર નહિં મ્હારોરે, પાવલે લાગું. દામો. ૩
વ્હાલાજી મારૂં, જોર નથી જો તરછોડો;
શું રૂઠી કરે મંકોડોરે, પાવલે લાગું. દામોદર. ૪
વ્હાલાજી શ્રીમુખ પોતાનો, કહો છો માટે લાડુ,
બીજું બળ કયાંથી કહાડું રે, પાવલે લાગું. દામોદર. ૫
વ્હાલાજી જનનું માન જગતમાં વધારો;
ગમે તો ઘરમાં મારોરે, પાવલે લાગું. દામોદર. ૬
નૃપનાં ગજ ઘોડા મસ્તીખોરાને માન મ્હોટું;
મ્હારે ના માન ખોટું રે, પાવલે લાગું. દામોદર. ૭
દયાના પ્રિતમ પાણી ગ્રહ્યો છે તો નીભાવો,
મારો દાસપણાંનો દાવોરે, પાવલે લાગું. દામોદર. ૮

ધોળ ૧૪ મું.

સૌથી સમર્થ શ્રીરાધાવરનો આશરો,
જેહના જનને દુભવી શકે ન કોય જો;
જમનું જોર ન ચાલે કોપ કરે કદા,
ક્ષમા કરે કે હરિ ચહાયે તો જોયજો. સૌથી. ટેક. ૧

જુઠો હરિનો ભક્ત જગતમાં થઇ ફરે,
એહેવાનું પણ માધવ રાખે માનજો;
બ્હાનુ પોતાનું જોઇ પાળે બરદ તે,
જયમ જડ પ્રોહિતને પોંખે છે જજમાનજો. સૌથી. ૨

બીજા સૌ મ્હોટા પણ હરિના હુકમમાં,
સૂર બ્રહ્મા ગણપતિ શક્તિ શિવ શેષજો;
કેશવ કોપે કોઇનું બળ ચાલે નહીં,
એ સૌ રૂઠે હરિજન ડરે ન લેશ જો. સૌથી. ૩

રાવણ હિરણકશ્યપુ બ્રહ્મ હિમાયતી,
દુરજોધનને પક્ષ હતો બળરામજો;
કોપ્યા કૃષ્ણ તદા સર્વે જોતા રહ્યા,
હરિજનનું કોઇ લઇ શકયું નહીં નામ જો. સૌથી. ૪

કરણ કુંવર સૂર્યનો અર્જુને મારીયો,
સબળ દુર્યોધન ભીમે મરણ પમાડયો જો;
હરિ રાખ્યા સૂર ગણેશ વિઘ્ન થયું નહીં,
ચિત્રકેતુ સદ્ય પડયો ન અંબા પાડયો જો. સૌથી. ૫

માયા કાળતણો ભય કોઇથી ના ટળે,
અભય અચળ કરવા સમર્થ નહીં કોય જો;

વિના એક શ્રીગિરિવરધારીલાલજી,
કોણ શરણ જાતાંમાં સન્મુખ જોય જો.　　સૌથી. ૬

વાત કરતાં અવળું પડે અન્ય દેવને,
કાંત્યું પીંજ્યું પળમાં થાય કપાસ જો;
કોપી કષ્ટ પમાડે તે વળી લાભમાં,
બહુ શ્રમથી કાંઇ ફળ આપે હોય નાશ જો. સૌથી. ૭

શ્રીજી જનના અવગુણ તે પણ ગુણ ગણે,
સહજ કરે શરણાગત આપ સમાન જો;
સમોવડ કીધો શરણ જતાં મળ માસને,
આપી દીધું પુરુષોત્તમ અભિધાન જો.　　સૌથી. ૮

એવા કરૂણાનિધિ સમર્થ શ્રીનાથજી,
દાસ દયાના પ્રીતમ પ્રાણઆધારજો;
એને મૂકી અન્ય તણો આશ્રય કરે,
તે નિર્ભાગી મર્ખના સરદાર જો.　　સૌથી. ૯

ધોળ ૧૫ મું.

મ્હારે અંત સમય અલબેલા, મુજને મૂકશોમાં;
મ્હારા મદન મોહનજી છેલા, અવસર ચૂકશોમાં.　૧

હરિ હું જેવો તેવો તમારો, મુજને મૂકશોમાં·
શ્રીગુરૂ સોંપી ગ્રહો કર મ્હારો, અવસર ચૂકશોમાં. ૨
મ્હારા દોષકોષ સંભારી, મુજને મૂકશોમાં;
શરણાગત વત્સલ ગિરિધારી, અવસર ચૂકશોમાં. ૩
હરિ મ્હારે ધર્મ નથી કોઇ સાધન, મુજને મૂકશોમાં;
નથી સત્ સંગત સ્મરણ આરાધન, અવસર ચૂકશોમાં. ૪
શ્રીપતિ સર્વાત્મા સર્વોત્તમ, મુજને મૂકશોમાં;
મ્હારા પ્રાણજીવન પુરૂષોત્તમ, અવસર ચૂકશોમાં. ૫
સમર્થ કરૂણાસિંધુ શ્રીજી, દયાને મૂકશોમાં;
મ્હારે ઓથ નથી કોઈ બીજી, અવસર ચૂકશોમાં. ૬

ધોળ ૧૬ મું.

પોષ નોમે શ્રીવિઠ્ઠલનાથજી,
હાંરે વ્હાલો પ્રકટ્યા શ્રીવલ્લભ દ્વારજો;
એમને જોવાને થઇ વ્યાકુલી,
હાંરે વહાલે કીધી સેવકની સારજો. પોષ. ૧
પ્રથમ શ્રીનંદ ઘેર અવતર્યા,
હાંરે વહાલે પુર્યા શ્રીજસોદાજીના કોડજો;

રમતાં સખા સહુ સાથમાં,
હાં રે વહાલો હરિહલધરજીની જોડજો. પોષ. ૨

હવે વલ્લભ સુત એ થયા,
હાં રે વહાલો શ્રીગોપીનાથજીના ભ્રાતજો;
ગોદમાં લઇને હુલરાવતા,
હાં રે ધન્ય ધન્ય શ્રીઅંકાજી માતજો. પોષ. ૩

એહુનાં સુખ કોઈ કહી નવ શકે,
હાં રે એમ નિગમ કહે છે નેતિ નેતિ જો;
શેષ સહસ્ત્ર મુખ ઓચરે,
હાં રે ધન્ય ધન્ય શ્રીયમુનાજીની રેતજો. પોષ. ૪

જ્યાં હરિ ધેનુ ચરાવતા,
હાં રે વહાલે કીધો છે રાસ વિલાસજો;
વેણુ વગાડી વૃંદાવનમાં,
હાં રે વહાલે પૂરી વ્રજસુંદરીની આસજો. પો. ૫

રસે વિંધાણી વ્રજ વનિતા,
હાં રે સોભા નિર્ખી કહેછે હરિદાસજો;
કરજોડીને કરૂ વિનતિ,
હાં રે મને આપો શ્રીવ્રજમાં વાસજો. પોષ. ૬

ધોળ ૧૭ મું.

શ્રીવલ્લભ ગુણ ગાઉંરે, આનંદ પ્રેમ ભરી;
શ્રીહરિના મુખથીરે, કે પ્રકટ્યા દેહ ધરી. ૧
તૈલંગ કુલ મંડનરે, શ્રીલક્ષ્મણ તાત સહી;
અગ્નિ કુંડ પ્રકટ્યારે, તે લીલા ન જાય કહી. ૨
શેષનાગ સરીખારે, જેહને મુખ સહસ્ર ફણી;
તે તો પાર ન પામેરે, લીલા રસ સીંધુ તણી. ૩
અગ્નિ મધ્યે રમતારે, માતાજીયે દીઠા જ્યારે;
એ છે સુત મ્હારારે, ધાઇને આવ્યા ત્યારે ૪
અગ્નિયે માર્ગ દીધોરે, માતાજીને આવ્યાં જાણી;
બેઉ કર સાહીરે, કુંવરને લીધા તેડી. ૫
અમરાપતિ જોવેરે, રત્ન વૈમાન ચડી;
દેવ દુંદભી વાજેરે, ચહું દીશ લાગી ઝડી. ૬
સૂર વનિતા સહુકોરે, જોવાને આવ્યાં ફરી;
અંજલિ ભરી ભરીનેરે, કે પુષ્પની વૃષ્ટિ કરી. ૭
સેવક સુખ સારૂં રે, કે કરૂણા સીંધુ ભરી;
ફરી વ્રજ પ્રકટ્યારે, કે દ્વિજ વર રૂપ ધરી. ૮
એ સોભા જોઇનેરે, કહે હરિદાસ ફરી;
વ્રજમાં વાસ દેજોરે, કે વિનતિ ચિત્ત ધરી. ૯

अर्जुन गीता.

ધોળ ૧૮ મું.

શ્રીકૃષ્ણ કહે સાંભળો અર્જુન,
ભક્તિ વિશે તમે રાખો મન.
ભક્તિ થકી અળગો નવ ખસું.
હૃદે કમલમાં વાસો વસું.
મ્હારી દેહ મારા ભક્તને સહી,
તેમાં ભિન્ન ભેદ તમે જાણો નહી.
મને ભક્ત વહાલા છે ઘણું,
હું કારજ કરૂં સેવક તણું,
ભક્ત તણું હું રક્ષણ કરૂં,
હસ્ત છાયા મસ્તક શિર ધરૂં.
ભક્તિ ઉપર છે મારૂં મન,
ધેનુ ચરાવાને ઇચ્છું વન.
ખરો મિત્ર મૂકું નહી ઘડી,
મને સેવકની ચીંતા ઘણી.
ખાય ખરચે મુજનીમત કરી,

અક્ષય ભંડાર તેને આપું ભરી.
પાષાણમાંથી પ્રકટજ થઈ,
ભક્ત માગે તે આપું સહી.
સુખ દુઃખનો વાહ્યો સંબંધ,
અક્ષર લખ્યા પહેલે દીન.
મારૂં લખ્યું ફોકટ નવ થાય,
ચાહે દેશ મેલી પરદેશે જાય.
ભલું ભુંડું માથે નવ લેઉં,
હૃદયમાં બેસી શિખામણ દેઉં.
મારી માયા કોઇ નવ લહે,
શ્રીફળમાં જેમ પાણી રહે.
કોટીબ્રહ્માંડ ભાગું ને ઘડું,
એક પલકમાં હું પેદા કરૂં.
જલ સ્થલ પૃથ્વિ ને આકાશ,
સર્વ ભૂતલમાં મારો વાસ.
જપ તપ તીર્થ મારૂં કરે,
એ સઉ નીર સાગરમાં ભરે.
એવું જાણી જે મુજને ભજે,
મોહ માયા અહંકારને તજે.

સર્વ લોકને સરખો જાણ,
કીડી કુંજર એક સમાન.
રાત દિવસ હરિના ગુણ ગાય,
ત્યાં મારૂં મન પ્રસન્ન થાય.
મને જે મન સોંપે તે ખરૂં,
તેની ઇચ્છા હું પર્ણ કરૂં.
એક તરફ ધન સીંચે દિન રાત,
તેને બાંધી આપું જમને હાથ.
મને સેવ્યાનું ફળ છે ઘણું,
વૈમાન બેસાડી વૈકુંઠ મોકલું.
અર્જુન તું વહાલો છે ઘણું,
ગુંજની વાત તુજ આગળ કરૂં.
ગીતાનો અર્થ હતો જે,
મેં તુજને સંભળાવ્યો તે.
સઉ મળી લેજો હરિનું નામ,
રાત દિવસ ભજવા ભગવાન.
તે માટે પ્રપંચથી પરહરો,
શ્રીકૃષ્ણ હૃદયમાં ધરો.
કરજોડી કહે છે હરિદાસ,
તમારે ચરણે અમારો વાસ. શ્રીકૃષ્ણ.

ધોળ ૧૯ મું.

શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ઘેર એ કૂળ દીવોરે,
ભલે પ્રકટયા શ્રીવલ્લભરાય એ ઘણું જીવોરે. ૧

એમના સુત છે બેઉ અતિશે રૂડારે,
નહી નામે એમને શીષ તે જન કુડારે. ૨

શ્રીઅંકાજી કૂખે અવતર્યા સુખકારીરે,
ગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ એ પરવારીરે. ૩

બળદેવ શ્રીગોપીનાથજીને જાણોરે,
શ્રીકૃષ્ણ શ્રીવિઠ્ઠલનાથ એ વ્રજ રાણોરે. ૪

શ્રીપુરૂષોત્તમજીને પ્રેમ ધરીને ગાયરે,
તેના જન્મો જન્મના પ્રાશ્ચિત સર્વે જાયરે. ૫

શ્રીવિઠ્ઠલનાથજીના સાત કુંવર સુખદાતારે,
કલિયુગમાં પુષ્ટિ પ્રકાશ કરે વિખ્યાતારે. ૬

શ્રીગિરિધરજી ગુણવંત સૌને ગમતારે,
જઇ જુવો શ્રીજી નવનીત પ્રિયાજીશું રમતારે. ૭

શ્રીમથુરાનાથ મનોરથ પુરે મનનારે,
સમરો શ્રીનટવરલાલ જાય દુઃખ તનનારે. ૮

શ્રીગોવીંદરાય રસ મગ્ન રસ ભરી નિર્ખોરે,
એમને મંદિરે શ્રીવિઠ્ઠલેશરાય જોઈ જોઈ હર્ખોરે. ૯
શ્રીબાલકૃષ્ણજી કૃપા કરી સુખ આપોરે,
શ્રીદ્વારકાંનાથજીના રૂપ હૃદેમાં સ્થાપોરે. ૧૦
શ્રીવલ્લભ ગોકુળનાથ સેવા ગિરિધારીરે,
જેણે રાખ્યો માળા પ્રસંગ તે પરવારીરે. ૧૧
શ્રીરઘુપતિજી છે રૂડા જોઇને મન મોહેરે,
એઉને મંદિર શ્રીગોકુળચંદ્રમાજી સોહેરે. ૧૨
શ્રીજદુપતિજી છે જુગતે જોવા જેવારે,
એઉને મંદિરે શ્રીબાલકૃષ્ણ કેરી સુંદિર સેવારે. ૧૩
શ્રીઘનશ્યામ પૂર્ણ કામ એ ઘણું રસીયારે,
શ્રીમદનમોહનજી મહારાજ મ્હારે મન વસીયારે. ૧૪
એ શોભા જોઇ હરિદાસ જાય બલિહારીરે,
એ લીલા ગાજો નિત્ય નર ને નારીરે. શ્રીલક્ષ્મણ. ૧૫

ધોળ ૨૦ મું.

કોઇ મને કૃષ્ણ દેખાડોરે શ્રીગોકુળમાં,
કોઈ મને પ્રભુજી મેળાવોરે મધુવનમાં;

મેરી મતિ હેરી તેરો મર્મ ન જાણે,
વનમાં ફરે વ્હાલો તનમાંરે મધુવનમાં. કોઈ મને. ૧
સકળ બન ઢુંડયા સકળ વ્રજ ઘેર્યા,
અતિરે ઉદાશી મારા તનમાંરે મધુવનમાં. કોઇ મને. ૨
અમર ચિર પહેર્યાં મેઘાડંબર ઓઢયાં,
ફુલડાં વિણતી બાગનમાંરે મધુવનમાં. કોઇ મને. ૩
ફાટયા ચીર ને હાર મારા ટુટયા,
નિર ભરાયાં લોચનમાંરે મધુવનમાં. કોઇ મને. ૪
સૂરદાસ કહે પ્રભુ તીહારે મીલનકું,
અતિરે ઉલટ મારા તનમાંરે મધુવનમાં. કોઇ મને. ૫

શ્રીગોકુલનાથજીનું ધોળ.

ધોળ ૨૧ મું.

વહાલા લાગો છો ઘણું વહાલારે,
વલ્લભલાલ વહાલા લાગો છો.
કેસરીયા ધોતી મહારા પ્રભુજીને સોહિએરે,
છુટા મેલ્યા છે વહાલે કેશરે; વલ્લભલાલ. ૧

કેસરીયા ઉપરણા મ્હારા વહાલાજીને સોહિએરે,
ચાલ લટકતી ચાલેરે; વલ્લભલાલ. ૨
કેસરીયા પાઘ મ્હારા પ્રભુજીને સોહિએરે,
મુખડાં છે પુનમ ચંદરે; વલ્લભલાલ. ૩
શ્રીવિઠ્ઠલનાથજીના લાલજ કહીએરે,
રાણી રૂક્ષ્મણીજીના જાયારે; વલ્લભલાલ. ૪
શોભા બેટીજીના વિરજ કહીએરે,
પારવતી વહુજીનાં કંથરે; વલ્લભલાલ. ૫
શ્રીશ્રીમાં કામણ શ્રીધું મ્હારા વહાલારે,
મ્હારૂં મન હરીને લીધુંરે; વલ્લભલાલ. ૬
દૈવી જીવને હિત પ્રાકટ લીધુંરે,
અનેક જીવ ઉદ્ધાર્યા; વલ્લભલાલ. ૭
કરજોડીને કહે છે ગોપાળદાસરે,
રાખો ચર્ણાર્વિંદની પાસરે; વલ્લભલાલ. ૮

ધોળ ૨૨ મું.

શ્રીવલ્લભ ઘેર આજ વધામણાં રે,
મલિયો રસિક વૈષ્ણવનો સાથ;

પોષ માસ વદ નોમે શ્રીનાથજીરે,
ભૂતલ પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથ. ૧

મદનભેરિ સરણાઇયો દુંદુભીરે,
વીણા તાલ મૃદંગ ઉપંગ;
શ્રીમંડલ સારંગી ખંજરીરે,
વાજે પંચ શબ્દ દરબાર. ૨

નભ નિશાએ વજાડે શુર સુરીરે,
હરખ્યા વરસે કુસુમ સુદેશ;
નાચે નટ દેશી ગત્ય ભેદસુંરે,
ગાંધર્વ ઉઘટીત સંગીત રસાલ. ૩

ષોડસ વર્ષની સકલ વ્રજ સુંદરીરે,
*નવસત અંગે સજ્યા શ્રૃંગાર;
નવરંગ લહેગા ચોલી ચુંદડીરે,
પાય નેપુર ઝાંઝર ઝણકાર. ૪

કટિ કેસરિને સોહે કિંકણિરે,
કંકણ ચુડી ખલકે પાણ,
દાડમ દંત ચિબુક મધ્ય બિંદૂકીરે;
કોક નિપુણ ગુણ ચતુર સુજાણ. ૫

* ૧૬ શૃંગાર.

સુર વનિતા સમોવડ આવે નહીંરે,
મૃગમદ અધર પ્રવાલ સુરંગ;
લોચન અંજન રંજીત રસ ભર્યાંરે,
વારૂ ખંજન મીન[1] કુરંગ.[2] ૬
નકવેસર મુકતામણિ થરહરેરે,
કુંકુંમ રંજીત તિલક સૂભાલ;
કનક કલસ કેશર રસ ભર્યારે,
શ્રવણ જડિત મણિ કંચન ઝાલ. ૭
કુચ જુગ મેરૂ સંગ બીચ સુરસુરીરે,
સુખદ જલ જમુના કંચન માલ;
કુમુદ વિમાન ચઢી જાણે આવીયાંરે,
કરપર સોહે વનિતા વૃંદ. ૮
કંચન થાલ ભરી ગજ મોતીયેરે;
પ્રેમ વિવશ ફુલ્યાં અંગો અંગ;
ચાલે મદ ગજ હંસ સોહામણીરે,
ઉડુગણ આવત પૂરણ ચંદ. ૯
ગાતા મંગલ ધોલ સોહામણાંરે,
આવ્યાં શ્રીઅંકાજીની પાસ;

---

૧ માંછલું. ૨ હરણ.

સકલ મનોરથ આજ સફલ થયારે,
નિજજન વાઢ્યો મનહુલ્લાસ. ૧૦
તિલક કરે ને વધાવે પ્રેમશુંરે,
આરતિ ઉતારે વ્રજની નાર;
તનમન પ્રાણ કરે બલિહારરે,
મુખં જોઈ સુંદરવર સુકુમાર. ૧૧
ચોવા ચંદન કેસર છાંટણારે,
મંડપ બાંધ્યો વિવિધ વિધાન;
ધ્વજા પતાકા તોરણ બારણેરે,
મુનિ જન કરે વેદ ધુની ગાન. ૧૨
જોતિષ નિપૂણ ગર્ગમુનિ આવીયારે,
જન્મ પત્રિકામાં લખ્યો વિચાર;
સાત પુત્ર એ પ્રભુ ઘેર પ્રકટશેરે,
તેનો થાશે બહુ વિસ્તાર. ૧૩
કલિના જીવ અનેક ઉદ્ધારશેરે,
દશેદિશ થાશે જશ વિસ્તાર;
કેવલ દૈવી જીવ ઉદ્ધારશેરે,
ભૂતલ પ્રકટયા કૃષ્ણ અવતાર. ૧૪

બંદીમાગધભાટ જાચક મલ્યારે,
આપે શ્રીવલ્લભરાજ ઉદાર;
મનવાંછિત પટ ભૂષણ ધન બહુરે,
ગાવે ગુણીજન કરે ઉચ્ચાર. ૧૫

ગુણ ગાયે શ્રીવલ્લભનાથનારે,
દ્વારે ઉભા દીએ આશિષ;
સાંભળીને આવ્યા જાચક સર્વ દેશનારે,
પ્રકટયા પુર્ણ બ્રહ્મ જગદિશ. ૧૬

શ્રીગિરિધરણ શ્રીવિઠ્ઠલનાથસુંરે,
જે જન જાણે મનમાં ભેદ;
તે ખળ અસુર કહીએ તેની ગતી નહીરે,
કહે પુરાણ પુકારે વેદ. ૧૭

પ્રભુજી મારી મત પત રાખજોરે,
જયાં લગી પ્રાણ રહે આ દેહ;
શ્રીવિઠ્ઠલનાથ સદા ચિત્તમાં વસોરે,
નિત્ય પ્રતિ ક્ષણુંક્ષણું અધિક સ્નેહ. ૧૮

શ્રીગિરિધર શ્રીવિઠ્ઠલનાથસું રે,
કલ્પિત કરે મહા પાખંડ;

તેનો સંગ દોષ લાગે નહીં રે,
માગું અવિચળ ભકિત અખંડ. ૧૯
ધર્મ વિમુખ હું આ કલિ કાલમારે,
વૈષ્ણવ પદરજ વલ્લભદાસ;
કરો કૃપા હું કરૂં વિનતિ રે,
જુગજુગ દેજો વ્રજમાં વાસ. ૨૦

ઘોળ ૨૨ મું.

શ્રીલક્ષ્મણભટ્ટજીનાં ભાવે લીજે ભામણાં,
તૈલંગ તિલક ને વિપ્ર શિરોમણિ ભૂપજો;
એહુના સુત શ્રીવલ્લભના લેઉં વારણાં,
દ્વિજવર રૂપે પ્રકટયા અનલ અનૂપજો. ૧
ધર્મ ધુરંધર એ સુત શ્રીવલ્લભદેવના,
પ્રકટ કરવા વેદ તણો વિસ્તારજો;
ગુણ સમુદ્ર ભરિયા શ્રીગોપીનાથજી,
હળ મુશલ હરિ હળધરનો અવતારજો. ૨
શ્રીગોવર્દ્ધનધર ધીરવીર બલદેવના,
રસના રૂપી કહીયે શ્રીનંદકુમારજો,

તે પુરૂષોત્તમ પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથજી,
નિર્ગુણ બ્રહ્મ તે સગુણ સ્નેહી સારજો. ૩

શ્રીવિઠ્ઠલનાથજીના સાતે લાલ સોહામણા,
સૌથી મ્હોટા શ્રીગિરિધરજી મહારાજજો;
શરણ ગયા ને સોંપે તે શ્રીનાથજી,
કરવા સુંદર સેવા કેરાં કાજજો. ૪

શ્રીગોવિંદરાય તણાં મન પ્રસન્ન હુલ્લાસમાં,
આવે તેને આપે આનંદ દાનજો;
શ્રીબાલકૃષ્ણજી કોમલ અંગે રસે ભર્યા,
કરાવે છે અધર સુધારસ પાનજો. ૫

શ્રીગોકુલનાથ જણાવે યુગમાં જીવને,
એવા પોતે કહીયે શ્રી પરમ કૃપાલજો;
શ્રી રઘુપતિ રૂપે રૂડા નૈણે નિરખતાં,
વદન સદનની ભુલ્યા લે સંભાળજો. ૬

જોવા સરખા દીસે શ્રીજદુનાથજી,
એછે બ્હેની અબલાનો આધારજો;
દેખી દૈવી જીવ સદા ઘનશ્યામજી,
રેડે ઉપર અમૃત રસની ધારજો. ૭

સાતે સ્વરૂપ તણો વંશ સદા સંસારમાં,
પ્રકટ બિરાજે પુરૂષોત્તમ પરિબ્રહ્મજો;
જમનાદાસ અધમ તે છે વળી આધનો,
તે શું જાણે શ્રીવલ્લભ કુલનો મર્મ જો. ૮

ધોળ ૨૪ મું.

મોહન મલપંતા ઘેર આવ્યારે,
મ્હેંતો લઇને મેતીડે વધાવ્યારે. ૧

વહાલે મારે કરૂણાની દષ્ટિએ જોયુંરે,
બહેની મારે એ વરસું મન મોહ્યુંરે. ૨

પડયું મારે નંદના કુંવર સાથે પાનુંરે,
હવે હું તો કેમ કરી રાખીશ છાનુંરે. ૩

હરિજનને કહેવું હોય તે કહેજોરે,
વહાલા મારા હૃદય કમલ વચ્ચે રહેજોરે. ૪

ધન્ય ધન્ય ગોકુલના ગિરિધારીરે,
વહાલાને જોવા મળી વ્રજનારીરે. ૫

હાંરે હું તો વલ્લભકુળની દાસીરે,
હાંરે વહાલા કૃપા કરો વ્રજવાસીરે. ૬

વહાલે મારે વ્રજમાં તે આપ્યો વાસરે,
બલિહારી જાય તે માધવદાસરે. ૭

ધોળ ૨૫ મું.

અતિરે આનંદ ભર્યો આવો મારે અંગે,
શ્યામ સુંદરવર બેઠા છો સંગે. ૧
મુખડાં જોયાં વિના પાણી નવ પીઉંરે,
રસિક સુંદર વર જોઈ જોઇ જીવુંરે. ૨
રસિક સુંદર વર શું રઢ લાગી,
જન્મો જન્મ મારી ભાવઠ ભાગી. ૩
સગપણ તે શ્યામળીઆનું સાચું,
બાકી સર્વે દીસે છે કાચું. ૪
મુજને ન વારો અમારીરે માડી,
દર્શન કરવા જઇશું દહાડી. ૫
કહેશે તેને કહેવારે દઇશું,
આપણે સર્વે સાંભળી રહીશું. ૬
નંદના કુંવર તમે ન કરો વડાઇરે,
મ્હોટા થયા છો મારૂં માંખણ ખાઇરે. ૭

નંદના કુંવર તમે બહુ રંગ રસીઆ,
અમારે કારણ વહાલો વ્રજમાં વસીયા. ૮
અતિરે આનંદ ભર્યાં નંદઘેર જઇશું,
દર્શન કરીને સુખીયાં થઇશું, ૯
ઘણારે દિવસના વાયદારે વળીયા,
વલ્લભ પ્રભુ શ્રીગોવર્દ્ધન મળીયા. ૧૦

ઘોળ ૨૬ મું.

ઠકરાણી ઘાટ રળીયામણોરે, છોંકર લહેકે બહારરે.
મારૂં શ્રીગોકુળ રળીયામણુંરે.
શ્રીવલ્લભ બિરાજતારે,
શ્રીવિઠ્ઠલનાથજીના તાતરે મારૂં શ્રીગો. ૧
ગુણવંત શ્રીગોપીનાથજીરે,
અગ્રજનો અવતારરે. મારૂં શ્રીગો. ૨
ગુણનિધિ શ્રીવિઠ્ઠલનાથજીરે,
શ્રીકૃષ્ણતણો અવતારરે. મારૂં શ્રીગો. ૩
શ્રીગિરિધર ગોવિંદરાયજીરે,
શ્રીભામની રાણીજીના કંથરે. મારૂં શ્રીગો. ૪

બળવંત શ્રીબાલકૃષ્ણજીરે
શ્રીકમલાવતી વહુજીના કંથરે. મારૂં શ્રીગો. ૫
ગુણનિધિ શ્રીગોકુળનાથજીરે,
શ્રીપાર્વતી વહુજીના કંથરે, મારૂં શ્રીગો. ૬
યવનને જીતી વળ્યારે,
રાખ્યો માળાનો ધર્મરે. મારૂં શ્રીગો. ૭
શ્રીરઘુપતિજ હુપતિ જન્મ્યારે,
શ્રીજાનકી મહારાણીજીના કંથરે. મારૂં શ્રીગો. ૮
ગુણવંત શ્રીઘનશ્યામજીરે,
શ્રીકૃષ્ણાવતી વહુજીનાં કંથરે. મારૂં શ્રીગો. ૯
શ્રીલક્ષ્મીને સત્યભામા બેઉરે,
અગ્રજને અનુહારરે. મારૂં શ્રીગો. ૧૦
શ્રીનવનિતપ્રિયાજીને રીઝવ્યારે,
સેવા કરે સુખસારરે. મારૂં શ્રીગો. ૧૧
શોભા યમુના કમલાદેવકાંરે,
શ્રીકમલા બેટીજીના તાતરે. મારૂં શ્રીગો. ૧૨
શ્રીગોકુલથી શ્રીજી આવતાંરે,

ચઢતાં શ્રીગોવર્ધનની ટેરરે. મારૂં શ્રીગો. ૧૩
સેવા કરી શ્રીજી સાધશું રે,
આપે શ્રીગોવર્દ્ધન નાથરે. મારૂં શ્રીગો. ૧૪
શ્રૃંગાર ધરીને દર્પણ ધરેરે,
શ્રીમદનમોહન મુસકાયરે. મારૂં શ્રીગો. ૧૫
ભોગ ધરાવે શ્રીને ભાવતારે,
શ્રીજમુનાજલ ઝારી હાથરે. મારૂં શ્રીગો. ૧૬
આરતી ઉતારી દંડવત્ કરેરે,
માળા ધરે વ્રજરાજરે. મારૂં શ્રીગો. ૧૭
પાટ અનુસર ત્યાં થયારે,
નમી નમી દંડવત્ થાયરે. મારૂં શ્રીગો. ૧૮
શ્રીગોવર્દ્ધનથી શ્રીજી ઉતરેરે,
સાતે કુંવરની છે જોડરે. મારૂં શ્રીગો. ૧૯
બંસી તે બટના ચોકમાંરે,
વહાલે કર્યો વેણુ નાદરે. મારૂં શ્રીગો. ૨૦
શ્રીવૃંદાવનની કુંજમાંરે,
રાધા રમે સુખ રાસરે. મારૂં શ્રીગો. ૨૧

રમશું રાધાજીના રાસમાં રે,
તાલી શ્રીગિરિધર હાથ રે. મારૂં શ્રીગો. ૨૨
રસિક પ્રિતમ રસ રંગમાં રે,
નમી નમી દંડવત્ થાય રે. મારૂં શ્રીગો. ૨૩

શ્રીજન્માષ્ટમીનું ધોળ.

ધોળ ૨૭ મું.

આનંદ સાગર ઉલટયો રે લોલ,
શ્રીવસુદેવ દેવકીને દ્વારજો;
આઠમ ભાદરવા વદી રે લોલ,
રોહણી નક્ષત્ર બુધવાર જો,
પ્રકટયા શ્રીકૃષ્ણ મન ભાવતા રે લોલ. ટેક. ૧
પીળાં પીતાંબર પેહેરીયાં રે લોલ.
ઓઢયાં ઉપરણા સાર જો;
મસ્તકે મુકુટ બીરાજતા રે લોલ,
કુંડલ ઝલકે છે કાન જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૨
ભાલ તિલક મૃગ મદ તણાં રે લોલ,

ખીટલીઆળા કેશ જો;
ચારે ભૂજાએ આયુધ ધર્યાં રે લોલ,
શંખ ચક્ર ગદા પદ્મ જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૩
નાકે નકવેસર શોભીતાં રે લોલ,
ચુની છે લાલ ગુલાલ જો;
અધર ઉપર મોતી ઢળકતાં રે લોલ,
હડપચીએ હીરલાની કાંન્તિજો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૪
બાંહે બાજુબંધ બેરખા રે લોલ,
પહોંચી છે રત્ન જડાવ જો;
હાથે હાથફુલ સોહે મુદ્રિકા રે લોલ,
ઉર ગજ મોતીના હાર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૫
કહેડે સોહે કટી મેખળા રે લોલ,
ચરણે ઝાંઝરનો ઝમકાર જો;
એવા પ્રભુજીને નિર્ખતાં રે લોલ,
દુઃખ ગયાં સર્વે દર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૬
વસુદેવ દેવકીજી હરખીયાં રે લોલ,
નિરખ્યાં શ્રીમુખ સ્વરૂપજો;
એવા પ્રભુને કયા રાખશું રે લોલ,
કોપ્યો છે કંસરાય ભૂપ જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૭

ત્યારે બાળક એમ બોલીયા રે લોલ,
સાંભળો અમારી વાત જો;
નંદ તણા દરબારમાં રે લોલ,
મેલી આવો મુને તાત જો. પ્રકટ્યા શ્રીકૃષ્ણ. ૮
કન્યા લઈને વહેલા આવજો રે લોલ,
સરશે તમારાં કાજ જો;
તે તમે કંસને દેખાડજો રે લોલ,
મોડશે એનાં માન જો. પ્રકટ્યા શ્રીકૃષ્ણ. ૯
એમ કહીને માયા ફેરવી રે લોલ,
ધર્યુ છે બાળ સ્વરૂપ જો;
વિસ્મય થયા વસુદેવ દેવકી રે લોલ,
સ્વપ્નું થયું કે સત્ય જો. પ્રકટ્યા શ્રીકૃષ્ણ. ૧૦
ભાગી ભુંગળ ખોલ્યાં બારણાં રે લોલ.
સુતા છે સહુ દરવાન જો;
મસ્તક ધરી હરિને નિસર્યા રે લોલ.
લીધી શ્રીગોકુલની વાટ જો. પ્રકટ્યા શ્રીકૃષ્ણ. ૧૧
ઝરમર વરસે છે મેહુલા રે લોલ,
ચહુંદિશ ચમકે છે વીજ જો;

આગળ સિંધ ધડુકતા રે લોલ,
શેષનાગે કીધી છે છાંય જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૨
શ્રીજમુનાજી વહે છે ભરપૂરમાં રે લોલ,
ઉઠે છે લહેર તરંગ જો;
ચરણ કમલ હરિનાં પરસશું રે લોલ,
નીચાં થયાં છે નીરજો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૩
દીધો માર્ગ ચાલ્યા ઉતરીરે લોલ,
પહોંચ્યા શ્રીનંદ દરબાર જો;
સુતા દીઠા સહુ સાથને રે લોલ,
મનમાં કીધો છે વિચાર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૪
શ્રીજશોદાજીની ગોદમાં રે લોલ,
પોઢાડયા શ્રીગિરિધર લાલ જો;
કન્યા લઈ પાછા વળ્યા રે લોલ,
જો જો પ્રભુજીના ખ્યાલ જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૫
જાગ્યાં જસોદાજી તે સમે રે લોલ,
નિરખ્યા શ્રીસુંદર શ્યામ જો;
નંદ અતિ ઘણું હરખિયા રે લોલ,
આપ્યાં છે રત્ન કેરાં દાન જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૬

ઘેર ઘેર તોરણ બાંધિયાં રે લોલ,
માનિની મંગળ ગાય જો;
સહુ વ્રજ ઉમગ્યો પ્રેમશું રે લોલ,
આનંદ ઉત્સવ થાય જો, પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૭

હલધર દહી ઘૃત દૂધની રે લોલ,
મચી છે તહાં કાંઇ કીચ જો;
તાળી પડે ને ફરે ફુંદડી રે લોલ,
નાચે છે સઉ નર નાર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૮

બ્રહ્મા મહાદેવ મુનિ દેવતા રે લોલ,
બોલે છે જય જયકાર જો;
દેવનાં તે દુંદભી વાગીયાં રે લોલ,
વરષે છે કુસુમ અપાર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૧૯

એ સુખ શોભા શી કહું રે લોલ,
કહેતાં ન આવે પાર જો,
શ્રીવલ્લભચરણ પ્રતાપશું રે લોલ,
હરિદાસ જાય બલિહાર જો. પ્રકટયા શ્રીકૃષ્ણ. ૨૦

ધોળ ૨૮ મું.

વ્રજની શોભા હું શી કહું, નંદ ઘેર આનંદ ઉપન્યો;

પ્રકટયા શ્રીગિરિધરલાલ (૨) ટેક. વ્રજની. ૧
નોબત વાગેરે નવરંગી, સોહે રાજદ્વાર;
ટોડલે તોરણ બાંધીયાં, ઝુમખ ઝલકે છે ગોખ. વ્રજની. ૨
દીપક જોતી જળહળે, પુરી મેલ્યાં છે ગોખ;
ઉત્સાહે ભર્યાં આંગણાં, ઉપમા હરિને હાથ. વ્રજની. ૩
બાવનચંદન ઘોરિઘોરિ, પુરયા મોતીના ચોક;
નાનું સરખું ગોકળીયું, આવાં રૂડાં નંદજીનાં રાજ. ૪
કહેતી નગરીમા નીસર્યાં, સાથે હલધર વીર;
વહેતી નગરીમાં નીસરી, સૌને સરખો શ્રૃંગાર. વ્રજની ૫
ગિરિધર ગાયો ચરાવતા, સુંદર જમુનાંને તીર;
માધવદાસની વિનતિ, આપો વ્રજમાંરેવાસ. વ્રજની. ૬

ધોળ ૨૯ મું.

સાચા સંબંધીડા શ્રીગોકુલ કયારે જાશું,
આપણ બે બેલડીએ વળગી શ્રીજમુનાજીમાં નાહીશું.૧
શ્રીગોકુલીઆનીગલીએગલીએ,ગુણગોવિંદનાગાઈશું.૨
શ્રીગિરિધારી અલબેલાજોઇ, મનચિંતવ્યાલાડલડાવશું ૩
શ્રીભીમના ઠાકોરને જઇ ભેટીશું, સદા સોહાગી થાશું. ૪

ધોળ ૩૦ મું.

શ્રીબાલકૃષ્ણજી લાલ તમ શું લેહે લાગી;
મારે તમ સરિખા નહીં કોઈ ભય ભવની ભાંગી. ૧
મારા પ્રાણ તણા આધાર, અગલા રહેશોમાં;
વહાલા છોરે હૈયાના હાર, કોઇને કહેશોમાં. ૨
હું તો રૂપ તમારાં જોઇને, રીઝી રંગ રસિયા;
મારે તમ સરિખા નવ કોઇ, મારે મન વસીયા. ૩
મારા કુટુંબ સહીત દર્શન તમારાં મેં કીધાં;
વહાલા તમે મટાડયા તાપ દર્શન બહુ દીધાં. ૪
છું ચરણકમલની દાસી, ચિત્ત ચરણે રાખું;
મેં તો બાંધી તમારી આશ બીજે નવ જાચું. ૫
મારી વિનતિ સાંભળો નાથ તો તમને કહીએ,
અમને આપો શ્રીવ્રજમાં વાસ તમ શરણે રહીએ. ૬
નાહીએ શ્રીજમુનાનાં નીર નિત્ય દર્શન કરીએ,
એમ કહે છે હરિદાસ ભવોભવ તરીએ. ૭

શ્રીસર્વોત્તમજીનું ધોળ.

ધોળ ૩૧ મું.

ભલે પ્રગટયા શ્રીવલ્લભદેવ, શ્રીપુરુષોત્તમ ભૂતલ ફરીજી;
નહિ પ્રાકૃત ધર્મનો લેશ, અપ્રાકૃત નિજવપુ ધરીજી.૧
કરે નિગમ નિરૂપણ એમ, તે સાકારની સ્તુતિ કરીજી;
મહા કળિ કાળાદિક દોષ, પંડિત દૃષ્ટિ તિમિર ભરીજી.૨
મહિમા નવ જાણે જેહ, તે કહીએ ખરાસુર અરિજી;
વહાલે દયા કરી મુખરૂપ, નિજલીલા પ્રાકટ કરીજી. ૩
જેની વાણી અતિ દુર્બોધ, થાયે સુબોધ જેને કરીજી;
તેના અષ્ટોતર શતનામ, તે કહીએ મહાઅઘ હરિજી. ૪
જેના ઋષિવર અગ્નિકુમાર, જગતીછંદ નામે ધરીજી;
શ્રીકૃષ્ણ કમળ મુખદેવ, બીજ દૃષ્ટિ કરૂણા ભરીજી. ૫
જેની ભક્તિમાં અંતરાય, તે નાશને પ્રયોજન સહીજી,
આપે અધરામૃતની સિદ્ધિ, તે મધ્યે નિશ્ચે કરીજી. ૬

ઢાળ.

વહાલો આનંદ[*][1] પરમાનંદ[2] કહેવાય,

*જે શબ્દ ઉપર ૧ થી ૧૦૮ સુધી આંકડા મૂકવામાં આવ્યા છે તે જગાએ આચાર્ય શ્રીમહાપ્રભુજીનાં નામ સમજવાં.

[૩]શ્રીકૃષ્ણ કમળ મુખ [૪]કૃપાનિધિ થાય. ૭

વહાલો [૫]દૈવી ઉદ્ધારણ પ્રયત્ન ઉપાય,

જેના [૬]સ્મર્ણ માત્રથી આર્તિ જાય. ૮

[૭]શ્રીભાગવત ગૂઢાર્થ પ્રકટાય,

[૮]સાકાર બ્રહ્મનો વાદ સ્થપાય. ૯

[૯]વેદ પારંગ ચૌદ ભુવન કહેવાય.

[૧૦]માયાવાદ નિરાકૃત સહુ મીલિ ગાય. ૧૦

[૧૧]સર્વવાદિ નિરાસ કીધા તે લખાય,

[૧૨]ભક્તિ માર્ગ સરસ કમળ વિકસાય. ૧૧

[૧૩]સ્ત્રી શૂદ્રાદિકને ઉદ્ધારવા સમર્થ,
જેના સાધન બળથી ન થાય અર્થ. ૧૨

[૧૪]અંગીકાર માત્રથી સર્વ સ્વકીયે,
કીધા શ્રીગોપીજન પતિને પ્રિયે. ૧૩

અંગીકાર[૧૫] કરે મર્યાદાનું સાર,
મહાકરૂણાવંત[૧૬] સમર્થ[૧૭] અપાર. ૧૪
વહાલો અદેયદાન[૧૮] દેવાને ચતુર,
મહાઉદાર[૧૯] ચરિત્ર કરે બહુ પુર. ૧૫
લીલા દેખાડી પ્રાકૃતની[૨૦] જેહ,
તે મિષે મોહ્યા સુર રિપુ તેહ. ૧૬
વૈશ્વાનર[*][૨૧] શ્રીવલ્લભ[૨૨] છે નામ,
વહાલો સુંદર[૨૩] રૂપ સ્વજન[૨૪] હિત કામ. ૧૭
કૃષ્ણ[૨૫] ભક્તિ કરે જન શિક્ષાકાજ,
આપે અખિલ[૨૬] ઇષ્ટ શ્રીવલ્લભરાજ. ૧૮
સર્વલક્ષણથી[૨૭] સંપન્ન વિવેક,
શ્રીકૃષ્ણ[૨૮] જ્ઞાન દાતા ગુરૂ[૨૯] એક. ૧૯

---

* અગ્નિ.

પોતાના આનંદ[૩૦] થકી બહુ પુષ્ટ,
એના[૩૧] કમળ પત્રસે નેત્ર સંતુષ્ટ. ૨૦

કૃપા[૩૨] દૃષ્ટિની વૃષ્ટિથી હરખ્યાં મન,
તે દાસ દાસી પતિપ્રિય[૩૩] છે અનન્ય. ૨૧

રોષ[૩૪] દૃષ્ટિ કરે ભક્તિ શત્રુ પ્રજાળ[*],
ભકત[૩૫] સેવંતા સુખસેવા[૩૬] રસાળ. ૨૨

જીરે ભકિત વિના નહિ સેવા સાધ્ય,
તે કારણથી કહીએ દુરારાધ્ય[×][૩૭]. ૨૩

જેના ચરણ સરોજ દુર્લભ[૩૮] દરસાય,
તેના[૩૯] ઉગ્ર પ્રતાપ ત્રૈલોક કહેવાય. ૨૪

વચનામૃત[૪૦] કરી પૂર્યા સેવકના અર્થ,
શ્રીભાગવત[૪૧] અમૃત મથન સમર્થ. ૨૫

---

* નાશ. × કઠીન.

તેનો [42]સાર કહીયે વ્રજ સુંદરીનો ભાવ,
તે પરિપૂરણ છે દેહ ભરાવ. ૨૬

[43]સાન્નિધ્ય માત્રથી દાન કરે કૃષ્ણ પ્રેમ,
ભક્તિ [44]મુક્તિ દેવાનું એહુને નેમ. ૨૭

એક [45]રાસલીલામાં તેમનું તાન,
પ્રભુ [46]કૃપા કરીને કરે કથાનું દાન. ૨૮

વહાલો [47]વિરહના અનુભવને હેતે કાજ,
સર્વ ત્યાગ જણાવ્યો શ્રીવલ્લભરાજ. ૨૯

ઉપદેશ કર્યો [48]ભક્તિ માર્ગ આચાર,
લોક માંહે કર્યો [49]કર્મ માર્ગ પ્રચાર. ૩૦

વેદ શાસ્ત્ર કહ્યાં [50]યજ્ઞાદિક દાન,
તેનું ફળ મર્યાદા ભક્તિ નિદાન. ૩૧

પ્રભુ [51]પૂર્ણાનંદ છે [52]પૂરણ કામ,
સરસ્વતિના[53]પતિ[54]દેવ[*]ઇશ અભિરામ§. ૩૨

---

* પ્રભુ. § સુંદર.

વહાલે સહસ્ર[૫૫] કહ્યાં પુરુષોત્તમ નામ,
નિજજનને[૫૬] આશ્રયનું છે ધામ. ૩૩

ભક્તિ[૫૭] માર્ગની રીતે કરવા ઉપદેશ,
બહુ ગ્રંથ કરીને ટાળ્યો સંશયનો લેશ. ૩૪

જેને પામવાને છોડયા પ્રાણથી[૫૮] પ્રિયે,
એવા ભક્ત[૫૯] સમાજ બિરાજે શ્રીએ. ૩૫

આપ સાધન[૬૦] કરે નિજ દાસને કાજ,
એવા સમર્થ[૬૧] શ્રીવલ્લભ મહારાજ. ૩૬

કરવા ભક્તિ[૬૨] પ્રચારક ભૂતલ માંહી,
વશ કીધા પિતા[૬૩] થઇને ગ્રહી બાંહી. ૩૭

સર્વે સામર્થ્ય ધર્યું પોતાને[૬૪] વંશ,
ગર્વ[૬૫] દૂર કરી ટાળ્યો સંશયનો અંશ. ૩૮

પ્રભુ પતિવૃતાના[૬૬] પતિ સાક્ષાત,
કરે યહ લોક પરલોક[૬૭] દાન વિખ્યાત. ૩૯

જેના અંતઃકરણ છે ગૂઢ[૬૮] અપાર,
અંગીકૃત્યને[૬૯] જણાવ્યો મનનો વિચાર. ૪૦

ઉપાસનાદિક[૭૦] માર્ગ જે અન્ય,
તેનો મોહ ટાળીને કીધા સેવક અનન્ય. ૪૧

કર્યો નિશ્ચે જે ભક્તિ[૭૧] સર્વથી વિશેષ,
કીધો શરણ[૭૨] માર્ગનો જુવો ઉપદેશ. ૪૨

શ્રીકૃષ્ણના[૭૩] મનની જાણે વાત,
લીલાકુંજ[૭૪] બિહારી પરિપૂર્ણ ગાત. ૪૩

કથારસ[૭૫] મગ્ન સદા છે ચિત્ત,
વીસર્યું[૭૬] સૌ તે થકી બીજું વિત્ત. ૪૪

પ્રિય[૭૭] છે ઘણું વ્રજને[૭૮] વ્રજનો વાસ,
કરે પુષ્ટિ[૭૯] લીલા એકાંત વિલાસ[૮૦] ૪૫

કરે ભક્તેચ્છા[૮૧] પરિપૂરણ દાન,
નહિ નિજ લીલાનું[૮૨] કોઈને જ્ઞાન. ૪૬

અતિ [૮૩]મોહિત જેનું *શીલ ઘણું,
નહિ લોક વિશે [૮૪]આસકિત †અણું. ૪૭

નિજ [૮૫]ભકત વિષે આસકિત છે એક,
પ્રભુ [૮૬]પાવન કીધા પતિત અનેક. ૪૮

જે કરે [૮૭]પોતાના ગુણનું ગાન,
તેને હૃદય કમળ રહેવાનું સ્થાન. ૪૯

નિજ [૮૮]યશરૂપી અમૃત લહેરી,
તેથી ભીંજવી સર્વ રસ વાસના હરિ. ૫૦

પ્રભુ પોતે સર્વ થકી છે [૮૯]પર,
ન કરે તુલ્યતા કોઈ અવર. ૫૧

[૯૦]લીલારસ અમૃત તરંગ બહુ,
ભીંજવ્યા છે ભક્ત શરીર સહુ. ૫૨

રૂચિ આપે [૯૧]ગોવર્દ્ધનગિરિ વાસ.
તે [૯૨]લીલામાં છે અતિશે ઉલ્હાસ. ૫૩

---

* સ્વભાવ. † જરા.

કરે [૯૩]યજ્ઞભોગ ને [૯૪]યજ્ઞકર્મ,
આપે અર્થ કામ ને [૯૫]મોક્ષ ધર્મ. ૫૪
પ્રભુ [૯૬]સત્ય વચન છે †[૯૭]ત્રિગુણાતીત,
નીતિ [૯૮]ચતુરાઇ છે અતિ અગણિત, ૫૫
કરવા [૯૯]પોતાની કીર્તિ પ્રકાશ્ય,
[૧૦૦]કર્યું વ્યાસસૂત્રનું નૂતન ભાષ્ય. ૫૬
અતિ તુચ્છ તૂલ* જે [૧૦૧]માયાવાદ.
કરી ભસ્માગ્નિ સ્થાપ્યો ×[૧૦૨]બ્રહ્મવાદ. ૫૭
§[૧૦૩]અપ્રાકૃત ભૂષણની અતિ કાન્તિ,
હસતાં [૧૦૪]મુખ શોભે છે બહુ ભાન્તિ. ૫૮
[૧૦૫]પ્રભુતિન લોકના ભૂષણ સાર,
પ્રકટયા [૧૦૬]ધરણીનું ભાગ્ય અપાર. ૫૯
પ્રભુ [૧૦૭]સુંદરતા છે અતિ અનૂપ,
કેમ વર્ણન કરી શકું એ સ્વરૂપ. ૬૦

†ત્રણ ગુણથી પર. *રૂ (કપાસ) ×શુદ્ધાદ્વૈત. §માયારહીત.

સૌ માગે છે પોતાના જન,
ચરણાર્વિંદની રજજે ધન. ૬૧
એ કહ્યાં એકસોને આઠે નામ.
શ્રીવલ્લભ આનંદનું છે ધામ. ૬૨

વલણ.

જે કોઈ શ્રદ્ધા કરી નિત્ય ગાયેરે,
તેનું મન પહેલું સ્થિર થાયેરે, ૬૩
અધરામૃતની સિદ્ધિ પામેરે;
તેમાં સંશયનું નહીં નામેરે. ૬૪
એ પામ્યા વિના મોક્ષ છે હીનરે,
તેના ફળમાં મુક્તિ છે લીનરે. ૬૫
તેથી સર્વોત્તમ જપ કરવોરે,
શ્રીકૃષ્ણ રસે મન ભરવોરે. ૬૬
શ્રીવિઠ્ઠલ *ઉચરિત એ નામરે,
જે ગાય પૂરે તેનાં કામરે. ૬૭
તેનો જન્મ સફળ કરી લેખેરે,
શ્રીવ્રજભૂષણજીનાં સુખ દેખેરે. ૬૮

---

* કહેલાં.

સિદ્ધાંત રહસ્યનું ધોળ.

ધોળ ૩૨ મું.

પુષ્ટિમાર્ગ સિદ્ધાંતની, સાંભળ કહું એક વાત;
શ્રાવણ સુદિ એકાદશી, વચન કહ્યાં જે રાત. ૧
શ્રીમદ્ વલ્લભને મન, ચિંતા ઉપની એહ;
આજ્ઞા બ્રહ્મસંબંધની, પ્રભુજીએ કીધી તેહ. ૨
પોતાના જીવ જાણીને, ચિંતા ધરી મન માંહ;
આતુરતા દીઠી ધણી, શ્રીજી પધાર્યા ત્યાંહ. ૩
ત્યારે શ્રીજી એમ બોલીયા, સાંભલો વલ્લભરાય;
નામ સમર્પણ જે કરે, તેનાં પ્રાયશ્ચિત જાય. ૪
તમે છો શ્રીપુર્ણપુરૂષોત્તમ, જીવ છે દોષ સહિત;
ઉદ્ધારણ કારણ પ્રભુ કહું ધરી મન ચિત્ત. ૫
જીવમાત્ર હોય જે કોઇ આવે તમારે શરણ;
તે ઉપર કરૂણા કરી, રાખિશ મારે ચરણ. ૬
પવિત્રાં કરી સૂત્રનાં, પહેરાવ્યાં શ્રીજગદિશ;
કેસરી રંગે રંગીયા, તાર ત્રણસેં ત્રણ વીસ. ૭
મીશ્રી ભોગ ધરાવીને, વસ્ત્ર પેહેરાવ્યાં તેણીવાર;
કોર છેડા કર્યા કેસરી, ધોતી ઉપરણા સાર. ૮

ભક્ત મનોરથ પૂરવા શ્રીજીએ કીધો શ્રમ;
નામ સમર્પણ આપીને, રાખ્યો વૈષ્ણવ ધર્મ. ૯
વળતાં શ્રીજી એમ બોલીયા, હરખિ શ્રીમહારાજ;
સંદેહ ટાળ્યો જીવનો, સરશે સેવકનાં કાજ. ૧૦
શ્રીગિરિધારીજી મંદિરે પધાર્યા, એ સુખ કહ્યાં નવ જાય,
હરિદાસ સોભા જોઇને આનંદ મંગલ ગાય. ૧૧

શ્રીનવરત્નનું ધોળ.

ધોળ ૨૨ મું.

શ્રીમદ્ વલ્લભ શ્રીમહાપ્રભુને નમુજી,
શ્રીવિઠ્ઠલેશ પ્રભુ લાગું પાય;
શ્રીબાલકૃષ્ણજીને પ્રણમુંજી,
શ્રીવ્રજભુષણજી પરમકૃપાળ. શ્રીમ૦ ૧
શ્રીવલ્લભદેવે મહા કરૂણા કરીજી.
જેથી જીવનનું કારજ થાય;
સર્વે વૈષ્ણવની કૃતિ એહ છે જી,
સઘળી ચિંતા નિવૃત થાય. શ્રીમદ્ ૨
દૃઢ આસરો શ્રીમહાપ્રભુજીનો રાખીએજી,

ચિંતા નવ ધરીએ લગાર;
સર્વે આત્મા શ્રીજીને સમર્પીએજી,
એ છે ભક્ત તણો આધાર. શ્રીમદ્. ૩
પુષ્ટિ માર્ગમાં શ્રીજી રહે સદાજી,
જીવ કીધા છે અંગીકાર;
લૌકિકની ગતિ ન આપે કદાજી,
પ્રભુ નથી જોતા અધિકાર, શ્રીમદ્. ૪
નામ નિવેદન કીધા થકીજી,
પ્રભુ રાખે પોતાની પાસ;
વશ ન થાય એ પ્રભુ કો થકીજી,
વશ થઇ રહ્યા વલ્લભી પાસ. શ્રીમદ્. ૫
નિવેદન મંત્રનું સ્મરણ કરવુંજી.
સર્વદા ભગવ ીય સાથ;
અવૈષ્ણવની સંગે ન ફરવુંજી,
કૃપા થાય તો શી હાથ. શ્રીમદ્. ૬
ફળની ચિંતા નવ રાખીએજી,
પ્રભુ સર્વેશ્વર કહેવાય;
સર્વના આત્મા શ્રીજી સાક્ષી છે જી,
દૂર ભકતથી કેમ રહેવાય. શ્રીમદ્ ૭

પ્રભુને ગમે તે ખરૂં એમ જાણવુંજી,
હરિનું બીરદ છે દીનદયાલ;
સ્ત્રી પુત્રાદિક પુષ્ટિમાં આણવાજી,
યોગ્યતા ન વિચારે દયાળ. શ્રીમદ્. ૮
નિવેદન કરવું સર્વે સંગાથશુંજી,
અન્ય વિનિયોગની ચિન્તા ન આણ
અજ્ઞાની હોય કિમ્વા જ્ઞાનીશું જી,
સમજું છું અધિક એવું ન જાણ, શ્રીમદ્. ૯
જેણે આત્મા નિવેદન કીધો છે જી,
તેના ઉદ્ધારનો સંદેહ ન આણ;
પ્રાણ સંગાથે શ્રીમહાપ્રભુજીને દીધું છેજી,
તેથી સંશય મનમાં ન આણ. શ્રીમદ્. ૧૦
સમર્પણ મંત્ર મહા સમર્થ છે જી,
ના જાણશો ઓછી વાત;
એ કોઇ અંશ કળા નથી પૂર્ણ છે જી,
શ્રીજી પુરૂષોત્તમ સાક્ષાત. શ્રીમદ્. ૧૧
પ્રભુ પોતે સર્વથી પર છે જી,
વળી મહા સમર્થ છે એ નાથ;
ભક્તનાં દુઃખ હરતા સુખકારી છેજી,

ચિંતા નવ કીજીએ માથે નાથ. શ્રીમદ્. ૧૨
લૌકિક વૈદિક જે કર્મ છેજી,
તે સિદ્ધ હરિ થવા દે નહિં;
તો એ સેવા સ્મરણ ધર્મ છે જી,
તેથી મન દૂર કીજે નહિં. શ્રીમદ્. ૧૩
પુષ્ટિમાર્ગમાં શ્રીજી રહે સદાજી,
વળી જીવનું કીધું શું હોય;
પ્રભુ કરે તે સુખ માની રહીયેજી,
સાક્ષી થઇ રહે સુખ હોય. શ્રીમદ્. ૧૪
દીનતા ભાવ મનમાં રાખીએ જી,
બીજા સાધનનું નથી કામ;
સર્વદા સેવા કરી શ્રીજી સાધવાજી,
ગુરૂની આજ્ઞા થકી એ કામ. શ્રીમદ્. ૧૫
ગુરૂની આજ્ઞા ઉલંઘન નવ કીજીએજી,
શ્રીજીની ઇચ્છાએ થાય તે થાય;
આપણું મન ગુરૂને દીજીએજી,
પ્રભુથી અધિક રાખીએ ભાવ. શ્રીમદ્. ૧૬
સેવા કરો નિત્ય ચિત્ત પ્રીતશુંજી,
તો સુખી થાશો આ યુગમાહે;

પરિક્ષા અર્થે શ્રીજી કદા નવ સુણેજી,
ન ઉદ્વેગ ધરો મન માંહે. શ્રીમદ્. ૧૭
તોએ ધીરજ રાખી સેવા કરવીજી,
પ્રભુ સુખ કર્ત્તા છે સત્ય;
એમની લીલા જોઇ ચિંતા દૂર કરવીજી,
વૈષ્ણવને એરે જુગત્ય. શ્રીમદ્. ૧૮
એકાદશ ઇંદ્રિય પ્રભુને સન્મુખજી,
સેવામાં દિવસ ને રાત;
એકે ઇંદ્રીય વિમુખ નવ કીજીએજી,
સર્વાત્મા ભક્તિ કરો અહો રાત. શ્રીમદ્. ૧૯
" શ્રીકૃષ્ણ: શરણં મમ " સદા જપોજી,
ન વિસારશો પળ એક માત્ર;
એ જુગતેથી ચિંતા દૂર કરોજી,
થાશો શ્રીજીના કૃપાપાત્ર. શ્રીમદ્. ૨૦
શ્રીમહાપ્રભુજી કહે અમારી એ મતિજી,
વળી એ છે નિરધાર;
સર્વે વૈષ્ણવ રાખજો ચિત્ત ધરીજી,
શ્રીવલ્લભજી આધાર. શ્રીમદ્. ૨૧

એ અમુલ્ય રત્ન જે કોઈ ચિત્ત ધરેજી,
તેને પુષ્ટિભક્તિ દઢ ફળ હોય;
જે આ ધોળ ગાયે ચિત્ત ધરેજી,
તેને પરમ આનંદ સુખ હોય. શ્રીમદ્. ૨૨

यदुक्तं तातचरणैः श्रीकृष्णः शरणं मम ।
ततएवास्ति नैश्चिंत्यमैहिके पारलौकिके ॥

અર્થઃ—અમારા તાત ચરણ એટલે પિતાજી શ્રીમહાપ્રભુજીએ " श्रीकृष्णः शरणं मम " એ રીતે જે કહેલું છે તેથીજ આલોક તથા પરલોક સંબંધી કાર્યના વિચારમાં નિશ્ચિંતપણું છે.

पंच तत्वनुं धोळ.

धोळ ३४ मुं.

પુષ્ટિમાર્ગના પાંચ તત્વ નિત્ય ગાયેજી,
તેના જન્મો જન્મનાં પાપ સર્વે જાયેજી. ૧
શ્રીજી શ્રીનવનિતપ્રિયા સુખકારીજી,
સમરો શ્રીમથુરાંનાથ કુંજ બિહારીજી. ૨
શ્રીવિઠ્ઠલેશરાય શ્રીદ્વારકેશરાય ગિરિધારીજી,
શ્રીગોકુલચંદ્રમાજી શ્રીમદનમોહન પર વારીજી. ૩

બીજું તત્વ શ્રીવલ્લભકુળને ભજીયેજી,
કૂડા લોક લાજને કાજ સર્વે તજીએજી. ૪
ત્રીજું તત્વ શ્રીગોવર્દ્ધનધર નિત્ય ગાયેજી,
શ્રીનટવરલાલનું ગમતું સર્વે થાયેજી. ૫
ચોથું તત્વ શ્રીજમુનાજીને જાણોજી,
કરો સ્નાન જલને પાન એ સુખ માણોજી. ૬
પાંચમું તત્વ શ્રીવ્રજભૂમિને ગાઇયેજી,
નિત્ય ઉઠી વૈષ્ણવ જન પદરજ પાઇયેજી. ૭
પાંચે તત્વનું ધ્યાન નિરંતર કીજેજી,
તો મનવાંછિતના ફળ સર્વે લીજેજી. ૮
પાંચે તત્વ શ્રીબ્રહ્માદિકને દુર્લભજી,
શ્રીવલ્લભપ્રભુ પ્રકટ પ્રમાણ કર્યાં સર્વે સુલભજી. ૯
એ શોભા જોઇ હરિદાસ જાય બલિહારીજી,
એ લીલા ગાજો નિત્ય નરને નારીજી. ૧૦

દશ મર્મનું ધોળ.

ધોળ ૩૫ મું.

પુષ્ટિમાર્ગ તણા મર્મ દશ જાણીને,
નિત્ય આચર્ણ કરી હૃદે વિચારે.

તો તેને વશ થાયરે શ્રીહરિ,
પ્રેમની વેલડી ત્હાં વિસ્તારે. ૧
પ્રથમ એક મર્મ શ્રીમહાપ્રભુ જાણીને,
દૃઢ વિશ્વાસ કરી વચન પાળે;
અવર સાધન સબ લૌકિક કામના,
એમની કૃપા વિના ફળ ન ભાળે. ૨
બીજો મર્મ તે કેવળ શ્રીગુરૂ વાયક,
વિશ્વાસ આચરણે કરવું;
જે જે વાણી શ્રીવલ્લભ ઓચરે,
તે તે વિચારી ને મન ધરવું. ૩
ત્રીજો મર્મ તે શ્રીકૃષ્ણના નામનો,
મહાત્મ દૃઢ થઈ સકલ સારે;
અનેક પ્રકારના ધર્મ કોઇ ઉચરે,
તે કોટિમાં અંશ તેને ન ભારે. ૪
ચોથો મર્મ તે વિશ્વાસ આણી કરી,
પ્રભુજી કરશે તે અતી રૂડું;
શ્રીરાધિકા રમણ શ્રીવ્રજ વિહારી,
હરિ ભજન કરવું અન્ય જાણી કુડું. ૫
પાંચમો મર્મ શ્રીકૃષ્ણ શર્ણાગત,

લૌકિક વૈદિક પરિત્યાગ ભાવે;
નિરપેક્ષ ભાવના સર્વ વિશે રાખે,
ત્યારે શ્રીકૃષ્ણને દયારે આવે. ૬
છઠ્ઠો મર્મ તે કેવળ નાથનો,
સર્વ પ્રકાર ગુણ ગાન કરીએ;
જ્ઞાન દ્વારા કરી સકલ લીલા ખરી,
શ્રીવ્રજનાથને હૃદે ધરીએ. ૭
સાતમો મર્મ તે અંતરીક્ષ સેવા,
વ્યસનાત્મક વ્રજ માંહી ફરીએ;
ભાવાત્મક ત્યાં વપુ પોતા તણું,
તે સખી ભાવશું જાણી વરીએ. ૮
આઠમો મર્મ તે ક્રીડારસ ભાવના,
અંતરમાં અનુભવ કરવો;
જેમ જેમ સખી સંગે ક્રીડેરે સાંવરો,
તેમ તેમ રસ હૃદે ધરવો. ૯
નવમો મર્મ તે દ્વૈત દલ ભાવના,
તાપ કલેશ મનમાંરે લાવે;
એ ફળ દશા વ્રજ સુંદરી ભોગવે,
તેમ તેમ એઊને અનુભવ કરાવે. ૧૦

દશમો મર્મ તે દીનતા ભાવનો,
સર્વ ભાવે કરી હૃદે દુઃખ આણે;
અનેક પ્રકાર નાના વિઘ્ન છે ઘણા,
તે શ્રીકૃષ્ણ કૃપા વિના કોઇ ન માને. ૧૧
એ દશ મર્મ જે કોઈ ગાય ને અનુભવે,
તેને શ્રીકૃષ્ણ આધિન થાયે;
શ્રીવલ્લભ મહાપ્રભુ નિપટ કરૂણા કરી,
આપના દાસની બાંહ્ય સાહ્યે. ૧૨

विनतिनुं धोळ.

घोळ ૨૬ મું.

વિનતિ કરૂં શ્રીવલ્લભ પ્રભુ, અંતર ગત જાણો,
ચરણ શરણ રાખો સદા, જીવ જગત લોભાણો ૧
અવગુણ અમારા અનેક છે, હરિ હૈયે ન ધરશો;
હું અબળાની વિનતિ, જાણી કરૂણા કરશો. ૨
છેલછબિલા શ્રીનાથજી, આંખડલી અણીયાલી;
અંગે આભૂષણ શોભીતા, લટકે વનમાળી. ૩
કમલકોમલ મુખ માધુરી, દર્શન દીનને દેજો,
દૈવી ઉદ્ધારણ કારણે, બરદ પૂરણ કરજો. ૪

હું અજ્ઞાની આ મર્મમાં, પ્રભુ કાંઇ નવ જાણું,
કહાડોને ભરમાંથી કરગ્રહી, શોભા વદન વખાણું. ૫
સ્નેહ આપો મ્હારા વાલમા, વૃદ્ધિભાવ જણાવો,
વાટ માં જોશો સાધનતણી, રસ મનમાં ભરાવો. ૬
ભટકી કાળ કઇંક વહી ગયા, વિષયારસ માંતો,
શરણુ સમર્પણુ પામીયો, તોયે રંગ રાતો. ૭
તમારે બળે ત્રિભુવન ધણી, જીવ રૂપ જણાશે,
લોક વ્હેવાર વૈદિક તણી, મરજાદા જાશે. ૮
શર્ણાગત હું શ્રીહરિ, એવું મન ઉપજાવો,
દાસ પોતાનો જાણીને, હવે વાર માં લાવો. ૯
તમે તો વચન પ્રભુ પાળીયા, ભૂતલ પાઉધારી,
વંશ પ્રકાશ કીધો ભલો, લીલા અવતારી. ૧૦
પ્રકટ અનુભવ આપીને, સુખ રાસ દેખાડયા,
જેવો મનોરથ જેહુનો, તેમ રંગે રમાડયા. ૧૧
કરૂણાતણી કૃતિ શી કહું, કોઇ પાર ન પામે,
જીવ પડયો જંજાળમાં, ખેંચી આણ્યો છે ઠાંમે. ૧૨
જેમજેમ જન વિનતિ કરે, તેમ તેમ તમે કીધું
અંગીકૃત્ય જે જીવ છે, તેણે સર્વે સુખ લીધું. ૧૩
આ અઢળક અવતારમાં, અળગા તે અભાગી,

દઢ આશરો જેને નાથ શું, તેતો સદાય સુહાગી. ૧૪
આ લીલા આગે નવ સુણી, હવે પાછળ રોશો,
અખંડ લીલા કલિકાળમાં, બડભાગી જોશો. ૧૫
શ્રીગિરિધારીજી સુખકારી, વહેલા દર્શન આપો,
વ્રજરજમા મન રાખજો, ભવબંધન કાપો. ૧૬
કૃત્ય અમારાં કરોડ છે, નરસામાં નરસાં,
દાસનોદાસ વિનાત કરે, પ્રભુ પદરજ પરસાં. ૧૭

ધોળ ૨૭ મું.

વ્રજના જીવન કરૂં વિનતીરે, હો શ્રીગોકુલનારે ચંદ.
વેગેતેઆણું મોકલો, હો શ્રીવલ્લભનંદ; વ્રજના. ટેક.૧
તમારા દર્શન વિના શ્રીવલ્લભરે કહોજી કેમ રહેવાય;
મનડાં તે કઇ પેરે વાળીએ, નયણે નીર ભરાય. વ્ર. ૨
અરજ સુણો આદર કરીરે, શ્રીજમુનાજીરે માય;
વિજોગતણાં દુઃખ દોહલાં, કહોજી કેમ રહેવાય. વ્ર. ૩
નયણાં ભરી કયારે નિરખશુંરે, શ્રીઠકરાણીનો ઘાટ;
અંતરમાં ઇચ્છિા ઘણી, જોઉં છુંરે વ્રજની વાટ. વ્ર. ૪
દૂર રહે કેમ ચાલશેરે, કહોને કયાંનીએ રીત;
આજકાલનું કોઈ નથી, એ છે પૂર્વની પ્રીત. વ્ર. ૫
હરિરે હૈયાના જાણુદોરે, એછે પૂર્વનો સ્નેહ;

દીન જાણીને દયા કરો, નહીંતો તજીશું આ દેહ. વ્ર.૬
તન સુકાઇ ત્વચા થયાં રે, હરિ હળધરવીર;
પાપી તે નયણાં ખુટે નહીં, ભરીભરી આવે છે નીર.વ્ર.૭
વ્રજમાં તે વાસ માગું સદારે, શ્રીગોકુલ ગામ;
શ્રીજમુનાજીને કાંઠડે, શ્રીઠકરાણીજીનું ઠામ. વ્ર. ૮
રાંક ઉપર શાં રૂશણાં રે, તમો છો દીનદયાળ,
દાસ પોતાનો જાણીને, કરજો રે સંભાળ. વ્ર૦ ૯

ધોળ ૩૮ મું.

ઉત્તમ વૃત એકાદશી સાહેલી રે, આજ મ્હારે અપવાસ;
જમુનાજી જઇએ ઝીલવા સાહેલી રે. ટેક.
રંગીલીગલીરળીયામણીસાહેલીરે,વૈષ્ણવનીભીડાભીડ.
સરખીસૈયરટોળે મળી સાહેલીરે, હૈડે હરખ ન માય. ૨
વહુ બેટી હીંડે મલપતાં સાહેલીરે, સૌકોઇનેદર્શન થાય.૩
સાકર કેરા કરા પડયા સાહેલીરે, દુધડે વર્ષ્યા મેહ. ૪
ગોકુલગામરળીયામણુંસાહેલીરે,સુંદરશ્રીજમુનાનીર.૫
શ્રીજમુનાજીમાં ઝીલતાં સાહેલીરે, છુટા મેલી કેશ. ૬
રમણ રેતીમાં લોટતાં સાહેલીરે, તુટયા નવસર હાર.૭
વ્રજવાસી સામા મળ્યા સાહેલીરે, હરખે સાહીશું કેશ.૮

પ્રસાદ મેહેલો મોકળો સાહેલીરે, ઠોરતણો નહીં પાર. ૯
માધવદાસની વિનતિ સાહેલીરે, આપોનેશ્રીવ્રજમાં વાસ.
શ્રીયમુનાજી જઈએ ઝીલવા સાહેલીરે. ૧૦

શ્રીદીનતાનું ધોળ.

ધોળ ૩૧ મું.

શ્રીવિઠ્ઠલવર મ્હારારે, તમને તો શું કહીએ,
પ્રાણજીવન છોરે, જેમ રાખો તેમ રહીએ. ૧
આશ તમારીરે, મ્હોટી અમને વહાલા,
છેહ નવ દેશોરે, શ્રીવ્રજનાથજીના લાલા. ૨
કૃપા કરીનેરે, દર્શન અમને દેજો,
શ્રીવલ્લભકુળ પ્રકટયારે, અનેક જીવને તાર્યા,
બહુ જન્મનારે, માર થકી મૂકાવ્યા. ૪
એ વિશ્વાસેરે, હમો રહ્યાં છીએ વળગી,
પાલવ નહીં મુકુંરે, કેમ કરી કરશો અલગી. ૫
જે પોતાનાં કીધાંરે, તે મૂકયાં કેમ જાશે,
બરદ તમારાંરે, ભક્ત વત્સળ કહેવાશે. ૬
જીવના દોષજરે, કહેતાં પાર ન આવે,
અઘોર કળીમાંરે, તમો વિના કોણ છોડાવે. ૭

પ્રદેશ પધારોરે, દાસલડાંને કાજ,
રીત ચલાવોરે, શ્રીવલ્લભજી મહારાજ. ૮
કૃત્ય અમારાં રે, જો વ્હાલા ચિત્ત ધરશો,
જીવ અથડાશેરે, એવું તો ના કરશો. ૯
પૂરણ પુરૂષોત્તમરે, પ્રભુજી તમે કહેવાવો,
અમારે સર્વસ્વરે, તમ સાથે છે દાવો. ૧૦
શિક્ષા હમનેરે, જે ઘટે તે દેજો,
શ્રીવિઠ્ઠલવરજીરે, વલ્લભને શરણે લેજો. ૧૧
દાસની વિનતિરે; પ્રભુ હૈયામાં લઇએ;
શ્રીવિઠ્ઠલવર મ્હારારે, તમને તો શું કહીએ. ૧૨

શ્રીજમુનાજીનું ધોળ.

ધોળ ૪૦ મું.

ધન્ય શ્રીજમુના કૃપા કરી શ્રીગોકુલ વ્રજ સુખ આપજો;
વ્રજનીરજમાં અહર્નિશ અમને સ્થિર કરીને સ્થાપજો.૧
તમે મ્હોટાં છો શ્રીમહારાણી,તમેજીવતણીકરૂણાજાણી;
શરણે અમને લેજો તાણીરે. ધન્ય શ્રીજ. ૨
શ્રીવૃંદાવનની વાટમાં, ન્હાવું શ્રીજમુના ઘાટમાં;
વહાલે રાસ રમાડયા રાતમાં. ધન્ય શ્રીજ. ૩

ચાલો તો થઇએ વ્રજવાસી, પરિક્રમા કરીએ ચોરાસી;
મ્હારા જન્મ મરણની ટાળી ફાંસીરે. ધન્ય શ્રીજ. ૪
પધરાવો સાત સ્વરૂપ સેવા, આરોગાવો મીઠા મેવા;
વૈષ્ણવને લાભ ઘણો લેવા, ધન્ય શ્રીજ. ૫
શ્રીગોકુલ મથુરાની ગલીઓમાં,
મહારાજ મુજને ત્યા મળીયા;
મારા સકલ મનોરથ સફળ થયારે. ધન્ય શ્રીજ. ૬
નંદજીનો લાલો વનમાળી કાલિંદી કાંઠે ધેનુચારી;
વહાલો હસી હસી હમશું લે તાળીરે. ધન્ય શ્રીજ. ૭
જીવજાણેશ્રીજમુનાનાહીયે,એવાઅખંડવ્રજવાસીથઇયે;
એ નૌતમ લીલા નિત્ય ગાઇયે. ધન્ય શ્રીજ. ૮
સખી સમરોને સારંગપાણી, વૈષ્ણવને વ્હાલી એ વાણી;
એ લીલા હરિદાસે જાણીરે. ધન્ય શ્રીજ. ૯

ધોળ ૪૧ મું.

વહાલે કરી વંદુરે, શ્રીમહારાણીજી;
બહુ અધમ ઓધાર્યારે, એવા જશ જાણીને. ૧
ચૌદલોકના સ્વામિરે, વસે જ્યાં વાસ કરી;
પટરાણીજી પોતેરે, રહ્યા એવા નાથ વરી. ૨
ગંગાપદ પામીરે, કે પાવન જેણે કર્યા;

તે તો શ્રીમહારાણીરે, ગુણે બહુ વિસ્તરીયાં. ૩
જમુનાજળ નહાવારે, જોગેશ્વર દેહ દમે;
ક્રીડારસ પૂરણરે, હરિ નિત્ય રાસ રમે. ૪
શિવજી અજ જોવારે, બેઠા ત્યાં ધ્યાન ધરી;
સનકાદિક સરખારે, ગાય ગુણ ગાન કરી. ૫
શ્રીજમુનાજળ મહિમારે, કળિ નવ કોઇ શકે;
શેષનાગ સરિખારે, ગાતાં ગુણ તેજ થકે. ૬
જશ જાણી વિશેષેરે, કે સુર મુનિ નરનારી;
તારો તાપ શું જાણેરે, કે એ રસ અધિકારી. ૭
અમૃતજળ એવાંરે, કે પીતાં પાપ હરે;
તે તો વેદની વાણીરે, કે સુરમુનિ ઓચરે. ૮
નીર ધીર ગંભીરેરે, ચાલે મહામોદ ભર્યાં;
મથુરાં મંડળમાં રે, કે વિલાસે પરવરીયાં. ૯
વૃંદાવન તીરેરે, અતિ બહુ શોભા ધરે;
તટધીર સમીપેરે ગોપીજન ક્રીડા કરે. ૧૦
શ્રીગોકુળ રસ ભરીયુંરે, કે શોભા શીરે કહું;
એઉના ગુણ ગાવારે, કે દાસ થઇને રહું. ૧૧
મને આશ ઘણેરીરે, કે માતાજી તમારી છે;
પ્રભુદાસને સહાવારે, કે બાંહ પસારી છે. ૧૨

શૃંગાર સમે ગાવાનુ ધોળ.

ધોળ ૪૨ મું.

વાંકે અંબોડે શ્રીનાથજીને, સુંદર શ્યામ સ્વરૂપ;
શ્રીવલ્લભ સુત સેવા કરે, એ શ્રીગોકુલના ભૂપ. ૧
પાઘ બાંધે વ્હાલો જરકશી, ને સુંદર વાઘા સાર;
પટકા છે પચરંગના, સજીઆ તે સોળે શૃંગાર. ૨
કેસરી તિલક સોહામણાં, નાસિકા વિશ્વાધાર;
ચીબુકની અતિ કાન્તિ છે, કંઠે મોતીના હાર. ૩
હડપચીએ હીરલો ઝગમગે, એમના તેજતણો નહિપાર;
અધર બીંબ એ રસીક છે, ઝળકે તે જોત પ્રકાશ. ૪
બાંહે બાજુબંધ બેરખા, હરિના ખીટલીઆળા કેશ;
નિરખ્યાને વળી નિરખશું, એનોપાર ન પામે શેષ. ૫
ડાબી બાજુએ ગિરિવર ધર્યો, જમણો કટી મધ્યભાગ;
કૃપા કરો શ્રીનાથજી, મારાં હૈડાં ટાઢાં થાય. ૬
પાયે ઘુઘરી રૂણઝણે, મોજડીએ મોતીની હાર;
કૃપા કરો શ્રીનાથજી, બલિહારી માધવદાસ. ૭
માધવદાસ માગે સદા, મ્હારૂં માગ્યું આપો મહારાજ;
વળી વળી કરૂં વિનતિ, મને આપોશ્રીવ્રજમાંવાસ. ૮

ધોળ ૪૩ મું.

ઉભા રહો તો કહુ એક વાતડી, શ્રીનાથજી,
તમ માટે ગાળી છે મેં તો જાતડી. શ્રીનાથજી, ૧
જે દહાડે મળ્યા હતા વૃંદાવનમાં, શ્રીનાથજી.
તે દહાડાની તાલાવેલી તનમાં. શ્રીનાથજી. ૨
શ્રીનાથજી જોયાના મને કોડરે શ્રીનાથજી;
પુરી મ્હારા મન કેરી આશરે. શ્રીનાથજી. ૩
હસો છો મધુરૂં વાંકું જોઇને શ્રીનાથજી;
નયનને કટાક્ષે મ્હારાં મન મોહીને. શ્રીનાથજી. ૪
ક્ષણક્ષણ ભણકારા વાગે કાનમાં, શ્રીનાથજી,
ઘરમાં જાઉં ને ગાઉં તાનમાં. શ્રીનાથજી. ૫
ચિત્ત ચોટતું નથી ઘરકામમાં, શ્રીનાથજી;
ઘેલી ઘેલી કહે છે ગોકુલ ગામમાં. શ્રીનાથજી. ૬
કહેનારાં કહે છે પણ માથે છો ધણી શ્રીનાથજી;
વલ્લભના સ્વામી હું દાસી તમતણી. શ્રીનાથજી. ૭
પ્રિતડી કરીએ તો હવે પાળીએ, શ્રીનાથજી;
શરણે આવે તેને તારીએ. શ્રીનાથજી. ૮
પુરો મ્હારા મન કેરી આશરે, શ્રીનાથજી;
શરણે આવ્યો છું તમ દાસરે. શ્રીનાથજી. ૯

ભવોભવ પાર ઉતારીએ, શ્રીનાથજી;
બલિહારી જાય માધવદાસરે. શ્રીનાથજી.૧૦

ધોળ ૪૪ મું.

કાંકરોલીનારે વાસી, તેં તો વ્હાલા મુજને કીધી દાસી ૧
પુર્વજન્મનીરે પ્રીતે, તે રસ માણું છું રંગ રીતે. ૨
નિર્ભય થઇનેરે નાચું, શ્રીવ્રજભૂષણજીને જોઇને રાચું.૩
એ વિના બીજું સર્વે કાચું, નિગમ કહેછે એ છે સાચું. ૪
દયા કરીછેરે દયાળે, કૃપા કરિ પ્રભુ જીવપર ભાળે, ૫
મહાસુખપામ્યાંરેજોતાં, વ્હાલેમારેભટકણભાગ્યાંગોથાં૬
તર્યાનું ઠેકાણુંરે એછે, દાસ મનોહર નિરખી કહેછે. ૭

શ્રીચોરાશી વૈષ્ણવનું ધોળ.

(અલીખાનજી કૃત.)

*ધોળ ૪૫ મું.

શ્રીવિઠ્ઠલવર નીત પ્રતી ગાઉં,
જાહી વિધિ શ્રીવૃંદાવન પાઉં;
શ્રી વલ્લભ પ્રભુકો કરૂં પ્રણામ,
સુમરો શ્રીગિરિવર ધર નામ; ટેક.

---

* મૂળ પુરુષના રાગમાં ગવાય છે.

સુમરો શ્રીગિરિવર ધરણવરનિત શરણશ્રીવલ્લભહરિ,
શ્રી વિઠ્ઠલેશ કૃપાલ સાગર ચરણ રજ મસ્તક ધરિ. ૧
અબ ગાયહો નિજ જનકે ગુણ સૂચીપત્ર પ્રકટ કરો,
નિજભક્ત ચોરાસી ભયે અબ નામ તિનકો ઉચ્ચરો. ૨
અબ હરસાની દાસ [1]દામોદર કહો હૂં એક પ્રથમહી,
[2]કૃષ્ણદાસ મેઘન ગાય કે સુખ પાયકે આનંદ સહી. ૩
કન્નોજમેં એક દાસ[3]દામોદર સંભલવારહિ સુખ લહો,
એક[4]પદ્મનાભ વિશાલ પ્રતિ કવિ કોનકો સમતા કહો.૪
[5]રઘુનાથ[6]તુલસા[7]પાર્વતીકે ગુણ કહો ચિત્ત લાયકે,
એક [8]રામદાસજી બડે ભિતરીઆ લસત[9]રજો ચાયકે. ૫
તહાં શેઠ[10]પુરૂષોત્તમ કહો[11]ગોપાલ બેટા [12]રૂકમણી,
તહાં સારસ્વતએક[13]રામદાસજી કહો[14]અમા ક્ષત્રાણિ.૬
સુમરો[15]ગદાધરદાસ [16]વેણીદાસ [17]માધવદાસકો,
[18]હરિવંશપાઠકજાનીયે[19]ગજનધાવન[20]ગોવિંદદાસકો.
જહાં બ્રહ્મચારીદાસ[21]નારાયણ શ્રી મહાવનમે વસે,
તહાંશેઠ [22]દીનકરદાસકાયસ્થદાસ[23]દિનકરજગલસે.૮
કાયસ્થ[24]મુકુંદહિ સુમરીએ જીમુકુંદ સાગર જીનકિયો,
કહિયે જલોટા [25]પ્રભુદાસહિ એક મન નિશ્ચેં દીયો. ૯
સિંહાનંદ વાસી ભક્ત ઉત્કટ ભાટ એક [26]પ્રભુ દાસહે

ક્ષત્રી જુ[૨૭]પુરૂષોત્તમદાસ શોભિતરાજઘાટનિવાસહે.૧૦
કાયસ્થ બરનો [૨૮]ત્રિપુરદાસહિં ભક્ત રતન ઉદારહે,
જેબસ[૨૯]પૂરણમલ્લશોભિત[૩૦]જાદવેન્દ્રદાસકુંભારહે. ૧૧
કહે ભટ્ટ[૩૧]માધો કાશ્મિરી લીખી જિન સુબોધિનિ,
બરનો [૩૨] ગુસાંઈદાસ કે ગુણ દયાસાગર વર્દ્ધિની. ૧૨
[૩૩]પદ્મા જુ રાવલ બરનેહો જોશી કહો[૩૪]પુરૂષોત્તમ,
[૩૫]જગન્નાથ જોશીસુમરિહોંશ્રી[૩૬]રામદાસજીઉત્તમ.૧૩
[૩૭]ગોવિંદ હુવે ખેરાલુંકે[૩૮]કૃષ્ણદાસ આધકારી કહો,
પ્રોહિતજુમીરાંબાઇકોભજ [૩૯]રામદાસહિંસુખલહો.૧૪
[૪૦]બુલા જુમિશ્ર સારસ્વત એક[૪૧]રામાનંદ પંડિતભનો,
એક[૪૨]વિષ્નુ[૪૩]વેણિદાસછીપા[૪૪]જીયાદાસકૃપાધનો. ૧૫
[૪૫]ભગવાનદાસ સિધોતરા [૪૬]કવિરાજ ભાટબડે ભયે,
લઘુએક[૪૭]પુરૂષોત્તમમહામતિ ધીરજ:અનવસરસયે.૧૬
અબ કહો શ્રી[૪૮]ગોપાલદાસજી નરોડા જાકે છંદ હે,
ઓર ક્ષત્રી એકજુ શેઠ ચોપડા [૪૯]જનાર્દન આનંદહે. ૧૭
એક ભાટ[૫૦]નારાયણ કહો મથુરા વસે આનંદ ભરે,
શ્રીમદનગોપાલ પ્રકટ નારાયણ સદનહિમેં અવતરે.૧૮
[૫૧]ગરૂડ સ્વામિ પરમ કહિયે [૫૨]દેવાકપુર બીરાજહી,
લલિતલાલ ત્રિભંગ મૂર્તિ મોંદસો જહાં રાજહી. ૧૯

ક્ષત્રી[53]કનૈયાલાલ[54]નરહરિદાસ બ્રાહ્મણ વરનિયે,
શ્લોક[55]ઉત્તમદાસ કહિ[56]હરિદાસ પુષ્કરણાં કહિયે.૨૦
સુનો અબ ચોહાણ બડે એક[57]રામદાસ કહવાવહિ,
પ્રથમ બાદા[58]બાદરાયણ ભટ્ટ [59]મોહન ભાવહિ. ૨૧
[60]રાજા હુવે[61]માધોહુવે દ્વે વિપ્ર ઉનકે સંગ વસે,
વ્યાસ[62]રાણાદાસ પીતાંબર મુકુટમણિ રસમય રસે.૨૨
[63]ગોપાલદાસવ્રજવાશી જટાધારી મહા અનુભવ ભરે,
[64]ગોરજા સમરાઇ કહો નંદલાલ જીન રસમય ઢરે. ૨૩
કહી [65]સૂર [66]પરમાનંદ છકડા [67]વાસુદેવ વખાણિયે,
[68]બાબાજુ વેણી[69]કૃષ્ણ[70]જાદવદાસકેગુણગાનિયે. ૨૪
[71]ભાગોજુક્ષત્રાણિકહોએક[72]અચ્યુત[73]આનંદદાસહે,
હુજોજુ[74]અચ્યુતદાસ દ્વિજવર હરિચરણવિશ્વાસહે.૨૫
[75]આનંદ[76]વિશ્વંભરદાસ[77]સ્યામસુતારકેગુણગાઇયે,
વાસી અડેલ સદા નિરંતર સુંદર હરિ મન લાઇયે. ૨૬
દીવાન ઠઠ્ઠાકો [78]નારાયણદાસ પ્રગટ લુહાણહે,
માતા કહિયે સિંહાનંદ [79]ક્ષત્રાણિપુત્રવત્સલ ગાનહે.૨૭
કહે[80] સંતદાસમહાવિરક્તઆસક્તનિત્યગિરિધરનસો,
[81]આનંદ[82]જગતાનંદદ્વિજવરદીનકુલહરિશરણસો.૨૮
[83]કુંભનદાસ મહા રસમત્ત જીન પ્રભુ સો સચી,

૮૪કૃષ્ણદાસ ગોવાલ કહિયે જીન ગૌ નાહરતેં બચી. ૨૯
એ ભક્ત ચોરાશી ભજો તબ શ્યામ શ્યામા ગાઇયે,
વિનતિ સુની અલિદીનકી વ્રજવાસ કબધોં પાઇયે. ૩૦
અબ જાત દીન બીતેં સબેં મેરી આશ કબધોં પૂરહી,
કે દીન આ જગમાંઝ નિશદિન ત્રાસહિંમેં ધુજહીં. ૩૧
યે ભક્ત જનસોં હેત તુમસોં તાહિ છિન પ્રભુ જાનહો,
જબ દીનકો ગિરિરાજ વૃંદા વિપુનકે સુખ સાનિહો.૩૨

શ્રીચોરાશી વૈષ્ણવનું ધોળ.

ધોળ ૪૬ મું.

પ્રથમ સ્મરૂં શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશ જો,
એમના ચરણુ કમળની રજ મસ્તક ધરૂં;
જાશે મારા જન્મ તણા કલેશજો,
ચોરાશી વૈષ્ણવના ગુણુ ગાઇયે પ્રેમસું, ટેક. ૧
શ્રીદામોદરદાસ હરસાણી પ્રભુ પાસે રહેતા,
એમને શ્રીવલ્લભ કહેતા દમલા નામ જો;
તારા સારૂ આ માર્ગ પ્રકટ કર્યો,
એવી રીતે શ્રીમુખથી કહેતા આપજો. ૨
કૃષ્ણદાસ મેઘન તે આજ્ઞા પાળતા,

શ્રીવલ્લભના તો મનની જાણે વાત જો;
ગંગાસાગર તરીને મુરમુરા લાવ્યા જો,
રાતે રાતે શ્રીમહાપ્રભુજીને આરોગાવ્યા જો;
ત્રણ વસ્તુ શ્રીમહાપ્રભુજી પાસે માગી સહી,
બે વસ્તુનાં આપ્યાં છે વરદાન જો. ૩
સંભરવાલા દામોદરદાસ ક્ષત્રિ કહીએ,
એમને માથે શ્રીદ્વારકાંનાથજી બીરાજે જો;
વિવિધ ભાતની સામગ્રી ઉજવલ કરી,
પ્રીત કરીને નિત્યપ્રતિ ધરતા ભોગ જો, ૪
પદ્મનાભદાસે સેવ્યા શ્રીમથુરેશજી,
ભાવ કરીને છોલા ધરતા ભોગ જો;
પ્રેમ કરીને આરોગ્યા બહુ સ્વાદથી,
જે જે વસ્તુના નામ લઇને ભોગ ધરતા જો;
તે તે વસ્તુનો સ્વાદ મહાપ્રસાદમાં આવતો જો. ૫
પદ્મનાભદાસની બેટી તુલસા જાણજો,
એક સમે એક વૈષ્ણવ આવ્યા ઘેર જો;
તેને મહાપ્રસાદ લેવરાવી બહુ આદર કર્યો,
ભગવત્સ્મરણ કરતા બેઉ કરજોડ જો. ૬
પદ્મનાભદાસના સુતના પાર્વતી વહુ,

શ્રીઠાકોરજીની સેવા કરતા રીતે ભાતે જો;
એમના સુત રઘુનાથદાસને જાણજો,
શાસ્ત્ર ભણીને આવ્યા શ્રીગોકુળ માંહ્યજો. ૭
રજો ક્ષત્રાણી શ્રીબાલકૃષ્ણજીને સેવતા,
સામગ્રી કરીને શ્રીહરિને ભોગ ધરાવતા જો;
શ્રીમહાપ્રભુજી નિત્યે આરોગતા,
એમને શ્રીવલ્લભે કીધા સેવા યોગ્ય જો' ૮
શેઠ પુરૂષોત્તમદાસ ક્ષત્રિ કાશીમાં રહેતા સદા,
શ્રીમદનમોહનજીને બાવન બીડાં આરોગાવતા જો;
શ્રીમહાપ્રભુજીએ નામ દેવાની આજ્ઞા કરી,
પહેલો નંદ મહોત્સવ એમને ઘેરથી માન્યો જો. ૯
શેઠ પુરૂષોત્તમદાસની બેટી કહીએ રૂક્મણી,
કાર્તકી ન્હાવાને શેઠ પુરૂષોત્તમદાસને પુચ્છયું જો;
સામગ્રી કરીને શ્રીહરિને ભોગ ધરાવતા,
ગંગાજી સરખાં તીર્થ મનમાં ન લાવ્યા જો. ૧૦
શેઠ પુરૂષોત્તમદાસના બેટા ગોપાલદાસ જાણજો,
શ્રીમદનમોહનજી સાનુભાવ જણાવતા જો;
એમના મુખથકી શ્રીમદનમોહનજી ઉચ્ચારતા,
રાતે રાતે શ્રીઠાકોરજી હુંકારી દેતા જો. ૧૧

સારસ્વત બ્રાહ્મણ રામદાસને જાણજો,
એમને તાંતીવાલોને દ્રવ્ય દેઇને પાછા લીધાં;
શ્રીનવનીત પ્રિયાજીએ વાણીયાનું દેવું આપીયું,
જલક્રીડા કંઈ લેતા અપરશ માંહ્ય જો. ૧૨
સારસ્વત બ્રાહ્મણ ગદાધરદાસને જાણજો,
એમને માથે શ્રીમદમોહનજી બીરાજે જો;
ગૌર તનને ચતુર્ભુજ સ્વરૂપ સોહામણા,
જલછાણીને સમે સમે ભોગ ધરતા જો. ૧૩
વૈષ્ણવ કહીએ વેણીદાસ માધવદાસ બે ભાઇજો,
ગદાધરદાસે ભક્તિ આપી પ્રેમશું;
એમના આશિરવાદથી થયાછે વૈષ્ણવરાજજો. ૧૪
હરિવંશ પાઠક છે બનારસના વાસીજો;
ધંધાને અર્થે રહેતા પાટણ ગામમાં;
ડોલ ઝુલાવવાને આવ્યા પોતાને ઘેર જો. ૧૫
ગોવિંદદાસ ભલા છે થાનેશ્વરનાવાસી જો,
શ્રીજીની સેવા પહોચીને ઘેર આવતા;
રસોઇ કરીને ઘરમાં પ્રસાદ લેતાજો. ૧૬
અમા ક્ષત્રાણી વૈષ્ણવ છે બહુ ભાવિક જો,
શ્રીઠાકોરજીની સેવા કરીને સુખ માનતા·

બે પુત્રનો શોક મનમાં ન લાવ્યા જો. ૧૭
ગજજનધાવને શ્રીનવનીતપ્રિયાજીને રીઝવ્યા,
ભાત ભાતની પ્રભુ સાથે ક્રિડા કરતા જો;
સાચી પ્રીતે શ્રીહરિને મન ભાવીયા. ૧૮
મહાવનમાં એક નારણદાસ બ્રહ્મચારી જો,
શ્રીગોકુલચંદ્રમાજીને ખીર ધરતા પ્રીતશું;
ઘાસ ધોઈને ગાયોને ખવરાવતા જો,
જ્યાં બેસે ત્યાં દ્રવ્યના ઢગલા થાય જો;
બેટાંને કહે બગાડ કાઢી નાંખોજો. ૧૯
મહાવનમાં એક વૈષ્ણવ છે ક્ષત્રાણિ જો,
શ્રીજમુનાજી ન્હાવાને નિત્યે આવતાં;
ચાર સ્વરૂપ એમને ત્યાંથી પ્રાપ્ત થયાં જો. ૨૦
જીઆદાસસુરીલો ક્ષત્રિ સાર જો,
ચાર પહોર શ્રીલાડિલેશજીની સેવા કરી;
દેહે દોડીને આવ્યા લીલા માંહ્ય જો. ૨૧
દેવાકપુર ખત્રી કડા ગામના વાસી જો,
શ્રીલલિતત્રિભંગીને સેવ્યા બહુ રસ રીતશું;
એ વૈષ્ણવ મહા કહીએ પ્રેમી પુરા જો. ૨૨
વૈષ્ણવ કહીએ એકજ દિનકર શેઠજો,

કથા સાંભળવા ઉપર એમને રૂચી ઘણી;
શ્રીમહાપ્રભુજીએ એમને શ્રોતા કીધા જો. ૨૩
દિનકર મુકુંદદાસ કાયસ્થ કહીએ જો,
શ્રીસુબોધિનીજી માંહે પ્રવેશ ઘણો;
એતો ચરણકમળમાં દૃઢ આશરોકરી રહેતાજો. ૨૪
પ્રભુદાસ જલોટા ક્ષત્રિ સીહાનંદના વાશીજો,
એમને માથે શ્રીમદનમોહનજી બીરાજતા;
દહીં લઇને મુક્તિ આહીરને આપી જો. ૨૫
પ્રભુદાસ ભાટ તે સિંહાનંદના વાસીજો,
શ્રીઠાકોરજીની સેવા કરીને સુખ માનતા;
પ્રથોદક તીર્થ તુચ્છ કરીને માન્યા જો. ૨૬
પુરૂષોત્તમદાસ તે રહેતા આગ્રા માંહે જો,
એમને ઘેર શ્રીગુસાંઇજી સદાએ પધારતા;
કૃપા કરીને ભોજન કરતા ત્યાંય જો ૨૭
ત્રિપુરદાસ કાયસ્થ શેરગઢના વાસીજો,
શ્રીગોર્દ્ધનનાથજીને પીઠ દઇને નવ ચાલતા;
એમની રંગીન પ્રભુજીએ કીધી અંગીકારજો. ૨૮
પૂરણમલ ક્ષત્રી અંબાલાના વાસી જો,
એમને સ્વપ્નામાં શ્રીનાથજીએ આજ્ઞા કરી;

શ્રીગોવર્દ્ધન ઉપર મંદિર મારાં કરજો જો. ૨૯
જાદવેંદ્રદાસ પ્રજાપતિ તે બહુ બલવંત જો,
શ્રીગુસાંઇજીએ [1]નીમ ખોદવાની આજ્ઞા કરી;
અઢી પહોર રાતમાં ખોદી કરી તૈયાર જો. ૩૦
ગુસાંઇદાસ તે સારસ્વત બ્રાહ્મણ કહીએ જો,
એમના ઉપર શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી;
શ્રીઠાકોરજીના સ્વરૂપ પધરાવીને આપ્યા જો. ૩૧
માધવભટ્ટ તે કાશ્મીરના વાસી જો,
એમણે શ્રીમહાપ્રભુજીની શ્રીમુખની કથા શુણી;
શ્રીસુબોધિનીજી લખતા અવળે પગલે જો. ૩૨
વાંસવાડાના કહીએ ગોપાળદાસ જો,
ધર્મશાળા બંધાવી ઘરને બારણે;
વૈષ્ણવ ઉતરે ને ભગવદ્ વાર્તા થાય જો. ૩૩
પદ્મારાવળ સાચોરા બ્રાહ્મણ કહીએ જો,
એ ગોપાલદાસની સંગે બહુ વૈષ્ણવ થયા;
શ્રીમહાપ્રભુજીએ ચંદન ચરણામૃતઆપ્યાં જો. ૩૪
પુરૂષોત્તમ જોશી સાચોરા બ્રાહ્મણ કહિએ જો,
એ ઉજ્જન પદ્મારાવળને ઘેર આવતા;

૧ મકાનનો પાયો.

કૃષ્ણભટે બહુ આદર કરીને બોલાવ્યા જો. ૩૫
જગન્નાથ જોશી સાચોરા બ્રાહ્મણ ખેરાલુના વાસી જો;
એક દિવસ એમના મન માંહે આવિ ગયું;
શ્રીઠાકોરજી કેમ વાઘા પહેરીને આરોગે જો. ૩૬
જગન્નાથ જોશીની માતા વૈષ્ણવ કહીએ જો,
બે સુતને શ્રીમહાપ્રભુજી પાસે મોકલ્યા;
સેવક થઇને આવ્યા પોતાને ઘેર જો. ૩૭
નરહર જોશી સાચોરા બ્રાહ્મણ,
શ્રીજગન્નાથરાયજી જાતા જો;
એક વૃક્ષ તળે જઇને રસોઇઓ તૈયાર કરી,
શ્રીઠાકોરજીએ રોટી માગી લીધી જો. ૩૮
રાણાવ્યાસ સાચોરા બ્રાહ્મણ, ગોધરાગામનાવાસીજો;
શ્રીમહાપ્રભુજીને ત્યાં જઈ સેવક થયા,
એક રજપૂતાણીના સત નાખ્યા ઉતારી જો. ૩૯
રામદાસ સાચોરા બ્રાહ્મણ રાજનગરના વાસીજો,
શ્રીમહાપ્રભુજીએ સેવા સોંપી ચરણની;
તે પધરાવીને આવ્યા પોતાને ઘેર જો. ૪૦
ગોવિંદ દવે સાચોરા બ્રાહ્મણ,
એમનું મન વિગ્રહ બહુ રહેતું જો;

શ્રીમહાપ્રભુજીએ નવરત્ન પાઠ ભણાવીયા,
તે શિખ્યાથી સેવામાં ચિત્ત રહેતું જો. ૪૧
સાચોરા બ્રાહ્મણ રાજાદુવેને માધવદુવે બે ભાઇજો,
એમની કૃપાથી બીજા બે વૈષ્ણવ થયા;
એમના દુઃખ એક ક્ષણમાં નાંખ્યા કાપી જો. ૪૨
ઉત્તમ શ્લોકદાસ સાચોરા બ્રાહ્મણ,
શ્રીજીના ભીતરીયા જો; સૌ સેવકને ઘી લઇ પીરસતા;
સૌ સેવક એમને મહેતારી કહી બોલાવતાજો. ૪૩
ઇશ્વરદુવેસાચોરા બ્રાહ્મણ શ્રીજીના રસોઇઆજો,
શ્રીમહાપ્રભુજી પાસે એવું માગીયું;
આપ ઉપર મને કૂભાવ કદી ન આવે જો. ૪૪
છકડા વાસુદેવ સારસ્વત બ્રાહ્મણ કહિએ જો,
શ્રીમહાપ્રભુજીની *હાંડવઇ લેઇને ચાલતા;
વળી હાકેમ સાથે યુદ્ધ કરીને જીત્યા જો. ૪૫
બાબાવેણુને કૃષ્ણદાસ ગગરીઆ કહિએ જો,
એક પદ ગાઇને લીલામાં પ્રવેશ કર્યો;
જાદવદાસ ખવાસે સેવા કરી દેહ છોડી જો. ૪૬
જગતાનંદ તે સારસ્વત બ્રાહ્મણ,

*એક છકડાનો બોજો.

થાનેશ્વરના વાસી જો;
સરસ્વતી ઉપર કથા કહેવાને બેસતા,
શ્રીમહાપ્રભુજીએ એમને વૈષ્ણવ કીધા જો. ૪૭
આનંદદાસ વિશ્વંભરદાસ, ક્ષત્રિ વૈષ્ણવછેબેભાઇજો
તે ભગવત્વાર્તા કરતા એકાંતે બેસી;
બીચ બીચમાં શ્રીઠાકોરજી હુંકારી દેતાજો. ૪૮
એક બ્રાહ્મણી વૈષ્ણવ અડેલમાંહી રહેતી જો,
એમના ઉપર શ્રીમહાપ્રભુજીએ કૃપા કરી;
એમને માથે શ્રીબાલકૃષ્ણજી પધરાવ્યા જો. ૪૯
વૈષ્ણવ ક્ષત્રાણિ ચરખો કાંતીને રહેતા જો,
લાડવા કરીને મંદિરમાં ઉંચા ધર્યા,
તે શ્રીબાલકૃષ્ણજી તત્ક્ષણ લઇ આરોગ્યા જો. ૫૦
સિંહાનંદના સાસુ વહુ*ક્ષત્રાણિ,
ગોરજા ને સમરાઇ જો;
એમને માથે શ્રીદામોદરરાયજી બીરાજતા,
સાચી પ્રીત જાણીને વહુ સાથે રમણ કીધાં જો. ૫૧
શ્રીરૂક્મણિ વહુજીના ખવાસણી કૃષ્ણદાસી જો.
શ્રીવલ્લભ તો પ્રકટયા તે એમને કહે;
શ્રીગોકુલનાથજી ધરીઆં એમના નામ જો. ૫૨

બુલામીશ્ર સારસ્વતબ્રાહ્મણ પશ્ચિમદેશના વાસીજો,
ક્ષત્રી યજમાનને હરિવંશ સંભળાવીયા;
તે સાંભળ્યાથી પુત્ર થયો તત્કાળ જો. ૫૩
રામદાસ મીરાંના પ્રોહિત, મેવાડમાં રહેતા જો,
વૃત્તિ છોડીને બીજે ગામ જઇને રહ્યા;
મીરાંનાં મુખ કોઇ દહાડો નવ જોયાં જો. ૫૪
બીજા રામદાસ રજપુત ને ચોહાણ જો,
શ્રીગિરિરાજની કંદરામાં રહેતા સદા;
શ્રીમહાપ્રભુજીએ શ્રીજીની સેવા સોંપી જો. ૫૫
ત્રીજા રામદાસ પંડિત થાનેશ્વરના વાસી જો,
વૈષ્ણવ અપરાધે શ્રીમહાપ્રભુજીએ ત્યાગ કર્યો;
વચનવાળા શ્રીનાથજીએ નવ છોડયા જો. ૫૬
વિષ્ણુદાસ છીપા શ્રીગુસાંઇજીની સેવા કરતા જો,
વાદ કરતા પંડિત પાછા વાળીયા;
શ્રીમહાપ્રભુજીની કૃપાથી સમર્થ ભારે જો. ૫૭
જીવણદાસ કપુર ક્ષત્રી શીહાનંદના વાસી જો,
રસોઇ કરતાં ઘટા ઉડી વરસાદની;
શ્રીમહાપ્રભુજીની આણ દેઇને રોકી જો. ૫૮

ભગવાનદાસ તે સારસ્વતબ્રાહ્મણ હાજીપુરનાવાસી જો
એમને ઘેર શ્રીગુસાંઇજી સદા પધારતા;
ચરણ પાદુકાની સેવા કરતા પ્રીતે જો.   ૫૯
બીજા ભગવાનદાસ શ્રીજીના ભીતરીઆ જો;
બાલભોગની સામગ્રી કરતા ભાવશું;
શ્રીમહાપ્રભુજીએ શ્રીજીની સેવા સોપી જો   ૬૦
અચ્યુતદાસ સનોડીયા બ્રાહ્મણ,
માનસી ગંગા ઉપર રહેતા જો;
શ્રીગિરિરાજની દંડવતી પરિક્રમા ત્રણવાર કરી,
સેવા સ્મરણ કરતા નિશદિન સાર જો.   ૬૧
બીજાઅચ્યુતદાસગૌડબ્રાહ્મણ મ્હોટાભગવદિકહીએજો.
એમના માથે શ્રીમદનમોહનજી બિરાજતા;
હવે બિરાજે શ્રીનાથજીની પાસે જો.   ૬૨
ત્રીજા અચ્યુતદાસ સારસ્વત બ્રાહ્મણ,
કડા ગામના વાસી જો,
શ્રીમહાપ્રભુજીની સાથે પૃથ્વી પરિક્રમા ત્રણવાર કરી,
એમને માથે બીરાજે ચરણાર્વિંદની સેવા જો.   ૬૩
નારાણદાસ તે દેશાધિપતિના ચાકર કહિએ જો,
શ્રીમહાપ્રભુજીના દર્શનની આરતિ ઘણી;

એમનેચાકરકહેચલોભઇઆ,શ્રીગોકુળજઇએજો.૬૪
બીજા નારાયણદાસ મથુરાજીના વાસી જો,
એમના સ્વપ્નામાં શ્રીમદનમોહનજીએ આજ્ઞા કરી;
શ્રીવૃંદાવનની ભૂમિમાંથી કાઢો જો. ૬૫
ત્રીજા નારાયણદાસ લવાણા નગરઠઠ્ઠાના વાસી જો,
બે બ્રાહ્મણ વૈષ્ણવને કન્યાદાન દેવાને દ્રવ્ય આપીયાં;
ત્યારે બંધીખાનેથી છુટીને ઘેર આવ્યા જો. ૬૬
શીહાનંદમાં એક વૈષ્ણવ છે ક્ષત્રાણિ જો,
શાક લેવાને શ્રીઠાકોરજી પોકારતા;
*તોતરી કરીને રોટી ધરતા ભોગ જો. ૬૭
દામોદરદાસ કાયસ્થ એમની સ્ત્રી વીરાંબાઈ
શેરગઢના વાસી જો,
એમને માથે શ્રીકપુરરાયજી બિરાજતા;
શ્રીઠાકોરજીની આજ્ઞા થકી સુવાવડમાં સેવા કરી,
શુદ્ધ થયા ત્યારે અપરશ કાઢી નાંખી જો. ૬૮
શીહાનંદના સ્ત્રી પુરૂષ રહેતા આગ્રા માંહે જો,
સાંકડી જગ્યાને માટે એ બહાર સૂતા;

* ફડકા.

મેહ વરસતાં પલળતાં એ બેઉ જણાં,
શ્રીઠાકોરજીએ ઘરમાં બોલાવીને લીધાં જો. ૬૯
એક સુતારને એક અન્ય માર્ગીનો સંગ હતો,
એ સુતારને એક વૈષ્ણુનો સત્સંગ થયો;
પૂર્ણ પુરૂષોત્તમ જાણીને શરણે આવ્યા જો. ૭૦
કવિલઘુ પુરૂષોત્તમદાસ કવિતમાં બહુ બળવંતા જો,
એ કવિત કરીને શ્રીજીને શુણાવતા;
શ્રીમહાપ્રભુજીના કવિતપણું બહુ કરતા જો. ૭૧
કવિ રાજ ભાટ તે ત્રણ ભાઇ છે વૈષ્ણવ જો,
શ્રીમહાપ્રભુજીને શ્રીગોવર્દ્ધનનાથજી;
એક કરીને જાણતા,
બે સ્વરૂપના કવિત ભેળા કરતા જો. ૭૨
ગોપાળદાસ તે ઇંટોડાના વાસી જો,
ચોખરા કરીને બહુ રીતે ગાયા જો;
તે સુણીને શ્રીમહાપ્રભુજી પ્રસન્ન થયા
એવી રીતના બહુ છંદ બનાવ્યા જો. ૭૩
જનાર્દનદાસ ચોપડા ક્ષત્રી શ્રીગોકુલમાં આવ્યા જો,
શ્રીમહાપ્રભુજીનાં અલૌકીક દર્શન થયાં,
ર્ણ પુરૂષોત્તમ જાણીને શરણે આવ્યા જો. ૭૪

નરહરદાસ જોષી ગોડીઆ બ્રાહ્મણ
શ્રીમદનમોહનજીની સેવા કરતા જો,
એમની દેહ થાકી એનીવાર
શ્રીગુસાંઇજીને ઘેર પધરાવીયા;
હવે બિરાજે શ્રીગોકુલચંદ્રમાજીની પાસે જો, ૭૫

ગરુડસ્વામિ બ્રાહ્મણ શ્રીવૃંદાવનમાં રહેતા જો;
એમના સ્વપ્નામાં શ્રીઠાકોરજીએ જતાવીયા,
તમે શ્રીમહાપ્રભુજીને શરણે જાજો જો, ૭૬

કનૈયાલાલ ક્ષત્રી રહેતા આગ્રા માંહે જો,
શ્રીમહાપ્રભુજીની પાસેથી સર્વે ગ્રંથ ભણીયા;
શ્રીગુસાંઇજી એમની પાસેથી સર્વે ગ્રંથ શિખ્યા જો. ૭૭

માણેકચંદ સદુપાંડે ભવાની આન્યોર ગામમાં રહેતા જો
નરોબાઇ દૂધ લઇને શ્રીનાથજીને આરોગાવતાં;
શ્રીમહાપ્રભુએ બચ્યું તે દૂધ માગી લીધું જો. ૭૮

બાદરાયણદાસ બાલકૃષ્ણદાસ પુષ્કરણા બ્રાહ્મણ
મોરબી ગામમાં રહેતા જો,
શ્રીમહાપ્રભુજીની સાથે બહુવાર શ્રીદ્વારકાં ગયા;
ષટ માસ રહીને આવ્યા પોતાને ઘેર જો. ૭૯

નરહર સંન્યાસી ને વેણી કોઠારી વૈષ્ણવ કહિએ જો,
શ્રીમહાભુજીની સાથે શ્રીદ્વારકાં ગયા;
શ્રીરણછોડજીનાં દર્શન કરીને ઘેર આવ્યા જો. ૮૦
ગોપાલદાસ જટાધારી કહીએ,
શ્રીનાથજીની ખવાસી કરતા જો;
એ અનુસરમાં પંખો કરતા ઉભા રહી,
સેવા છોડીને પૃથ્વી પ્રદક્ષિણા સારૂ દેહ છોડી જો. ૮૧
કૃષ્ણદાસ તે સ્ત્રી પુરૂષ બે બ્રાહ્મણ વૈષ્ણવ કહિયેજો,
સ્ત્રી વાણીયાને સોંપીને વૈષ્ણવનું સમાધાન કર્યું;
શ્રીકૃષ્ણનું સ્મરણ કરીને બેઉ જન હરખ્યા જો. ૮૨.
સંતદાસ તે ચોપડા ક્ષત્રિ રહેતા આગ્રા માંહે જો,
અષ્ટ પહોર એ પોથી લેઇને બેસતા;
કોઇ ભગવદિ મળે ત્યારે ભગવત્વાર્તા કરતા જો. ૮૩
સુંદરદાસ શ્રીમહાપ્રભુજીની સેવા કરતા જો,
એમની સંગે માધવદાસ વૈષ્ણવ થયા;
શ્રીમહાપ્રભુજીને પોતાને ઘેર પધરાવતા જો. ૮૪
માવજીપટેલએમની વીરજો સ્ત્રીરહેતા ઉજ્જન માંહેજો,
એ બાર મહીનામાં બે વાર શ્રીગોકુલ આવતા;
શ્રીમહાપ્રભુજીને શ્રીનાથજીનાં દર્શન કરતા જો. ૮૫

ગોપાલદાસ તે નરોડાગામના મોટા ભગવદિકહિયેજો,
શ્રીમહાપ્રભુજીએ નામ દેવાની આજ્ઞા કરી;
શ્રીનાથજીએ એમની ઝારીનાં જલ પાયાં જો. ૮૬
સૂરદાસ એક બ્રાહ્મણ વૈષ્ણવભક્ત શિરોમણિરાજ જો,
સવા લક્ષ પદ કરવાનો સંકલ્પ કર્યો;
સૂરસાગર કરી શ્રીહરિના ગુણ ગાયા જો. ૮૭
ગોપાલપરામાં એક વાણીઓ રહેતો
ઠઠ્ઠા વિદ્યા બહુ કરતો જો,
સૂરદાસજીએ ક્ષમા કરીને વૈષ્ણવ કર્યો;
સાઠ વર્ષના થઇને શરણે આવ્યા જો. ૮૮
પરમાનંદદાસ કનોજીઆ બ્રાહ્મણ
પરમ ભગવદિ કહિયે જો,
એકજલગરીઆવૈષ્ણવને સત્સંગ એક વૈષ્ણવનો થયો
સર્વે ભાવથી પરમાનંદ સાગર ગાયા જો. ૮૯
કુંભનદાસતેગોડીયાબ્રાહ્મણજમનાવતામાંરહેતાજો,
શ્રીગોવર્દ્ધનનાથજીના સખા થઇને સંગે રહ્યા;
સખા ભાવે શ્રીહરિના ગુણ ગાયા જો. ૯૦
કુંભનદાસના સુત કૃષ્ણદાસ ગાયોની સેવા કરતા જો,

સિંહથી ગાય છોડવીને પોતાની દેહ ત્યાગ કરી,
શ્રીનાથજી આગળ ગાયોદોવરાવવા આવી ઉભાજો.૯૧
કૃષ્ણદાસ અધિકારી કહીએ
એમને રસ લીલા ઘણી વહાલી જો,
એ કીર્તન કરીને શ્રીજીને સુણાવતા
શ્રીગુસાંઇજીએ એમનો અપરાધ ક્ષમા કરીને,
રાખ્યા ચરણની સેવામાં જો. ૯૨
સકલ મનોરથ પ્રભુએ એમના પુર્ણ કર્યા,
મનવાંછિત ફળ આપ્યાં છે નિરધાર જો. ૯૩
ભાવ કરીને સર્વ ભગવદિના ગુણ ગાયા જો,
શ્રીગુરૂદેવની કૃપાથી મેં વર્ણવ્યા;
તેથી મારાં સર્વે સરીયાં કાજ જો. ૯૪
ભક્ત સકલના ગુણ જશનો નહીં પાર જો,
ગાતાં સુણતાં દુષ્કૃત આ તનના જશે;
આ મુખથી નિશ્ચે કહેજો વારંવાર જો. ૯૫
ભાવ કરીને ગાશે નરને નાર જો,
શ્રીવલ્લભ વિઠ્ઠલ પ્રભુ એમને હૃદયે વસે;
નિજ લીલામાં તેને પ્રાપ્તિ થાય જો,
ઉંચ નીચ જે ધરશે એમનાં ધ્યાન જો;

ભવસાગરમાં તરવા તે સિદ્ધાંત છે,
હિત ચિત્ત કરી સાંભળશો ધરી કાંન જો. ૯૬
ચોરાશી વૈષ્ણવની લીલામાં એમની પાંતી જો,
તે માટે શ્રીમહાપ્રભુજીએ પ્રાકટય કર્યા;
કલિયુગ જીવને સુધારવા શ્રીનાથ જો. ૯૭
ભક્ત જનની શ્રીમહાપ્રભુજી પૂરે આશ જો,
શ્રીજમુનાજી પાન સદા મુખથી કરૂં;
દાસ કહે મને આપો શ્રીવ્રજમાં વાસ જો, ૯૮

ધોળ ૪૭ મું.

જ્યાંહાંને રે જોઉં ત્યાં સખી આરે,
મ્હારા વ્રજના વહાલા. ટેક. ૧
વેદ પુરાણમાં લખીયા રે. મ્હારા વ્ર. ૨
પહેરો પીતાંબર પીળાં રે. મ્હારા વ્ર. ૩
વ્રજ વનિતા મન મોહે રે. મ્હારા વ્ર. ૪
પાઘડીના પેચ નિહાળો રે. મ્હારા વ્ર. ૫
દર્પણ લઇ મુખ નિહાળો રે. મ્હારા વ્ર. ૬
જલ જમુનાજી તીરે રે. મ્હારા વ્ર. ૭
મહીડાંલુટયાંછે હલધરવિરે રે. મ્હારા વ્ર. ૮

વૃંદાવનની વાટે રે. મ્હારા વ્ર. ૯
દાણ માગો છો શેને માટે રે. મ્હારા વ્ર. ૧૦
તમો તે કયાંથી પધાર્યા રે. મ્હારા વ્ર. ૧૧
મહારા માર્ગ વચ્ચે વસીયા રે. મ્હારા વ્ર. ૧૨
તમેતો સોળ સહસ્ર નારી વચ્ચે ધસીયારે. ૧૩
તોયે કહેવાયા બ્રહ્મચારી રે. મ્હારા વ્ર. ૧૪
ગોકુલીએ ગૌધેનુચારીરે. મ્હારા વ્ર. ૧૫
તમે તો કયાંના દાણી રે. મ્હારા વ્ર. ૧૬
મ્હારી નવરંગ ચુંદડી તાંણીરે. મ્હારા વ્ર. ૧૭
માધવદાસ જાય બલિહારી રે. મ્હારા વ્ર. ૧૮
લીલા અતી કુંજ બિહારી રે. મ્હારા વ્ર. ૧૯

ધોળ ૪૮ મું.

શ્રીવલ્લભ રાજકુમાર તમે કાંઈ કીધું રે,
મ્હારૂં ચિત્ત વિત્ત ગોકુલનાથ હરીને લીધું રે. ૧
ગિરિધારીએ ઘેલી કરી મને, આજ ન ભાવે અન્નરે;
ધન્ય કુંવર શ્રીઅકાંજીના જાયા,
તેથી મોહ્યું મારૂં મન તમે કાંઇ કીધુંરે. ૨
લોભાણાં લોભી રહ્યાં, ને નંદકુંવર રંગ રેલરે;
રસીયાઠાકોરભીમના,મ્હારીઅરજ સુણોઅલબેલ.તમે.૩

ઘોળ ૪૯ મું.

તેડી જાઓ તો અમારાં મન ઠરે,
હું તો જોઉં શ્રીગોકુલની રીત રે;
હુંતો નેણે નીરખું શ્રીનાથજી;
છે પૂર્વ જન્મની પ્રિત રે. ૧

ત્યાં તો સાત મંદિર સોહામણાં,
ભવન ભવન વસે વ્રજનાથ રે;
વસે શ્રીવલ્લભાચાર્યજીના લાડીલા,
મહા મ્હોટા મુનીવર હંસરે. ૨

શ્રીવૃંદા તે વન રળીયામણું,
સોહામણા ઠકરાણીના ઘાટ રે;
સોહામણી વાય વહાલો વાંસળી,
તેતો બળભદ્ર કેરા વિર રે. ૩

શ્રીવૃંદા તે વનની કુંજમાં,
એમાં કેમ ના સરજ્યા મોર રે;
અમો હેલ કરત નંદલાલ શું,
નયણે નિર્ખત નંદ કીશોર રે. ૪

હું તો ગ્રેહ દર્શનની વ્યાકુળી,

જર જીરણુ મારી દેહરે;
હું તો વહુ બેટીઓને પાયે પડું,
નિહાળું શ્રીમુખ ચંદ્ર રે. ૫
જેણે નયણે ના નિરખ્યાં શ્રીનાથજી,
તેણે શાને ધરી આ દેહ રે;
જેણે શ્રીગોવર્દ્ધન જોયા નહીં,
તેનો સુનો ગયો સંસાર રે. ૬
જેણે શ્રીવલ્લભ કુળ જાણ્યા નહીં,
તેનો એળે ગયો અવતાર રે;
ધીક્ક ધીક્ક પડયો આ દેહને,
ના નાહ્યો શ્રીજમુના નીર રે. ૭
ધન્ય ધન્ય જીવન વ્રજવાસીનું,
જેણે વ્રજમાં તે પુર્યા વાસ રે;
કરજોડીને કરૂં વિનતિ,
બલિહારી તે માધવદાસ રે. ૮

ધોળ ૫૦ મું.

હરખે શ્રીવલ્લભ નંદન ગાવુંજી,
શ્રીવિઠ્ઠલનાથને વારણે જાવુંજી. ૧

એમના તે નામ તણો મહિમાયજી,
સકળ અમંગળ અળગાં થાયજી. ૨
વહાલે મારે પુષ્ટિનાં દીધાં દાનજી,
ટાળ્યાં ટાળ્યાં જીવ તણાં અજ્ઞાનજી, ૩
કીધો કીધો મહા મ્હોટો ઉપકારજી,
દૈવી તે જીવનો કીધો વિસ્તારજી. ૪
મનડાની આશા પૂર્ણ કીધીજી,
શિક્ષા તે સેવા કરવાની દીધીજી. ૫
મીટયો મીટયો અસુરતણો આવેશજી,
કીધો કીધો ભક્તિ તણો ઉપદેશજી. ૬
જીવને બ્રહ્મ સંબંધ કરાવ્યાંજી,
જે થકી પુરૂષોત્તમ મન ભાવ્યાજી; ૭
વાર્યા વાર્યા અન્ય આશ્રયે જીવ જાતાજી,
રાખ્યા રાખ્યા અસમર્પિત વસ્તુ ખાતાજી. ૮
શ્રીમદ્ ભાગવત રૂપ પ્રકાશ્યુંજી,
તે થકી તત્વ વેદનું ભાખ્યુંજી. ૯
બાંધી બાંધી ભક્તિ સિંધુની સેતજી,
કીધું કીધું દૈવી જીવનું હેતજી. ૧૦

સાત કુંવર તણા એ તાતજી,
શ્રીગોપીનાથજી કેરા એ ભ્રાતજી. ૧૧
શ્રીઅકાંજીના ગર્ભતણા એ રત્નજી,
પધાર્યા છે ભકતોનું કરવા જત્નજી. ૧૨
તે મણિ ભકત તણે શિર સોહીએજી,
નિર્ખતા નિજ જનનાં મન મોહિએજી ૧૩
શ્રીમદ્ વિઠ્ઠલના જે દાસજી,
તેમના તે પદરજની આશજી. ૧૪
વળી વળી એજ વિનતિ કીજેજી,
દાસ રસિકને અભયપદ દીજેજી. ૧૫

ધોળ ૫૧ મું.

શ્રીલક્ષ્મણ સુતને હું નમું, ને કરૂં તે પ્રણામ;
વાણી તે મુજને આપજો,જેમ ગાઉં જશવિસ્તાર. ૧
મનમાં તે આનંદ અતિ ઘણો, મુખડે કહ્યો નવ જાય;
કૃપા હોય જો તમ તણી, તો દાસ કાંઇક ગાય. ૨
શ્રીલક્ષ્મણ ભટ્ટજી તાત એમના, શ્રીઇલંમાજી માત;
પ્રકટ લીલા તમતણી, સાંભળો કહું એક વાત. ૩
શ્રીલક્ષ્મણ ભટ્ટજીના સ્વપ્નામાં, શ્રીજી પધાર્યા ઘેર;

વિશ્વાધાર તમ ઘેર પ્રકટશે, તેની તે કરજો પેર. ૪
કાશીએ જાઓ વેગે કરી, શ્રીઇલંમાજી લેજો સાથ,
પૂર્ણ પુરૂષોત્તમ પ્રકટશે, માર્ગમાં એ નાથ. ૫
સાત વર્ષ અહીંઆં રહો, તોએ ન પ્રકટ થાય;
ગર્ભવંતાં દુઃખ પામશે, શ્રીઇલંમાજી માય. ૬
વચન લઇ માથે ચડાવ્યું, પ્રભુ તમે કહો છો સત્ય;
તમારૂં કહેવું સત્ય છે, અમારે ચાલવું નિરધાર ૭
ત્યાંથી વહાલોજી પધારીયા, માળા તે આપી બે;
એક કંઠી કંઠ ધરી, બીજી જપ કરવાની જેહ. ૮
ભક્તિ સુંદરીને ભાવ રૂપે, મણિકા એકસોને આઠ;
એ માળા નિત્યે ફેરવવી ગ્રંથનો કરવો પાઠ. ૯
ઉપરણો શ્રીઅંગનો, શ્રીજીએ આપ્યો સાર;
તે વસ્ત્ર લઇ ઓઢાડજો, બાલકને વળી ત્યાંય. ૧૦
નેત્ર ઉઘાડીને જોયું, ત્યારે દીઠાં વસ્ત્ર અમુલ્ય;
સ્વપ્નું અમારૂં સત્ય છે, હવે ચાલવું નિરધાર. ૧૧
ત્યાંથી પ્રભુજી પધારીયા, ચંપારણ્ય રહ્યું ગાઉ ચાર;
રાતે રસોઇ ત્યાં કરી, મનમાં કરી વિચાર. ૧૨
શ્રીકૃષ્ણ શ્રીપ્રિયાજી બેઉ, સુંદરી સૌ સાથ;
બેઉએ દર્શન આપીયાં, મળી સ્વપ્નામાં એ નાથ. ૧૩

તંબોળ લઇ શ્રીપ્રિયાજીએ આપ્યું,જન્મઘુંટી બાળ;
રસના વળશે તે તણી, બીજી વાણી તણો નહીંપાર ૧૪
પ્રાકટય શ્રીવલ્લભદેવનું, આનંદ કહ્યો નવ જાય;
દેવલોક દુંદુભી વાગીયાં, પુષ્પની વૃષ્ટી થાય. ૧૫
પ્રકટ થઇ પ્રાક્રમ કીધાં, વળી આનંદ છે અપાર;
નામ નિવેદન આપીને, કર્યો પુષ્ટિ અંગીકાર. ૧૬
સેવા વિવિધ કરી શિખવી, ભક્તની પૂરી આશ;
જુગ જુગ જીવો મહારા વહાલમા બલિહારિ તે
માધવદાસ. ૧૭

ધોળ ૫૨ મું.

આપણે જઇએરે શ્રીગોકુલ ગામ સાહેલીરે,
શ્રીજીને નિરખીએ,
જીરે જુવતીનાં જુથ ટોળે મળ્યાં,
ગોપીએ સજીઆરે નવસત શ્રૃંગાર; સાહેલીરે. ૧
ગોપી વેગે તે ચાલો ઉતાવળાં,
જઇ જોઇએરે અનૂપમ નાથ; સાહેલીરે. ૨
ગોપીએ કંચન થાળ કરે ગ્રહ્યો,
માંહી ભરિયાંરે મુક્તાફળ સાર, સાહેલી રે. ૩

મ્હારૂં મનરે મથુરાં ચિત્ત શ્રીગોકુલમાં,
મ્હારો જીવડોરે રહ્યા શ્રીજીની પાસ; સાહેલીરે. ૪
ગોપી ચરણ કમળ રજ લઇ રહ્યાં,,
વહાલો આપેરે અભયપદ દાન· સાહેલીરે. ૫
ત્યાં તો સાત મંદિર સોહામણાં,
ગોપી આવ્યાં રે ઠકરાણીને ઘાટ; સાહેલીરે. ૬
મથુરાંમાં તે વાજીંત્ર વાગીયાં,
ગોકુલમાંરે ગડગડીઆં નિશાન; સાહેલીરે. ૭
વારિ જાઉં શ્રીવલ્લભ સુતને વારણે,
બલિહારિરે જાય માધવદાસ; સાહેલીરે. ૮

ધોળ ૫૨ મું.

આજ સખી વ્રજમાં તે આનંદ હુવોરે,
આપણા શ્રીનાથજીને જઈ જુવોરે. ૧
જેને કાજે તલસંતા બહુ દહાડીરે,
તે દ્વાર મેલ્યાં છે ઉઘાડીરે. ૨
વ્રજ ત્રિયા વેગે કરો શ્રૃંગારરે,
પહેરોને નૌત્તમ મોતીના હારરે. ૩
આવે છે વ્રજ સુંદરીનો વહાલોરે,
તેને તે નયણાં ભરિ નિહાળોરે. ૪

માનિની હળીમળી મંગળ ગાય રે,
માધવદાસ તે બલિહારી જાય રે. ૫

ધોળ ૫૪ મું.

શ્રીગોકુલ ગામને ગોંદરે સાહેલીરે, આસી ઝાકઝમાળ.
શ્રીગુસાંઇજી ગોકુલમાં પધારીયા સાહેલીરે. ટેક. ૧
મંડપ છાયા મોવરે સાહેલીરે, મોતીના ચોક પુરાય. ૨
તોરણ બાંધ્યાં બારણેસાહેલીરે,કદલિનાસ્થંભ રોપાય. ૩
રંગીલીગલીરળીયામણીસાહેલીરે,ભીતરભીડનમાય.૪
ગુજરાતી આવે મલપતા સાહેલીરે, વૈષ્ણવસોરઠદેશ. ૫
ગોકુલગામરળીઆમણુંસાહેલીરે,જમુનાજીલહેરેજાય.૬
વૃદાંવન સોહામણું સાહેલીરે, બંસીબટનો ચોક. ૭
માધવદાસ માગે સદા સાહેલીરે, શ્રીગોકુલમાંહી વાસ.૮

ધોળ ૫૫ મું.

શ્રીગોકુલગામઅતીશોભીતાં, શોભીતાંમંદિરમાળીયાં;
ચોક ચીત્રામણ શોભીતાં શોભીતાંજડિત્રને જાળીયાં. ૧
મણિરે માણેકસ્થંભશોભીતા શોભીતા હીંડોળાખાટજી;
પાટી પચરંગી શોભીતી શોભીતા ઘુઘરીના ઘાટજી. ૨
ત્યાંહાંબિરાજેશ્રીવલ્લભરાજીયા,ભલીમળીવૈષ્ણવનીજોડ

આનંદ પ્રકટયો અતિ ઘણો, થઇછે કલ્યાણની કોટજી.૩
વ્રજસુંદરિ વેગે વધાવાને, આવે છે માંડવા માંહેજી;
કુંકુમ થાળરે કર ગ્રહી, મણિ મુકતાફળની જોડજી. ૪
પદ્મનિ પ્રેમશું જઇ પહોચ્યાં, જઈ જોયા પૂર્ણ બ્રહ્મજી;
અગ્નીથકી પ્રભુપ્રકટીયા, વળીવળી કીધોછે શ્રમજી. ૫
શ્રીવલ્લભ ચર્ણ જે નમે, તેઓની પુરી છે આશજી;
માધવદાસની વિનતિ, રાખજો દઢ વિશ્વાસજી. ૬

ધોળ ૫૬ મું.

વાજે શ્રીવૃંદ્રાવનવાંસળીરે, શ્રીગોકુલીએ સંભળાય;
સખાં આજરે વાજે શ્રીવૃંદાવન વાંસળી. ટેક. ૧
વાંસળી તે કેરી વેણમાંજીરે, ચીત્ત ઘણું અકળાય. ૨
શુદ્ધબુદ્ધ ભૂલી સુંદરીજીરે, ઘર તજી વન જાય. ૩
અવળાંતેઆભરણપહેરીયાંજીરે,અવળાંઓઢયાંછેચીર૪
જીરે કરનાં તે કંકણ જોડનાંજીરે, નેપૂર ધરીઆં કાંન ૫
નયણે તે સીંદુરસારીયાજીરે, કાજળ ટીલડી લલાટ. ૬
ગાયોનાં દોહન ચુકીયાંજીરે, વાછરાં બાંધ્યાં છે બહાર. ૭
ઘરનાંતે:કામકાજ ચુકીયાંજીરે, રોતાં મેલ્યાં છે બાળ. ૮
મેલ્યાંતે માતતાતભ્રાતનેજીરે, મેલ્યાંપતિપુત્રપરિવાર. ૯

આસોતે માસસોહામણોજીરે,સોહામણીશરદનીરાત. ૧૦
માધવદાસના સ્વામિને વિનવું જીરે,
હારે વહાલે રંગે રમાડયાં છે રાસ. સખી આજ. ૧૧

ધોળ ૫૭ મું.

શ્રીગોકુળ જોવા સરખું રે રૂડા રસ રંગ ભર્યા;
એવા જોઇજોઇ મનડાં હર્ખ્યાંરે, ભાગ્યસૌભાગ્ય ભર્યાં. ૧
શ્રીજમુનાજી વહેછેરે, નિરખંતાં મ્હારાં મન ઠર્યાં;
એતો સદાનિરંતર રમણકરેછેરે,ભકતનાંકારજ સર્યાં. ૨
શ્રીજમુનાજી નીર્મળ નહાજોરે, અતિ અનુરાગીયાં
ભવોભવ ભય નીવારોરે, શીરપર ગાજીયાં. ૩
અંગીકૃતના કીધાંરે, વહાલે મારે દાન આપ્યાં;
શ્રીગોકુળપતિ મહીમાભારીરે, શ્રીવલ્લભવર નામધર્યાં.૪
એવા પ્રભુ મંગળકારીરે, પ્રેમે અમો વરવર્યા;
મને વેગે આણાં મોકલજો રે, પ્રભુ હું તમારી સેવા કરૂં.૫
કાંઇ કીંકરદાસ તમારોરે,ચરણ રજ શિષ ધરૂં.શ્રીગો. ૬

ધોળ ૫૮ મું.

આવો મળો સાહેલડીજી, નિરખીએ નંદકુમાર;
પ્રીતેશું પ્રભુજીનેનિરખીએજી,પુરૂષોત્તમપ્રાણ આધાર.૧

સંગ સ્નેહે શોભીતાંજી, હીરા રત્ન જડાવ;
વચ્ચોવચ ચુની ઝળકતીજી, રવીનો તેજ પ્રકાશ. ૨
સર્વે સુંદરી ટોળે મળીજી, ઉભી છે નંદજીને દ્વાર;
એક માગું તે આપજોજી, પૂરો મારા મનડાના કોડ. ૩
જે રે માગું તે આપજોજી, પૂરોમુજ અબળાની આશ;
માધવદાસ માગે સદાજી, શ્રીગોકુળ માંહી વાસ. ૪

ધોળ ૫૯ મું.

આવો મળો સાહેલડીજી, હૈડે હરખ ન માય;
માંહોમાંહે વધામણાંજી, પ્રકટયા શ્રીવિઠ્ઠલરાય. ૧
નવસતઆભરણઅંગેસજયાંજી, ચાલ્યાંશ્રીવ્રજનીનાર;
અતિ આનંદ ઉમંગે ભર્યાજી, પોહોચ્યાંશ્રીવલ્લભદ્વાર. ૨
ધન્ય ધન્ય શ્રીવલ્લભ ધણીજી, ધન્ય શ્રીઅકાંજી માત;
શ્રીગોકુળચંદ્ર પ્રકટીયાજી, શ્રીગોપીનાથજીના ભ્રાત. ૩
માગશર માસ સોહામણોજી, સોહામણો નોમીનો દિન;
કૃષ્ણપક્ષે ઉદે હોવાજી, શ્રીગોકુળ માંહી રતન. ૪
દ્વાપર માંહિ ઓળખ્યાજી, હૈડે હતી હામ;
તે પ્રભુજી પધારીયાજી, પુરવા મનના કામ. ૫
રાત દિવસ સેવે સદાજી, બ્રહ્માદિક મહાઇશ;
દર્શન માત્ર પામે નહિજી, સ્વપ્નાન્તર લવલેશ. ૬

શેષ સહસ્ર મુખ સ્તુતિ કરેજી, નિગમ ન પામે પાર;
તે પ્રભુજી પધારીયાજી, ટાળવા ભૂમિનો ભાર. ૭
સેવકને સુખ આપવાજી અબળાના આધાર;
ઘેર ઘેર ઉત્સવ અતિ ઘણોજી, મોતીના ચોક પુરાય. ૮
કેસર કુંકુમ છાંટણાંજી, તોરણ બાંધ્યાં દ્વાર;
દૈવીનાં દુઃખ ટાળવાજી, પ્રકટયા બીજી વાર. ૯
વાજીંત્ર વાગે અતિ શોભતાંજી, વેણાતાલ મૃદંગ;
માનિની મંગળ ગાયેજી, હૈયે ધરી ઉમંગ. ૧૦
ગાયે ગીત સોહામણાંજી, પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથ;
દાન આપે વિવિધ તણાંજી, ઉદાર શ્રીવલ્લભનાથ. ૧૧
તૈલંગ તિલક ત્રિભુવન ધણીજી, શ્રીગોકુલપતિ આધાર;
બંદીજન બહુયશ ભણેજી, ચીરણજીવો રાજકુમાર. ૧૨
શ્રીવલ્લભજીના લાડીલાજી, શ્રીપદ્માવતી વહુજીના કંથ;
ભગવદ્દિ ભાવે ભેટતાજી, એવા અઢલક કરૂણાવંત. ૧૩
વદનકમળઅવિલોકતાંજી,પહોંચી મારામનડાનીઆશ;
માધવદાસ માગે સદાજી, શ્રીગોકુલમાંહિ વાસ. ૧૪

ધોળ ૬૦ મું.

શ્રીવલ્લભ ઘેર પ્રકટીયા, શ્રીગોકુળનારે નાથ;

એવા પ્રભુજીને નવ ઓળખ્યા, પછે ઘસશો બેઉ હાથ,
પ્રાણી પ્રાક્રમ તેં શું કર્યું. ૧
પામ્યો ઉત્તમ દેહ, જુગમાં જીવણ શ્રીનાથજી;
નૈણે નીરખ્યા નહી તે, કલિમાં કારણ શ્રીનાથજી. ૨
પ્રાતઃસ્રમે નવ ઉઠીઓ નવ ગાયા ગુણરે ગોવીંદ;
મંગળા આરતિ ઉતારતાં, ન જોયાં શ્રીમુખચંદ. પ્રા ૩
શ્રીમુખની શોભા શી કહું, મ્હારે મુખ રસના છે એક;
મનમથ દેખીને લાજીઓ, પાતાળે પેઠા જઈ શેષ. ૪
કાને તે કુંડલ શોભીતાં, શિરપર શોભે છે પાગ;
ઉપર ચંદ્રીકા મોરની, વેણી વાસુકી નાગ. પ્રાણી. ૫
નૈણાં તમારાં શ્રીનાથજી, જોઇ જોઇ શું કરૂં વખાણ;
જોતાં શુધબુધ ભૂલી ગયો, હૈયામાં ઉપજ્યું છે હેત. ૬
નાકે તે નકવેસર શોભીતાં, લલાટે તિલક રસાલ;
તેપર સોહે અલકાવલી, લટકણ લટકે છે ભાલ પ્રા. ૭
અધરની ઉપમા હું શી કહું, ચિબુક ઝલકે છે કાન્ત;
કંઠે સોહે હાંસડી, ઉરગજ મોતીના હાર. પ્રાણી. ૮
મોહન મોરલી વગાડતાં, કંઠે વૈજંતી માલ પ્રાણી. ૯
બાંહે બાજુબંધ બેરખા, ફરકે ફુમતાં ચાર:
હાથમાં હેમની કણ્ઠી, પોંહોચીછે હીરાજડાવ. પ્રાણી. ૧૦

કોમળ કરપર ઝગમગે, રત્ન જડીતના ચોક;
તાપર અનુપમ મુદ્રિકા, દેખી મોહ્યા ત્રૈલોક. પ્રાણી. ૧૧
બીજી શોભા હું શી કહું, નખશીખ હીરાના હાર;
રવિશશી કોટીક વારણે, છબી ઉપર જાઉં બલિહાર.૧૨
વામભૂજાએ વિઠ્ઠલેશ, લટકે ધરીયો ગિરિરાજ;
ઇંદ્રતણોમદમોડીઓ,સાર્યાં વ્રજજનનાં કાજ.પ્રાણી. ૧૩
કહેડે સોહે કટીમેખળા, ઘુઘરી ઘમકે બેઉ પાસ;
કંચનવરણી છે કાછની,ચંદ્ર પ્રકટયોઆકાશ.પ્રાણી૧૪
જુગલચરણે પહેર્યાં જોડલાં, મોજડીયે મોતીની હાર;
રમકઝમકવાગેરે ઘુઘરી,અણવટવીંછુવારસાલ. પ્રા. ૧૫
એવા પ્રભુજીને નવ ઓળખ્યા, નવકીધી હૈડામાં હામ;
ભૂતલ મધ્યે અવતર્યો, કરવા માતાને ભાર. પ્રાણી ૧૬
વ્રજનીરજમાંલોટયોનહીં, નકીધાંશ્રીજમુનાજલપાન,
મોહન મોરલી વગાડતાં, નવ કીધા સન્મુખ કાન. ૧૭
કાલિંદીને કાંઠડે, સુંદર જમુનાને તિર;
શ્રીગિરિધરગાયોચરાવતા,નજોયાહળધરવીર. પ્રાણી.૧૮
સંકેત વનની શોભા ઘણી, ત્યાં પ્રભુ ખેલે છે રાસ;
એ સુખ અબળાને આપીએ, બલિહારી માધવદાસ.૧૯

શ્રીમથુરેશજીનું ધોળ

(શ્રીસુરતવાળાં શ્રીજસોદા બેટીજી કૃત.)

ધોળ ૬૧ મું.

રસરૂપ રંગીલારે, શ્રીમથુરેશ કહું;
ગુણ સાગર લીલારે, ચરણકમળમાં રહું. ૧
ગાઉં પ્રેમ ભરીનેરે, પ્રેમરસ સીંધુ ભર્યાં;
થાઉં અંતર આતુરરે, ઇંદુ અજવાળાં કર્યાં. ૨
તેજ ત્રિભુવન કેરાંરે, વ્રજજનને પ્યારાં;
કવિ વર્ણવે માંહેરે. લોચનના તારા. ૩
ભૂજાચાર બિરાજેરે, વર્ણવું શી શોભા;
આયુદ્ધ મહારાજેરે, જોતાં મન થાય લોભા. ૪
પદ્મ પ્રાણપતિનારે, મુખે શ્રીસ્વામિનિજી જાણો;
ગદા કહિએ કુમારીરે, શ્યામાજી મન આણો. ૫
ચક્ર તેજ ચંદ્રાવળીનાંરે, શ્રુતિરૂપા સંગે;
સંગેશ્રીજમુના મહારાણીરે, શ્યામસુંદર રંગે. ૬
ગુપ્તભાવ અતિ મનમાં રે, કર ચિત ન હરખે;
રસકુંજની લીલારે, પ્રેમ સહીત વરખે. ૭
બીજભાવ પ્રસિદ્ધ છે રે, પદ્મજન તાપ હરે;
ગદા દુષ્ટ સંહારેરે, સુદર્શન રક્ષણ કરે. ૮

મહીમા છે અગણિતરે, શંખે ભક્ત કાજ સરે;
ધ્યાન રાખે હૃદયમાંરે, સહેજે સંસાર તરે. ૯
કાંઈક પાક્રમ જાણવુંરે, ત્યાં પ્રકટ થયા;
મથુરેશ શ્યામળીયારે, સ્વરૂપ ન જાય કહ્યાં, ૧૦
તેનેસમેશ્રીમહાપ્રભુરે, બિરાજેશ્રીજમુનાતીરે;
ત્યાંતો તૂટયો કરેડોરે, દીઠા શ્યામ શરીરે. ૧૧
દોડીને પાસે આવ્યારે, કહ્યું મારી સેવા કરો;
શ્રીમહાપ્રભુહસીબોલ્યારે, ન્હાનુંતમે રૂપધરો. ૧૨
સ્વરૂપ તાડ સમોવડરે, સેવા કેમ થાશે;
કળિયુગના જીવથીરે, કયાંલગી પહોંચાશે. ૧૩
આવીગોદમાંબેઠારે, ચિબુકલગી આવ્યા ત્યારે;
કૌતક ત્યાં ભુલ્યાંરે, દીઠા એવા સ્વરૂપ જ્યારે. ૧૪
પદ્મનાભદાસ કેરારે, મનોરથ પૂર્ણ કર્યા;
ચમત્કાર દેખાડયારે, ત્યારે એવાંરૂપ ધર્યાં ૧૫
બીજું ચિન્હશ્રીઅંગમાંરે, ભાગ્યહોય તે જાણે;
પુષ્ટિ ભક્તિની લીલારે, દૈવીજન જાણે. ૧૬
જે કોઇ પ્રાકટય ગાશેરે, શ્રીમથુરેશ તણું;
તેના સકલ મનોરથરે, સર્વે પૂર્ણ થાશે. ૧૭

શ્રીનવનીતપ્રિયજીનું ધોળ.

ધોળ ૬૨ મું.

સાખી

નંદાલય નિજ ધામનાને, કરીયે દર્શન ચાલ;
બાલવિનોદ સોહાવનો; શ્રીનવનીતપ્રિયલાલ.

વલણ.

મુખ છબી લાગે મને પ્યારી શ્રીનવનીતલાલ. (૨)
મારા લાડીલા લાલની બલિહારી, શ્રીનવનીતલાલ. ૧
ધુઘરવાળા કેસ ધુસર સીસપર સોહે,
અલકાવલી તિલક મન મોહે. શ્રીનવનીતલાલ. ૨
અરૂણુ કમળ નેત્રમાં અંજન ફેલ્યાં
રૂદન કરી બહાર્યા છે રેલ્યાં; શ્રીનવનીતલાલ. ૩
પ્રમાણુમાં તે જુમખી તારાજેત ઝલકે.
નાસા બેસર મોતી લરકે. શ્રીનવનીતલાલ. ૪
નવનીત આરોગો મુખ કપોલ જલેસી,
યહ છબી મનડામાં પેસી. શ્રીનવનીતલાલ. ૫
દુલરી હાંસ કંઠુલા કંઠ લરકી શોભા ભારી,
કટી કીંકણી ધુઘરીયાળી. શ્રીનવનીતલાલ. ૬

બાજુ કડાં પોંચી ફુમકાંજ ફરકે,
નંદ જસોદાજી જોઇ હરખે. શ્રીનવનીતલાલ ૭
ચરણ કમળમાં નેપૂર ઝણકારા,
શ્રીનંદજશોદાજી નિરખેવારંવારા.શ્રીનવનીતલાલ ૮
શ્રીમદનમોહન શ્રીબાલકૃષ્ણલાલ;
શ્રીનવનીતપ્રિયાજી રમે ખ્યાલ. શ્રીનવનીતલાલ. ૯
રતન જડીત ચોકમાં ઘુટુર લીલા ખેલે,
જુજન સુસન રમે મુખે મેલી. શ્રીનવનીતલાલ. ૧૦
દૂધના દંતુલી બીજ મુખમાંજ દીસે,
કીલકી કીલકીને વ્હાલો હસે. શ્રીનવનીતલાલ. ૧૧
બીંજન પ્રકારે ભોગ આવે મુખ મોડી,
શ્રીહસ્તકમળ વચ્ચે વચ્ચે બોલે. શ્રીનવનીતલાલ. ૧૨
આચમન કરાવતાં ધાર પકડવાને જાય,
મુખ વસ્ત્ર કરી જે સુખ થાય. શ્રીનવનીતલાલ. ૧૩
એક સ્વરૂપ શ્રીજસોદાજીની પાસ,
એક સ્વરૂપે રમે રાસ. શ્રીનવનીતલાલ. ૧૪
જગમોહન સીંધપોળ મન મોહે,
કૃષ્ણ ભંડાર પરસતાં ત્યાં સોહે. શ્રીનવનીતલાલ. ૧૫

આઠે દર્શનમાં ભોગ આવે છે સુખે,
સમર્થ શું વરણવી શકું મુખે. શ્રીનવનીતલાલ. ૧૬
કૃષ્ણ કમળા બાળલીલા સહુ નિરખે,
જન્મ સફળ કરી હરખે. શ્રીનવનીતલાલ. ૧૭

ધોળ ૬૩ મું.

સહુ સાધન બળભક્તિ શ્રીરાધાનાથની,
પદ્મ પૂરાણે વ્યાસે કથા વખાંણીજો;
પાર્વતી પ્રત્યે શ્રીમહાદેવે કહી,
તેનું વર્ણન કરી દેખાડું વાણીજો. સહુ. ૧
પંચ જન્મ લગી ભજે અન્ય અવતારને,
હય ગ્રીવ ભક્તિ પછે થાય ઉદ્‌ભવજો;
હય ગ્રીવ ભક્તિ દશ જન્મ કર્યા પછે,
નૃસિંહ ભક્તિ ઉદય અસ્ત તવ થાય જો. સહુ. ૨
સહસ્ર જન્મ લગી નરહરિ આરાધન કરે,
પ્રકટ થાય શ્રીમદ્‌નારાયણ ભક્તિજો;
કોટિ જન્મ લગી શ્રીમદ્‌નારાયણને ભજે,
તબ ઉપજે શ્રીરઘુપતિ આસક્તિજો. સહુ ૩
અનંત જન્મ લગી સેવે શ્રીરામને,

તબ શ્રીકૃષ્ણ ભક્તિ થાય ઉત્પન્નજો;
તેમની પ્રાણવલ્લભ શ્રીરાણી રાધીકા,
તેમના પદ પંકજ પછે લુબ્ધે મનજો. સહુ. ૪
રોમાંચિત્ત દગ્ધ થાય પદ સેવતાં.
પ્રેમ લક્ષણા ભક્તિ કહાવે તેનું નામજો;
પણ જીવનું ડહાપણ એમાં નથી કશું ચાલતું,
એ ફળ કેવળ કરૂણા બળ ઘનશ્યામજો. સહુ. ૫
કોટી જન્મલગી ધ્યાન સમાધિ તપ આચરે,
કરતાં કરતાં ક્ષીણ પાપ તબ થાય જો;
શ્રીકૃષ્ણ વિષે તે જનની ભક્તિ ઉપજે,
એક પક્ષ પણ છએ શાસ્ત્ર ગવાયજો. સહુ. ૬
અંશ વિભૂતિ કળાવેશ શ્રીકૃષ્ણ તણાં;
એ સર્વે અવતાર હરિ કહેવાય જો;
જેમ દ્વિતીયાથી ચઢતિ કળા શશીમાં
તેસોરા કાષ્ટ શશીમાં સમાયજો. સહુ. ૭
જુગે જુગે શ્રીકૃષ્ણ અવતાર પણ થાયછે,
કલ્પ સારસ્વત પુરણ કૃષ્ણ તે ન્યારાજો;
શ્રીવલ્લભે સેવ્યા શ્રીભાગવત ભણ્યા,
અલ્પમતિ શું જાણે જીવ બિચારાજો. સહુ. ૮

શ્રીજી જે ભક્તિવશ તે ભક્તિ સદા,
આપો દયાને નિજ લહી શ્રીદેવજો;
ભવોભવ મુજને એવો સાચો સંત કરો,
સદા નિરંતર કરૂં ગોપીપતિની સેવા જો. સહુ. ૯

रासनो गरबो.

धोळ ६४ मुं.

સખી શરદપુનમની રાતરે, સુંદર વેણુ વાજે. ૧
મારો વહાલોજી રમીયા રાસરે. સુંદર. ૨
એના ઘુઘરવાળા કેશરે. સુંદર. ૩
મારો વહાલોજી નટવર વેશરે. સુંદર. ૪
ગોપી અતિ ઉતાવળાં આવેરે. સુંદર. ૫
એતો આવીને ચરણે લાગેરે. સુંદર. ૬
શ્રીવલ્લભ પ્રભુની પ્રીતરે. સુંદર. ૭
અમને રાસ રમાડયા રંગ રીતરે. સુંદર. ૮

સાખી.

કેમ આવ્યાં તમે કામિનિ, એમ બોલ્યા નંદકીશોર;
અર્ધ નિશાએ વનમાં, જે વેળાએ ચાલે ચોરરે.

કામિનિ કેમ આવ્યાં કેમ આવ્યાં,
આ વનમાં તે શું છે કામરે, કામિનિ કેમ આવ્યાં. ૯
એમ બોલ્યા તે સુંદર શ્યામરે. કામિનિ. ૧૦
તમે ઘેર જાઓ ગોપીઓ ઘટેછેરે. કામિનિ. ૧૧
તમે વેગે જાઓ વેળા તો વટેછેરે. કામિનિ. ૧૨
આ ધર્મ તમારો ભાગેરે. કામિનિ. ૧૩
સખી લોકમાં તે લાંચ્છન લાગે રે. કામિનિ. ૧૪
શ્રીવલ્લભપ્રભુજી એમ કહે છે રે કામિનિ. ૧૫
શુણી સ્નેહ નિરધાર વહે છે રે. કામિનિ. ૧૬

સાખી.

તમે ત્રીભુવન તેડાવીને, તજાવ્યો સંસાર,
તમે તે વનમાં તેડાવીને, હવે કરો છો તિરસ્કારરે.

નંદજીના નંદલાલા નંદલાલા,
તમારી ચાલ દેખી હું તો છકીછું રે. નંદજીના. ૧૭
મારે વહાલું નથી તમ પાખે રે. નંદજીના. ૧૮
અમે તજી છે કુળની લાજ રે. નંદજીના. ૧૯
મારા વહાલાજી ચતુર સુજાણરે. નંદજીના. ૨૦
આપ્યાં આનંદ રસનાં દાનરે. નંદજીના. ૨૧

શ્રીવલ્લભ પ્રભુને બલિહારરે. નંદજીના. ૨૨
અમે આવ્યાં તમારે ચરણેરે. નંદજીના. ૨૩

સાખી.

વચન શુણી વ્રજનારનાં, થેઇ થેઈ રમીયા રાસ;
રૂમઝુમ વાગે ઘૂઘરા, વ્રજસુંદરીની પૂરી આશરે.

ગિરિવર ગિરિધારી ગિરિધારી.
ફરતાં કામિનિ વચ્ચે વનમાળીરે. ગિરિવર. ૨૪
સખી અન્યોઅન્ય લેછે તાળીરે. ગિરિવર. ૨૫
ત્યાં જોવાને દેવતા આવ્યારે. ગિરિવર. ૨૬
લઇ પુષ્પે પ્રભુને વધાવ્યારે. ગિરિવર. ૨૭
શ્રીજમુનાજી વહે છે ગંભીરરે. ગિરિવર. ૨૮
રહ્યો ચંદ્રમા શરદનો સ્થિરરે. ગિરિવર. ૨૯
મુખે તા થેઇ તા થેઇ બોલેરે. ગિરિવર. ૩૦
સહુ સુંદરીની સંગે ડોલેરે. ગિરિવર. ૩૧
કોઇ સખીનો અધર રસ લૂંટેરે. ગિરિવર. ૩૨
વ્રજવનિતાનો અમૃત રસ લૂંટેરે. ગિરિવર. ૩૩
વ્રજ વલ્લભ પ્રભુને જોઇરે. ગિરિવર. ૩૪
મ્હારૂં મનડું રહ્યું છે મોહીરે. ગિરિવર. ૩૫

સાખી.

ધન્ય ધન્ય વ્રજની ભૂમિકા; ધન્ય ધન્ય વ્રજની નાર;
શ્યામ સંગ ક્રીડા કરે, શું વર્ણવું લીલા અપારરે.

ઘોળ ૬૫ મું.

ભૂલમાં ભૂલમાં ભૂલમાં રે,
શ્રીવલ્લભ પ્રભુને હવે ભૂલમાં;
સદા સ્મરો શ્રીવિઠ્ઠલવર સુંદર,
પ્રભુ પ્રકટયા છે બ્રહ્મ કુળમાં રે. શ્રીવલ્લભ. ૧
એઉના સાત કુંવર સુખદાતા,
વૈષ્ણવ સુધા અતુલમાં રે. શ્રીવલ્લભ. ૨
અધિક અધિક પ્રતાપ પ્રભુ પરણુ,
લીલાપતિ અખંડ અમુલ્યમાંરે. શ્રીવલ્લભ. ૩
સહ શરણે જઇ સમર્પણ કીધું,
પામ્યો રસ અમૃત અધરમાં રે. શ્રીવલ્લભ. ૪
કંઇ કાલ વિત્યા હમણાં પદ પામ્યો,
હવે રહેને હરિની હજુરમાં રે. શ્રીવલ્લભ. ૫
પુષ્ટિમાર્ગ પરમ પુન્ય કરી પામ્યો,
હવે શું મોહ્યો છું રંગકુંડમાં રે. શ્રીવલ્લભ. ૬

અમૃત રસ તુને અઢળક આપ્યો,
ઢોળે છે શીદ હવે ધૂળમાં રે. શ્રીવલ્લભ. ૭
નિત્યપ્રતિ આનંદ સત્સંગ કરીયે,
નમીયે શ્રીનંદકીશોરમાં રે. શ્રીવલ્લભ. ૮
દાસ ગોવર્દ્ધન અધમ તમારો,
રાખો ચરણ રજનોરમાં રે. શ્રીવલ્લભ. ૯

ધોળ ૬૬ મું.

મારગડો મ્હેલો માવજી ઘેર જાવું છે,
મારે માથે મહીનું માટ ખોટી થાવું છે. ૧
વહાલા પીયુ પંથ નિહાળશે, ઘેર જાવું છે,
પાડોશણ પૂછશે વાત ખોટી થાવું છે. ૨
વહાલા પ્રીત હશે તો આવશું ઘેર જાવું છે,
હમણાં તો મ્હેલો હાથ ખોટી થાવું છે. ૩
વલ્લભના સ્વામિ શ્યામળા ઘેર જાવું છે;
મારે પૂર્વ જન્મનો સ્નેહ ખોટી થાવું છે. ૪

ધોળ ૬૭ મું.

આજ મારે આનંદ ઉર ન સમાયજી,
પ્રકટયા શ્રીવલ્લભવર સકુમારજી. ૧

ભૂતળ ભાગ્ય તણો નહિ પારજી,
દૈવિતે જીવનો કરવા ઉદ્ધારજી. ૨
મંદિર માંહે તે ચોક પુરાયજી,
તોરણ બારણીએ બંધાયજી. ૩
હું એ કરૂં વિધવિધના શ્રૃંગારજી,
હરખે તેડાવું તે સૈયર સાથજી. ૪
નાચું ગાવું તાળીતે પાડું હાથજી,
કોને કહું કહ્યું તે નવ કહેવાયજી. ૫
છબિપર જન રસિક બલિજાયજી,
આજ મારે આનંદ ઉર ન સમાયજી. ૬

શ્રીજગન્નાથજીના શ્રૃંગારનું ધોળ.

ધોળ ૬૮ મું.

શ્રીગુરૂ ગોવીંદને આરાધું પ્રેમે લાગુંજી પાય.
બેઉ કરજોડીને વર્ણવું, દર્શન આપો મહારાજ;
મહારૂં મન મોહ્યું જગન્નાથજી. ટેક. ૧
ઓડીસા ગામ સોહામણું, શ્રીજગન્નાથજીનો વાસ;
ઘેરઘેર ફુલની વાડીઓ, નાળીએર કેળોના બાગ. મારૂં. ૨

ચાર દરવાજાજી ચોકમાં, મંડપ રચીયાજી થંભ;
રામ દરવાજે લક્ષ્મિ વસે, જાણીએ પુનમચંદ. મારૂં. ૩
પહેલીરે પોળમાં પેસતાં, પતિત પાવન થાય;
બીજી પોળમાં પેસતાં, બીરાજે રાય હાલ,
નિત્ય નિત્ય કીર્તન ગવાય. મહારૂં મન. ૪
વ્રજરે મંદિરની શૌભા ઘણી, દીસે ઝાક ઝમાળ;
ચંદરવારે કટારના, લખીઆ દશ અવતાર;
સોહીએ ચિત્રામણ સાર. મહારૂં મન. ૫
અખાતે વડરે સોહ્યામણો, જગન્નાથજીનો વાસ;
વિસામારે વૈષ્ણવતણા, પોઢયા શ્રીપુરૂષોત્તમરાય મારૂં. ૬
નૈણાં તમારાં જગન્નાથજી, જાણીએ કમળોની પાંખ;
જોતાંતેશુદ્ધબુદ્ધવિસરી, બળભદ્રસૂર્યરાયનીખાંત. મારૂં. ૭
કાને તે કુંડલ ઝગમગે, લીલાવટ તિલક જડાવ;
અધર તંબોલ રચી રહ્યાં, મુખપર જાઉં બલિહાર. ૮
ફુલના મુગટને કુંડલ બન્યાં, ફુલના બનીયાજી હાર;
ફુલના બાજુબંધ બેરખા, ફુલના સોળે શૃંગાર;
ફુલના ચોસેરા હાર. મહારૂં મન. ૯
ફુલના જામા ફુલની કાછની, ફુલનાં ફુમતાં ચાર;
પીળાં પીતાંબર પહેરીયાં, કંઠે તુલસીના હાર. મારૂં. ૧૦

ફુલની તળાઇ ફુલની પીછવાઇ,ફુલનાં ઓસીકાં સાર;
ફુલના તે ગાલ મસુરીયાંપોઢયાશ્રીપુરૂષોત્તમરાય.મારૂં ૧૧
શિર ઉપર સોહીએ પામરી, ઉપર કસબની કોર;
વદન દીસે હરિનાં ફુટડાં,જોતાં સરીયાંજી કાજ. મારૂં. ૧૨
વરણા તે વરણી કીધી નહી, કીધું એકાકાર;
નાંનાંમોટાંને ગણ્યાં નહીં,પ્રસાદવરણયોન જાય. મારૂં. ૧૩
હરખી નિરખીને ભૂલી પડું, કોને કહિયેજી વાત;
ઘેરથીઆવું હું તોએકલી,સન્મુખ થયાજગન્નાથ.મારૂં.૧૪
ચુવા ચંદનને કેવડો, મરવો મચકોડ;
અરગજાને અત્તર ઘણાં, ફુલે કીધાં મર્દન. મારૂં ૧૫
જેઠ માસ અસાડીલો, શુદ પુનમચંદ;
બેઉ વીર ન્હાવાને ઉતર્યા, આસન મેલ્યાં આભરણ.૧૬
જેઠ માસ અસાડીલો, શુદ પુનમચંદ;
વાસો ત્યાંરે વસી રહ્યાં, ચંદન મેલ્યાંજી છાંય. મારૂં ૧૭
કંચનના કળસ ભરાવીયા, માંહી નિર્મળ નીર;
સોનાના કળસ ભરાવીયા,વિપ્ર લાવેછે નીર. મારૂં. ૧૮
વિપ્ર તે જળ ભરી લાવીયા, કર લીધાં શ્રીફળ;
વાજીંત્ર વાજાં વાગીયાં, મુખે બાંધ્યાં વસ્ત્ર. મારૂં. ૧૯

ઉજળાં વસ્ત્રના અંગુછા, સોહીએ શ્યામ શરીર;
લાલ પીતાંબર પહેરીયાં, નવલી દક્ષણી ભાત;
કમર કંચનના પાટ. મ્હારૂં મન. ૨૦
નવા તે ફુલજી નવરંગા, તેનું નવ જાણું નામ;
લાલ તે ફુલ સોહામણાં,ધરીયાં હસ્તીના રૂપ.મ્હારૂં.૨૧
છપન્ન ભોગ ત્યાં નીપજે, પહેલી ખીચડી સાર;
શીરોપૂરીને લાપસી, કંચન માલપુંવા સાર. મ્હારૂં.૨૨
દૂધપૂરીને જલેબી ઘણી,લાડવે ન આવેજી પાર;
વહેડમી પુડાને ઢોકળાં, પીઠાં આવેજી સાર. મ્હારૂં૨૩
નાળીયેર કેળાં અતિ ઘણાં, ભાઠા કોળાનું શાક;
સાળ દાળને ભાજી ઘણી,અટકા દીવસને રાત.મ્હારૂં.૨૪
મોળાં તે દહીં ઝમાવીયાં, ઘી તાવ્યાં તત્કાળ;
અગરના ધૂપ ઉખેળીયા,દીપક કર્યા તત્કાળ.મ્હારૂં.૨૫
તુલસી દળ સમર્પીયાં, જમીયા જાદવરાય;
સોનાઝારીજમુનાજળેભરીઆચમનકરોનેમહારાજ.મ્હા.
લવીંગ સોપારીને એલચી,બીડલે બાસઠ પાન;
બીડલાંવાળ્યારેકપુરનાં,આપ્યાં લક્ષ્મીજી હાથ.મ્હારૂં. ૨૭
જમી કરીને ઉઠીયાં, આવ્યાં વ્રજ મંદિર માંહ્ય;
લક્ષ્મીજી સાથે બોલ્યાં નહીં,સાધુને આપ્યાં દર્શન.મ્હારૂં.

પંડયાએ પટ દેખાડીઓ, ધરીયા દશ અવતાર;
પંદરદીવસગયા દોહિલા,સાધુને ન આપ્યાંદર્શન.મ્હા.૨૯
અમાવાસ્યા દિનરે સોહામણાં, તેની શીતળ છાંય;
તેડયા તે કોઈના આવે નહીં,એવા જુગલ કિશોર.મ્હારૂં.
જાત્રાળુ હાથ જોડી રહ્યા, પંડયા પાડે છે સોર;
શ્યામળાએ રથ શૃંગારિયા,લાલ ધજાજી સાર.મ્હારૂં.૩૧
પરિક્રમારે પોતે કરી, પાઉ ધરીયાં શ્રીનાથ;
ઇંદ્ર દમણુની જાત્રા, ચાલ્યા જાદવરાય. મ્હારૂં. ૩૨
સહુ કોઇને સાથે તેડીયાં, લક્ષ્મીજી નવ લીધાં સાથ;
પશુ પક્ષીને પાવન કર્યાં,તેનાં સરીયાજી કાજ. મ્હારૂં.૩૩
મહાકુંડમાં ન્હાઇને, મોરલી સમુદ્ર સાથ;
ઇંદ્ર દમણુમાં ન્હાઇને. ટાળ્યાં પરીઆંનાં પાપ.મ્હારૂં. ૩૪
બીજે તે રથ ચલાવીયો, પાંચમે આવ્યાજી ત્યાંહ;
સિંધપોળે રથ રાખીયો, વાજાં વાગેજી સાર. મ્હારૂં. ૩૫
દશમે રથ ચલાવીયો, તેરશે આવ્યાજી ઘેર;
સિંધપોળે રથ રાખીયો,લક્ષ્મીજીએ ભીડયાં દ્વાર.મ્હારૂં.
વળતાં તે બળભદ્ર બોલીયા,લક્ષ્મીજીઉઘાડો દરબાર;
બારણે ઉભા જગન્નાથજી, ઇંદ્ર વરસે છે ધાર.મ્હારૂં.૩૭
વળતા તે લક્ષ્મીજી બોલીયાં, સાંભળો બળભદ્ર જેઠ;

મંદિર પધારો પોતાતણા, ચલાવીશું દરબાર.મ્હારૂં.૩૮
પ્રસાદ તમથી ચાલે નહીં, ના ચાલે દરબાર,
કાળાએબંધવઅમતણાં,કાળાવિનાકોણકરશેરાજ.મ્હારૂં
વળતાં તે લક્ષમીજી બોલીયાં સાંભળો બળભદ્ર જેઠ;
કાળોરે કપટીસધાવીયો,અમનેનવલીધાંસાથ.મ્હારૂં.૪૦
વળતાં તે જગન્નાથજીબોલીયા, સાંભળ શ્યામળો દેવ;
મ્હોટાંએબંધવઅમતણાં,મ્હોટાબળભદ્રવીર.મ્હારૂં.૪૧
લજ્યા તે તેમની રાખી નહીં, સાથે સુભદ્રા બ્હેન;
હરખીનેલક્ષ્મીજીઉઠીયાં,હરખીઉઘાડયાંદરબાર. મ્હારૂં.
રત્નસિંહાસને પધરાવીયા, હરખી બેઠા જગન્નાથ;
પહેલાંતેઆરતિપોતેકરી,હરખીઉઠયાજગન્નાથ. મ્હારૂં.
વળતાંતેજગન્નાથજી બોલીયા, સાંભળો સાંભળો દેવ;
પતિતપુરાવુંતમતણાં, મિથ્યા શીદકરો વાર.મ્હારૂં.૪૪
મોહોરો આપું હું તો રોકડી, ઉઠો કરો શ્રૃંગાર;
પ્રદ્યુમન પુત્રજી તમતણા, તેને મોતીના હાર. મ્હારૂં.૪૫
વડોશૃંગાર જગન્નાથજી, કઇ પેરે કરૂંરે વખાણ;
કાયરકુડોજીઅતિઘણા, મારે છડીઓનામાર. મ્હારૂં.૪૬
જેરે ગાયે ને સાંભળે, તેનો પુરીમાં વાસ;
નવ ગાયે નવ સાંભળે, તેનો પશુનો અવતાર;
ગાય માધવદાસ, મ્હારૂં મન મોહ્યું જગન્નાથજી. ૪૭

रसीयानुं धोळ.

धोळ ६९ मुं.

(૧)

રસીયો રસે ભર્યોરે, વહાલો શ્રીવિઠ્ઠલવર વર્ણાગીરે;
વ્રજવનિતાએ વર્યોરે, એમનીછબી ઉપર લેહલાગીરે. ૧
નાગર નંદતણોરે, નટવર નાચેને ગાયે ગીતરે;
વહાલો લાગે ઘણોરે, પ્યારો પ્રેમ ઉપજાવે પ્રીતરે. ૨
સુંદર શ્યામળોરે, હરિ મ્હારા હૈડા કેરો હારરે;
પ્રિતમ પાતળોરે, મ્હારા પ્રાણજીવન આધારરે. ૩
લાગે હરિ મીઠડોરે, રસીઓ રાસ રમણનો ભોગીરે;
વલ્લભ પ્રભુ દીઠડારે, તેથી સદા રહીએ સંજોગીરે. ૪

(૨)

લાગી મને નેહજડીરે, એથી અળગા કેમ રહેવાયરે;
નિરખું ઘડી ઘડીરે, સુખડાં કેની આગળ કહેવાયરે. ૧
ભીડી મને ગેલમાંરે, વહાલો શ્રીવૃંદાવનના ચંદરે;
સૈયર સાથમાંરે સોહીએ તારામાં જેમ ચંદરે; ૨
ઊભો અલબેલડોરે જીવણ શ્રીજમુનાજીને તીરરે;
લાલચ ઘેલડોરે, વેણ વગાડે હળધર વીરરે. ૩

સખી ટોળે મળીરે, જોવા જશોદાજીના કહાનરે;
મરજાદા ટળીરે, વલ્લભ પ્રભુજી શું લાગ્યું ધ્યાનરે. ૪

(૩)

ઘેલી થઇ ફરૂંરે, ઘેલા ગિરિધારીની સંગરે;
ધીરજ નવ ધરૂંરે, આતુર કીધું મ્હારૂં મનરે. ૧
જળ ભરવાને મસેરે, જાવું શ્રીજમુનાજીને ઘાટરે;
હરિ હરખે હસેરે, આડા આવી રોકે વાટરે. ૨
નિરખું નૈણાં ભરીરે, સજની શ્યામળીઆનું રૂપરે;
હરખું હૈડાં ભરીરે, સર્વસ કોમળ સ્યામ સ્વરૂપરે. ૩
બીજું મને નવ ગમેરે, મ્હારે સર્વસ્વ નંદકુમારરે;
મન કેડે ભમેરે, દાસ વલ્લભ પ્રભુ પ્રાણઆધારરે. ૪

(૪)

પ્રિતની વાતડીરે, જેહને લાગી હોય તે જાણેરે;
તુજ ઘેર જાતડીરે, નિર્લજ થાય તે એ રસ માંણેરે. ૧
પ્રેમ ત્યાં નેમ નહિંરે, જ્યાં પડદો ત્યાં શાની પ્રીતરે;
નેમ ત્યાં પ્રેમ નહિંરે, જગતભગતની અવળી રીતરે. ૨
પ્રીત છે માહરેરે, સજની શ્યામળીયાની સાથરે;
એવી નથી તાહરેરે, અમે વેચાણાં એઉને હાથરે. ૩
તનમન સોંપીયુંરે, હવે જે થનાર હોય તે થાયરે;

ભવોભવ અર્પીયું રે, દાસ વલ્લભ જુગલ જશ ગાયરે.૪

(૫)

કારણ શું એ કહું રે, મુજને કહાનુડાના કોડરે;
કોઇથી નવ ડરૂં રે, હરખે હૈડું મહોડામહોડરે.　૧
પ્રિત પ્રકટ કરૂં રે, સજની શેને રાખું છાનું રે;
હરખ હૈયે ધરૂં રે, મારા મનના માન્યા માનું રે.　૨
આ ભવદુઃખ ટળ્યું રે, હતું જેમ સુળી કેરૂં સાલરે;
દુરીજન દેખી બળે રે, મારે સર્વસ નંદજીના લાલરે.૩
પ્રાણના પ્રાણ સખીરે, જીવણ જસોદાજીના કહાનરે;
રાખું હૈયે લખીરે, વલ્લભ પ્રભુ શું લાગ્યું ધ્યાનરે.　૪

(૬)

રસ રસીઆ તણોરે, મીઠડો લાગ્યો જેને મનરે;
પીતાં પ્રેમ ઘણોરે, સોંપ્યાં તન મન ને વળી ધનરે. ૧
વ્રજમાં વાયછેરે, એ રસ ઉમંગ્યો અંગોઅંગરે;
અઢળક ઉર ઢળ્યોરે, રમતાં રસ વાધ્યો બેઉ રંગરે. ૨
છે રસ પ્રીતનોરે, લટકે લેતાં છુટે લાજરે;
અધર રસ લહેરનોરે, સુત પતિતજીયાં ઘરનાં કાજરે.૩
લલિતા લાલશું રે, કરતી અહોનીશ આનંદ ખેલરે;
વિલાસ ગોપાળશું રે, જેને હરિની સાથે હેલરે.　૪

ધન્ય વ્રજવાસીયારે, ધન્ય શ્રીગોકુળ જમુના તીરરે;
ભવોભવ દાસીયોરે, જેને વહાલો હળધર વીરરે. ૫
ખટરસ આંગણેરે, બીજા રસમાં સ્વાદ ન હોયરે;
વલ્લભ પ્રભુ મળ્યારે, મોહન મુખ દીઠે સુખ હોયરે. ૬

(૭)

સુણ સાહેલડીરે, મારે નંદકુંવરશું સ્નેહરે;
ઝાઝું શું કહું રે, મારા પ્રાણજીવન ધન એહરે. ૧
હાર હૈયા તણોરે, મારા ચિત્તડા કેરા ચોરરે;
મસ્તકના મણિરે, મ્હારા કાળજડાની કોરરે. ૨
ઉર લપટાવીયેરે, એ વર આવે એવું વહાલરે;
સખી હું શું કહું રે, મ્હોટું સાસરીયાનું સાલરે. ૩
આજ હું એકલીરે, મને માર્ગે મળીયો કહાનરે;
મુખ બોલ્યા વિનારે, કીધી આંખલડીમાં સાનરે. ૪
હું સમજી રહીરે, મુજને તેડી શ્રીવૃંદાવનરે,
સજની શું કરૂં રે, ન સુઝે રજનીને કાંઈ દિનરે. ૫
વહાલે મને ભોળવીરે, ચોરી લીધું મારૂં ચિત્તરે;
વલ્લભનાસ્વામિમળ્યારે, મારે પ્રાણ જીવન ધન હીતરે.૬

ધોળ ૭૦ મું.

શ્રીલક્ષ્મણ સુતનેરે હેલી, એમને નિરખું સર્વે પહેલી.૧
એમના ગુણનેરે ગાશે, તેના ભવના પ્રાશ્ચિત જાશે. ૨
સુતગોપીનાથશ્રીવિઠ્ઠલજાયાજાણીએ કલ્પવૃક્ષનીછાયા૩
પ્રકટયા દૈવી જીવ અધિકારી,
મુખ છબી ઉપર જાઉં બલીહારી. ૪
મારૂંચિત્તડુંએશુંબાંધ્યુંએમનીચરણકમળરજમાગું. ૫
ચર્ણે રાખો શ્રીવલ્લભનાથ, મ્હારે મસ્તક ધરજો હાથ.૬
શ્રીમહાલક્ષ્મીજીમહાવરઆપોમારાભવનાંબંધનકાપો.૭
પુરવા સેવક જનના કોડ, એમને સાત કુંવરનીજોડ.૮
સાત કુંવર છેરે એવા, સાતને સપ્ત સ્વરૂપની સેવા. ૯
શ્રીગોવર્દ્ધનનાથજીરેબીરાજેસેવાસાતસ્વરૂપનીછાજે.૧૦
એ શોભા જોઈ હરિદાસ ગુણ ગાયે,
એ છબી લોચન માંહે સમાયે. શ્રીલક્ષ્મણસુતને. ૧૧

ધોળ ૭૧ મું.

શુભ અષ્ટમીનો દિન કહીએ સારરે, વહાલાજી.
શ્રીવ્રજભુષણજીનું પ્રાકટય નિરધાર. મારાવહાલાજી. ૧
શ્રીવ્રજભુષણજીરૂપે રૂડા દીસેરે, વહાલાજી.

આ મારૂં મનડું જોવાને ઘણું હીસે. મારા વહાલાજી.૨
શ્રીપદ્માવતી કુખે અવતર્યા સુખકારીરે, વહાલાજી.
એ લીલા ગાજો નિત્ય નરને નારી. મારા વહાલાજી. ૩
શ્રીવ્રજભુષણજી વિઠ્ઠલવરના લાલરે, વહાલાજી.
આ અંતરઅમનેબહુલાગેછેવાહાલ. મારા વહાલાજી. ૪
શ્રીવ્રજનાથજી જોઈ હરખે મન મોહેરે, વહાલાજી.
શ્રીચારૂમતીમાજીપુલ્યાં અંગોઅંગ. મારા વહાલાજી. ૫
શ્રીગોકુળનાથજી પુલ્યા અંગે ડોલેરે, વહાલાજી.
આ વૈષ્ણવ ઉભા જેજેશબ્દ બોલે. મારા વહાલાજી. ૬
કેસરીયા ધોતી સોહીએ સુંદર નાથરે, વહાલાજી.
ઉપરણો ઓઢયોછે લટકંતે હાથ. મારા વહાલાજી. ૭
કેસર કેરાં તિલક બીરાજે ભાલરે, વહાલાજી.
શ્રીકંઠે સોહીએ ગુંજાકેરા હાર. મારા વહાલાજી. ૮
શ્રીવ્રજભુષણ શ્રીગિરિધારીલાલના તાતરે,વહાલાજી.
આ પ્રાતઃસમે ઉઠી કીધા પાઠ. મારા વહાલાજી. ૯
શ્રીદ્વારકાંનાથજી સેવોછો ઘણી રીતેરે, વહાલાજી.
શણગારઆપોનેભોગધરોઘણીપ્રીતે. મારા વહાલાજી.૧૦
શ્રીવ્રજભુષણજીશ્રીચંદ્રાવલીવહુજીનાકંથરે, વહાલાજી.
નેનકટાક્ષે ભાળે એ ગુણવંત. મારા વહાલાજી. ૧૧

શ્રીહરિ અમારે હૈયે હરખ ન માય રે, વહાલાજી.
આ ધંધુકાના વૈષ્ણવ તમને ગાય. મારા વહાલાજી. ૧૨
શ્રીવ્રજભુષણજી દુખડાનાં છો જાણરે, વહાલાજી.
પ્રીતલડી સાથે બંધાણા પ્રાણ. મારા વહાલાજી. ૧૩
શ્રીવ્રજભુષણજી ગિરિધારી ગઢના રાજારે, વહાલાજી.
આ દાન આપેને લાગે ઝાઝાવહાલા. મારા વહાલાજી. ૧૪
સોળ કળા તો સંપૂર્ણ કહેવાયરે, વહાલાજી.
આ મુખડાં જોતાં દુખડાં સર્વે જાય. મારા વહાલાજી. ૧૫
ગાંડો ઘેલો હું કાંઇ નવ જાણુંરે. વહાલાજી.
શ્રીવિઠ્ઠલવરની કૃપા હોય તો માણું. મારા વહાલાજી. ૧૬
કાલો ઘેલો દાસ તમારો જાણીરે, વહાલાજી.
શ્રીવ્રજભુષણજી વેગે લેજો તાણી. મારા વહાલાજી. ૧૭
એ શોભા જોઇ હરિદાસ બલીહારી જાયરે. વહાલાજી.
શ્રીવ્રજભુષણને દીઠે મહાસુખ થાય, મારા વહાલાજી. ૧૮

ધોળ ૭૨ મું.

મીઠડા બોલા નાથ, આવો મારા મીઠડા બોલા નાથ;
સમીતેસંધ્યાનાસીદરે ગયાતા, આવી ઉભાપ્રભાત. આ. ૧
ટોડલેટોડલે તોરણ બંધાવું, મોતીડે પુરાવું રૂડા ચોક. ૨

ગોખલે ગોખલે દીવલીયા અજવાળું,
મંગળ ગવરાવું સારી રાત. આવો. ૩
શેરીએશેરીએ સાદ પડાવું,વાટલડી જોઉંસારીરાત. ૪
એક ઘડી એકાંતે મળેતો, કહું મારા દલડાની વાત. ૫
શ્રીવૃંદાવનની કુંજગલનમાં, ફોડી મટુકીગ્રહી હાથ. ૬
વલ્લભના સ્વામિ પ્રભુ રસિક શીરોમણી,
જનમો જનમ તારે હાથ. આવો. ૭

ધોળ ૭૨ મું.

શ્રીગોકળીયું મુકીને કંઇ જઇએ નહીં,
વાસો વસીએ ચરણ કમળની છાંય જો;
શ્રીજમુનાજીના સુંદર તટ રળીયામણા,
ત્યાં મારા વહાલાજીના પરમરમણ સુખ ધામજો.શ્રીગો. ૧

જશોદા ઘાટે આનંદ સાગર ઉલટયો,
સુખ સાગરમાં ઝીલે ભક્ત સમાજ જો;
શ્રીઠકરાણી ઘાટે બેઠક સુંદર શોભિતી,
સદા બિરાજે શ્રીવલ્લભ પરમ ઉદાર જો. શ્રીગો. ૨

શ્રીગોકુળીયાની વૃક્ષ લતા સૌ નમી રહી,
ચરણ સ્પર્શવા ગોકુલપતિ મહારાજ જો;

ગિરિ ગોવર્દ્ધન રત્ન ખચિત સોહે ઘણું,
આઘ વૃંદાવન નિત્ય રમણના ઠોર જો. શ્રીગો ૩

આનંદ મંગળ મહારસ સીંધુ ઉલટયો,
કુંજ કુંજ પ્રતે ખેલે શ્રીનંદ કુમાર જો;
જે નયણે શ્રીગોકુળીઉં નિરખ્યું સહી,
તે નૈણાના ભાગ્ય તણો નહીં પાર જો. શ્રીગો ૪

શ્રીવલ્લભ ઘાટે પ્રીતમજી બેસે ઘણું,
કુંજગલીમાં ભીડ તણો નહીં પાર જો;
રંગીલી ગલી શ્રીગોકુળપતિ મંદિર જતાં,
પ્રીતમજી ત્યાં વળી લેછે દાન જો. શ્રીગો.૫

જગમોહનમાં બેઠક સુંદર શોભતી,
મનોરથ પુરે શ્રીગોકુળનો નાથ જો;
રમણ રેતીમાં રાસ મંડળ રચના કરી,
નિરખી હરખી જીવ કૃતાર્થ થાય જો. શ્રીગો.

ભેટ પહેરામણી ભાવસહીત ત્યાંહાં સહુ કરે,
તેને વહાલો આપે વ્રજમાં વાસ જો;
ઘહેરાં જળ અતિ દીસે સુંદર શોભીતાં,
એવી રીતે કહેછે શ્રીવલ્લભનો દાસ જો. શ્રીગો.

બેર બેર શ્રીજમુનાજી વિનતિ કરૂં,
નિત્ય પ્રીત રાખો ચરણુ કમળની છાંય જો;
નિજ ભક્તનકી નિજ દાસી હું તમતણી,
કીંકરી કહે મને આપો શ્રીવ્રજમાં વાસ જો, શ્રીગો.૮

ધોળ ૭૪ મું.

શ્રીગોકુળસાસરીએ જાવું, મોહનવરનું આવ્યુંછેઆણું,
લખ્યું શ્રીહસ્તતણું આવ્યું,શ્રીગોકુળસાસરીએ જાવું.૧
જાવુંછે લટકેને મટકે, મોહનવર જોઇ જોઇ મનઅટકે;
પાયે નેપૂરીયાં ઠમકે. શ્રીગોકુળ. ૨
આભરણુ પહેર્યાં છે અંગે, સખી જન શોભે છે સંગે;
મોહનવર જોઇ જોઈ મન રંગે, શ્રીગોકુળ, ૩
વાટડલીતો જોવે છે વહાલો, સખી વેગે વેહેલેરાં ચાલો;
નૈણા ભરી પ્રીતમવર નિહાળો, શ્રીગોકુળ. ૪
સાસરીયુંમનેવહાલેરૂં લાગે,ત્યાં મારીકામવાસના ભાગે;
મોહનવર જોઇ જોઇ રઢ લાગે, શ્રીગોકુળ ૫
સખી મારે આ અવસરરૂડો, અવિચલઅખંડ પહેર્યાં ચુડો;
મારે શ્રીગોકુળપતિ વર રૂડો, શ્રીગોકુળ. ૬
અદ્ભૂતલહેરતોરંગભારી,શ્રીયુમનાજળભરવીછેઝારી;

મોહનવર વારંવાર વારી, શ્રીગોકુળ. ૭
શ્રીવલ્લભ નામ સદા રટવું, નિત્ય સુજાતિમાં રહેવું;
સેવા શ્રીચરણુ કમળ સેવું. શ્રીગોકુળ. ૮

ઘોળ ૭૫ મું.

ચાલો સખી શ્રીગોકુળ જઇએ,નીર્મળ યમુનાજીન્હાઇયે;
કે અખંડ વ્રજવાસી થઇએ. ચાલો સખી. ૧
નિત્યપ્રતિ યસોદાજી ધાટે, મહાપ્રભુ ઉભા રંગીલી વાટે;
પ્રકટયા તે ભક્ત રસિક માટે. ચાલો સખી. ૨
શ્રીગોકુળપતિ દાનદીએ ભારી,અંગીકૃત્ય કીધીછે નારી;
સદા પ્રભુ મહા મંગળકારી. ચાલો સખી. ૩
પ્રાણજીવન મંદિરમાં રાજે, ભક્તતણા મહાદુઃખભાંજે;
આનંદ શ્રીગોકુળમાં ગાજે. ચાલો સખી. ૪
નૈણાંભરી પ્રીતમજી નિરખું, જન્મ સફળ કરીને લેખું;
રમાડો સ્થળ ભાવ કરી પેખું. ચાલો સખી. ૫
શ્રીગોકુળ રંગતણી રેલી, લતા દ્રુમ ફુલી રહિ વેલી;
નિરખતાં થઇ રહી ઘેલી. ચાલો સખી. ૬
સ્ફટિકમણિશ્રીગોવર્દ્ધનસોહે,શ્રીવૃંદાવનજોતાંમન મોહે;
તે સ્થળ જન્મો જન્મ જોઇએ. ચાલો સખી. ૭

શ્રીગોકુળ વસીએરે'હેલી, શ્રીમહારાણી સાહ્ય કરે વેહેલી;
ખેલું જઈ સખી સર્વે પહેલી. ચાલો સખી. ૮
શ્રીમહારાણી ઘેહેરાં બહુ ભાવે, ભક્તસહુ દર્શને આવે;
તેતો લેઇ પુષ્પે વધાવે, માધવદાસને મન ભાવે. ચાલો. ૯

ઘોળ ૭૬ મું.

ધન્ય ધન્ય રાણા રાયસંઘ હો લાલ;
હાંરે ધન્ય ધન્યરે મેવાડો દેશ,
કૃપા કરીને શ્રીનાથજી પધારીયા હો લાલ. ૧
વ્રજમાંથી વહાલોજી પધારીયા હો લાલ,
હાંરે આવી વસીયારે મેવાડે દેશ. કૃપા કરીને. ૨
તળાવે તે તંબુ તાણીયા હો લાલ,
હાંરે આવી ઉતર્યોરે મારા વ્રજનો સાથ. કૃપાકરીને. ૩
ડુંગર કોરીને વહાલે મંદિર કર્યાં હો લાલ,
ત્યાં બિરાજેરે શ્રીગોવર્દ્ધનનાથ. કૃપા કરીને. ૪
શ્રીનાથજીને શ્રીદ્વારકાંનાથજીનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રીનવનીતપ્રિયાજીરે શ્રીવિઠ્ઠલનાથજીની જોડ. ૫
શ્રીગોકુળનાથને શ્રીમથુરાંનાથનાં જોડલાં હો લાલ,
હાંરે શ્રીગોકુળચંદ્રમાજીરે શ્રીમદનમોહનજીનીજોડ. કૃપા. ૬

ત્યાં મધરોતે ગોવર્દ્ધન ભયો હો લાલ,
ત્યાં તળેટીરે ગોપાળપરૂ ગામ. કૃપા કરીને. ૭
ઝરણો તે ગોવીંદ કુંડ ભયો હો લાલ,
હાંરે ત્યાંબનાસરે શ્રીમહારાણીજીના નીર. કૃપા કરીને.૮
આસોટીયું વૃંદાવન ભયું હો લાલ,
હાંરે ત્યાં કાંકરોલીરે બંસીબટનો ચોક. કૃપા કરીને ૯
કમળ ચોકમાં ઝુલે ઘમર હાથીયા હો લાલ,
હાંરે ત્યાં ટોડલેરે રૂડા ટૌકે છે મોર. કૃપા કરીને. ૧૦
થાળ ભર્યો સગ મોતીએ હો લાલ,
હાંરે વધાવોરે શ્રીવલ્લભ પરિવાર કૃપા કરીને. ૧૧
સાકર કેરા કરા પડયા હો લાલ,
હાંરે ત્યાં દુધડેરે રૂડા વરસ્યા છે મેઘ. કૃપા કરીને. ૧૨
અજબ કુંવરીની વિનતિ હો લાલ,
તમે સુણજોરે શ્રીગિરિધરજી મહારાજ.કૃપા કરીને. ૧૩
સઘળા વૈષ્ણવની વિનતિ હો લાલ,
અમોને આપોરે શ્રીવ્રજમાં વાસ. કૃપા કરીને. ૧૪

ધોળ ૭૭ મું-

શ્રીવલ્લભ પ્રકટયા એ પ્રકટયા,

શ્રીલક્ષ્મણ ભટ્ટજીને ઘેરરે, થઈ રહી છે લીલા લ્હેરરે;
વહાલો પુષ્ટિની કરવા પેરરે. શ્રીવલ્લભ. ૧
થયાં અવનીઉપરઅજવાળાંરે, ત્રૈલોકનાતિમિરટાળ્યાંરે
વહાલે વેણુ અમારા પાળ્યાંરે. શ્રીવલ્લભ. ૨
આદરથી આવ્યાં હરિ ઘેરરે, પોતાનાની કરવા પેરરે;
શિખવી સેવા કીધી મેહેરરે. શ્રીવલ્લભ. ૩
માયા મત કીધો ખંડરે, પાખંડીને દીધો દંડરે;
એમનો જશ વાધ્યો નવખંડરે. શ્રીવલ્લભ ૪
શ્રીલક્ષ્મણ ભટજીના નંદરે, વહાલોપૂર્વજન્મનાચંદરે;
વરતાવે છે અતિ આનંદરે. શ્રીવલ્લભ. ૫
શ્રીઇલ્લમાગારૂનાલાલરે, વહાલેવૈષ્ણવઉપરકીધોવહાલરે;
દીધાં દાન કીધાં બહુ ન્યાલરે, શ્રીવલ્લભ. ૬
નવખંડમાંનવાનવાદેશરે, એમનાગુણગાયનિગમમહેશરે;
એમનો પાર ન પામે શેષરે. શ્રીવલ્લભ. ૭
સુખડાંની લહેરો જાયરે, અતિ આનંદ ઓચ્છવ થાયરે;
હરિદાસ વલ્લભ જશ ગાયરે. શ્રીવલ્લભ. ૮

શ્રીબસેંબાવન વૈષ્ણવનું ધોળ.

ધોળ ૭૮ મું.

દોહરો.

શ્રીમદ્ વલ્લભ પ્રભુને નમું શ્રીવિઠ્ઠલેશ,
સાત સ્વરૂપસહિત સઘળો વંશાત્મકવિશેષ. ૧
સેવક શ્રીવિઠ્ઠલેશજીના બસેંનેબાવન,
જેનું નામ ઉચ્ચાર માત્રથી થાય સૌ પાવન. ૨

વલણ.

ગુણ ગોવિંદદાસના ગાઇયેરે,
ચીતસ્વામિ પરમચિત્ત લઇયેરે. ૩
નંદદાસ શ્રીકૃષ્ણ આસક્તરે,
ચતુર્ભુજદાસ સદા અનુરક્તરે. ૪
નિત્ય નાગજીભાઇ ઓચરીએરે,
કૃષ્ણભટજીને મન ધરીએરે. ૫
ચાચાજી નારાયણદાસરે,
વિઠ્ઠલદાસ ભક્ત ઉલ્લાસરે. ૬
કૃષ્ણદાસ મોરારીદાસરે,
બાપ બેટા મન ઉલ્લાસરે. ૭

હરિદાસ જનાર્દનદાસરે,
રૂપ મોરારી રસ રાસરે, ૮
અલ્લીખાન વલીખાન જાદીરે,
જેમલ રજપૂત હરિ વાદીરે. ૯
માધવદાસ નાહાલચંદરે,
માધવદાસ કાયસ્થ ગુણવંતરે. ૧૦
કાયસ્થ ધણીને ધણીયાણીરે,
રૂપચંદ નંદ શુભ વાણીરે. ૧૧
એક બ્રાહ્મણ રાઘવદાસરે,
ગોપાલદાસ ગુજરાતનો વાસીરે. ૧૨
રાજા લાખાને એક બાઇરે,
હરિદાસ ખવાસ સુખદાઇરે. ૧૩
શેઠ જ્ઞાનચંદ જદુનાથરે,
ભાઇલા કોઠારી હરિ હાથરે. ૧૪
માણેકચંદને એની નારીરે,
હરજી કોઠારી ગુણ ભારીરે. ૧૫
ગોપાલદાસ બ્રાહ્મણ બંગાળીરે,
વ્યાસ ગણેશ બહુ ભાગ્યશાળીરે. ૧૬
મધુસૂદનદાસ છે હરિ વહાલારે,

એક કણુબી માળાવાળારે. ૧૭
એક વૈષ્ણુવની છે કન્યારે,
રામાનંદને પરણાવી કન્યારે. ૧૮
એક વૈષ્ણુવની બેટી ટેકીરે,
તેતો પરણી ધર્મ વિવેકીરે. ૧૯
વૈષ્ણુવ એક તરૂના સંગીરે,
પાથો ગૂજરી હરિરસ રંગીરે, ૨૦
એક વ્રજવાસી સુત નારીરે,
ગોપીનાથદાસ ગૌ ચારીરે, ૨૧
કણુબી ગુજરાતી બે ભાઇરે,
દ્વિજ પત્ની આગરાઇરે. ૨૨
એક ગોડીઓ પંડિત શોભેરે,
એક રઘુપતિ દર્શન લોભેરે, ૨૩
એક પંડિતને કહાનબાઇરે,
વૈષ્ણુવ ક્ષત્રી છે આગરાઇરે, ૨૪
મેહા ઢીમરને દ્વિજ રેડુંરે,
નારાયણુદાસ હરિને તેડુંરે. ૨૫
એક વૈષ્ણુવ સૂતરવાળારે,

રાજા આસકરણ પ્રભુ વહાલારે. ૨૬
બે હતીત પતીત તે કણબીરે,
વહુ અજબકુંવરી બેહુ ધર્મીરે. ૨૭
એક પ્રોહિત વેશ્યા કન્યારે,
ગંગાબાઇ છે પૂર્ણ ધન્યારે. ૨૮
એક રાજાને એક ધોબીરે,
બે સાચોરા રસ લોભીરે. ૨૯
એક વૈષ્ણવ મદન ગોપાળરે,
બે કણબી પટેલ રસાળરે. ૩૦
સેવક એક વિરકતરે,
દયા ભવૈયા આશકતરે ૩૧
એક વાણીઓને એક નારીરે,
એઉ પરમ વૈષ્ણવતા ધારીરે. ૩૨
એક ક્ષત્રાણી વિરકતરે,
વાઘજી રજપૂત આસકતરે. ૩૩
એક ગોપાળદાસ ભીતરીયારે,
બીજા આઠ સેવક અનુસરીયારે ૩૪
ગોપાલદાસ સીંઘલ ભોળા ભાઇ રે,
શેઠ પુત્રી દીવાનની જાઈરે. ૩૫

એક કુંઝડી રૂપાભાઇરે,
હરિદાસ સુતા સુખદાઇરે. ૩૬
એક ક્ષત્રી વૈષ્ણવ બાઇરે,
રાજા રાણી પુત્રને દાઇરે. ૩૭
શાહુકારનો બેટા વિલાસીરે,
એક વૈષ્ણવ કૃષ્ણ પ્રકાશીરે. ૩૮
એક વેશ્યા ભોવનની વાસીરે,
તે હરિગુણ માંહિ નિવાસીરે. ૩૯
પુત્રજી વડો વિરકતરે,
વેણીદાસ છીપા છે ભક્તરે. ૪૦
એક શ્યામળદાસ એક નાઇરે,
પુત્ર પઠાણનો સુખદાઇરે. ૪૧
ઓઝા દામોદરદાસ છે ભક્તરે,
બેટી શાહુકારની આસક્તરે. ૪૨
વૈષ્ણવ એક ખડબુચાવાળોરે,
શેઠ આગરાઇને મન ભાળોરે. ૪૩
એક કાપડવાળો શોભેરે,
કણબી આંજણો વૈષ્ણવ લોભેરે. ૪૪
એક શાસ્ત્રી મોરારિદાસરે,

લાછબાઇ ભાટ ગુણુ રાસરે. ૪૫
રાજા રાણી હરિ મન ભાવેરે,
એક વૈષ્ણવ ડોલ ઝુલાવેરે. ૪૬
દ્વિજ શેઠ સોની પરમાનંદરે,
મેહેરા પુરૂષોત્તમ ગુણવંતરે. ૪૭
એક બે ભાઈ ચંદન લાવ્યારે,
ચોપડા ભંડારીને મન ભાવ્યારે ૪૮
ઠગ એક દસ એક સંગીરે,
માતા બેટી હરિ રસ રંગીરે. ૪૯
એક ગૃહસ્થીને વિરકતરે,
બીજા બે ભાઈ આસકતરે. ૫૦
જીવા પારેખને જેપાળરે,
દોશી માધવદાસ દલાલરે. ૫૧
બેટો પટેલનો નિત્ય આવેરે,
બેટી પટવારીને મન ભાવેરે. ૫૨
હરિદાસ જમાઇ માણેકચંદરે,
પ્રભુએ ત્યાગ કર્યો મનરે. ૫૩
એ ગિરિની પરિક્રમા કરતારે,

એક નિત્ય ઉઠી વ્રજમાં ફરતારે. ૫૪
બે કણુબીએ કરી એવીરે,
લઈ કૂવામાં નાંખી દેવીરે. ૫૫
કણુબણ ગુજરાતની વાસીરે,
બેટી બીરબલની સુખરાસીરે. ૫૬
રાજા જોધસીંગ દક્ષિણુનારે,
વળી પ્રોહિત તેના ઘરનારે. ૫૭
સાસુ વહુ સુરતના વાસીરે,
રાજા પૂર્વનો સુખરાશિરે. ૫૮
શેઠ સુત રહેનારો ગુજરાતીરે,
એક બ્રાહ્મણી નાગર જાતીરે. ૫૯
શ્રીવિઠ્ઠલેશ શ્રીજીને રૂપેરે,
દીધું દર્શન બેને અનુપેરે. ૬૦
એક દુઃસંગ મીઠો વિરક્તરે,
બીજો ભાઇ આસક્તરે. ૬૧
વેણીદાસ છીપા છે ભક્તરે,
એક રજપૂત કાંઠાના આસક્તર. ૬૨
દ્વિજની પત્ની વૈષ્ણુવ સંગથીરે,

ખોયા કોહોડ પોતાના અંગથીરે. ૬૩
એક ન્યૂન અધિક બે આવેરે,
એક દ્રવ્ય સામગ્રી લાવેરે. ૬૪
એક કણબી ગાય ચરાવેરે,
એક રાસની રીત ચિત્ત લાવેરે ૬૫
જોડ ઠગને એક ગુજરાતીરે,
સીતાબાઇ છે દક્ષણી જાતીરે. ૬૬
એક વૈષ્ણવને એક બાઈરે,
દામોદરદાસ સુખદાઇરે. ૬૭
વડનગરમાં માધવદાસરે,
એક વૈષ્ણવ મહા વનવાસરે. ૬૮
ગુજરાતના દાસ મોરારીરે,
ભક્ત ભીમ અતિ હેતકારીરે. ૬૯
એક દાસ ગોવર્દ્ધનધારીરે,
રામદાસ પરમ આચારીરે. ૭૦
જીયાદાસને નરહરિદાસરે,
રાજા ટોડરમલ્લ સુખરાશરે. ૭૧
નરશીદાસને પીતાંબરદાસરે,

ધર્મરાજા ગોપાળ પ્રકાશરે. ૭૨
એક બ્રાહ્મણ માધવદાસરે.
એક વહેપારી સુખરાસરે, ૭૩
એક બ્રાહ્મણને એક નારીરે,
એક સ્ત્રી છે સુખકારીરે. ૭૪
એક જન ભગવાન બે ભાઇરે.
એક હીમલ્લ સુખદાઇરે. ૭૫
દ્વિજ પત્ની પત્ની પટેલરે,
એક સોદાગર રસ રેલરે. ૭૬
મીસ્રીદાસ ચતુર્ભુજ ભાવેરે,
ગોપાળદાસ ગોરવા કહાવેરે. ૭૭
એક ક્ષત્રી રઘુનાથરે,
ઓધો તરવાડી હરિ હાથરે. ૭૮
દેવ ઇશ્વરદાસ સાચોરારે,
સંતદાસ ક્ષત્રિ ગુણ ગોરારે. ૭૯
ક્ષત્રિ સુતને સુત બ્રાહ્મણનોરે,
એક વૈષ્ણવ રાજનગરનોરે. ૮૦
વૈષ્ણવ ભગવાનદાસ સોહાવેરે,
એક દક્ષણી વૈષ્ણવ આવેરે. ૮૧

સ્વામિ કૃષ્ણદાસ વિલાસીરે,
એક ક્ષત્રિ મથુરાં વાસીરે. ૮૨
દ્વિજ જોષી રાજા ભીમારે,
શાહુકાર સુત સુખ સીમારે. ૮૩
એક ક્ષત્રિ જાદવદાસરે,
હરિજન મથુરાં વાસરે. ૮૪
શાહુકાર વળી ક્ષત્રાણીરે,
એક વ્રજવાસી શુભ વાણીરે. ૮૫
દાસ પુરૂષોત્તમ પોકરણારે,
વળી દુર્ગાદાસ ગુણ ગણાણારે. ૮૬
ક્ષત્રિ ચોપડા ધ્યાનદાસરે,
લક્ષ્મીદાસ ગુજરાતમાં વાસરે. ૮૭
તારાચંદને ચતુર બીહારીરે,
વૈષ્ણવ ગુજરાતી અતિ ભારીરે. ૮૮
હરિદાસ મોહનદાસરે,
માધો સાર સુત ગુણ રાસરે. ૮૯
દ્વિજ બેટી ક્ષત્રિ કન્યારે,
એક ચોર સેવક થયો ધન્યારે. ૯૦

એક ઉત્તમ શ્લોકદાસરે,
ખેડાવાળ ભક્ત રસ રાસરે. ૯૧
સાસુને સસરો જ્ઞાનીરે,
રજપૂતની બેટી પરમાણીરે. ૯૨
સાચોરા દ્વિજ આનંદદાસરે,
એક ભીલડી છે સુખરાસરે. ૯૩
સધનદાસ દેવાદાસ કણબીરે,
રાજપુત્ર મોહનદાસ ધર્મીરે. ૯૪
નરનારી વસે છે પ્રયાગરે,
માધવદાસ સુરત અનુરાગરે. ૯૫
ભટ્ટ કલ્યાણજી વીરાબાઇરે,
મહારાજ પુરૂષોત્તમ સુખદાઇરે. ૯૬
રૂડા રતનજી અધિકારીરે
રૂપબાઇ પરમ ગુણ ભારીરે. ૯૭
વૈષ્ણવ ક્ષત્રિ છે આગરાઇરે,
એક મહીધરને ફુલબાઇરે. ૯૮
દેવ ભીમ ભંડારીરે,
રાજા માનસિંહ અધિકારીરે. ૯૯

હવે પ્રોહિત સુત વિખ્યાતરે,
કૃષ્ણદાસ ગોરવા જાતરે. ૧૦૦
વડનગરા માધવદાસરે,
દ્વિજ ઉજ્જેણીના સુખ રાસરે. ૧૦૧
નારાયણદાસ સનોડીયા જ્ઞાનીરે,
લક્ષ્મીદાસ રજો ક્ષત્રાણીરે. ૧૦૨
રાજા બીરબલને તાનસેનરે.
આનંદનાપરી સુંદર બેનરે. ૧૦૩
વેણીદાસ દામોદરદાસરે,
વીજાનગરીમાં વાસરે. ૧૦૪
એક એક ફળ લખી લીધુંરે,
લખી સ્વરૂપ હૈયામાં લીધુંરે. ૧૦૫

વલણ.

યથામતિએ કહ્યા છે, વળી બીજા છે અપાર;
પરમ તત્વનું તત્વ છે, એ ભક્તના આધાર. ૧૦૬
ભક્તરાજ શિરોમણિ, ને એકનો આધાર;
કર્યા છે વળી કરે છે, વળી કરશે નિરધાર ૧૦૭
તે માટે સર્વે પ્રાતઃઉઠીને, નામે કરો કરાહાર;
કંઠમાં ધારણ કરો તો, હરિ મળે સુખસાર. ૧૦૮

સર્વે ભગવદીને નમન કરીને, એજ માગું નેમ;
શ્રીવિઠ્ઠલવરની સૃષ્ટિ ઉપર, રહો દુર્લ્લભ પ્રેમ.૧૦૯

ધોળ ૭૯ મું.

સખી આજનો લ્હાવો લીજીએરે,
કાલ કોણે દીઠી છે. ટેક.
ફુલની ગાદીને ફુલના તકીયા,
ફુલના બીછાનાં બીછાવીએરે. કાલ. ૧
સોનાનાં સોગઠાં ને રેશમની ચોપાટ,
રૂપાના પાસા ઢળાવીયેરે. કાલ. ૨
સોનાનું પારણું ને રેશમની દોરી,
હરખે શ્રીનાથજી ઝુલાવીએરે. કાલ ૩
વાણીના મેહુલા ને આનંદની હેલી,
સુખને સરવડે ભીંજાઇએરે. કાલ. ૪
વલ્લભના સ્વામિ પ્રભુ રસિક શિરોમણિ,
વળી વળી મુખડાં નિહાળીએરે. કાલ. ૫

ધોળ ૮૦ મું.

ચાલોતો શ્રીજી જઇએરે, શ્રીમુખ સુંદર જોવાને;
આવો તો તત્પર થઇયેરે, શ્રીમુખ. ૧

મને ઘરમાં લાગે ઘેલુંરે. શ્રીમુખ.
હું તો કાંઇ ન સમજી પહેલુંરે. શ્રીમુખ. ૨
હું તો ઘરનો ધંધો ભુલીરે. શ્રીમુખ.
હું તો અંગોઅંગે ફુલીરે. શ્રીમુખ. ૩
મને ભુખે ભોજન ન ભાવેરે. શ્રીમુખ.
સેજડીએ નીંદ્રા ન આવેરે. શ્રીમુખ. ૪
મારા મનમાં મનમથ વસીઆરે. શ્રીમુખ.
મારૂં કામ સકામે ધસીયુંરે. શ્રીમુખ. ૫
મોરલીમાં કામણ કીધારે. શ્રીમુખ.
મારાં મન હરીને લીધાંરે. શ્રીમુખ. ૬
કોઇ નંદજીનો લાલ મીલાવોરે. શ્રીમુખ.
જસોદાજીના પ્રાણ આધારરે. શ્રીમુખ. ૭
એવા રસિકરાય ગિરિધારીરે. શ્રીમુખ.
દાસનો દાસ જાય બલિહારીરે. શ્રીમુખ. ૮

ધોળ ૮૧ મું.

શ્રીગોકુળ ગામ સોહામણુંરે, રૂડાં જમુનાનાં નીર;
શ્રીગિરિધર ગાયો ચરાવતાંરે,જોયા હળધરવીર.શ્રીગો.૧
મોર મુગટ મુસ્તકે ધર્યોરે, બાંધી કસુંબલ પાઘ;

શિષ પુલે શોભા ઘણીરે, વેણી વાસુકી નાગ, શ્રીગો. ૨
લર લટકન સીરપેચ છેરે, કુંડલ ઝળકે છે કાન,
વાંકાં તે નયન સોહામણાંરે, ભ્રૃકુટીકામનાંબાણ.શ્રીગો. ૩
અલક તિલક અલકાવલીરે, ઘુઘરવાળા છે કેસ;
નંદ જસોદાના લાડીલારે,વહાલો નટવર ભેખ.શ્રીગો. ૪
નકવેસર મુક્તામણિરે, માંહી નંગ જડયાં લાલ;
હડપચીએહીરલોઝગમગેરે, અધરબીંબરસાલ. શ્રીગો. ૫
બાંહે બાજુબંધ બેરખારે, ફુમક લટકે છે સાર;
કડાંપહોંચીને હાથ સાંકળાંરે,ઉરગજ મોતીનાહાર.શ્રીગો.૬
કટી મેખલા કટી કાછનીરે, સોહે લાલ ઇજાર;
ચરણે વાગે ઘુઘરારે, વાગે ઝાંઝરનો ઝમકાર. શ્રીગો. ૭
કર લકુટી મોરલી ધરીરે, ઉભા જમુનાંને તીર;
સંગે તે સરખા ગોવાળીયારે,રાખી રોકી વ્રજનાર.શ્રીગો.૮
ટોળે મળી સૌ સુંદરીરે, મહી વેચવાને જાય;
મારગડા રોકી રહ્યારે, રૂડા જાદવરાય. શ્રીગો. ૯
તો મટુકી ફોડીને મહી ઢોળીયાંરે, તોડયો નવસર હાર;
ફાડીમારીનવરંગચુંદડીરે,કરીયેકયાંજઇ પોકાર.શ્રી. ૧૦
છેડલો છોડો છેલ કહાનજીરે, જાવા થાય છે અવાર;
ઘેર સાસુજી ખીજશેરે, ગાળ દેશે ભરથાર. શ્રીગો. ૧૧

સર્વ સખી વિનતિ કરેરે, લાગે હરિને પાય;
તમે જીત્યાને હમેહારીયાં રે,દાસદેખીગુણગાય.શ્રીગો.૧૨

ધોળ ૮૨ મું.

ધન્ય આજની ઘડી રળીયામણી,
હાંરે મારા વહાલાજી પધાર્યાનીવધામણીહોજીરે.ટેક.૧
હાંરે હું તો કદલીના સ્થંભ રોપાવતી,
હાંરે મારા વહાલાજીના મંડપ રચાવતી હોજીરે. ૨
હાંરે પુરે પુરે સોહાગણુ સાથીયો,
હાંરે જેમ મલપતો આવે હરિ હાથીયો હોજીરે, ૩
હાંરે હું તો મોતીડાના ચોક પુરાવતી,
હાંરે મારા વહાલાજીની આરતી ઉતારતી હોજીરે. ૪
હાંરે હું તો ફુલડાના કોટ ચણાવતી,
હાંરે મારા વહાલાજીની સેજ બીછાવતી હોજીરે. ૫
હાંરે હું તો જાઉં શ્રીવલ્લભકુળને વારણે,
હાંરે મહેતાનરસીયાનો સ્વામિ ઉભો બારણે હોજીરે.૬

ધોળ ૮૩ મું.

ગંગાબાઇએ તે ઝઘડો માંડીયો,
શ્રીગિરિધરજીના લખ્યા પ્રમાણ;

વારી જાઊં શ્રીનાથને. ૧
પાદશાહએ તે પરવાનો મોકલ્યો,
તમે છોડો શ્રીગોકુળ ગામ. વારીજાઉં. ૨
વ્રજવાસીએ મનમાં વિચારીયું,
આપણા સામા બાંધ્યા હથિયાર. વારીજાઉં. ૩
નવખંડ ભૂમિ આપણી,
ચોદશ ચોબાજીનું રાજ. વારીજાઉં. ૪
બાબાજીએ શ્રીગુસાંઇજીને એમ કહ્યું;
અજબબાઇને આપ્યાં છે વરદાન. વારીજાઉં. ૫
પાદશાહનું તે અહીં શું ઉપજે.
મારી ઇછાએ છોડું શ્રીગોકુળગામ. વારીજાઉં. ૬
શિવ શેષ વિરંચિ રટણ કરે,
સુરીનર સરખા પાર પામે નહીં,
અજબબાઇને થયો છું આધીન. વારીજાઉં. ૭
વ્રજથકી તે વહાલોજી પધારીયા,
આવી ઉતર્યા મેવાડે દેશ. વારીજાઉં. ૮
ગામના રાજાને આવીરે વધામણી,
આપણા નાથજી આવ્યા નજીક. વારીજાઉં. ૯

રાણા રાયસંગે મનમાં વિચારીયું,
આપણે શી શી કરીશું ભેટ. વારીજાઉં. ૧૦
વહાલે તળાવે તંબુ તાણીયા,
મહી ઉતર્યો શ્રીગુસાંઇજીનો સાથ.વારીજાઉં.૧૧
વહાલે ડુંગર કોરીને મંદિર કર્યાં,
મહી પધરાવ્યા શ્રીગોવર્દ્ધનનાથ. વારીજાઉં. ૧૨
વહુ બેટી તે હીંડે મલપતાં,
હીંડે ઝાંઝરને ઝમકાર. વારીજાઉં. ૧૩
બનાસ તે જુમનાં જળ ભર્યાં,
વડલો તે બનસીબટ. વારીજાઉં. ૧૪
અજબબાઇએ તે વિનતિ એમ કરી,
જે કોઇ ગાય શીખેને સાંભળે,
તેનો લીલામાં થાજો વાસ. વારીજાઉં. ૧૫

ધોળ ૮૪ મું.

શ્રીગોવીંદરાયજીરે,રસીયા,મારાહૃદેકમળમાંવસીયા. ૧
શ્રીમુખસુંદરરે દીસે, નિજ જનનાં મન જોવા ઇચ્છે. ૨
ભાલ તિલકરે બીરાજે, ભ્રગુટી ધનુષ સમાનબીરાજે. ૩

કાને કુંડલરે ઝળકે, જાણે ચપળા વીજળી ચમકે. ૪
હળવે મધુરૂંરે બોલે, એ વચનામૃત નહિ કો તોલે. ૫
શ્યામળ વરણેરે સોહીયે, નીર્ખંતાભવદુઃખડાંખોઇયે. ૬
ચંચળ વર તનેરે ચાલે, હસતાં વૈષ્ણવ સામું ભાળે ૭
સુંદરતાનીરે સીમા, લોચન તલપે અમૃત પીવા. ૮
શ્રીવિઠ્ઠલેશરાયજીરે માથે,જુગજુગજોડી બીરાજે સાથે. ૯
શ્રીવિઠ્ઠલેશરાયજીરેલાલા, શ્રીગોકુલઓચ્છવજીશું ઘણુંવ્હાલા.
પુત્રશ્રીગોપેશ્વરછોગાળા, શ્રીલક્ષ્મીનરસીંહદીનદયાળા.૧૧
અનુભવગ્રંથતણાવિસ્તાર,શ્રીહરિરાયજી પ્રકટા બીજીવાર
એસુખનિજજનનેઘણું દેછે,શ્રીભાગવતસદાનીરંતરકહેછે.
પ્રકટયાશ્રીપુરૂષોત્તમઅવતાર, એમનીલીલાઅપરંપાર.૧૪
એમનાગુણનેરેગાઇયે, ચરણ કમળ રજ લેવા જઇયે. ૧૫
એવા સ્વામિશ્રીસમર્થમાથે, પ્રકટયાદૈવી જીવને કાજે. ૧૬
સકળ મનોર્થરે સીધા, મનવાંછિત ફળમાગ્યાં દઇછે. ૧૭
શ્રીવ્રજભુષણનારેસ્વામિ,ચરણકમળ વંદુ શિરનામી. ૧૮

श्रीसूरदासजी कृत सेवाफळ.

ધોળ ૮૫ મું.

ભજોગોપાળભૂલમતજાઓ, મનુષ્યાદેહિમેં એહીહેલ્હાવો ૧
ગુરૂસેવા કર ભક્તકમાઇ, જબતે મનુષ્યા દેહી પાઈ. ૨
જદ્દકુસ્મરીએ દેવ, નિતપ્રત્ય કરીયે હરિકી સેવ. ૩
સુનો સંત સેવાકી રીત, કરો ક્રિયા મન રાખો પ્રીત. ૪
પ્રાતઃઉઠી શ્રીકૃષ્ણકું ગાવે, જો ફળ માગે સો ફળ પાવે. ૫
જીને ઠાકોરજીકોદર્શનકીનો, જીવનજન્મસફળકરીલીનો. ૬
જે ઠાકોરજીકી આરતી કરે, ત્રણલોક તાકોં પાયન પરે. ૭
જે ઠાકોરજીકું કરે પ્રણામ, વૈકુંઠ હે તાકો નિજધામ. ૮
જોહરિકો સ્મરે નામ, તાકું કુશળ નિત્ય પૂરણ કામ. ૯
જો ઠાકોરજીકું ધ્યાનમાં લાવે, ધ્રુવપ્રલ્હાદકી પદવી પાવે. ૧૦
જેને હરિકોચર્ણામૃતલીનો, વૈકુંઠલોક અપનો કરિલીનો ૧૧
જોહરિઆગળવાજીંત્રબજાવે, ત્રણલોકરાજ્યધાની પાવે. ૧૨
જોહરિકું સ્નાન કરાવે, ગર્ભયોનિમાં કબહુ ના આવે. ૧૩
જોહરિકું કરે શૃંગાર, તાકોહે પૂરણ અંગીકાર. ૧૪
જોઠાકોરજીકું દર્પણદીખાવે, ચંદ્રસુરજતા કુશીરનમાવે. ૧૫
જોઠાકોરજીકું તુલસી ચઢાવે, તાકી મહીમા કંઇનાઆવે ૧૬

જોઠાકોરજીકું કિર્તન સુનાવે, તાકું ઠાકોરનિકટબોલાવે૧૭
હરિમંદિરમેં દીપકકરે, અંધકૂપ ભવમે નહી પરે. ૧૮
જોઠાકોરજીકીસેજબિછાવે,નિજપદપાવેદાસ કહાવે. ૧૯
જોઠાકોરજીકુંપારણેઝુલાવે,વૈકુંઠસુખઅપનેઘર લાવે. ૨૦
જોઠાકોરજીકુંધરાવેભોગ,તાકું પરમાનંદ નિત્યજોગ. ૨૧
પાવે પદવી જશોદામાત,તાસુખકીકછુકહીન જાત. ૨૨
ગ્વાલમંડલીસુંગોપાળજગાવેસોઠાકોરજીકુંસખાકહાવે૨૩
જોગોકુળગોવર્દ્ધનલીલાગાવે,ચર્ણકમળરસતબહીપાવે ૨૪
જોવૈષ્ણવતાદૃશીયકહાવેતાકીસંગતનિત્યપ્રતિ હોવે ૨૫
શ્રીભાગવતસુણેઆદરકરી,તાકેહૃદેમેં વસે શ્રીહરિ. ૨૬
જોઠાકોરજીકુંભોગધરાવે, સેવાકો ફળ તબહીપાવે. ૨૭
જેકરેશ્રીજમુનાજળપાન, સોઠાકોરકેરહે સન્નિધાન. ૨૮
મંદિરમાં જો કરે બુહારી, કબહુનદેખેજમકીદ્વારી. ૨૯
જેનેઠાકોરજીકીગાગરઆણી,વૈકુંઠલોકઅપનેસ્થાન ઠરાની
જોઠાકોરજીકોમંદિર લીપે, મનુષ્યજન્મતે જનજીતે. ૩૧
જોઠાકોરજીકો સીધો બીને,જીતનોતીર્થતીતને કીને ૩૨
જો ઠાકોરજીકો બીને ફુલ, સદા બસે કાલંદિકે કુલ. ૩૩
જો ઠાકોરજીકી માળા પ્રોવે, સોપરમ ભક્તકાહાવે. ૩૪

જોઠાકોરજીકું ચંદનલગાવે,ત્રિવિધિતાપતાકુસમાવે. ૩૫
જોઠાકોરજીકોવાસણધોવે,સદા સર્વદા નિર્મળ હોવે ૩૬
જોહરી કીર્તન મુખે કરે, મુક્તિ ચારતાકેપાએપરે. ૩૭
સેવામાં જો આળસ કરે, કુકૂર હોયકે ફીરફીરમરે. ૩૮
મન સાચે જો સેવા કરે, તબહી સેવા પૂરણ કરે. ૩૯
સેવાકે આશરે રહીએ, સુખ દુઃખ સબહી સહીએ. ૪૦
જો સેવામાં સંદેહ લાવે, કોટી જન્મ પ્રેતકું પાવે. ૪૧
વેદપુરાણશાસ્ત્રજોભાખે,સેવાકોરસ વ્રજ જનચાખે ૪૨
સેવાકી અદ્‌ભુત રીત, શ્રીવિઠ્ઠલનાથસોરાખોપ્રીત. ૪૩
શ્રીમહાચાર્યજીએપ્રકટબતાવીકૃપાકરીતાકેમનભાવી૪૪
સેવાકો ફળ કહી ન આવે, સૂરદાસપ્રભુહૃદેમેંભાવે ૪૫

ધોળ ૮૬ મું.

આવો આવોરે સુહાગી વલ્લભીયાનો સાથ,
સખી મેવાડે પધાર્યા, શ્રીગોવર્દ્ધનનાથ. ૧
સખી મનક્રમ વચન, તજો એહના કાજ;
મેલો વેદ મર્યાદા ને કુળની લાજ. ૨
છોડો માત પિતા પતિ સુત પરિવાર,
આપણે નયણે નિરખો શ્રીનંદકુમાર. ૩

વહાલો રૂપે છે રૂડલા ને ભીનલે વાન,
ગહ્વસ્થળ મંડીત કુંડલ કાન. ૪
બીરાજે અલક તિલક જાણીએ કંચન રેખ,
નાસા ગજમોતીને નટવર ભેખ. ૫
શિષ પાઘ સોરંગી ઉપર ચંદ્રિકા મોર,
વહાલો મનોહર મૂર્તિને ચિત્તડાનો ચોર. ૬
વ્હાલો બંક અવીલોકની ભ્રગુટી કમાન,
એઉના નયણુ અણીયાળા મદન શ્યાબાણુ. ૭
વ્હાલો ચંચળ ચપળતા વારૂં ખંજન મીન,
શોભા જોઇને મૃગ થયા આધીન. ૮
બીંબાધર છે અતિ અરૂણ પ્રવાલ,
મુખ માધુરી માધુરી વાંસલડી રસાળ. ૯
જીરે કુસમ ઝરે મદ મુસકની હાંસ,
ઝળકે દંત દાડમ જેમ બીજ પ્રકાશ. ૧૦
કંઠે કંઠસરી ગળે ગુંજાનો હાર,
બાજુબંધ પોંહોચીને ઝુમકસાર. ૧૧
પાય પોહલ નૂપુરનો ઠમકાર,
ચાલે ગજગતિ ચાલ ઘુઘરી ઘમકાર. ૧૨

કટી કાછની કીંકણીનો ઝમકાર,
પાય અણુવટ વીંછીઆનો ઠમકાર. ૧૩
જીરે સોળ કળાએ ઉદયો ચંદ,
વ્રજ જુવતી સુંદરીને મન ઉમંગ. ૧૪
એઉની આરતી ઉતારે શ્રીવલ્લભરાય,
શોભા જોઇ જન વલ્લભ બલિજાય. ૧૫

ચાખડીનું ઘોળ.

ઘોળ ૮૭ મું.

ચાલો સખી નિરખીયે નંદકુમાર,
લટકંતા આવે હરિ દીનદયાળ.
જોજો સખી છેલછબીલા હરિની ચાલ,
કીયેને ચતુરે ઘડી હરિની ચાખડીરે લોલ. ૧
બેસણીયે કાંઇ ધર્યાંરે મુનિવરે ધ્યાન,
લાંકમાં કાંઈ લખ્યાંરે નાગરવેલ પાન;
ચરણ સકોમળ કંકુવરણે વાન
કારીગરે કોરીને ફરતી મેલી પાંખડીરે લોલ. ૨

પાનીએ કાંઇ હંસ પોપટને મોર,
મુસ્તક ભમરીને ઉપર બોર;
તેની આગળ શોરે હમારો તોલ,
ઝીણી ઝીણી ઘુઘરી શબ્દ કરે ઘણારે લોલ. ૩

સાંકળીયો કાંઇ ગાંઠીરે સોના કેરે તાર,
હીરા માણેકે ગુંથ્યા હરિના હાર;
ફુલના પીછોરા કીધા વહાલે ભાર,
પીળાંને પચરંગી બીરાજે હરિને ફુમતાં રે લોલ. ૪

લંગરમાં કાંઇ સૂરજ રત્નને ચંદ્ર,
હાથે છે હીરલોને પહોંચીયે નંગ;
તે તો દેખી મ્હારૂં મન થાય ઉછરંગ,
આંગળીયોમાંવીંટીને અંગુઠામાંઆરશીરે લોલ. ૫

કાષ્ટના કકડાની કીધી વહાલે સાર,
એટલે ને શીદ લે અમારી સંભાળ,
પાહુલીઆના પુન્ય તણો નહી પાર,
પહેરીને પધાર્યા ગોવાળીયાની ઘેરમાંરે લોલ. ૬

એક એક સાનમાં સમજી જાય,
જેને જેવા ભાવ હોય તેવા ગુણ ગાય;

પ્રથમ નિરખું ને પછી લાગું પાય,
શ્રીવલ્લભકુળને નાથે તેસૌનેલીધાં લહેરમાં રેલોલ.૭

ધોળ ૮૮ મું.

હું બલિહારી તૈલંગ કુળ દીપક,
શ્રીલક્ષ્મણ તાતનેરે લોલ;
તે કુળ પ્રકટયા શ્રીવલ્લભ દેવ,
જગત હિતકારણેરે લોલ. ૧

એમના બેઉ સુત છે પરમ કૃપાળુ,
કે ચતુર શિરોમણિરે લોલ;
શ્રીગોપીનાથ શ્રીવિઠ્ઠલનાથ,
કે અમ શિર એ ધણીરે લોલ. ૨

તે શ્રીવિઠ્ઠલનાથના સાત,
કે કુંવર પ્રકટયા સહીરે લોલ;
જાણીએ પોતે સાત સ્વરૂપ,
કે ધરીને પ્રકટયા મહીરે લોલ. ૩

શ્રીગિરિધરજી પરમ સુશિલ,
કે શુભટ અતિ શોભીતારે લોલ;

શ્રીગોવીંદરાય તણું મુખ ચંદ,
કે ભક્તજન લોભતારે લોલ. ૪

શ્રી બાળકૃષ્ણજીના અતિશય નીલ,
કે ચરણ ચિત્ત લાવીએરે લોલ;
શ્રીગોકુળનાથજીના ચરણની રેણ,
કે જગતમાં કહાવીયેરે લોલ. ૫

ચતુર શિરોમણિ શ્રીરઘુનાથ,
કે તેના ગુણ ગાઇએરે લોલ;
શ્રીજદુનાથજીના ચરણ સરોજ,
કે તેને દુર્લભ ધારીયેરે લોલ. ૬

સમર્થ વેદ તણો અતિ વર્ણવ,
કે ગુણ ઘનશ્યામનારે લોલ;
રાખો ચરણ કમળની છાંય,
કે પોંહોચે કામનારે લોલ. ૭

સાત સ્વરૂપ તણો નિજ વંશ,
કે જગતમાં બિરાજજોરે લોલ;
સકળ સ્વરૂપના ચરણની રેણ,
કે અમ શિર ગાજજોરે લોલ. ૮

એ શ્રીવલ્લભનો નિજવંશ,
કે જગત હિતકારણેરે લોલ;
શ્રીવ્રજભૂષણ જોઈ મુખચંદ્ર,
કે જાયે વારણેરે લોલ. હું બલિહારી. ૯

ધોળ ૮૧ મું.

હુંબલિહારીતૈલંગકુળદીપક, શ્રીલક્ષ્મણતાતનેરે લોલ;
જે કુળપ્રકટચાશ્રીવલ્લભદેવ,જગતહિત કારણેરે લોલ. ૧
માધો માસ કૃષ્ણ એકાદશી, ભર વૈશાખનીરે લોલ.
પ્રકટ ધરીયું અગ્નિ મધ્યે કે, અગ્નિરૂપ સહીરે લોલ. ૨
સંવત પંદરસે પાંત્રીસ કે, વાર ગુરુ ખરોરે લોલ;
સર્વેસર્યાસેવકનાંકાજકે, વ્રજજન આવીમળ્યારે લોલ.૩
જીવને આપ્યાંદાન અનેક, કે વાર ન લાગીઘણીરેલોલ;
પુષ્ટિમાર્ગ ચાલ્યો મરજાદકે, મર્યાદા ક્ષણુંરે લોલ. ૪
જગતને દ્રઢ કરવાને કાજ કે,શ્રીજીઆવીમળ્યારે લોલ;
વાકય કહ્યું શ્રીકૃષ્ણની પ્રત્યે કે,બેઉએકાંતમળ્યારેલોલ.૫
જીવ હેત રાખ્યો નિરધાર કે, લઈ ચરણે ધરોરે લોલ;
લાવી સોંપો અમારા ચરણ, કે દ્રઢ રાખશુંરે લોલ. ૬
એવાં વચન શુણીને હસીયા, કેજીવને દયા કરીરેલોલ;

નિશ્ચે વચન કહ્યું પ્રમાણ કે ત્રણવાર ફરીફરીરે લોલ. ૭
પછી વિચાર્યું દીનદયાળ, કે ત્યાં હરસાણી સહીરે લોલ;
પુછવા લાગ્યા દીનદયાળ, કે કહો કછુકહા સુનીરેલોલ૮.
ત્યારે શિષ નમાવ્યું દાસ, કે હું સમજ્યો નહીંરે લોલ;
કૃપાનાથે કૃપા કરીકહ્યુ, કે સાંભળ દ્રઢ કરીરે લોલ; ૯
ભક્તજન ઉપર દયા ઘણેરી, કે હરસાણીયે લહ્યુંરે લોલ;
ભક્તનેઆપ્યાદાનઅનેક, કે મનઆનંદ ઘણોરે લોલ.૧૦
વહાલે ઓધાર્યા અનેક, કે જગ વિસ્તારનેરે લોલ.
પ્રથમહરિહળધર પ્રકટયા, કે રચના શી કહુંરે લોલ.૧૧
માયાવાદ ટાળ્યો ભાર, કે પ્રભુ સમર્થ સહીરે લોલ;
ત્યાંથીઆગળચાલ્યોવિસ્તાર કેસાતમધ્યેરત્નમણિરેલોલ.
વ્રજનાજીવનએ વિશ્રામ, કે શ્રીગોકુળનાથ ધણીરે લોલ;
જેણેજીત્યા ખલપાખંડ, કેશાહજાંહાંગીર સહીરે લોલ;૧૩
આપી ગજ મુક્તાની માળ કે, પ્રભુ રાખે નહીરે લોલ;
લઇનેસોંપીશ્રીજમુના મધે, કેજમુનાએહાથે ગ્રહીરે લોલ.
ત્યારે કહી જાંહાંગીરનેવાત, કે શાહે માની સહીરે લોલ;
માળાદેજો અમારી નાથ, કે બદલે ફરી કરૂંરે લોલ. ૧૫
શાહને લઇબેઠા પ્રભુ નાવ, કે રૂપજમુનાએ ધર્યુંરે લોલ;
માળાઆપીતતક્ષણહાથ, કે શાહ રીજ્યોઘણુંરે લોલ.૧૬

એ સુખ નિરખે વલ્લભદાસ, કે મનઆનંદઘણો રે લોલ;
હું બલિહારી તૈલંગકુળદીપક, શ્રીલક્ષ્મણ તાતને રે લોલ.

ધોળ ૯૦ મું.

સુરજ ઉગી ઉદે થયો;
સર્વે સંસારીને મોહ રહયો.
લાલા લહેરી તું રંગીલો. ટેક. ૧
કાને કુંડલ મકરાકૃતિ,
હું તો શ્રીદ્વારકાંનાથજીના મુખ જોતી. લાલા. ૨
શેરીએ શેરીએ ફુલડાં વેરૂં,
આવતાં જતાં તમને ઘેરૂં. લાલા. ૩
મારે ઘેર આવજો દહાડી દહાડી,
મારે ઘેર ફુલ ચંપાની છે વાડી. લાલા. ૪
મારે ઘેર આવો લટકે મટકે,
લવીંગ સોપારી બાંધુ બે પટકે. લાલા. ૫
મારે ઘેર આવો હરિ રૂમ ઝમતા,
તમે મારી સાસુ નણંદને છો ગમતા. લાલા. ૬
ઓરા આવો ચોટી ઓળું,

પલંગપર પોઢો તો હું વા ઢાળું. લાલા. ૭
મારે ઘેર આવો હશેમશે,
દુધ સાકરિયાં પાઉં રસેરસે. લાલા. ૮
મારે ઘેર આવો તો રમાડું,
ઘરમાં પધારો તો જમાડું. લાલા. ૯
મેં તો તમ સાથે પ્રીતિ બાંધી,
છોડાવી નવ છુટે હીરની ગાંઠી. લાલા. ૧૦
દાસ વલ્લભ કહે ચરણે લાગું,
તેથી મારા જન્મો જન્મના ભય ભાગું. લાલા. ૧૧

रासनो गरबो.*

घोळ ९१ मुं.

શરદપુનમની રાત, નંદસુત બંસી બજાવી,
રાસરમણની વાત, લાલના મનમાં ભાવી. ૧
યમુના પુલિન પુનીત, શીત સૌરભ મંદાનિલ,
પરસેં વાધી પ્રીત, કામરસ થયું મન પંકિલ. ૨
રજની પતિ સુખદાન, કહાન દેખી મન હરખ્યા,
બંસી બજાવી કહાન, તાન મોહની રસ વરખ્યા. ૩

---

*મુંબઇવાળા ગોસ્વામિ શ્રીજીવનજી મહારાજ કૃત.

સાખી.

બંસી ધ્વનિ સુણિ સુંદરી, જન મન વધ્યો અનંગ,
વિહ્વલતા પરવશ થયાં, ચિત્ત ચાલ્યું શ્યામનેસંગ. ૧
કોઇએજમતાતજ્યા ભરથાર,બહારશિશુમેલ્યાંરમતાં,
ઉલટા કર્યા શણગાર, નાર તજ્યાં મજ્જન ગમતાં. ૪
કોય ઉલટાં પહેર્યાં વસ્ત્ર, આશ અંતરમા હરિની,
દોહોતી મેલી ગાય, જાય જાણે* કરિ પ્રતિ ×કરિણી. ૫
ગુરૂજનની તજિ લાજ, કાજ મનનાં સિદ્ધ કરવા,
તોડી મરજાદાની પાજ, સાજ સાજ્યો રસ ભરવા. ૬

સાખી.

સદન તજી સૌ સુંદરી, ચાલ્યાં હરિની પાસ,
સરિતા જેમ સાગરભણી, મન રાસ રમણની આશ. ૨
ચલ કચ કુચ મણિહાર, અપાર શોભા તે ક્ષણમાં,
શ્રમનો મન ન વિચાર, સાર વાધ્યો ઘણો તનમાં. ૭
કાલિંદીને કૂલ, ફૂલ તરૂ ફૂલ્યાં સુંદર,
કમળ કુમુદ અનુકૂળ, થયો તે સ્થળ સૌરભ ભર. ૮
ચંદ્ર ચંદ્રિકામાંય, ચંદ્રમુખિ ચપલા જેવી,
નંદનંદન ઘનછાય, બની એ શોભા કેવી. ૯

* હાથી. × હાથણી.

સાખી.

કાલિંદી તટ નિકટમાં નટવર ગોકુલચંદ,
દેખી મન ટાઢૂં થયૂં, પડયાં પ્રેમકામને ફંદ. ૩

કરજોડી કહે સૌ બાલ, હાલ તમ શરણે આવ્યા,
શાંત કરો સ્મરજાલ, લાલ અમને મન ભાવ્યા. ૧૦

મદનકોટિ અભિરામ, શ્યામ તમસાથે રમવા,
મન વાધ્યો બહુ કામ, ધામ રતિ લાગી નમવા. ૧૧
અધરામૃતનું પાન, કહાન જ્યારે કરશું મુખથી,
રહેશે ત્યારે નિદાન, પ્રાણ આ તનમાં સુખથી. ૧૨

સાખી.

મોરમુગટને કાછની, સૂંથન ગુંજા માલ,
પીતાંબર છબિ મન વસી, દેખી લોચન થયાં નિહાલ. ૪

રસિક શિરોમણિ લાલ, દયાલ તમે છો મનના,
જાણીને અબલા બાલ, વાહાલ સુખ આપો તનનાં. ૧૩
દેખી તારે એવા દીન, મીનધ્વજ પરવસ મનના,
બોલ્યા તે વચન પ્રવીણ, નદીન દયા નિજજનના. ૧૪
સુખ દેવા પરમ અપાર, સાર એના મનનો લેવા,
ચિતના અતિ સુકુમાર, મારમોહન રસ રહેવા. ૧૫

સાખી.

વધુજન સારાવંશનાં, કરે કેમ વ્યભિચાર,
કંથ તમારા ઘેર છે, તમે ભજશો મને કેમ જાર. ૫

જોયું વિપિન સુખકાર, વાર યમુનાનાં પરસે,
સીત સુગંધ ઉદાર, ભાર મંદાનિલ સરસે. ૧૬
નિર્મળ ચંદ્ર પ્રકાશ, હાસ જાણે રવિજા કેરો,
સ્વચ્છ રેણુ જાણે વાસ, કાસસુમ દંતનો ઘેરો. ૧૭
નીર તીર વન ઘોર, સોર જંતૂનો જેમાં,
રજની કાલ કઠોર, ફરો કેમ અબલા તેમાં. ૧૮

સાખી.

કાજ સર્યા મમ દરશથી, જાઓ ગોકુલ ધામ,
વાટ તમારી પતિ જુવે, તેનાં પૂરાં કરો જઇ કામ. ૬

એવાં વચન સુણી વ્રજબાલ, લાલનાં કરકશ જેવાં,
મનમાં થયાં બેહાલ, ચાલ નહીં સૂઝે કહેવા. ૧૯
નેનકંજથી ધાર, વારિની ચાલી જ્યારે,
અધર બિંબ સુકુમાર, નારનાં સુકયાં ત્યારે. ૨૦
પદસરસિજ અંગુષ્ટ, દૃષ્ટિથી પરસી ધરણી,
મનનાં વાહ્યાં કષ્ટ, નષ્ટ ધનની થઇ સરણી. ૨૧

સાખી.

ધીરજ મનમાંએ ધરી, કરી નેત્ર જલ દૂર,
કરજોડી વિનંતી કરે, વ્રજસુંદરી પ્રેમનૂં પૂર, ૭

ચિત્ત ચોરીને લાલ, હાલ અમને કાં કાઢો,
અબળા છીયે અમે બાલ, વહાલ પંથકીધો કાં ટાઢો. ૨૨
છોડીને ચરણસરોજ, ઓજ નથી જાવા મનમાં,
કરશું તે તમથી મોજ, ફોજ છે સ્મરની તનમાં. ૨૩
તે પતિસુખ ધનધામ, કામ નથી તેનું અમારે,
છો તમે સર્વે શ્યામ, હામ છે રાસની ભારે. ૨૪
જગરૂપી જગદાધાર, સાર સહુના છો સ્વામિ,
તમથી શ્યો વ્યભિચાર, મારમોહન નહિ કામી. ૨૫

સાખી.

પ્રેરક મન તનનું હવે, તે તમ પાસે શ્યામ,
લોચન તમ મુખ લાલચી, હવે કેમ જઇયે અમેધામ. ૮

તમે આનંદઘન રસરૂપ, તજે કોણ તમને પ્રાણી,
ભોગ ચતુરના ભૂપ, કહે એમ વેદની વાણી. ૨૬
તમસાથે રસભોગ, જોગ નિશ્ચે જે પામે,
લેશ ન તેને શોક, ઓઘ આનંદનો ધામે, ૨૭

દીનદયાળુ નાથ, હાથ માથે ધરિ દીજે,
અભયદાનની ગાથ સાથ અમ રાસજ કીજે. ૨૮
કાત્યાયની વ્રત અંત, કંત વચન તમે જે દીધું,
પાળો તેને ધીમંત, સંત જન સ્તુતિ પથ કીધું. ૨૯

સાખી.

દીન મીનસમ મધુર વચ, સુણીને નંદકિશોર,
રાસરમણનું પણ કર્યું, વ્રજસુંદરી જનમન ચોર. ૯

નિર્ધનને જેમ ધન, તન જેમ નિર્ધનને મલતાં,
ક્ષુધિતને જેમ ભોજન,મનવાંચ્યો હરખતે વલતાં ૩૦
વ્રજ લલના વ્રજચંદ, ફંદમાં લીધા તારે,
શરદપુનમનો ચંદ, મંદ થયો શોભા ભારે. ૩૧
રસદીપન ઉપચાર, ચારૂ ચંદન ચંદ્રોજ્વલ,
વિવિધ પુષ્પના હાર, ભાર સૌરભનો તે સ્થળ ૩૨

સાખી.

એલા ક્રમુક લવંગને નાગવલ્લી ઘનસાર,
બીડી વિવિધ સુગંધની,માંયકાથોચૂનો ખેરસાર. ૧૦

શ્વેત સ્વચ્છ મૃદુ સેજ, તેજમાં એ શશિનું ભારી,
દીઠે સ્મર ઉપજેજ, કેજ કવિ મનમાં વિચારી. ૩૩

રત્નજટિત ચોસાર, થાર સામગ્રીના સુંદર,
મુકુર ધર્યા દિસ ચાર, વાર પાટલ સુગંધભર. ૩૪
સરસ ગાનની તાન, કાને સુણિ ઉપજે રતિ પતિ,
વીણામુરજનું માન, દાન કરે સુખનું તે અતિ. ૩૫

સાખી.

પુષ્પબાણના બાણ, તે સમે થયાં સુખદાન,
વ્રજજીવન મલિયામલ્યુંજયારેરસિકરીતિનું માન. ૧૧

કોએ રતિસુખ પરવશ ચેત, હેતથી હરિને રીઝાવે,
વિવિધ ભાવ સંકેત, પ્રીતમને કંઠે લગાવે. ૩૬
નેત્ર કમલની સેન, મેનભર મનનો જતાવે,
બોલે મીઠાં વેન, ચેન ઘણું મનમાં લાવે. ૩૭
ખટરસ ભોજન થાળ, લાલને પાસે લાવે,
મુખમાંયે આપે બાલ, રસાલ તે હરિ મન ભાવે. ૩૮

સાખી.

નિજકર કરિ બીડી સરસ, રસિકરાય મુખમાંએ,
આપે વ્રજલલના લલિત, પોતે તેહેનુંચર્વિત ખાય. ૧૨

અધરબિંબ થયા લાલ, લાલના લોચન જેવા,
દર્પણ લીધું બાલ, વહાલથી પ્રિયકર દેવા. ૩૯

દર્પણ લઇ નિજનાથ, હાથમાં નિજમુખ જોયું,
ત્યારે રીઝયા અંકમાલ, બાલને દઇ દુઃખ ખોયું.૪૦
ચોપડ ખેલ રસાલ, ચાલ જેમાં રસની ભારી,
ખેલે શ્રીનંદલાલ, થઈ રતિસુખ તૈયારી. ૪૧

સાખી.

કુસુમમાલ કરથી કરી, વેણી ભૂષણ અંગ,
ધારે એકબીજા મલી, વાધ્યાઆનંદજલાધતરંગ. ૧૩

ગાએ કેદારોને બિહાગ, સુહાગ જે સુરનો જેમાં,
લયના લાગ્યા બાગ, જાગરૂક તાલ છે તેમાં. ૪૨
તાનના ભેદ અનેક, એક એકને સમજાવે,
રીઝી કરે તન એક, રસિકજન પ્રીતિ વધાવે. ૪૩
કુસુમપ્રચુર પર્યંક, અંક ભરી ભામિનિ સાથે,
બેઠા શ્રીકૃષ્ણમયંક, શંક તજી સરસિજ હાથે. ૪૪

સાખી.

પરસી મૃદુલ કપોલને, લોચન લોલ વિશાલ,
પ્રિયતમપ્રિયવાતોકરે, ભરે પ્રેમથી લલનાને લાલ. ૧૪

અતિરતિસુરત સુજાન, માન તજી સુંદરી સંગે,
સકલ બંધ સુખદાન, કાનકીધું શ્રમ થયો અંગે.૪૫

શ્રમસીકર તે અમંદ સુગંધયુત એવા શોભે,
ધરણીયેં નિરમલચંદ,તારાઆવ્યાતેનાશુંલોભે. ૪૬
શીતલ તારેં સમીર, નીર યમુનાનાં પરસે,
કંજપરાગથી ધીર, તીર તરૂ ધાતેં સરસે. ૪૭
ત્યારે થયો શ્રમ દૂર, પૂર સુખનો મનમાંયે,
રતિપતિ કીધો ચૂર, શૂર એવા બે તે ત્યાંયે. ૪૮

સાખી.

જલસ્થલ કુંજનિકુંજમાં, યુવતિપુંજને સાથ,
એવા વિવિધ વિહાર ભર, કરિ સુખ દે વ્રજનાથ. ૧૫

અચલ અનંત વિહાર, સાર શ્રુતિનો એ કેવલ,
કહેતા ન આવે પાર, ધાર મનમાં છે એ ફલ. ૪૯
આનંદમય નંદલાલ, બાલ વ્રજની નિકુંજ થલ,
પશુ પક્ષી દ્રુમજાલ, તાલ સરિતા પ્રસૂન ફલ. ૫૦
એવું મનમાં જ્ઞાન, ધ્યાન એવું સ્થિર માગું,
પ્રેમભક્તિ કરો દાન, કાન તમ પદજુગ લાગું. ૫૧

સાખી.

સ્નેહ સૌખ્ય નિશ્ચલ કરો, જગજીવન નંદનંદ,
રસસિંગાર સંયોગનો, એ પૂરણ થયો પ્રબંધ. ૧૬

સાખી.

સંવત શરયુગ નંદશશિ, અસિત સપ્તમી વાર,
સુરગુરૂગુર્જરએ મિતિ,ને આશ્વિન માસ છે સાર. ૧૭

ધોળ ૧૨ મું.

પ્રથમ સ્મરૂં શ્રીવલ્લભનો પરિવારરે વહાલાજી,
કાંઇ તમથકી ઉતરવું મારે પાર મારા વહાલાજી. ૧
પ્રથમ પડવે શ્રીગોવર્દ્ધન ગિરિધારીરે વહાલાજી,
જીરેતમદીઠેસુખથાય હૃદેમાં ભારી મારાવહાલાજી. ૨
બીજે શ્રીનવનિતપ્રિયાજીને ગાઉંરે વહાલાજી,
જીરેહરખીનેહરખીહર્ષહૈયામાં લાઉંમારા વહાલાજી.૩
ત્રીજે શ્રીમથુરાનાથછબિલો બિરાજેરે વહાલાજી,
જીરેપુર્યામનોર્થપૂર્ણ અમશિરછાજે મારા વહાલાજી. ૪
ચોથે શ્રીવિઠ્ઠલેશરાય રસિલાને નિર્ખોરે વહાલાજી,
જીરેજુગલસ્વરૂપ બિરાજે સરખાસરખોમારા વહાલાજી.
પાંચમે શ્રીદ્વારિકાંનાથજી કરેરાજ્યધાનીરેવહાલાજી,
જીરેશંખચક્રગદાપદ્મધર્યાંમનમાની મારા વહાલાજી. ૬
છઠે શ્રીગોકુળનાથ ધર્યો ગિરિરાજરે વહાલાજી,
જીરે ઇંદ્રદમણમદમોડયોસરિયાંકાજમારાવહાલાજી. ૭

સાતમે શ્રીગોકુલચંદ્રમા વેણુધારીરે વહાલાજી,
વહાલેકર્યોછેરાસવિલાસતેડયાંવ્રજનારીમારા વહાલાજી.
આઠમે શ્રીમદનમોહનજી ગોરે તનસોહેરે વહાલાજી,
જીરેજુગલસોહામણુાસંગેવ્રજવધુમોહેમારાવહાલાજી૯
નવમે શ્રીગિરિધરજી છે ગુણુભંડારરે વહાલાજી,
જીરેશર્ણેજઇરહીયે તો ઉતરીયેપારમારાવહાલાજી. ૧૦
દશમે શ્રીગોવિંદરાય રસિલાને નિરખુંરે વહાલાજી,
વહાલેસેવ્યાશ્રીવિઠ્ઠલેશરાયહૈયામાંહરખુંમારા વહાલાજી.
એકાદશી મેં શ્રીબાલકૃષ્ણુજી દિઠારે વહાલાજી,
કાંઇદર્શનકરતાં લાગોછો ઘણુામીઠામારા વહાલાજી.૧૨
દ્વાદશી શ્રીગોકુલનાથજી સુખકારીરે વહાલાજી,
વહાલેરાખ્યોમાલાનોધર્મતેપરવારીમારાવહાલાજી.૧૩
ત્રયોદશી શ્રીરઘુનાથજીને ગાઉંરે વહાલાજી,
જીરેજાનકીજીવનનાથ ચરણુચિત્તલાઉં મારા વહાલાજી.
ચતુર્દશી શ્રીજદુનાથજી જુગ જાણોરે વહાલાજી,
એનેનમેછે મ્હોટાભૂપરાયનેરાણુા મારા વહાલાજી. ૧૫
પુનમે શ્રીઘનશ્યામજી રૂપની રાસરે વહાલાજી,
એશોભાજોઇબલિજાયે માધવદાસમારા વહાલાજી. ૧૬

ધોળ ૧૩ મું.

સુંદર શ્રીગોકુલ ગામરે, બિહારી શ્યામ.
બ્રહ્મસંબંધનું ઠામરે, બિહારી શ્યામ. ૧
શ્રીમહારાણીજીની વાટરે, બિહારી શ્યામ;
સોહે શ્રીગોવિંદ ઘાટરે, બિહારી શ્યામ. ૨
દૈવી જીવને કાજરે, બિહારી શ્યામ;
પ્રકટયા શ્રીવલ્લભરાયરે, બિહારી શ્યામ. ૩
શ્રીપુરૂષોત્તમે કરૂણા કરી, બિહારી શ્યામ;
શ્રીવલ્લભ દ્વિજ દેહ ધરી, બિહારી શ્યામ. ૪
પોતાના જે જનરે, બિહારી શ્યામ;
વિછરયા છે બહુ દિનરે, બિહારી શ્યામ. ૫
સમર્પણ આપ્યાં સુખ સારરે, બિહારી શ્યામ;
થયો સેવાનો અધિકારરે, બિહારી શ્યામ. ૬
ઉંચ નીચ સહુ શર્ણે લીધા, બિહારી શ્યામ;
સર્વે તે પોતાના કીધા, બિહારી શ્યામ. ૭
ગ્રહી છે દઢ કરી બાંહ્યરે, બિહારી શ્યામ;
રાખો ચરણકમલકેરી છાંયરે, બિહારી શ્યામ.૮
દયા કરો દીનાનાથરે, બિહારી શ્યામ;

સેવા શ્રીગિરિધરજીને હાથરે, બિહારી શ્યામ. ૯
રાખો ચરણુકમલની છાંયરે, બિહારી શ્યામ;
શોભા જોઇ હરિદાસરે, બિહારી શ્યામ. ૧૦
દેજો તે વ્રજમાં વાસરે, બિહારી શ્યામ;
દોષ કોટિ નિવારી કીધાંકાજરે, બિહારી શ્યામ. ૧૧

વધાવાનું ઘોળ.

ઘોળ ૯૪ મું.

(૧)

જીરે પહેલો વધાવો માહારે આવીયો.
શ્રીગોકુલપતિજીને દ્વાર,
માતા જસોદાજીએ હરખે વધાવીયો;
એમના મુખ ઉપર જાઉં બલીહાર,
ભલે શ્રીગિરિવરધર જનમીયા. ૧

જીરે વ્રજજન સર્વે આનંદીયા,
મળી વંદીઆ ચરણ સરોજ;
ગિરિધરણુ નવલ નંદલાલના,
એમ કરતી હું નિશદિન ખોજ. ભલે શ્રી. ૨

પ્રભુ રૂપ તે નૈણે નિહાળશું,
મળી ટાળશું ભવનાં દુઃખ;
જીરે તનમન ધન સર્વે વારશું,
હવે સુર્લભ થયાં સર્વે સુખ. ભલે શ્રી. ૩
જીરે દધિ દુધ ઘૃત મધુરસ ભર્યાં,
મળી નાચે ગાયે નર ને નાર;
દીએ દાન નંદ બહુ રસ ભર્યાં,
હરિદાસ શોભા બલિહાર. ભલે શ્રી. ૪

(૨)

જીરે બીજોને વધાવો મ્હારે આવીયો,
શ્રીરાવળ હુવારે આનંદ;
શ્રીભૃખભાન કીરતીજી હરખીયાં,
નિરખી કુંવરી મુખચંદ્ર.
ભલે શ્રીરાધાજી વ્રજમાં પ્રકટીયાં. ૧
જીરે વ્રજજન સર્વે ટોળે મળ્યાં,
મળી ગાએ સુમંગળ ચાર;
જીરે જન્મી કુંવરી પ્રભાવતી,
ગુણ રૂપ જગત વીખ્યાત. ભલે શ્રીરાધા. ૨

જીરે ગઇ જસોમતીને વધામણી,
રળીયામણી સાંભળી વાત;
હવે નિશદિન નૈણે નિહાળીશું,
લીલા રસ સિંધુ અપાર. ભલે શ્રીરાધા. ૩

જીરે સઉ મળી કહે શ્રીનંદને,
આપણે કીજીએ વર વેહેવિશાળ;
જીવોને કુંવર નંદ લાડીલો,
એવાં શ્રીભૃખભાન કુમાર. ભલે શ્રીરાધા. ૪

જીરે એ જોડી અવિચળ સદા,
શ્રીવૃંદાવન વીપીન વિલાસ;
જીરે કરજોડીને કરૂં વિનતિ,
હરિદાસ શોભા બલિજાય. ભલે શ્રીરાધા. ૫

(૩)

જીરે ત્રીજોને વધાવો માહારે આવીયો.
શ્રીલક્ષ્મણ ભટજીને ઘેર,
શ્રીએલંમાજીને ઉદર ધર્યો,
કલિજીવ ઉદ્ધારણ એહ,
શ્રીવલ્લભ ભૂતલ પ્રકટીયા. ૧

નિજ ધામથી પ્રભુજી પધારીયા,
કરવા સેવક જનની સાહ્ય;
દ્વીજ કુળ આ દેહી પ્રકટ કરી,
એવા અઢલક પરમ ઓદ્ધાર. શ્રીવલ્લભ. ૨

જીરે તીમીર હર્યો ત્રૈલોકનો,
ઉદયો છે તૈલંગ કુળ સૂર;
જીરે માર્ગ પુષ્ટિ દેખાડીયો,
વહાલે સોંપી સેવા રસ પૂર. શ્રીવલ્લભ. ૩

જીરે શેષ સહસ્ત્ર મુખ સ્તુતિ કરે,
નવ લહે એમના ગુણનો પાર;
જીરે કરજોડીને કરૂં વિનતિ,
હરિદાસ શોભા બલિજાય. શ્રીવલ્લભ. ૪

(૪)

જીરે ચોથોને વધાવો માહારે આવીયો.
ભલે પ્રકટયા શ્રીવિઠ્ઠલેશ,
જીરે ભક્ત સકળ મન હરખીયા;
ટાલ્યો અનેક જન્મનો કલેશ,
શ્રીવિઠ્ઠલનાથજી પધારીયા. ૧

જીરે વદન કમળ અવલોકતા,
જીરે જગત સકળ વિખ્યાત;
જીરે ગોદ લેઇને હુલરાવતાં,
ધન્ય ધન્ય શ્રીઅંકાજી માત. શ્રીવિઠ્ઠલ. ૨

જીરે સુરીનર મુનીજન હરખીયા,
વળી વરખીયા કુસુમ અપાર;
શ્રીવલ્લભજીને આંગણે,
ત્યાં તો આનંદ મંગળ ચાર. શ્રીવિઠ્ઠલ. ૩

જીરે કળીમાં કારણ જાણજો,
વખાણજો દ્વીજ કુળ રાય;
હરિદાસ શોભા નિર્ખે સદા,
એ તો આનંદ મંગળ ગાય. શ્રીવિઠ્ઠલ. ૪

ધોળ ૧૫ મું.

આવોને પરમ સોહાસણી, મળી મંગળ ગાઇએ;
આજ આનંદ મારે અતિ ઘણો, સર્વે વાજીંત્ર વાઇએ. ૧
પ્રકટ્યા શ્રીવિઠ્ઠલનાથજી, જન્મનોરે દહાડો;
મોતી તે કેરા સાથીયા, મંદિર માંહે કહાડો. ૨
મણિ મુક્તાફળ કેવડો, વચે ચોક પુરાવો;

શ્રીવલ્લભજી દાન આપે ઘણાં, કેહેતાં ન આવે પાર ૩
ભાટ યાચકો મળી ઘણા, બોલે જય જયકાર;
ભગવદી મન આનંદ ઘણો, ફુલ્યા અંગ ન સમાય. ૪
માધવદાસના પ્રભુના યશ સહુ કોઇ ગાય;
આવોને પરમ સોહાસણી, મળી મંગળ ગાઇએ. ૫

ધોળ ૧૬ મું.

પ્રથમ પ્રભાતે શ્રીગુરૂ વલ્લભનાં લેઉં નામ,
પુરૂષોત્તમ પૂર્ણ કામ શ્રીમહાલક્ષ્મી પતિજી. ૧
શ્રીલક્ષ્મણ રાજકુમાર શ્રીએલંમાજી પુત્ર ઉદાર,
શ્રીવલ્લભ પ્રાણઆધાર, ચરણચિત્ત લાવીએજી. ૨
વ્યાપક સઘળે વિશ્વાધાર સુખદાયક નંદકુમાર,
એ અક્ષર બ્રહ્મ અવતાર તે કહાંથકી સોહલાજી. ૩
શ્રીગોપીનાથ અવિધાન એ પૂર્ણ પુરૂષ પુરાણ,
એ જોગી જનને ધ્યાન ધરે ઘણાં દોહલાંજી. ૪
શ્રીરૂક્ષ્મણીજી રમણ પદ્માવતી પ્રાણજીવન,
શ્રીવિઠ્ઠલ તન મન ધન કરીને જાણીએજી. ૫
એ પુષ્ટિ પદાર્થ સાર શ્રીવૃંદાવન શૃંગાર,
એમના નખ શીખ રૂપ હરનીશ ઉરમાં આણીયેજી. ૬

તુર્ય પ્રિયા શ્રીકૃષ્ણા યમુના શ્રીમહારાણીજી નામ,
એ સર્વે સુખનું ધામ શ્રીકાલિંદીજી કહીએજી. ૭
શ્રીનવનીતપ્રિયાલાલ શ્રીમથુરાંનાથ કૃપાળુ,
શ્રીવિઠ્ઠલનાથ દયાળ દયા સમુદ્ર લહીએજી. ૮
શ્રીદ્વારકાંનાથજીને ગાવો શ્રીગોકુળપતિ ગુણ છાયો,
એ અનાથના નાથ શ્રીગોકુળચંદ્રમાજી. ૯
બિરાજે શ્રીમદનમોહન નટવર મનમથ મનસોધન્ય,
શ્રીબાલકૃષ્ણજીના વદનતણી શી ઉપમાજી. ૧૦
શ્રીગિરિધરજી ગુણવંત એહુના પાર ન પામે અનંત,
શ્રીભામની વહુજીના ચિત્ત વિષે ભલા ભાવિયાજી. ૧૧
જય જય શ્રીગોવિંદ એતો પૂર્ણ પરમાનંદ,
શ્રીરાણીવહુજીના આનંદદાયક કહાવીએજી. ૧૨
શ્રીબાલકૃષ્ણ રસરૂપ એમના સ્વરૂપતણા જશરૂપ,
શ્રીકમલા કંથ અનૂપમ ઉપમા શી કહુંજી. ૧૩
શ્રીગોકુલેશ શુભ નામ જીત્યા માયિક રાખી સુખધામ,
શ્રીપાર્વતી પતિ કામના પૂરણ એ સહીજી. ૧૪
શ્રીરઘુપતિ તેજ ભંડાર એઉના ગુણ યશનો નહીંપાર,
શ્રીજાનકી જીવનસાર ભક્ત ચિંતામણિજી. ૧૫

શ્રીજદુપતિ જગજીવન એમનાં પ્રફુલીત પ્રસન્ન વદન,
શ્રીમહારાણી વહુજી ધન્ય કે જે શિર એ મણિજી. ૧૬
શ્રીઘનશ્યામજીને ગાવો એ પુષ્ટિ પદાર્થ પાવો,
શ્રીકૃષ્ણાવતીના નાથ હૃદેમાં ધરૂંજી. ૧૭
શ્રીલક્ષ્મીજી સતભામા શોભા યમુના કમલાદેવકાં,
એ બેટીજી સહિત નિત્ય સંભારજોજી. ૧૮
શ્રીદામોદરદાસ શ્રીમહાપ્રભુ પદપંકજ પાસ,
એ પ્રકાશ સૂરદાસ પરમાનંદદાસ છે જી. ૧૯
અતિ આનંદ કુંભનદાસ હૃદે કૃષ્ણદાસ રસ રાસ,
એ ચારે ભ્રાત શ્રીવલ્લભ ચરણ નિવાસ છે જી. ૨૦
નંદદાસ ચત્રભુજદાસ ગોવિંદસ્વામિ ચિત સ્વામિ,
એઉના પ્રભુ શ્રીવિઠ્ઠલ અકળીત અંતરજામીજી. ૨૧
એ સંભારે સુખ થાય ધ્યાને પ્રસન્ન શ્રીવલ્લભરાય,
એ અષ્ટ સખા પદરજ પરસે રહે શી ખામીજી. ૨૨
ચોરાશી સંભારે વૈષ્ણવ બસેંબાવન ધારો,
શ્રીવલ્લભી સૃષ્ટિ વિચારો નિત્યપ્રતિ ક્ષણ ક્ષણજી. ૨૩
શ્રીગોવર્દ્ધન ધરણ શ્રીરાધિકારમણ,
એ વ્રજવનીતા સુખ કરણ સેવી સુખ માનીયેજી. ૨૪
શ્રીગોવર્દ્ધન ગોકુળ ધન્ય શ્રીમથુરાંજી મન આણો,

શ્રીવૃંદાવન વખાણો સહુ વ્રજદેશને જી. ૨૫
શ્રીગિરિવરધારી લો ચારે જુથ વિચારી,
સર્વે વલ્લભી લેજો વિચારી ભક્તિ અશેષ છેજી. ૨૬
શ્રીવલ્લભનો પરિવાર એ છે સૃષ્ટિ શિરોમણિ સાર,
તમો સ્મરો વારં વાર નિત્ય નેમશું જી. ૨૭
હું માગું વ્રજરાજ મુજને સ્મરણ નિત્ય થાય,
જન દયારામ જશ ગાય ધરી ઉર પ્રેમશુંજી. ૨૮

ધોળ ૧૭ મું.

શ્રીમદ્વલ્લભ આજ પ્રકટ હુવારે,
શ્રીકૃષ્ણાનન દ્વીજ વર અવતાર. ૧
તાત શ્રીલક્ષમણ અતિ આનંદ ભર્યારે,
ધન્ય ધન્ય માત ઇલંમાગારૂ. ૨
માઘો માસ કૃષ્ણ એકાદશીરે,
શુભ દિન શુભ નક્ષત્ર શુભ વાર. ૩
દૈવી જીવ અનેક ઉદ્ધારવારે,
ભૂતલ દ્વીજ કુળ લીયો અવતાર. ૪
રાસરમણ લીલારસ રંગ ભર્યારે,
સદા પ્રસન્ન વદન રસ રૂપ. ૫

શ્રીભાગવત પતિ પદમાણુ પરમ સુતા,
રાજત સકલ શ્રૃંગાર અનૂપ. ૬
ચરણકમળની શોભા શી કહુંરે,
ઝગમગ દશ નખ ચંદ્ર પ્રકાશ. ૭
ચરણકમળ કોમળ અતિ શોભીતારે,
વૈષ્ણવ જન શિર સદા નિવાસ. ૮
લલીત જુગ જુગ જગ સોહામણિરે,
પુરણ વેદ સકલ શુભ સાર. ૯
નાભી ગંભીર વલીત રોમાવલીરે,
શોભા શી કહું નહીં પાર. ૧૦
વિશાળ ઉરસ્થળ પર મુક્તાવલીરે,
જગ્યપવિત્રની કાન્તી અપાર. ૧૧
તીનરૈખા ગ્રીવા સુંદર બનીરે,
સોહિયે તુલસીની માળ સુધાલ. ૧૨
જુગ ભૂજ દંડ અજાન અવિલંબીતારે,
આપે ભક્ત અભેપદ દાન. ૧૩
સુંદર હસ્ત કમલ લટકે કરીરે,
કરે ભકતને ઉપદેશ. ૧૪

ચીબુક નાસા અધર અતિ મોહનીરે,
અદ્દભૂત ગોળ કપોલ સુભાલ. ૧૫
નેત્ર કમળ ભ્રકુટી રળીયામણીરે,
કૃપા દૃષ્ટિ અવલોક વિચાર. ૧૬
વિશાળ ભાળ બીચ તિલક સોહામણાંરે,
કેશ અંબોડા ફબ્યો સુઘાલ. ૧૭
કેસરીયા ધોતીને ઉપરણારે,
જય જય શ્રીલક્ષ્મણસુત મહારાજ. ૧૮
છોકર લેહેકે બેહેકે માધુરીરે,
બિરાજે શ્રીગોવિંદ ઘાટ સમાન. ૧૯
વૈષ્ણવના મન અતિ આનંદ ભર્યાંરે,
કરે વિવિધ મંગળ જશ ગાન. ૨૦
જય જય જય કરી બોલે સૌ મળીરે,
ઉચ્ચરે શ્રીલક્ષ્મણ સુત ગાંન. ૨૧
એ લીલા નિત્યપ્રતિ મનમાં વસોરે,
જન્મોજન્મ આપો વ્રજવાસ. ૨૨
શ્રીવલ્લભ ગુણ ગાઊં પ્રેમશું રે,
વૈષ્ણવ જન પદ કીંકરદાસ. ૨૩

શ્રીગોવર્દ્ધનધર નિરખું ઘડી ઘડીરે,
વ્રજાધિશ મન સદા હુલ્લાસ. ૨૪

ધોળ ૧૮ મું.

શ્યામળો મળ્યા મને શ્રીજમુનાજીની કુંજમાં,
લાડીલો મળ્યા મને શ્રીજમુનાજીની કુંજમાં;
કુંજમાં ગઈતી મને નાંખી દીધી ફંદમાં,
અંગોઅંગ ભીંજી હું તો રસીયાજીના રંગમાં. શ્યામળો.

સાખી.

કુંજ સદન સોહામણાં શોભા અપરંપાર,
વ્રજ જુવતીના જુથમાં બિરાજે શ્રીગિરિધરલાલ.–૧
સાન કરી કહે છે સખી ચાલો વૃંદાવનમાં. શ્યામળો.

સાખી.

વૃંદાવન ચાલ્યાં સખી પહેરી નવરંગ ચીર,
વાંસલડીની ધુની સુણી નવ રહી ધારણ ધીર.–૨
શ્રીજમુનાજીના ઘાટમાં ને સાહેલીના સાથમાં,
આવીને ઓચીંતી મને ભીડી અંગોઅંગમાં. શ્યામળો.

સાખી.

વાટ ઘાટ ઉભા રહી કાંકરી મારે કહાન,
સૌ સખીયોના દેખતાં એણે કીધાં અનુચિત કામ.–૩

બેઠીતી ઘર કામમાં ને સુણી ધુની કાનમાં,
ચાલી હું તો તાનમાં ને રીઝી એના ધ્યાનમાં. શ્યામળો.

સાખી.

કામ ધામથી પરહરી નિસરી ઘરથી બહાર,
એ વહાલાને કારણે મેં તજ્યાં કુટુંબ પરીવાર–૪
લાલની લટકમાં ને ભૃકુટીની મટકમાં,
ચાલી ચટક મન વસ્યું છે મુગટમાં. શ્યામળો.

સાખી.

લટક મટક રસીયા તણો મદન મનોહર વેશ,
મોર મુગટ સોહામણો એના ઘુઘરવાળા કેશ.–૫
દાસ કહેછે કોડ પુરો મારા મનના,
આપો વ્રજવાસ દાસ થાઉં નિજ જનના. શ્યામળો.

સાખી.

આશા પુરી સહુ મનતણી કીધો રાસ વિલાસ,
દાસ કરીને સ્થાપીયાં, રાખ્યાં ચરણકમળની પાસ.–૬
શ્યામળો મળ્યા મને શ્રીજમુનાજીની કુંજમાં.

ધોળ ૧૧ મું.

ચાલને ચાલ ઉતાવળી, લાલને જોવાને જઇએ;
મનડું તે પ્રેમે ભેળીને સહુ સુખીઆં રે થઇએ. ૧

ન્હાનડીઓ શ્રીદ્વારકેશજી, મ્હારે હઇડે વસીયા;
વહાલોજી નિંદ્રા નવ કરે, સેવાના છે રસીયા. ૨
અમીરેભરી હરિનીઆંખડી, અતિ છે અણીયાળી;
સામું જોવાને સુંદરી, લાલે મીઠડી માંડી. ૩
ચાંચ જાણે પોપટતણી, એમના નાકની દાંડી;
જાણે પરવાળાં અધર છે, દીસે એમ રાતલડી. ૪
મુસ્તક નવરંગ મોળીઆં, શોભે કમળને વાને;
બે પાસ શોભીતા લાલને, મોતી ઝળકે છે કાને. ૫
ઓઢણુ આછી લોબડી, કોટે કનકની માળા;
એક જીભ્યાએ શું કહું, એમના અંગના ચાળા. ૬
ચિતડું તે મ્હારૂં ચોરીયું, મોરલીને નાદે;
કાળી ધોળી બોલાવતાં, એમને સર્વે સાદે, ૭
એવો કોઇ સાંભળ્યો નથી, નૈણે નવ દીઠો;
હીંડે છે મોડામોડ તે, અતિ લાગે છે મીઠો. ૮
સનકાદિક સેવે સદા, એનો રસ છે રૂડો;
ઘરમાં રહી શું કીજીએ સંસાર છે કુડો. ૯
મનુષ્ય દેહ પામીને, રૂડું રત્નજ લીધું;
શ્રીગિરિધરલાલ જીવનશું, મ્હારૂં ચિત્તજબાંધ્યું. ૧૦

જુગજુગ જીવો મ્હારો વાલમો, સેવક સુખકારી;
નારાયણ ગુણ રૂપને જાઉં બલીહારી ૧૧

ધોળ ૧૦૦ મું.

આજ સૈયરરે વધામણાં, વ્રજ વાગ્યાં નિશાન;
પ્રકટયા શ્રીવિઠ્ઠલનાથજી, થયાં કોટિ કલ્યાણ. ૧
ચાલની ચાલ ઉતાવળી, લાલને જોવાને જઇયે;
તન તલપે મન ભેળીને, આપણે આનંદ લઇયે. ૨
અમીરે ભરી હરિની આંખડી, નૈણાં છે રે રસાલ;
ચરિત્ર કરે મન ભાવતાં, પારણે પહોઢયા દયાલ. ૩
એ તો નિંદ્રા નહી કરે, જોવાના છે રસીયા;
માધવદાસના પ્રભુજી, મહારે મન વસીઆ. ૪

ધોળ ૧૦૧ લું.

ધન્ય ધન્ય દહાડારે આજનો, ધન્ય શ્રીગોકુળ ગામ;
ધન્ય ધન્ય નંદજશોમતી, પ્રકટયા સુંદીર શ્યામ. ૧
શ્રાવણ માસ સોહ્યામણો, નવમી તીથીનુંરે નામ;
વ્રજમાં ચાલી વધામણી, ખરચ્યા દશગણા દામ. ૨
વ્રજમાં પ્રેમરસ ઉલટયો, ટાળવા દુનિયાના દોષ;
ઋષીને તેડેરે રાયજી, જુગતે જોવાને જોષ. ૩

આનંદ ઓછવ અતિ ઘણો, ગોપીયો ગાયછે ગીત;
માણેક મોતીને હીરાના, આપ્યાં હેમને વીત. ૪
ફુલ્યાં ફુલ્યાંરે સઉ ફરે, ફુલ્યાં શ્રીગોપીજન;
ફુલ્યાં શ્રીજમુના જોઇને, ફુલ્યાં શ્રીવૃંદાવન. ૫
સુરીનર સ્વપ્ને દેખે નહી, શીવજી સરખારે સંત;
બ્રહ્મા નિગમ જાણે નહી, કોઇએ ન પામેરે અંત. ૬
મ્હોટાં ભાગ્ય આહીરનાં, શોભા કહી નવ જાય;
પ્રેમે પ્રકટયા શ્રીનાથજી,ગુણ માધવદાસ ગાય. ધન્ય.૭

ધોળ ૧૦૨ જું.

શ્રીનાથજી તે છેલ બીરાજતાજો, ટેક.
સખી ચાલો તો જઇએ શ્રીજી શહેરમાંજો;
શ્રીગોવર્દ્ધનનાથજી બિરાજે લીલા લહેરમાંજો. શ્રી. ૧
પહેલાં દર્શન તે મંગળાના હર્ખિયાંજો,
મહારા નાથનાં સ્વરૂપ નેણે નિર્ખિયાંજો.શ્રીનાથજી. ૨
બીજાં દર્શનમાં શૃંગાર વહાલે બહુ ધર્યાજો,
મહારા નાથજીને લક્ષ્મીજી વર્યાજો. શ્રીનાથજી. ૩
ત્રીજાં દર્શન તે ગ્વાલ બાલ ભોગનાંજો,
મુખે મોરલીને છડી લીધી છેલમાંજો. શ્રીનાથજી. ૪

ચોથાં દર્શન તે રૂડા રાજભોગનાં જો,
વિવિધ ભાતની સામગ્રી સંજોગમાંજો. શ્રીનાથજી. ૫
પાંચમાં દર્શન તે ઉત્થાપનના સાંભળ્યાંજો,
શંખ વાગ્યોને વૈષ્ણવથયાઉતાવળાજો.શ્રીનાથજી. ૬
છઠ્ઠાં દર્શન તે ભોગ સંજોગનાં જો.
વિવિધ અમૃતમેવા ધર્યાઉમંગમાં જો. શ્રીનાથજી. ૭
સાતમા દર્શન તે આરતીમાં મન ઠર્યાંજો,
ભીડ ભારીને વૈષ્ણવ બહુ મળ્યાજો. શ્રીનાથજી. ૮
આઠમા દર્શન તે શયન કર્યા શ્રીહરિજો,
દર્શન કરીને વૈષ્ણવ આનંદ ભરીજો. શ્રીનાથજી. ૯
ચટુલાલ મટુલાલજીની જોડ છે જો,
ગિરિધરલાલજી બિરાજે લીલા લહેરમાંજો. શ્રીના. ૧૦
વહુજી ભાભીજીને બેટીજી મ્હારાજ છે જો,
એમને આઠે દર્શનનો ઘણો ભાવછે જો. શ્રીનાથજી. ૧૧
જે કોઈ ગાય શીખે ને સાંભળે જો,
ત્હેનો ચરણકમળમાં વાસ છે જો. શ્રીનાથજી. ૧૨
એમના દર્શનથકી સુખ થાય છે જો,
હરિદાસ શ્રીવલ્લભ ગુણ ગાય છે જો. શ્રીનાથજી. ૧૩

ધોળ ૧૦૩ જું.

અમે આવ્યાં તમારે આશરે અલબેલાજી,
હવે શું કરીએ જઇ સાસરે અલબેલાજી. ૧
ફેરાતણું ફળ એ મળ્યું અલબેલાજી,
મનગમતું મુજને મળ્યું અલબેલાજી. ૨
હીરલો લાધ્યો હાથમાં અલબેલાજી,
તમે શોભો સૈયરના સાથમાં અલબેલાજી. ૩
તમારૂં શ્યામળું અંગ અડશોમાં અલબેલાજી,
ગુણવંતીને લાંછન લગાડશોમાં અલબેલાજી. ૪
જો જાણશે મારી માવડી અલબેલાજી,
કાન્હા સાથે પ્રીત શી આવડી અલબેલાજી. ૫
અમે કાજળ આંખમાં આંજશું અલબેલાજી,
તમો નૈણાંની ચોટ નાંખોમાં અલબેલાજી. ૬
હું તો દાન નહી આપું દોકડો અલબેલાજી,
અમે જવાબ આપીશું રોકડો અલબેલાજી. ૭
હું બીવરાવી બીહીતી નથી અલબેલાજી,
હું ઓશીયાળી કોઇની નથી અલબેલાજી. ૮
હું ઓશીયાળી પ્રભુ તમતણી અલબેલાજી,
શ્રીવલ્લભના સ્વામિ માથે છો ધણી અલબેલાજી.૯

ધોળ ૧૦૪ થું.

વનમાં વાગેરે વાંસળી, મ્હારે મંદિરીએ સંભળાય. ટેક. ૧
મોહ સૌ પામીરે સોહ્યાગણી, જીવડો આકુળવ્યાકુળથાય. ૨
વેગે ચાલીરે વનિતા, મેં તો ઘરમાં નવ રહેવાય. વનમાં. ૩
દેહની દશારે વિસરી, અંગે આભુષણ બદલાય. વનમાં. ૪
ભૂવનભૂવનથીરે ભામની, ચાલી કામ કરી ઘરત્યાજ. વ. ૫
સાસરૂં મૈઇયરરે મેલીયું, લોપી લોકડીયાની લાજ. વ. ૬
વન સહુ આવીરે ગોપીઓ, નૈણેનિર્ખ્યા શ્યામ શરીર. ૭
રૂઘનાથ હર્ખ્યોરે હૈયેઘણું, સુંદીરજમુનાંકેરે તીર. વનમાં. ૮

ધોળ ૧૦૫ મું.

આજ આનંદ નંદજીને દ્વારરે,
વ્રજમાં થઇ છે લીલા લહેરરે. ૧
ગોપી અતિરે ઉલટ ભરીઆવેરે,
થાળ મોતીનો ભરી લાવેરે. ૨
વહાલાને વિવેકે વધાવેરે,
વહાલો ત્રિભુવનનાથ કહેવાયરે. ૩
વહાલો હસ્તનાં ધાવણ ધાવેરે,
વહાલો ગોપીઓને લાડ લડાવેરે. ૪

એવાં હેત ગોપીપર કીધાંરે,
દધિ માખણ ચોરીને પીધાંરે. ૫
વહાલા મથુરામાં શું મીઠું રે,
એવું કુબજામાં શું દીઠું રે. ૬
વહાલો કુબજાની સંગે મોહ્યારે,
વહાલો ગોપીઓની સાથે સોહ્યારે. ૭
ગોકુળ આવોને વ્રજના વહાલારે,
તમે નંદ જસોદાના લાલારે. ૮
ગોકુળ આવોને વ્રજના વાસીરે,
તમે પ્રાણ શોષ્યા છે માસીરે. ૯
ગોકુળ આવોને ગિરિવરધારીરે,
તમારી વાટ જુએ છે વ્રજનારીરે. ૧૦
વહાલા જમુનાંજીને ઘાટેરે,
તમે વસ્ત્ર હર્યાં શા માટેરે. ૧૧
વહાલે ગિરિ ગોવર્ધ્ધન ધાર્યોરે,
એવો મદ ઇંદ્રનો ઉતાર્યોરે. ૧૨
વહાલા વૃંદાવનની વાટેરે,
તમે મહી લુટયાં શા માટેરે. ૧૩

વહાલે જમુનાજીને તીરેરે,
વહાલે મોરલી વગાડી ધીરે ધીરેરે. ૧૪
ધન્ય ધન્ય જમુનાજીનો આરોરે,
મ્હારો સફળ કર્યો જન્મારોરે. ૧૫
વૃંદાવન રમીયા રાસરે,
પુરી સર્વ ગોપીની આશરે. ૧૬
બલિહારી જાય માધવદાસરે,
માગે ચરણકમળની આશરે. ૧૭

ધોળ ૧૦૬ હું.

નહાના સરખા શ્રીનાથજી, નહાના નહાનારે હાથ;
નહાની લખુટીઓ કરગ્રહી, સુંદીર દીસોછો પ્રાણનાથ.
નહાના. ટેક. ૧
નહાના સરખા ગોવાળીયા, નહાની સરખીરે ગાય;
માથે સીંગડીરે શોભતી, ગૌ ધેન ચારવાને જાય. ૨
નહાની બંસીરે કરગ્રહી, હર્યાં ગોપીનાં મન;
રૂડો નંદજીનો લાડીલો, રૂડું શ્રીવૃંદાવન. નહાના. ૩
નહાની સરખીરે મોજડી, નહાના સરખા છે પાય;
પાએ રણઝણ ઘુઘરી, અણવટ વીંછુવા સાર. નહાના. ૪

પ્રભુજીના મુખપર મોરલી, વાઇ વેણુ રસાલ;
શબ્દે મોહીરે ગોપીકા,રોતાં મેહેલ્યાંછે બાળ. નહાના.૫
કાળંદ્રિને કાંઠડે, ઉભા વગાડો છો વેણ;
જવાદોને જાદવા, કે વ્રજમાં થાશે પોકાર. નહાના. ૬
આંગળી સાહીને હરિ તાણશો, પ્રભુ મારૂં ધ્રુજેછે અંગ;
સઘળીગોપીકા આવશે, તમનેઘેરશે મહારાજ.નહાના.૭
કે બંસીબટના ચોકમાં, ઉભા વજાડો છો વેણ;
માધવદાસની વિનતિ, આપો શ્રીવ્રજમાં વાસ.નહાના.૮

ધોળ ૧૦૭ મું.

મ્હારે મંદિર પધારો શ્રીનાથજી,
હું તો જોઉં રે તમારી વાટ. મ્હારે. ૧
હું તો શેરી વળાવી સજ કરૂં,
હું તો ફુલડાં વેરાવું સારી વાટ. મ્હારે. ૨
હું તો ચીરના ચંદરવા બંધાવતી,
હું તો પથરાવું લીલા પીળા પાટ. મ્હારે. ૩
હું તો શૃંગાર ધરાવું હરિને ભાવતા,
હું તો દર્પણ દેખાડું મ્હારા નાથ. મ્હારે. ૪
હું તો મીઠડા મેવા મંગાવતી,

આરોગો શ્રીવૈકુંઠનાથ. મ્હારે. ૫
હુંતો શીરો કરાવું સ્નેહ તણો,
જીવણુ આરોગો તમારે હાથ. મ્હારે. ૬
હુંતો જમુના જળ ઝારી ભરાવતી,
આચમન કરો શ્રીવૈકુંઠનાથ. મ્હારે. ૭
બાસઠ પાનનાં બીડલાં બંધાવતી,
મુખવાસ કરો શ્રીવૈકુંઠનાથ. મ્હારે. ૮
હુંતો સોનાનાં સોગટડાં મંગાવતી,
રમત રમજો સારી રાત. મ્હારે. ૯
હુંતો સજ્યા પથરાવું સ્નેહતણી,
પોઢણુ કરો શ્રીગોકુળનાથ. મ્હારે. ૧૦
હુંતો ફુલના પંખા ભરાવતી,
વીંજણ કરૂં રે સારી રાત. મ્હારે. ૧૧
હુંતો ફુલની જાળી ભરાવતી,
માંહે બીરાજો શ્રીગોકુળનાથ. મ્હારે. ૧૨
હુંતો થાળ ભરૂં સગમોતીએ,
વધાવું શ્રીવલ્લભકુળ પરિવાર. મ્હારે. ૧૩
હું તો કરજોડી કરૂં વિનતિ,
બલિહારી જાય માધવદાસ. મ્હારે. ૧૪

ધોળ ૧૦૮ મું.

શ્રીમદનમોહનલાલ, તમશું લહે લાગી;
મ્હારે તમ ઉપર ઘણું વ્હાલ, ભે ભવની ભાગી. ૧
છું ચરણકમળની દાસ, ચિત્ત ચર્ણે રાખો;
મને આપો શ્રીવ્રજમાં વાસ, સુખ સંપત દાખો. ૨
મ્હારા પ્રાણતણા આધાર, અળગા રહેશોમાં;
હરિ છો હૈયાના હાર, કોઇને કહેશો માં. ૩
મ્હારા કુટુંબ સહિત દર્શન, તમારાં મેં કીધાં;
વ્હાલા તમે મટાડયા તાપ, દર્શન બહુ દીધાં. ૪
મ્હારી વિનતિ સાંભળો નાથ, તો તમને કહીયે;
મને આપો શ્રીવ્રજમાં વાસ, તો શરણે રહીયે. ૫
નાહીએ શ્રીજમુનાં નીર, દર્શન નિત્ય કરીએ;
એમ કહે છે હરિદાસ, ભવોભવ તરીએ. શ્રીમદન. ૬

ધોળ ૧૦૯ મું.

ચાલી શ્રીવૃંદાવનનેચોકકે, ચાલી મહી વેચવારે લોલ. ૧
માર્ગ મળીયો મ્હારો નાથ કે, મુજને આંતરીરે લોલ ૨
મ્હારાં ફોડયાંમહીનાંમાટકે, ગોરસમ્હારાં ઢોળીયાંરેલોલ.૩
ચાલ્યાં નંદતણે દરબારકે, જઇ ઉભાં રહ્યાં રે લોલ. ૪

માતાજીતમારો કહાન કે, અળવીત બહુ કરેરે લોલ. ૫
માતાજીનેચઢીમનમાં રીસકે, મંદિરથકીનિસર્યાંરે લોલ ૬
માતાજીએલીધીહાથમાંસોટીકે,કહાનજીને શોધવારેલોલ.૭
માતાજીનાહાથમાંદીઠીસોટીકે, કહાનકદમ ચઢયારે લોલ.૮
ઉતરો ઉતરો મ્હારા નાથકે, કહું એક વિનતિરે લોલ. ૯
સાંભળો સાંભળો માતાજી મારી વાત કે,
આજની વિનતિરે લોલ. ૧૦
રૂડો બંસીબટનો ચોક કે, ત્યાં હું એકલોરે લોલ. ૧૧
એકે કરી નેણુની સાન કે, હું તો ત્યાં ગયોરે લોલ. ૧૨
એકે મરડી મ્હારી પોંહોચી કે, અંગુઠી ઉતારીરે લોલ. ૧૩
કહાનજી નાનેરૂંછે બાળ કે, અળવીતરાંશાં કરેરે લોલ.૧૪
ધન્ય ધન્ય ગોકુળની વ્રજનાર કે,જેહેનેઘેર નહીરેલોલ.૧૫
મ્હારૂં સોનાકેરૂં બેડું કે, રૂપલા ઉઢાણીરે લોલ. ૧૬
મા હું જળ ભરવા કેમજાઉં કે,કાંઠેઉભાકહાનજીરેલોલ.૧૭
કહાના કાંકરડી મત મારકે, સોના બેડુંનંદાશેરે લોલ ૧૮
ચાલને જુઠડા બોલી નારકે, તું કીયા ગામનીરે લોલ. ૧૯
છોકરા ત્હારે શી પડપુછ કે, ગોકુળ ગામનીરે લોલ. ૨૦
જોયું ગોકુળીયું તે ગામ કે આ પાસે રહી ગયુંરે લોલ. ૨૧
મળીયો નરસૈયાનો નાથ કે, રસ વાધ્યો ઘણોરે લોલ. ૨૨

વ્રજ ચોરાશી કોસની વન યાત્રા.

ધોળ ૧૧૦ મું.

જીરે પ્રથમ પ્રણામ શ્રીવિઠ્ઠલનાથ,
એમના સેવક જનનો મળીએ સાથ. ૧
ચાલો ચાલોરે વૈષ્ણવ વ્રજ જઇએ,
શ્રીગિરિધારીજી નિર્ખી ધણીયાતાં થઇએ. ૨
પહેલાં શ્રીજમુનાજી વિશ્રામ ઘાટ નાહીએ,
પરિક્રમા કરતાં હરિના ગુણ ગાઇએ. ૩
સર્વે ભગવદી મળી મધુવન જઇએ,
તાલવન કમોદ વન જઈ નાહીએ. ૪
સતુવાધ ભૈશરીને બહુલા વન,
ત્યાં તો શ્રીકુંડ નાહી થઇએ પાવન. ૫
નાહીએ રાધાકૃષ્ણ કુંડ પ્રભુને ભજીએ,
શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલની બેઠકે નમીએ. ૬
નારદ કુંડને કુસુ મોખરજે,
શ્રીપ્રભુનું ભજન મનશું કરજે. ૭
જીરે ગ્વાલ પોખર નાહીએ તેહ,
શ્રીગિરિધારીજીની તલેટીમાં લોટીએ દેહ; ૮

ગિરિધરણુ ધીરજ મંદિર જોવાં,
ત્યાં તો જન્મ મરણુનાં દુઃખ ખોવાં. ૯

નાહીએ માનસી ગંગાને બ્રહ્મકુંડનાં સ્નાન,
શ્રીમહાપ્રભુજીની બેઠકે કરીએ પ્રણામ. ૧૦

દાન ઘાટીથી બીલછુ વન જાવું,
ત્યાં તો ચક્ર તીર્થ મ્હોટું નાહાવું. ૧૧
પાપમોચન રણુમોચન વંદન,
લીલાનાં સ્થળ તે તો નંદ નંદન. ૧૨
ચંદ કૂપ સરોવર બટ મૂળ,
શ્રીમહાપ્રભુજીની બેઠકે થઇએ અનુકુળ. ૧૩
શંકર્ષણ કુંડ ગાંધર્વ કુંડમાં નાહીએ,
ગોવિંદ કુંડ નાહી કૃતાર્થ થઇએ. ૧૪
શ્રીમહાપ્રભુજીની બેઠકે ભોગ ધરીએ,
હેતે હળી હરિકીર્તન કરીએ. ૧૫
જીરે અપચ્છરા કુંડને પૂંછરીજે,
શિલા ને ગાજતી ગૌ ટેરણી જે ૧૬
હરિ હાથી ગાયોનાં પગલાં,
એક મુગટ શિલાનાં દર્શન કરવાં. ૧૭

શ્યામ ઢાંક બેઠક શ્રીજીની,
એક ગુફા ગોવિંદસ્વામિની. ૧૮
બાંધ બાંધણે સીંદુરી શિલારે ભલી,
હરજી પોખર સુરકુંડ ચરણે રૂદ્રકુંડળી. ૧૯
શિલા દંડવતીને નમાવવા શીશ,
શ્રીગોવર્દ્ધન સ્થળની શોભા અતિશે. ૨૦
પુજની શિલાને ભોગ ધરવા,
નિત્ય આવે લોક બહુ દર્શન કરવા. ૨૧
ગુલાલકુંડ ગાંઠોલી પરમદરાનાં વરણન,
જીરે અલકનંદાને બદ્રીનારાયણ. ૨૨
કદમખંડીને ઇંદ્રોલી કામવન,
નાહીએ પ્રેમકુંડ વિમળકુંડ નિર્મળવન ૨૩
બીજા કુંડ ઘણેરા ત્યાં,
આંખ મીચામણીની ગુફા જ્યાં, ૨૪
ચરણ પહાડીને ખીસલની શિલા,
ભોજન થારીને ભોગ કટોરા ભલા. ૨૫
જીરે ગુફા એક વચ્છાસુરની,

સુરભીકુંડે બેઠક વર વલ્લભની. ૨૬

સુનહરાકી કદમખંડી બડેધામ,
ત્યાં તો ચીત્રામણી શિલાને ચીત્રસમાન. ૨૭

તે તો દેહે કુંડ નહાવું ઉંચે ગામ,
ત્યાં તો દર્શન કરવાં રેવતીને બળરામ. ૨૮

ભાનુક્ષેત્રને બરસાના ગામ,
ત્યાં તો રાજ કરે રૂડા ભૃખુભાન. ૨૯

શ્રીરાધિકાની સંગે અષ્ટ સખીઓ જાણુ,
જીરે સાંકડી ખોર ને ઘાંટી દાન. ૩૦

જીરે દાનગઢ માનગઢના દ્રઢમન,
જીરે દોહણીકુંડ રત્નકુંડ ને ઘેબરવન. ૩૧

શ્રીમહાપ્રભુની બેઠકે મોર,
જીરે નોબારી ચોબારી ભાનુનું વન. ૩૨

પીરી પોખર સંકેત બટમુલ,
બીચલા કૃષ્ણકુંડ ને ઋષિકુંડ. ૩૩

નંદ ગામને નંદ જસોદા માત,
શ્રીકૃષ્ણની સાથે વલ્લભજી ભ્રાત. ૩૪

સુરજ કુંડ મધુવન કુંડ સઘળા,
આવ્યું જોઇને મન થયું વિમળા, ૩૫
ચરણ પહાડી ચરણ અંકુશ શિક્ષા,
દર્શન કરીને ગાવી લીલા. ૩૬
દધી ગામ દધીકુંડને કોટીયવન,
ક્ષીરસાગર શેષસાઇ ને ખેલનવન. ૩૭
શ્રીજમુનાંજી કીધાં શ્રીબળરામ,
અખેબટ કાત્યાયની વૃતનાં ઠામ. ૩૮
ગોપી ઘાટ ઘાટ ચીર હરવાનાં,
જીરે દંડઘાટ ઉતરવાનાં. ૩૯
ભાંડીરવન જાઉં નાવની વાટે,
ભાંડીર કુવોને બટબીજોરી ઘાટે. ૪૦
બેલ વનમાં માન સરોવર સુખધામ,
માનિક શિલા પીપરોલીને માટ ગામ. ૪૧
લોહવન રાવલે પ્રકટયાં રાધા,
મહાવન બ્રહ્માંડ ઘાટ માટી ખાતા. ૪૨
શ્રીગોકુળ મંદિર પ્રભુનાં સાત,
ત્હાં તો રમણ સ્થળની શી કહું વાત. ૪૩

શ્રીમહાપ્રભુજીની બેઠક છે જયાં,
જીરે બ્રહ્મસંબંધની આજ્ઞા ત્યાં. ૪૪
પ્હેલાં છોંકર ઠકુરાણી ઘાટ નાહીએ,
ગોપકુવો નાહી બળદેવજી જઇએ. ૪૫
પછે વૃંદાવન બંસીબટ જેહ,
પરિક્રમાના સ્થળ આવ્યાં તેહ. ૪૬
જીરે મથુરા જન્મ ભુમી વિશ્રામ,
જીરે સ્થળ સઘળાં જોવાની હામ. ૪૭
ચોરાશી કોશની પરિક્રમા કરી,
સર્વે ભગવદી મળી ગુણ ગાઓ હરિ. ૪૮
જે કોઇ પાઠ ભણેને નિત્ય ગાય,
તેહને વનયાત્રા ફળ અધિકજ થાય. ૪૯
જે કોઇ પાઠ કરે નિત્યે નેમ,
ત્હેને હરિશું બાઢે અતિશે પ્રેમ. ૫૦
જીરે વન ઉપવન કીધો કરી જોડ,
શ્રીવ્રજભૂષણજીએ પુર્યાં કોડ. ૫૧
જીરે હરિગુણ ગાએ વલ્લભદાસ,
ત્હેના મન તણીતો પુરજો આશ. ૫૨

ધોળ ૧૧૧ મું.

હું શું જાણું જે વ્હાલે મુજમાં શું દીઠું,
વારે વારે સામું ભાળે મુખ લાગે મીઠું. હું. ૧
જળ ભરવા જાઉં ત્યારે પુંઠળ પુંઠળ આવે,
વગર બોલાવ્યો વ્હાલો બ્હેડલું ચઢાવે. હું. ૨
વઢુંને તરછોડું તોયે રીસ ના લાવે,
કાંઇ મીસે મારે ઘેર આવીને બોલાવે. હું ૩
એકલી જાણીને વ્હાલો પાવલે લાગે,
રંક થઇ વ્હાલો કાંઇ કાંઈ માગે. હું ૪
મને જાતાં જાણી વ્હાલો દોડયો આવે દોટે,
પોતાની માળા લેઇ પહેરાવે મારી કોટે. હું. ૫
મને જાતાં જાણી આગળ આવી રોકે,
દયાનો પ્રિતમ બહેની કેડલો ન મુકે. હું ૬

ધોળ ૧૧૨ મું.

પ્રકટયા શ્રીપુરૂષોત્તમ લાલરે, સાંભળ મ્હારી સાહેલી;
વ્હાલાછે આનંદકારીરે, વાત કરે હશી હરિ. ૧
એવાં વૈષ્ણવજનનાં જુથરે, નિર્ખુંછું નૈણાં ભરી;
એવા પુરૂષોત્તમ પાતળીઆરે, લીધું છે સર્વસ્વ હરિ. ૨

એવા ચતુર શિરોમણિ જાણેરે, સાન કરી સમજાવે છે;
રસિઓ છે રસનો ભોગીરે, પ્રેમે પ્રીત ઉપજાવે છે. ૩
પેલા દુરીજનીઆના દીલમાં રે, દાઝ ઘણેરી આવે છે;
તમારૂં શ્રીમુખ જોવા આવતાં રે, વિરહ ઘણું સંતાપેછે.૪
ઘરમાં તો નથી ગમતાંરે, આંગણીએ નથી રહેવાતાં;
વહાલા તમવિના મહારાજરે, અળગાં નથી સેહેવાતાં.૫
મહારા કામણગારા કહાનરે, વારે વારે શું કહીએ;
મહારૂં અબળાનું શું જોરરે, રૂદન કરી થાકી રહીએ.૬
મટકલડે મોહ પામીછુંરે, અંગે આતુરતા ઢલી;
મને બીજું ના આવે નજરેરે, સાંભળ મહારી સાહેલી.૭
સહીઅર સંદેશો કહેજોરે, વિનતિ મહારા વ્હાલાને;
સમજાવી એમને કહેજોરે, શ્રીગોકુળનાથજીના લાલાને.૮
પ્રભુ દયાનિધિ મારા દયાળરે, કાંકરોલીના છો વાસી;
પ્રભુ પ્રીત કરી પધારોરે, ચરણ કમળની છું દાસી. ૯

ધોળ ૧૧૨ મું.

લાલ તમારો લટકો જોઇ,
મને ચટકી લાગી પ્રેમતણી;

શ્રીદાઉદિજી તમારે લટકો જોઇ,
મને ચટકી લાગી પ્રેમતણી. ટેક
લટપટી પાઘ કેસરીઆ વાગા,
જડાવ તિલકની શોભા બની. લાલ ૧
રસિક કુંડળ લોલક લટકે,
જડાવ જડયાંરે મહીં હીરા મણિ. લાલ ૨
બાંહે બાજુબંધ બેરખા સોહીએ,
જડાવ પહોંચીની શોભા ઘણી. લાલ. ૩
ઇત ગોકુળ ઉત મથુરાં નગરી,
બીચ શ્રીજમુનાજી નીર વહે; લાલ. ૪
શ્રીવૃંદાવનમાં રાસ રચ્યોહે,
સહસ્ત્ર ગોપીને વચ્ચે ગિરિધારી; લાલ. ૫
શ્રીવૃંદાવનની કુંજગલનમાં,
યુગ યુગ રહીઓ એ જોડી; લાલ. ૬
શ્રીયમુનાજી નીરેતીરે ધેન ચરાવે,
બંસી બજાવે વહાલો કદમ ચઢી. લાલ. ૭
સૂરદાસ પ્રભુ તીહારે મિલનકું,
રંગતણા મહારાજ ધણી. લાલ. ૮

ધોળ ૧૧૪ મું.

ચાલો ચાલો કાલિંદીને કાંઠડે,
ગિરિધારી ચારે ગાય, શ્રીનાથજીને નિરખીએ. ૧
હરિના શીશ ફુલની શોભા ઘણી,
એમને છોગલડે શૃંગાર. શ્રીના. ૨
હરિને ભાલે તિલક સોહીએ કેસરી,
એમના ખીટલીઆળા છે કેશ. શ્રીના. ૩
હરિના બોલ સદા રસ મીઠડા,
એમની આંખલડી અમૃત. શ્રીના. ૪
હરિને કાને કર્ણફુલ શોભીતાં,
એમનાં કુંડળ રત્ન જડાવ. શ્રીના. ૫
હરિને હડપચીએ હીરલો ઝગમગે,
એમના તેજતણો નહી પાર. શ્રીના. ૬
હરિને કંઠે તે માળા શોભતી,
એમને ઉરગજ મોતીના હાર. શ્રીના. ૭
હરિને બાંહે બાજુબંધ બેરખા,
એમની પહોંચી છે રત્ન જડાવ. શ્રીના. ૮

હરિને પીળાં પીતામ્બર શોભતાં,
વ્હાલે ઓઢયા ઉપરણા સાર. શ્રીના. ૯
હરિને કેહેડે સોહીએ કટીમેખળા,
એમને ઝાંઝરનો ઝમકાર. શ્રીના. ૧૦
હરિને ચરણે ચાખડી શોભતી,
એમની ચતુરાઇની છે ચાલ. શ્રીના. ૧૧
હરિને હાથે સોહીએ લાલ લાકડી,
એતો ધેનુ ચરાવાને જાય. શ્રીના. ૧૨
હરિને સંગે તે સરખા ગોવાળીયા,
ત્યાં વ્હાલો મધુરીશી મોરલી વાય. ૧૩
વ્હાલો શ્રીવૃંદાવનની કુંજમાં,
ત્યાં ખેલે શ્રીનંદકુમાર. શ્રીનાથ. ૧૪
એ સ્વરૂપની શોભા જોઇને,
બલિહારી જાય માધવદાસ. શ્રીનાથ. ૧૫

ધોળ ૧૧૫ મું.

શ્રીનટવરલાલને વારણેરે,
સુંદીર શ્રીછોટાલાલ બલિહારીરે લાલ;
શ્રીનટવરલાલને વારણેરે. ૧

રાજનગર રળિઆમણું રે
તેની સુંદર શોભા સારીરે લાલ. શ્રીનટવર. ૨
છપ્પન ભોગ સોહામણોરે,
કીધો બુદ્ધિ બહુ વિચારરે લાલ. શ્રીનટવર. ૩
શૈંકા સંવત અઢારમાંરે,
ચતુર ચોરાણુવો શુભકારીરે લાલ. શ્રીનટવર. ૪
વેગે વૈશાખ માસમાંરે,
સુદની સાતમને સોમવારરે લાલ. શ્રીનટવર. ૫
દેશોદેશથી આવીયારે,
સહુકો આવ્યાં નરને નારીરે લાલ. શ્રીનટવર. ૬
ઉત્તરથી હરિ આવીયારે,
શ્રીગોકુળનાથજી ગાદીભારીરે લાલ. શ્રીનટવર. ૭
શ્રીલક્ષ્મણલાલને જોઇનેરે,
સહુકોને પ્રીતિ ઘણીછે પ્યારીરે લાલ. શ્રીનટવર. ૮
દક્ષિણથી દુઃખ કાપવારે,
આવ્યાશ્રીકલ્યાણરાયહેતકારીરે લાલ. શ્રીનટ. ૯
પૂર્વથી પ્રભુ પધારીઆરે,
શ્રીત્રિકમજીમાધવરાય ગિરિધારીરેલાલ. શ્રીનટ.૧૦

પશ્ચિમેથી પ્રભુ પધારીઆરે,
આવ્યાશ્રીમગનલાલજીમહારાજરેલાલ. શ્રી નટ ૧૧
શ્રીમટુલાલ મથુરાંનાથજીરે,
બીજા બાળક જાઉં બલિહારીરે લાલ. શ્રીનટવર. ૧૨
સેહેજે સાતને તારીઆરે,
ત્હેને મહેર કરી મહારાજેરે. શ્રીનટવર. ૧૩
સેહેજે દાસ જમનાને દયા કરીરે,
હેતે લીધો છે ઉઠાડીરે લાલ. શ્રીનટવર. ૧૪

ધોળ ૧૧૬ મું.

જીરે જીરે પ્રથમ સૂરજપોળ જાણોજી,
રમાવૈકુંઠ વખાણે. જીરે જીરે. ૧
નવ સીડીયે નવધા ભક્તિજી,
શ્રીગોવર્દ્ધન ચોક પ્રેમ આસક્તિ. જીરે જીરે. ૨
કમળચોક મહાસુખ કંદજી,
સીંઘપોળ જોઇને આનંદ. જીરે જીરે. ૩
બે હંસ બે હસ્તી બિરાજેજી,
ચારે વેદ મહાધુની ગાજે. જીરે જીરે. ૪
કમળચોક રાસ ક્રીડા રમણજી,

શિવ આવે ગોપીધરી તન.　　　જીરે જીરે. ૫
બેક મારે શ્યામનીજીનાં નેનજી,
ત્યાં તો મુર્છા ખાઇ પડયાં મીન.　જીરે જીરે. ૬
રત્નચોક શ્યામનીજીનાં તનજી,
સુર આવ્યા ચડી વૈમાન.　　　જીરે જીરે. ૭
જગમોહનમાં મહારાણીજીનાં મનજી,
મણી કોઠા જુવતી આસન.　　　જીરે જીરે. ૮
ચોક કીર્તનીયા ગલીજી,
દર્શન કરવા આવે સહુ મળી.　　જીરે જીરે. ૯
વેણું બાજે કીર્તનિઆ ગાયજી,
ત્યાં તો આનંદ ઉર ના સમાય.　જીરે જીરે. ૧૦
માનું છડી માંડી પ્રીતેજી,
આસપાસ ચિત્રામણ ભીંતે.　　　જીરે જીરે. ૧૧
નિજ મંદિર ગોપ સ્વરૂપજી,
પાસે સજ્યાં મંદિર અનૂપ.　　　જીરે જીરે. ૧૨
શ્રીજીની નીચે વસ્ત્ર સુખકારીજી,
માનુ સોહે ચંદ્રાવળી નારી.　　　જીરે જીરે. ૧૩
ચરણ ચોક ગૌલોક કહેવાયજી,

ત્યાં તો દૈવિ હોય તે જાય. જીરે જીરે. ૧૪
પીછોવઈ ચંદ્રાવળી જાણોજી,
ચંદરવો શ્રીયમુના મન આણો. જીરે જીરે. ૧૫
ગાદી સુંદર મન ભાવકજી,
પીઠ તકીયા મહાસુખ દાયક. જીરે જીરે. ૧૬
આસપાસ બે તકીયા રાજેજી,
મહાસુખ એકાંતે બીરાજે. જીરે જીરે. ૧૭
એછે શાસ્ત્રતણાં સુખ ધામજી,
પડે ચંદ્રાવળીજીનું નામ. જીરે જીરે, ૧૮
ઝારી તે શ્રીસ્વામિનીજીનાં તનજી,
શ્રમ જળ શ્રીમહારાણીજીનાં મન. જીરે જીરે. ૧૯
બે બીડાં શ્રીમહાપ્રભુ દક્ષણા ભલો,
મુખ વસ્ત્ર મોહન શ્યામ. જીરે જીરે. ૨૦
જુગલ ચરણ શેષજી પધાર્યાજી,
ગિરિરાજ હરિદાસ કહેવાય. જીરે જીરે. ૨૧
એક કળશ શ્રીગુસાંઇજીનું રૂપજી,
ઉર સાત ધ્વજા અનૂપ. જીરે જીરે. ૨૨
સજ્યા ભોગ મહાસુખ કંદજી,
શોભા નૈણે નિર્ખિ મુખ ચંદ. જીરે જીરે ૨૩

એવો માર્ગ થયો નહિ થાયજી,
શ્રીમહાપ્રભુનીકૃપાથકીપુષ્ટિ કહેવાય.જીરે જીરે ૨૪
છડીનું ત્યાં તત્કાળજી,
ગુણ ગાયે શ્રીવલ્લભલાલ. જીરે જીરે. ૨૫

ધોળ ૧૧૭ મું.

સખી સરદપુનમની રાત મુજને વહાલીજી,
એવી શ્રીગોકુળવ્રજની નાર રમવા ચાલીજી, ૧
એવાં નાક પ્રમાણે નથનાં નિર્મળ મોતીજી,
એવાં દર્પણ લીધાં હાથ મુખડાં જોતીજી. ૨
એવાં કલ્લાં કાંબી ચાર વીંછવા ચમકેજી,
એવાં ઝાંઝરનો ઝમકાર ઘુઘરી ઘમકેજી. ૩
એવાં ચોળીને પેહેર્યાં ચીર પીતાંબર પીળાંજી.
મ્હારા વહાલા સાથે રમવો રાસ કરવી લીલાજી. ૪
એવી લીલા તે ગાજો નિત્ય નરને નારીજી,
ત્યાં રમે ગોપીઓને કહાન રમતાં ભારીજી. ૫
એવાં બાંહ્યે બાજુબંધ ઓગનીયાં ખળકેજી,
એવો હૈડે એકાવળ હાર ઝુમણાં ઝળકેજી. ૬
ત્યાં ફુંદડી ફરે ગોપી ચાર વચ્ચે ગિરિધારીજી,
એવા માધવદાસના દાસ જાઉં બલિહારીજી. ૭

શ્રીઅષ્ટાક્ષરનું ધોળ.

ધોળ ૧૧૮ મું.

આ કળીમાં કારણ એક, અષ્ટાક્ષર ભારી. ટેક.
શ્રીવલ્લભ શ્રીમુખથી પ્રકટયા સૃષ્ટિ તારી,
શ્રીવલ્લભ વંશની કૃપા થકી, કરૂં અષ્ટાક્ષર વર્ણનરે
શ્રીમુખથી પ્રકટયાએશ્રીવલ્લભ,એવેળાને કરૂં પ્રણામ.૧
આ દૈવી જીવપર દયા વિચારી, રસ વર્ષાવી ભારીરે;
શ્રીવિઠ્ઠલ પ્રભુજીએ કૃપાકરીને,ગ્રંથપ્રકટયા જાઉંવારી.૨
અષ્ટાદશ કર્યા શ્લોક, પ્રકટયા શ્રીવલ્લભરાજ કુમારરે;
મહાગૂઢ રસ પ્રકટ કર્યા, જાઉં વંશસહિત બલિહારી. ૩
પ્રથમ શ્લોકમાં પ્રકટ બતાવ્યું, શ્રીકૃષ્ણચંદ્રનું રૂપરે;
કૃષ્ણકૃષ્ણકૃષ્ણ નેતિ કરીને, સદા જપો રસ રૂપ. ૪
આનંદને વળી પરમાનંદનું, સુખ અષ્ટાક્ષર માંહ્યરે;
નિશ્ચિંતને વળી નિધડક થઇને, ભજે મળે વ્રજરાય. ૫
શ્રીમહાપ્રભુજીએ સાત ભક્તિનાં,દાન કર્યાં આ મંત્રરે;
મહાઅઘોર કલિજીવ ઉદ્ધારવા,સાતેભક્તિનો એ જંત્ર.૬

સાત ભક્તિનાં નામ વખાણું, શ્રવણ વળી કીર્તનરે;
સ્મરણને વળી શ્રવણ ભક્તિ, પાંચમી છે અર્ચન. ૭
પાદસેવા વંદન દાસત્વ, એ સર્વે મળીને સાતરે;
મહાપ્રાક્રમી સાતે જણને, એક એક મળી વિખ્યાત. ૮
શુક પરિક્ષીત પ્રલ્હાદ શેષજી, લક્ષ્મીને પૃથુરાજરે;
હનુમાનઆદિસાતેજણને,એકએકભક્તિએકીધાંકાજ.૯
એવા મ્હોટાને બહુ પરાકાષ્ટાથી, પ્રાપ્ત થયું રત્નરે;
આ દૈવી જીવપર દયા વિચારી, અષ્ટાક્ષર ધન્યધન્ય.૧૦
આ સાતેમાંથી એકે સાધન,આ કલિના જીવ શું કરશેરે;
અષ્ટાક્ષર મહામંત્ર જપ્યાથી, ભવસાગર તે તરશે. ૧૧
જે દિવસથી ગુરૂ કૃપાથી, અષ્ટાક્ષર મળ્યું દાનરે;
તે દિવસથી જીવતપર્યંત, રૂડું રાખ્યું ધ્યાન. ૧૨
શ્વાસોશ્વાસને હરતાં ફરતાં, અષ્ટાક્ષર મુખ ગાયરે;
નિદ્રા જાગ્રણ રસ્તે ચાલતાં, અહોનિશ ચાલ્યાં જાય. ૧૩
આનંદને વળી પરમાનંદનું, સુખ મળે સુખથાયરે;
મહાઅલૌકિક લીલાનો અનુભવ કરી લીલામાં જાય. ૧૪
પ્રથમ શ્લોકમાં શ્રીવલ્લભશ્રીવિઠ્ઠલ,કૃપાબહુ ગૂઢકીધીરે;
નિજ સૃષ્ટિને દાન આપીને, સકળ કામના સિદ્ધિ. ૧૫

બીજા શ્લોક સદા સર્વદા, શ્રીકૃષ્ણ સ્મરણ કરવું રે;
જમના દુતનું કાંઇ ન ચાલે, લેશમાત્ર નહિ ડરવું. ૧૬
અગાધ ભક્તિ અષ્ટાક્ષરની, મહાપાતક સહુ નાસેરે;
ગૌબ્રાહ્મણ સ્ત્રી બાળકની, હત્યા તે સહુ ત્રાસે નાસે. ૧૭
ત્રીજા શ્લોકમાં મહાત્મ જાણી, અષ્ટાક્ષર નિત્યજપવોરે;
જમનાદુત પડે નહિ દૃષ્ટે, એવોઅષ્ટાક્ષરઓળખવો.૧૮
કાળ કર્મ તેહેને નહિ બાધે, ઉલટા અનુકૂળ થાયરે;
માયા મોહ ના આપે તેને, જે અષ્ટાક્ષર નિત્ય ગાય.૧૯
જ્ઞાનઅજ્ઞાનનેશ્રીકૃષ્ણભજનથી,અગણિતપાપસહુજાયરે;
અજામિલની વાત વિચારો,મહાપાપી પાવન થાય. ૨૦
ચોથામાં "શ્રી"સહિત અષ્ટાક્ષર, વર્ણવ્યું શ્રીવિઠ્ઠલેશરે;
નિજ સૃષ્ટિ ઉપર હેત વિચારી, ગુરૂ રૂપે ઇશનાઇશ.૨૧
નિષ્પક્ષ વડે નિરાધાર કરીને, પ્રકટ કર્યા મહારાજરે;
પાંચમા શ્રીમુખ વચનથી, શ્રીવલ્લભે કીધાં કાજ, ૨૨
શ્રીગિરિરાજધરણે ચિંતા મટાડવા,મહામંત્ર પ્રકટાયોરે;
જેમરૂનોઢગલોચીનગીબાળે,તેમજીવનાદોષમટાડવા ૨૩
દ્વાપરમાં પ્રભુ પ્રકટ થઇ, પૃથ્વિનો ભાર ઉતાર્યોરે;
તેમકલિમાં આઅષ્ટાક્ષરથી,વહાલેસકળસૃષ્ટિનેતાર્યા.૨૪

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલેશે કૃપા કરીને, પુષ્ટિરસ પ્રકટાવ્યોરે;
માળા તિલક છાપ અષ્ટાક્ષર, પંચાક્ષર ઘણા ભાવ્યા.૨૫
છઠ્ઠા શ્લોકમાં અષ્ટાક્ષરના, અક્ષર વર્ણવ્યા ત્રણરે;
શ્રીકૃષ્ણનામને સુભાગ્ય સાથે,દૃઢ કરી મન તું પરણ.૨૬
'શ્રી'થી અખંડ સૌભાગ્યની પ્રાપ્તિ,મળેઅલૌકિકધન્યરે;
'કૃ'શબ્દપાપ તાપને ટાળે,'ષ્ણ'શબ્દફળઅન્યસાધન.૨૭
સાતમા શ્લોકમાં શરણ ત્રણ એ,અક્ષર વર્ણવ્યાં આપરે;
પ્રથમ શબ્દથી લક્ષ ચોરાશી, ટાળી મટાડયા તાપ.૨૮
'ર'કાર શબ્દથી મહા અલૌકિક, લીલાનું થાય જ્ઞાનરે;
'ણ'કારથી અન્ય આશ્રય છુટે,દૃઢ ભક્તિમાં રહેધ્યાન.૨૯
આઠમા શ્લોકમાં બે 'મમ' એ, કૃપા ગૂઢ બહુ કીધીરે,
પ્રથમ 'મ'એ દૃઢ પ્રીત બતાવી,બીજ સૌજન સિદ્ધિ.૩૦
નવમા શ્લોકમાં મહાત્મ જાણી,અષ્ટાક્ષર નિત્ય ગાયરે;
શ્રીજી શ્રીવલ્લભના ચરણ, સ્પર્શિત સેવે દૃઢ થાય. ૩૧
દશમા શ્લોકમાં મહામંત્રથી રોગ પાપ સહુ જાયરે;
રિદ્ધિ સિદ્ધિ સહુ ઘરમાં આવે,પરમાનંદ સુખ થાય. ૩૨
એકાદશમો આનંદને, વળી પરમાનંદ પૂર્ણરે;
સ્નેહ કરી અષ્ટાક્ષર જપે, ત્હેને રોગજવરનું ચૂર્ણ.૩૩

દ્વાદશમાં વળી પ્રેત ભૂત, પિશાચ સર્વેને શીધેરે;
ચારે શત્રનો ડર નહી તેને, અષ્ટાક્ષર રાખો ઢીંગે. ૩૪
ત્રયોદશમાં કૂક્રિયા ક્રોધ અષ્ટાક્ષરથી ત્રાસેરે;
આનંદ મૂર્તિ શ્રીકૃષ્ણચંદ્ર,નિજ ભક્તને રાખે પાસે.૩૫
ચતુર્દશમાં સર્વે પ્રકારનું, દુઃખ મટે સુખ થાયરે,
અહોરાત્રિ શ્રીકૃષ્ણ ભજનથી, ઉભય લોક સુખગાય.૩૬
પંચદશમાં શ્રીવલ્લભ પ્રભુને, શર્ણ થઇ મુખ ગાયરે;
સર્વ મંત્રનો રાજશિરોમણિ, ભજે સ્વર્ગમટેવ્રજથાય.૩૭
ખટ દશમાં અષ્ટાક્ષરનો ગુપ્ત તે જપ થાયજો;
મહાત્મ જાણી શ્રદ્ધાપૂર્વક ભજે તાપ કલેશસહુ જાય. ૩૮
સત્તરમાં સહુ સૃષ્ટિના, ઉપર હેત કરી પ્રભુ પ્રકટયારે,
વેદ શાસ્ત્ર પૂરાણ આધનો, સાર સહુ મન ભાવે. ૩૯
અષ્ટાદશમો શ્લોક શ્રીવિઠ્ઠલ પ્રભુજીએ પૂર્ણ કીધોરે;
અષ્ટાક્ષરમાં નિધિ જાણી, સકળ મનોરથ સીધ્યો. ૪૦
એવે વહાલે નિજ સૃષ્ટિપર, દયા વિચારી ભારીરે;
શ્રીગુરૂ કૃપાથી વર્ણવકીધો જય દાસનો દાસબલિહારી.
અષ્ટાક્ષર ભારી. ૪૧

ધોળ ૧૧૯ મું.

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ શ્રીજી,
શ્રીયમુના શ્રીનવનિતપ્રિયાજી;
સેવા કરો આનંદમાં ભીજી,
તો રીઝશે શ્રીગોપીપતિજી. ૧

દૃઢ આશરો શ્રીમહાપ્રભુજીનો રાખો,
અષ્ટાક્ષર નિશદિન મુખે ભાખો,
અસમર્પિત વસ્તુ રખે ચાખો,
તો રાખજો ગુરૂ ચરણે મતિજી. ૨
ભગવદીઓનો સતસંગજ કરજો,
દયા સર્વે કોઇ ઉપર ધરજો;
વૈષ્ણવની રીતે અનુસરજો,
તો ધરજો ટેક ધણી એકનોજી. ૩
હરિ ગુરૂ વૈષ્ણવ સરખા લેખો,
ભિન્નભાવ હૃદે નવ દેખો;
દાસપણું ત્રણેનું ગ્રેહજો તો,
તન મન ધન વિવેકશુંજી. ૪
પ્રફુલ્લિત મને હરિના ગુણ ગાજો,

કપટદંભથી અળગા રહેજો;
દુષ્ટ સંગ થકી દૂર પળાજોતો,
ન્હાજો પદરજ હરિ ભક્તમાંજી. ૫
દીનતા ભાવ અંતરનો સ્નેહી,
પ્રભુ પ્રસન્નતાનું કારણ એહી;
નીશ્ચે માનજો નહી સંદેહી,
તો દેહ દમો શા કારણેજી. ૬
મનુષ્ય જન્મ મહા દુર્લભ જાણો,
તેથી દુર્લભ હરિના ચરણ વખાણો;
એ બે પામી સેવા રસ માણો,
તો જાણજો જીવ્યા આ જગતમાંજી. ૭
શ્રીવલ્લભ પ્રભુ મહારા સ્વામી,
પ્રાણજીવન ધન્ય અંતરજામી;
અક્ષર બ્રહ્મતણા એ ધામી,
તો દાસ દયો જાય વારણેજી. ૮

ધોળ ૧૨૦ મું.

લટકાળા લાલ, શ્રીવિઠ્ઠલવરને નિરખું તે ધન્ય ધન્ય;
કરૂણાસાગર, દૈવી જીવના તારણ પ્રાણજીવન. ૧

શ્રીમુખની શોભા શી કહીએ,
ચાલો સર્વે જોવાને જઇએ;
શર્ણે જઇએ ધણીયાતાં થઈએ. લટકાળા લાલ. ૨
વહાલો પુરૂષોત્તમ કહીએ,
ત્હેનું ધ્યાન હૃદેમાં રાખી રહીએ;
એને મુકી બીજે કયાં જઈએ. લટકાળા લાલ. ૩
એ વ્રજપતિ વહાલો કહાવે છે,
નિજ જનના તાપ સમાવે છે;
નિરખતાં મોહ ઉપજાવે છે. લટકાળા લાલ. ૪
વહાલો કાંકરોલી માંહે રહે છે,
વહાલો ગિરિધર ઘાટમાં રહે છે;
વહાલો નિત્ય નિત્ય દર્શન દેછે. લટકાળા લાલ. ૫
કરજોડી વલ્લભદાસ કહે,
વિનતિ હૃદીયા માંહે લહે;
તાપ ત્રિવિધના તનમાં સહે. લટકાળા લાલ. ૬

ધોળ ૧૨૧ મું.

છબીલા છબી તારી જોઈરે,
રહ્યું મન મ્હારૂં મોહીરે. ૧

વાંકી વરણી ત્હારીરે,
મનોહર મુખપર જાઉં વારીરે. ૨
મોરલી અધર ધર ઓપીરે,
વગાડી વહાલે ઘેલી કીધી ગોપીરે. ૩
વૃંદાવન વગાડી સુંદર શ્યામરે,
ત્યાગ કરાવ્યાં ઘરનાં કામરે. ૪
જાણું જે વૃંદાવન જાઉંરે,
પાલવ પાતળીયાનો સાહુરે. ૫
જાણું જે હવે શી પેર થાશેરે,
જોયા વિના જીવડો જાશેરે. ૬
હર્ષ ભર્યાં આવે વ્રજનારીરે,
સામું જોવાને દેવ મુરારીરે. ૭
સ્નેહ શા માટે કીધોરે,
અમારાં ચિત્ત ચોરી લીધાંરે. ૮
ભુખ્યા મને ભોજન નવ ભાવેરે,
સેજલડીએ નિદ્રા નવ આવેરે. ૯
સેજલડીએ નિદ્રા નવ આવેરે.
જાણું જે હરિ આ વેળા આવેરે ૧૦

વલોણાં વલોવી રહું રે,
માંખણિઆં આવે તો ઉતારૂં રે. ૧૧
સાંજે હું તો ગાવલડી દોહોતીરે,
વહાલાજીની વાટલડી જોતીરે. ૧૨
મારે ઘેર આવોને હેલીરે,
રહી છું મરજાદા મેલીરે. ૧૩
આજ મારે આનંદની હેલીરે,
ગિરિધર જોવા થઈ ઘેલીરે. ૧૪
આજ મારે દીવાળીનો દીનરે,
ઘેર પધાર્યા જગજીવનરે. ૧૫
હરિવર આવંતા રૂડારે,
અવિચળ ચાંદલીઓ ચુડારે. ૧૬
વલ્લભના સ્વામી છે રસીયારે,
અમારા હૃદીયામાં વસીયારે.
છબીલા. ૧૭

ધોળ ૧૨૨ મું.

શ્રીકૃષ્ણકમળમુખનિર્ખવા,ચાલોશ્રીનંદજીને ઘેરરે;
જશોદાએશ્રીકૃષ્ણજન્મીયા,હર્ખિયાઆનંદભેરરે. ૧

ચૌદ ભવનકેરા ભૂષણ, નંદસુત શ્રીગોકુળ આવ્યારે;
ફુલીફરેવ્રજસુંદરી, ગોપીગોવાળને મન ભાવ્યારે. ૨
ગોપિકા સર્વે ટોળે મળી, હરિને વધાવાને જાયરે;
અંતરઘટઉતાવળા, હરિને જોવાની અપેક્ષાયરે. ૩
પુન્ય પવિત્ર પ્રભુજીતણાં, ગાય છે નૌતમ ગીતરે;
ગીત ગાએનેસ્વરસોહાએ,થયાંછેએકાગ્રહ ચિત્તરે.૪
ભેટ લાવ્યાં બહુ ભામની, ચાંદલો લાલાને કીજેરે;
હર્ખતાં નિર્ખતાં પ્રીતશું, મોહનને ઉછંગે લીજેરે. ૫
ભીડ ભઇ ઘર આંગણે, નંદજસોદાને મન ભાવ્યાંરે;
વ્રજભૂમિનાંસુખશાંકહુંશ્રીનાથજીનેમોતીડેવધાવ્યારે.
માધવદાસના પ્રભુજી, પરિવાર સ્થિરકરી સ્થાપોરે;
દાસ ઉપર દયા કરી,વાસ વ્રજમાં આપોરે. શ્રીકૃષ્ણ.૭

શ્રીરણછોડરાયજીનું ઘોળ.

ઘોળ ૧૨૩ મું.

લાવણી.

ચાલો જઇયે દર્શન કરવા, ડાકોરમાં ઠાકોર બિરાજે છે,
દીનોનાથ દયાલ દામોદર, દર્શનથી દુઃખ ભાગેછે. ટેક.

પહેલું દુઃખ બ્રહ્માનું ભાગ્યું, શંખાસુરને મારીને;
શંખનારાયણ બેટમાં બેઠા, વેદ લાવ્યા ચાર વાળીને.
કચ્છપરૂપે સાગર મથિયો ચૌદ રત્ન બહાર કાઢીને;
અમૃત તો અમરોને પાયું, વિષ પાયું વિષ ધારીને,
વરાહરૂપે પૃથ્વી લાવ્યા, આદ્ય નિરંજન આજે છે.
દીનોનાથ દયાલ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે. ૧
પ્રલ્હાદની પ્રતિજ્ઞા પાળવા નરહર નરસિંહ રૂપ ધર્યું.
હિરણ્યકસ્યપુ નખે વધેર્યો વિધિનું વાયક સફળ કર્યું;
વામનરૂપે બળિને ચાંપ્યો, ઇંદ્રરાયનું કાજ કર્યું.
છબીલોજી છડીદારથૈઉભા,બળિરાજાનું ભાગ્ય ભળ્યું;
ફરશી ગ્રહી નક્ષત્રી કીધી, જઇ કોંકણ બિરાજે છે.
દીનોનાથ દયાલ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ૨
અનેક દુઃખ દેવતાનાં ભાગ્યાં, રાજા રાવણ મારીને;
વિભીષણને લંકા આપી, પથ્થરા પાળજ તારીને.
કૃષ્ણ સ્વરૂપે કંસને માર્યો, ગોકુળમાં ગૌચારીને;
મોરલીમાં મહા મોહ પમાડયાં, ત્રણ લોક નર નારીને.
બુદ્ધા રૂપે શ્રીજગન્નાથજી, જગમગ જોત બિરાજે છે.
દીનોનાથ દયાલ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ૩

અકળકળા નવખંડમાં વ્યાપી,ઘટઘટમાં તમો રમી રહ્યા.
ડાકોરમાં ઠાકોર બિરાજ્યા, બોડાણાપર કરી દયા;
ગંગાબાઇના ગુણ વધાર્યા, સવા વાલથી ઓછા થયા.
ભક્તિ જાણી સારંગપાણિ, ગુગળી પાછા ઘેર ગયા;
માંખણિયો આરો છે સારો, લીંબડો મીઠો લાગે છે,
દીનોનાથ દયાલ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે. ૪

ઉંચું દેવળ ઉંચું શિખર ધોળી ધજા ત્યાં ફરફરે;
જે દરવાજે નોબત વાજે, રત્નાગર ત્યાં ગડગડે.
ગોમતી નીરે સંગમ તીરે, સંઘ આવી ત્યાં પડાવ પડે;
આઠે દહાડે શુકરવારે, વહાલમનો વરઘોડો ચઢે.
રણછોડ રસીયો સૌમાં વસિયો, સૌને માથે ગાજે છે;
દીનોનાથ દયાલ દામોદર, દર્શનથી દુઃખ ભાગે છે. ૫

ઉત્તર દક્ષિણ પૂર્વ પશ્ચિમના, લોક દર્શને આવે છે;
મ્હોટા મ્હોટા સંઘવી થઇને, સંઘ ડાકોરમાં લાવે છે.
નૈણે નિર્ખું હૈડે હર્ખું, રૂપ ઉપર જાઉં બલિહારી.
શંખ ચક્રને પદ્મ બિરાજે, ગદા ધરી છે ગિરિધારી;
સાકર માંખણ તુલસીનીમાળા,રાયરણછોડને ચઢાવેછે.
દીનોનાથ દયાલ દામોદર દર્શનથી દુઃખ ભાગે છે. ૬

ધોળ ૧૨૪ મું.

શ્રીવલ્લભ વિઠ્ઠલ શ્રીજીરે રમવાને આવો,
શ્રીનવનિતપ્રિયાજી ન્હાનારે સંગે તેડીને લાવો. ૧
શ્રીબાળકૃષ્ણજી બાળુડારે બેલડીએ આવો,
શ્રીનટવરલાલજી પ્રાણ પ્યારારે એમને તેડી લાવો. ૨
રમવું જમવું રંગેરે વહાલાની સંગે,
કહ્યાં અમારાં માનોરે, શું થાઓ છો ઢંગે. ૩
શ્રીગુસાંઇજી મહારાજ તમનેકહું છુંરે ગુજરાત પધારો,
ત્યાં સર્વેને દર્શન દેઇનેરે પુષ્ટિમાર્ગ વધારો, ૪
સહુને સમર્પણ આપ્યાંરે તવાં અમને આપો,
સહુ વૈષ્ણવને તાર્યારે, એવા અમને તારો. ૫
મધ્ય રાતે મંદિરમાંરે વાંસલડી વાગી,
ભર નિદ્રામાં સુતીરે, ઝબકીને જાગી. ૬
ઓચંતી અજાણીરે બારણે આવી,
પાડોશણને પુછયુંરે મોરલી કયાં વાગી. ૭
જો ત્હારા મંદિરમાંરે, વાંસલડી વાગી,
શ્રીયમુનાજીની તીરેરે મોરલી ત્યાં વાગી. ૮

પુરૂષોત્તમજી મહારાજ તમને કહુંછુંરે શ્રીજીપધારો,
ભામનીવહુજીનાં દાસીરે, જમુના પાન કરવા પધારો.૯
ચરણ શરણ અમને રાખોરે, એટલું છે કામ,
અહોનિશ દર્શન આપોરે, દેઉં તમારૂં નામ. ૧૦

ધોળ ૧૨૫ મું.

શ્રીદામોદરદાસહરસાની અતિ હરખે ભર્યા,
ઉપર બેઠા જોતા હતા વાટજો;
ભાઇ સર્વે ધન કહાડીને ઢગલા કર્યા,
તેના સામું જોયું નહીં લગારજો. શ્રીદામો. ૧
એટલામાં તો પ્રભુજી પોતે પધારીયા,
આવતાં નિર્ખ્યા પોતાના નિજ નાથજો;
દોટ મેલીને દોડી પાસે આવીયા,
પડયાપાયને જોડયા છેબેઉ હાથ જો. શ્રીદામો. ૨
હાથ સાહિને પ્રભુએ પોતે ઉઠાડીયા,
પુછયું દમલા આવ્યો તેહેની વારજો;
શિષ નમાવી સ્વામી પ્રત્યે બોલીયા,
વાટ કયારની જોતો હતો મહારાજજો. શ્રીદામો. ૩
ત્યાંથી સાથે તેડી પોતે પધારીયા,

આવ્યા શ્રીગોકુળ માંહે શ્રીગોવિંદ ઘાટજો;
બ્રહ્મ સંબંધની આજ્ઞા પ્રભુજીએ કરી,
વચનસુણ્યાપણુસમજ્યાનહીંતલમાત્રજો.શ્રીદા.૪
ત્યાંથી શ્રીગોવર્દ્ધન ઉપર પધારીયા,
આવી પહોંચ્યા છોકર છાયા માંહ્યજો;
પછી પધાર્યા શ્રીગોવર્દ્ધનનાથજી,
હાથ થોભીને રાખ્યા વેગળા ત્યાંહ્યજો. શ્રીદામો.૫
ત્યારે શ્રીવલ્લભ ખીજીને બોલીયા,
દાસપણું તે જાણીને અપરાધજો;
ત્યારે શ્રીમુખેથી શ્રીજી બોલીયા,
દાસ ધર્મ રાખ્યો માટે નહીં બાધજો. શ્રીદામો.૬
એક સમે શ્રીવલ્લભ પોતે બોલીયા,
પુષ્ટિમાર્ગ ચલાવ્યો પ્રકાશજો;
તે તો દમલા તારે સારૂ જાણજે,
રહેશે હૃદેમાં રહેશે કરીને વાસજો. શ્રીદામો. ૭
એવી ક્રિયા જાણી શ્રીગુસાંઇજીએ,
પોતે કરાવ્યું પિતાનું ત્યાં શ્રાદ્ધજો;
દક્ષણા માગી ત્યારે પોતે કહ્યું,

સિદ્ધાંત રહસ્યના દોઢ શ્લોકની વાતજો. શ્રીદા.૮
એવી ક્રિયા જાણી શ્રીવિઠ્ઠલનાથજી,
બેસાડતા તો ગાદી અડધો હાથજો;
ચરણામૃત તો પોતાનું આપેજ નહીં,
એવા મ્હોટા જાણી શ્રીવલ્લભદાસજો.શ્રીદામો. ૯
ત્યારે શ્રીવલ્લભ મુખેથી બોલીયા,
મુજમાં ને શ્રીગુસાંઇજીમાં નથી કાંઇ ભેદજો;
માટે ચરણામૃત તો તું લેજે સદા,
શ્રીવલ્લભ વાણી કહી તે જાણી વેદજો.શ્રીદામો.૧૦
ત્યારે પોતે આવીને વિનંતિ કરી,
મને કૃપા કરી પોતે શ્રીમહારાજજો;
ત્યારે પોતે કૃપા કરીને આવીયા,
વલ્લભદાસનાં સરિયાં સઘળાં કાજજો.શ્રીદામો.૧૧

શ્રીવ્રજરાયજી મહારાજનું ઘોળ.

ઘોળ ૧૨૬ મું.

શ્રીછોટાજી મહારાજના લાલ મારે મન વસીઆ,
વ્હાલે પુષ્ટિ કરી પ્રકાશ સેવાના રસીઆ. ટેક. ૧

શ્રીનટવરલાલ શ્રીશ્યામલાલની કૃપા છે માથે ભારીરે,
રાત દિવસ સેવાનેસ્મર્ણશ્રીગોવિંદરાયસુખકારી.મારે.૨
મહા શુદ તેરશે પ્રકટયા નામ ધર્યાં વ્રજરાયરે,
અલૌકિક આનંદી વ્હાલો મુખ દીઠે સુખ થાએ.મારે.૩
શ્રીરાણીવહુજીયેજન્મીયાશ્રીકાકાજીમહારાજનાલાલરે,
ભૂતલ ઉપર ભલે પધાર્યા દૈવી કીધા ન્હાલ. મારે મન.૪
શ્રીરૂઘનાથજી મ્હારાજના નાતી કહીએ,
શ્રીછોટાજી મ્હારાજના લાલરે;
શ્રીવ્રજકોરમાજીએગોદેખેલાવ્યાવૈષ્ણવનેઘણું વ્હાલ.૫
સેવકનાસુખકારીવ્હાલો,શ્રીમહાલક્ષ્મીવહુજીના કંથરે,
શ્રીબાલકૃષ્ણલાલજીનાદાદાજીશ્રીરૂઘનાથલાલજીનાદાદાજી
વ્હાલોભણેશ્રીસુબોધિનીજીનાગ્રંથ. મારે મનવસીઆ.૬
શ્રીપદ્માવતી વહુજી શ્રીજાનકી વહુજીના,
સસરા આનંદકારીરે, શ્રીરાજાચંદા બેટીજીના તાતજી;
વૈષ્ણવને ભરૂંસો ભારી. મારે મન વસીઆ. ૭
પ્રાતસમે દંતધાવન કરતા વૈષ્ણવને ચરણસ્પર્શ દીધાંરે;
ઉને જળે સ્નાન કરીને શ્રીમુખે પાઠ કીધા. મારે. ૮
ધોતી પ્હેરી ધોતી ઓઢી તિલક મુદ્રા ધરેરે,

પેંડા છંટાવીને પધારીઆને શ્રીહસ્ત ખાસા કરે.મારે.૯
રસોઇ ઘરમાંપધારીઆનેવહુ બેટીઓને આજ્ઞા દીધીરે,
દાદાજીબેલાલજીવહુબેટીમલીનેરસોઇનીસેવા કીધી.૧૦
પછી મંદિરમાં પધારીઆને સઘળી સેવા કરેરે,
શ્રીનટવરલાલ શ્રીશ્યામલાલ જગાવ્યા;
ઝારી મંગલ ભોગ ધરે. મારે મન વસીઆ. ૧૧
ભોગ સરાવ્યા બીડાં ધરી મંગલા આરતી કીધીરે,
શિતકાલના રૂઇના વાગા શૃંગારની થાલ લીધી. ૧૨
સિંહાસનથી ચોકી પધરાવીને સ્નેહથી શૃંગાર કરેરે,
માલાપ્હેરાવીનેવેણુજીધરાવ્યાગાપીવલ્લભભોગધરે. ૧૩
ગોપીવલ્લભ ભોગ સરાવ્યા ઝારી રાજભોગ ધર્યારે,
ધુપદીપ તુલસી સમર્પી શંખોદિક કરીયા. મારે. ૧૪
સમે અનુસાર ભોગ સરાવ્યાને શ્રીહસ્ત બીડાં લીધાંરે,
સજ્યા મંદિરની સઘળી સેવા બે લાલજીએ કીધી.૧૫
ઝારી બંટા દોહોરા સજ્યાને ફુલની માલા ધરીરે,
દર્પણદેખાડીનેશ્રીમુખનિરખીરાજભોગઆરતીકરી.૧૬
જયજય કરતા વૈષ્ણવ આવ્યા અલૌકિક દર્શન થાયરે,
આ સુખ જોતાં સઘળું રૂડું લૌકિક વાસના જાય. ૧૭

મુખીઆજીએ માલા પ્હેરાવીને ગોદમાં બીડાં દીધાંરે,
અનુસર કરીને બ્હાર પધાર્યા તાલા મંગળ કીધાં. ૧૮
ઝુમકાં લેઇને ઊપર પધાર્યાને વર્ત્યા જય જયકારરે,
વહુ બેટીઓને પુછાવ્યું ભોજનની કેટલી વાર. ૧૯
મહાપ્રસાદ સખડી અનસખડી ખાટાં ખારાં લીધાંરે,
તીખાં સલુણાં સંધાણાં રાયતાં જોડે ભોજન કીધાં.૨૦
જલ આરોગીને અચવાવ્યાને શ્રીહસ્ત બીડાં લીધાંરે,
થોડીવાર પોઢીને જાગ્યા શંખનાદની આજ્ઞા કીધી.૨૧
સ્નાન કરી મંદિરમાં પધારીને.
ઝારી ઉત્થાપન ભોગ ધરીરે;
ભોગઆરતીનાદર્શનખોલ્યાં શૃંગાર વિજય કીધા. ૨૨
ઝારી ભરી સેનભોગ ધર્યા દુસરા ભોગ આવ્યારે,
ઋતુ પ્રમાણે સૌ સામગ્રી સમે ભોગ સરાવ્યા. મારે.૨૩
બીડાંઆરોગાવીનેદર્શનખુલ્યાં,તીબારીમાંકીર્તનથાયરે,
વૈષ્ણવ સૌ દર્શન કરેને સેન આરતી થાય. મારે. ૨૪
પોઢાડીને બ્હાર પધારી તાલા મંગલ કીધાંરે,
બંગલે પધારીને કથા વાંચે વૈષ્ણવને સુખ દીધાં. ૨૫
બારશનાં સુખ શાં વખાણું મ્હારે મુખે કહ્યાં ન જાયરે,

ઓછી મતિ કાહાં વર્ણવુંરે દેખેહી બની આવે.મારે. ૨૬
હું રાંકની યહ વિનતિ કૃપા કરી કાન ધરજોરે,
જુગલસ્વરૂપના ચરણકમળમાં દાસી પોતાની કરજો.૨૭
ગુરૂ પ્રતાપે વર્ણવું કૃપા કરી ભક્તિ આપોરે,
શ્રીવલ્લભ વલ્લભીનો સદા;
સ્નેહ જોઈ પુષ્ટિ ભક્તિ દૃઢ સ્થાપો.મારેમનવસીયા૨૮

ભક્તિ પોષણ.

ધોળ ૧૨૭ મું.

શ્રીગુરૂ શ્રીવલ્લભ દેવને હું, પ્રથમ કરૂં પ્રણામ; શ્રીવિઠ્ઠલ શ્રીકૃષ્ણ શ્રીયમુને, મહા પૂર્ણ કામ; પૂર્ણ કામ દામોદરદાસ, અષ્ટ સખા પૂરો ઉર વાસ; શુભ મતિ દ્યો અતિ પરમ પવિત્ર, ભક્તિસુપોષણ ગાઉં ચરિત્ર. સેવો શ્રીકૃષ્ણ કૃપાળ. ૧ ચાર વેદ ષટ શાસ્ત્રનો, વારે વારે કર્યો વિચાર; ઉપનિષદના અર્થને, શોધતાં નિકળ્યો સાર; નિકળ્યો સાર શ્રીકૃષ્ણની ભક્તિ, સત્ સંગમાં કરવી આસક્તિ, પૂર્ણ પુરૂષોત્તમ યુગલચરણે, સર્વ સમર્પીને રેહેવું શર્ણે–સેવો૦ ૨ નહીં કોઇ જેહની

સમોવડી, કોઇ ઇશ નહીં જેને શીષ; સર્વે વસ્તુ જે થકી થઇ, એક્કો કહાવે સર્વના અધીશ; સર્વ અધીશ વંદે સહુ જેને, નિગમ નેતિનેતિ કહે તેને; શેષ મહેશ વિધિ શ્રીઅગમ્ય, તેને કહિયે પૂર્ણ પુરૂષોત્તમ–સેવો૦ ૩ પુરૂષોત્તમને પરહરી જેનું, અન્ય અવર મન મોહે; કામદુર્ગા મળી મૂકીને, મહિષી પુત્રનું પય દોહે; દોહે ગાય મૂકી મૂઢ પાડો, તરશ્યો ગંગા તીર ખોદે છે ખાડો; તેમ પૂર્ણ તજી અવર આરાધે, મહેનત માથે પડે કાંઈ ન લાધે–સેવો૦ ૪ રાખી ભરોંસો અન્યનો, ન કરે આશ્રય અવિનાશ; ઇચ્છિ અખિલ દુઃખ વામવા, વળી શ્રેય થવા મન આશ; આશ કરે તરૂં ઉદધિ પૂર, શ્વાનનું હાથ ગ્રહી લંગર; તે જેવો પામશે સાગર પાર, તરશે તેવો હરિ વિમુખ સંસાર–સેવો૦ ૫ કોટિ ઉપાસન મલીનનું, જન તામ્ર મુદ્રા સમ જાણો; રૂપૈયો સુરસેવના વ્યુહ, કંચન મોહોર પ્રમાણો; કંચન મોહોર વ્યુહ હીરો, એમ અંશ અંશી સમજી રહો; સર્વ એ દ્રવ્ય હીરાથી થાએ, હીરો કર્યો કોહોને નવ કહેવાએ–સેવો૦ ૬ જગત વૃક્ષ તેહેનું મૂળ હરિ, મૂળ પોષે

વૃક્ષ પોષાએ, પ્રતિ શાખા જળ સીંચીએ તેથી, તૃપ્તિ
ન કોઇને થાએ; તૃપ્તિ ન થાએ વૃથા શ્રમ પોહોંચે,
સમજણ આવે ત્યારે પછી શોચે; મુખદ્વારા સહુ ઇંદ્રી
સંતોષે, ભોજન અંગે લેપે કો ન પોષે—સેવો૦ ૭
જુઓ સ્વભાવ શ્રીકૃષ્ણનો, અવગુણને ગુણ જાણે;
અવળું પડે અન્ય દેવને, સામું દે દુઃખ શાસ્ત્ર પ્રમાણે;
પ્રમાણે નહીં ફળ દે તોએ જાએ, હરિનું આપ્યું કદી
નાશ ન થાએ; અમર અલ્પ વર અધિક પ્રયત્ન, પ્રભુ
કોડી સાટે દે છે રત્ન—સેવો૦ ૮ વેળુ પીલતાં જો તેલ
નિકળે, જળ મધ્યે નવનીત હોએ; મૃગ જળથી જો
તૃષા ટળે તોએ, ભક્તિ વિના ભદ્ર ન હોએ; ભદ્ર ન
હોએ મહત કદાપિ, અભય ન હરિ વિના કો શકે
આપી; હું નથી કહેતો પોકારે છે વેદ, સમરો શ્રીકૃષ્ણ
ટળે સહુ ખેદ—સેવો૦ ૯ મંત્ર આધીન સહુ દેવતા,
યોગે વૈરાટ પણ વશ થાય; જ્ઞાની અક્ષરને જઇ મળે,
પુરૂષોત્તમ પ્રેમે પમાય; પ્રેમ ભક્તિ વશ પૂર્ણાનંદ,
એ ન અડે અન્ય સાધન ફંદ; શ્રીમુખે ભાખ્યું શ્રીગીતા
માંહ, ના માનો તો જોજો ત્યાંહ—સેવો૦ ૧૦ શ્રવણ
કીર્તન શ્રીકૃષ્ણનું, સ્મરણ સેવન અર્ચન; વંદનદાસત્વ

સખ્યતા, વળી આત્મનિવેદન; આત્મનિવેદન નવધા કહિયે, પ્રેમ લક્ષણા દશામી લહીયે; એ ભક્તિ સહુ સાધનતાજ, જે પામે વશ થાયે વ્રજરાજ—સેવો૦ ૧૧ શ્રવણ પરીક્ષિત શુક કરી, કીર્તન સ્મર્ણ ભક્તિ પ્રલ્હાદ; શ્રીસેવન પૂજન પૃથુ, વંદન અક્રૂર આલ્હાદ; આલ્હાદ માન્યો કપીશ કિંકરતા, સખ્ય ભક્તિ સુભદ્રા ભર્તા; આત્મનિવેદન બળિયે કીધી, ગોપી-જને પ્રેમલક્ષણા લીધી—સેવો૦ ૧૨ નામ કેશવનું કરણમાં પડતાં, સહુ થાએ પવિત્ર, શરદ ઋતુના સંગથી, જેમ નિર્મળ નીર વિચિત્ર; વિચિત્ર જળ તેમ જાતિ જાણો, સર્વ સાચી સદ નામે પ્રમાણો; શુદ્ધ સુવર્ણ જેવું અગ્નિએ થાય, માંજે ઓપે તેનો મેલ ન જાય—સેવો૦ ૧૩ નામ કીર્તન શ્રીકૃષ્ણનું, કલિમાં સૌ સાધન તાજ; ભવસાગર તરવા તણી, સહુને એ સુખપથ પાજ; પાજ પ્રકટ શ્રમ નહીં ઘણું સ્હેલું, દામ વિના ફળ થાય પળ પ્હેલું; સર્વે રસ્તામાં સહુ ઠાર, અધમ ઉત્તમ સહુને અધિકાર—સેવો૦ ૧૪ સતયુગે જે ફળ ધ્યાનથી, થાતું ત્રેતામાં યજ્ઞથી જેહ;

દ્વાપરે પૂજને પામતા સહુ, કલિ હરિ કીર્તન તેહ; તે થકી અધિક ફલ ગુણ ગાતાં, તો શું થયું તપ તીર્થ ન્હાતાં; મણિ મળ્યો તે શોધે શીદ કોડી, વણ વિચ્યાર આશે મરે મૂઢ દોડી—સેવો૦ ૧૫ કલિરૂપી આ શૌચમાં, કોઇ કર્મનો નહીં અધિકાર; અડે ન સૂતક નામને, નિર્ભય નિત્ય કરીએ ઉચ્ચાર; ઉચ્ચાર માત્રે અભયપદ આપે, સકળ પાપસંતાપને કાપે; વેદશાસ્ત્ર સહુ પુરાણ પોકારે, તો હરિ તું શેં ના ઉચ્ચારે—સેવો૦ ૧૬ નામે અજામિલ ઉધાર્યો, નામે તાર્યા જીવો બહુ પાપી; અવળે નામે વાલ્મીક તાર્યો, અરધે ગુણકાને ગતિ આપી; આપી ગતિ ઇત્યાદિક બહુને, જેણે જેણે આશ્રય કર્યો તે સહુને; બે અક્ષરમાં બાંધ્યો સાર, જેણે લહ્યા તે પામ્યો પાર—સેવો૦ ૧૭ સ્નેહ સહિત શ્રીકૃષ્ણનું, કથા કીર્તન જહાં નિત્ય થાય; ત્યાં કોટિ તીર્થ આવી વસે, જેનું ભાગ્ય હોય તે ન્હાય; ન્હાયો તેમાં તે પવિત્ર પ્રમાણો, તે વિના સર્વેને સૂતકી જાણો; જીવતાં શબ સરખા સહુ તેહ, ભૂતળ ભાર કર્યા ધરી દેહ—સેવો૦ ૧૮ નટવર છબિ નંદલાલની, એવું

ચિંતન કર ચિત્ત મ્હાંય; મોર મુકુટ શિર તિલક કુંડળ, નકવેસર ચિબુક સોહાય, સોહે કૌસ્તુભ મુક્તા વનમાળ, કંકણ કર ગ્રહે વેણુ રસાળ; પીતાંબર કટિ મેખળા સોહે, નૂપુર નખશિખ છબિ મન મોહે— સેવો૦ ૧૯ સોળ ચિન્હ પદ પંકજે, દક્ષણ નવ વામે સાત; સ્વસ્તિક અષ્ટકોણ જંબુફળ, જવ પત્રી ધ્વજ ઉર્ધરેખ વિખ્યાત, વિખ્યાત અંકુશ અંબુજ મચ્છ વ્યોમ, કળશ ઇંદ્રિ ધનુષ ને અર્ધસોમ; ત્રિકોણ ગોપદ ખટદશ ધ્યાન, નિત્ય કરે નિર્ભય પદ દાન—સેવો૦ ૨૦ જેમ નટની દૃષ્ટિ દોરમાં, પણિયારીની બેડલા માંહે; ચિત્ત પરસ્પર જારનું, વળગ્યું રેહે ત્યાંનું ત્યાંહે; ત્યાં તેમ મન પ્રભુમાં નિત્ય દેવું; સંસારમાં સાક્ષીવત્ રહેવું; જગત જાણે એ છે જંજાળી, રાખ હૃદે ત્રીકમ શું તાળી—સેવો૦ ૨૧ કંસ શીશુપાળ પુતનાદિકે, વૈરભાવે સમર્યા શ્યામ;એ વિના નાના ભાવથી, સમરે સર્યાં સર્વેનાં કામ; કામ થયાં તુચ્છ ભાવે જ્યારે, શું કહેવું સ્નેહે સમરે પછે ત્યારે; ચિત્ત અચળ જેનું કૃષ્ણમાં લાગ્યું, તો સંકટ તેનું સહુ ભાગ્યું—સેવો૦ ૨૨

અન્ય સાધન શ્રેય આપણું; પણ શ્રીહરિને શું સૂખ; સેવામાં આનંદ ઉભયને, માટે ભજનાનંદ તે મુખ્ય; મુખ્ય સેવન તે સુખી પ્રભુ કરવા, લોક વેદના ભય નવ ધરવા; પુજા તે ચાલે શ્રુતિ પ્રમાણ, સેવા તે જેમાં સ્નેહ બંધાણ—સેવો૦ ૨૩ એકવાર આખા જન્મમાં શ્રીકૃષ્ણ નામ સમરાય; તો દર્શન યમદૂતનું, કદી સ્વપ્ને પણ નવ થાય, થાયે જો ભાવસહિત નિત્ય ધ્યાન, તો પછી શું કહું ભાગ્યનું માન; ઉર હરિ નહીં તો તપે શું થાય, જો છે તો કરે કષ્ટ બલાય— સેવો૦ ૨૪ આપ્યું ઉરસ્થળ મૂકીને, રમાચરણ સેવા નવ ચૂકે, હૃદે રહિત કદા હરિ કરે, પદ આશ્રિત નહીં મૂકે; મૂકે ના અંઘ્રિ છે ભક્તિ નિવાસ, માટે અવલંબે સહુ દાસ; એ ભક્તિ છે અતીશે દુર્લભ, પ્રાપ્ત થાયે સર્વે પદ સુલ્લભ—સેવો૦ ૨૫ હરિવ્યાપક લહી સર્વમાં, નવ આણવો કોઇનો દોષ; મન કર્મ વચને જેમ બને, તેમ કરવો સહુને સંતોષ; સંતોષે પ્રાણી પ્રભુ પ્રસન્ન, તેથી સુખી પોખે હરિજન; સબળે દયા એ પુજા પ્રભુ કેરી, દેહીને દેખે તે કૃષ્ણનો વેરી—સેવો૦ ૨૬

એક પણ પ્રણામ શ્રીકૃષ્ણને, જન્મ ધરી જેણે કીધો; અશ્વમેધ દશ અવભૃથનાં, ફળ ઉપર પગ તેણે દીધો; દીધો પગ શા માટે કહેવાય, યજ્ઞ કરે તોયે જન્મ તો થાય; કૃષ્ણ પ્રણામીને નહિં ફરી દેહ, મુક્તિથી અધિકતા એહમાં એહ—સેવો૦ ૨૭ નમન કર્યું નંદલાલને, સ્નેહે મન ક્રમ વચને જેણે; ધર્મ સાધન પૂર્ણ સહુ કર્યાં, તે નિશ્ચે જાણજો તેણે; તેણે કર્યું હરિપદ અનુકૂળ, દુઃખ પાપનું ટાળ્યું મૂળ; દીનભાવે કર્યું વંદન હરિને, તે જનુની ગર્ભ ન આવે ફરીને—સેવો૦ ૨૮ દાસપણામાં સૌભાગ્ય છે, પતિ પુરૂષોત્તમ જેને માથે; ધણી છતે વિધવાપણું, બ્રહ્મજ્ઞાનીનાં મન સાથે; મન સાથે માન્યું હું જ ભૂપ, જગત પુજે જાણી રાણીનું રૂપ; પણ પતિ સુખ સ્વપ્ને નહિં એને, એળે એ અથડાયે છે શેને—સેવો૦ ૨૯ દાસપણે જે આનંદ છે, તે નથી મળે જગદિશ; જ્ઞાનીનું સુખ એવું જાણજો; પાધ આશે છેદાવે શીશ; શીશ છેદ્યા પછી મુગટ ક્યાં ધારે, સહુ મુર્ખકો મનમાં ન વિચારે; જળને શો જળપાનનો સ્વાદ, જંન જુદો રહી પામે આલ્હાદ—સેવો૦ ૩૦

જીવ બ્રહ્મ થાયે નહીં, થાયે તો બ્રહ્માનંદ કહોને;ભોકતા પણું જો માનશો, તો જીવ ટળ્યો કહો શાને;શાને કહો ત્યારે નથી બ્રહ્મનામી, કયમ બોલો જનક સાયુજ્યતા પામી; બોલે તે બીજો કહેવાય, ઇશ્વર જીવ કદી નવ થાય—સેવો૦ ૩૧ અહો ભાગ્ય ભાગ્ય ધન્ય, વ્રજજન પરમ પવિત્ર; પૂરણબ્રહ્મ સનાતન,પરમાનંદ થયા જેના મિત્ર; મિત્ર થઇ સર્વે સુખ દીધું, સર્વ ભાવે કારજ બહુ કીધું; શેષ મહેશ વિધિથી અલભ્ય; તે ફળ શ્રીગોપીજન લભ્ય—સેવો૦ ૩૨ દેહ પ્રાણ ઈંદ્રી અંતઃકરણ, ધર્મ દારા ગૃહ ધન; પુત્ર આપ્ત આત્મા સહસર્વ; સમર્પ્યાં જગજીવન, જગજીવન સર્વાત્મા ભાવે, સેવા કરે સદા સહજ સ્વભાવે; તેજ ગમે પ્રભુ જેમ સુખી થાય, આત્મ નિવેદન એ કહેવાય—સેવો૦ ૩૩ સર્વ વસ્તુ છે શ્રીકૃષ્ણની, જેની છે તેને શેં ન સમર્પે; આત્મા સહિત અર્પણ કરી,હરિદાસ થાની શીદ ડરપે; ડરપે છે કાળથી રેહે છે ઉચાટે, તેં પરનું માન્યું પોતાનું માટે; જેથી બંધાયો તે વસ્તુ દે મકી, તારી ન જાણીશ એ રાડ ચુકી—સેવો૦ ૩૪ ૩૫ દ્રવ્ય ગુણ

ત્રણ એ, કારણ પ્રીતિ થવાનાં કહાવે; એ ત્રણ વિકાર રહિત સહજ, સ્નેહ તે શ્રીકૃષ્ણને ભાવે; ભાવે એ પ્રેમે વ્હાલો વશ થાએ, તેને મૂકી ક્ષણ દૂર નવ જાએ; તે જને માન્યું મત એહ, જેમ તેમ થાયે સુખી પ્રભુ તેહ—સેવો૦ ૩૫ પ્રેમ આસક્તિ વ્યસન એ, ત્રણે રૂપ સ્નેહનાં લઇયે; તે ઉપર ચોથી તન્મયતા, તે થકી પર કાંઇએ ન કહીયે; કહીએ પ્રેમનું લક્ષણ એહ, જ્યારે મળે ત્યારે તેનો તે સ્નેહ; વિજોગ થાય ત્યારે તપે તન, ત્યાંનું ત્યાં વળગ્યું રહે મન—સેવો૦ ૩૬ એક વાર પણ આખા દિવસમાં, મળ્યા વિના નવ રહેવાએ; જો ન મળે તો વિકળ થાય, આસક્તિ એ તો કહેવાએ; કહેવાયે વ્યસન આવું જ્યારે થાએ, સામા સામી હૃદયાં વીંધાએ; તન્મયતા તે મૃત્યુ સમાન, એ ચારે આવે આપે હરિદાન—સેવો૦ ૩૭ પ્રેમલક્ષણા વળી દ્રગ રૂચિ સ્મૃતિ, અભિલાષા ઉદ્વેગ ચાર; વ્યાધિ પ્રલાપને ઉન્માદ ત્રણે, આશકિતના પ્રકાર; પ્રકાર વ્યસન તણા બે કહિયે, જડતાને વળી મુર્છના લહિએ; તન્મયતાનું લક્ષણ એક, મૃત્યુ સાદશ પણ મર્ણ ન છેક—

સેવો૦ ૩૮ જાતી જુઓ તો આહીરની, તેમાં અબળા અધમ અવતાર; વેદાદિક નોતી ભણી, નોતો ઉત્તમ કર્મ અધિકાર; આધકારવણુ એક પ્રેમ પ્રતાપે, કર્યા આધીન શ્રીકૃષ્ણ જે આપે; ગોપીની પદરજ વંદે ઇશ, પ્રેમલક્ષણા તે સહુને શીષ—સેવો૦ ૩૯ સેવા સંગત હરિ ભકતની, કરે પ્રેમ ભકિત ઉત્પન્ન; તે કરે કૃતારથ એકલી, નવ જોઇએ કોઈ સાધન; જોઇએ નવ અવિદ્યા વીત વર્ણ, રૂપ પરાક્રમ પવિત્રાચર્ણ; કહેશો જોયા નથી કહો કીએ ઠામ, તો સુણો પ્રકટ બતાવું નામ—સેવો૦ ૪૦ ધ્રુવજીને કયાં વય હતૂં, કયાં હતૂં સુદામાને ધન; કુબજાને રૂપ કયાં હતૂં, ઉગ્રસેનને પુરૂષાતન; પુરૂષાતન નોતૂં ઉગ્રાય, ગજને કયાં હૂતી વિદ્યાય, પારધિમાં કયાં હતું શુભ આચર્ણ, કેવળ ભક્તિ પામ્યો ગિરિધર્ણ—સેવો૦ ૪૧ દ્વાદશગુણ સંયુક્ત છે, દ્વિજ પંડિત સરખો કોય; પદ્મનાભપદવી મુખ્ય છે, તેથી શ્વપચ ભલેરો સોય; શ્વપચ ભલો જેને કૃષ્ણ આસક્તિ; મન કર્મ વચને કરે હરિભક્તિ, કુલ સહિત શ્રેય પામ્યો તેહ, વિપ્ર કરે ન કરી શુચી દેહ—

સેવો૦ ૪૨ શ્રીકૃષ્ણભક્તિ અંક છે, બીજા સાધન સર્વે શુન્ય; અંક વિના સહુ અફળ છે, સહશુન્ય શુન્ય દશગુન્ય; દશ ગણો બીંદુ આદે ગણુ એક, અંક વિના શું શુન્ય અનેક; ભક્તિ કરી તેણે સહુ કાંઇ કીધું, ભક્તિ વિના બીજું કાંઈ સીધું-સેવો૦ ૪૩ નૃગભુપે ગૌદાન કર્યાં કેટલાં, કંઇ ગણુતાં ન આવે પાર; એક દિવસ અણુ દોષ પડે, કૃકલાસ થયો અવતાર; અવતાર અધમ થઇ જગહાંશી, ગૌદાન પુન્ય ગયું કહું નાશી, દાન કર્યાં તોય પામ્યો દુઃખ, શા માટે હતો ભક્તિ વિમુખ-સેવો૦ ૪૪ પ્રાચીન બર્હીશ ભૂપતે, જુઓ કીધા યજ્ઞ અપાર; ઉરવિ મખાંકિત સહુ કરી, તોય કાંઈ ન દીઠો સાર; સાર મળ્યો એ જે જે પશુ માર્યા, તે રહ્યા હણવા નારદજી દેખાડયા; ભય દેખી લીધું સુરઋષિ શર્ણ, ભક્તિ કરીને પામ્યો હરિ ચર્ણ-સેવો૦ ૪૫ ભક્તિ તારે ચંડાળને, જેમાં કોય ન શુભ આચર્ણ; શું પછી કહેવું તેહનું, ઉદ્ધારે અધમ અન્ય વર્ણ; વર્ણ સર્વ ઉધ્ધારે જગત, નીચ ઊંચ જેની આસકત; એક અંગ ભક્તિ ભદ્રાય, અચરજ શું

પૂર્ણ શ્રેય થાય—સેવો૦ ૪૬ ભક્તિ નૌકા તારે સર્વને, જે કો શર્ણે આવે શુચી પાપી; અન્ય સાધન દારૂ તુંબિકા, ગ્રહે શબવત્ તરે કો કદાપિ; તરે કદા બચે કામાદિ ગ્રહાથી, સામર્થ નહીં અણું તારવા સાથી; વિબુધ વિચારી જુઓ નિજ મન, ભક્તિ ભલી કે સાધન અન્ય—સેવો૦ ૪૭ ભક્તિ મણિ જ્ઞાન દીપ છે, ટાળે ઉભય ખરા અંધકાર; મણિ અભય દુતી અચળ છે, દીપકને ભય છે અપાર; અપાર ભય વાયૂથી વામે, તેલ પાત્ર બત્તી વણ લય પામે; જ્ઞાન સમય તો અન્ય કુણ માત્ર, નિર્ભય ભક્તિ સકળ સુખપાત્ર—સેવો૦ ૪૮ ભક્ત તે ભક્તિ સ્વરૂપ છે, માટે માયા ના પીડે લેશ;સ્ત્રી થકી સ્ત્રી મ્હોવાય નહીં, મોહ પામે પુરૂષવેશ; પુરૂષ જ્ઞાન વૈરાગ્ય ને યોગ્ય, તેને પીડે અજા રૂપિઓ રોગ; કારણ ભ્રષ્ટ થાએ છે તેહ, ભક્તને અચળ હરિસું સ્નેહ—સેવો૦ ૪૯ નિરખે નેત્ર નંદલાલને, શ્રૂતિ કથા રટે મુખ નામ; નાસીકા સુંઘે પ્રેમશું, પ્રસાદી તુળસી પુષ્પ દામ; દામ ગ્રહણ કરે કર હરિ સેવા, દોડે ચરણ પ્રભુ દર્શન લેવા;મને ધ્યાન નટવર છબી શ્યામ, સર્વાંગે કરે દંડ પ્રણામ—સેવો૦ ૫૦

ભકિત વિના કેવળ કૃતિ કરે, ફળ પરલોક ન થાય; મણિધર પવન ભક્ષી રહે, જુઓ મચ્છ તીર્થ જળ ન્હાય; મીન તીર્થ ભીલ મૃગ વનવાસી, અંધ ગૃહે દંડ કાસદ જાય કાશી; સર્પ દંડવત્ નટ સીધ વેશ, દર્શ તપોધમ ભાવના લેશ–સેવો૦ ૫૧ શ્રીકૃષ્ણ શ્રીગુરૂ ભગવદી, એ ત્રણે એક સ્વરૂપ, ત્રયધારા જયમ સુરસરી, તેમાં ભેદ નહીં તદરૂપ; ભેદ નહીં ત્રણ નામજ માત્ર, જોતાં વિચારી એકજ ગાત્ર; સ્નેહ વિવેકે સેવો સરે અર્થ, અવસર અમુલ્ય ખુવો શીદ વ્યર્થ— સેવો૦ ૫૨. સતસંગ સર્વનો સાર છે, તેનો મૂઢ ન જાણે મર્મ; અદીપ દીપ મળે થયો, દીપ સમતા મળી વણ શ્રમ; શ્રમ વીના શ્રીનાથ મળાવે, કલ્પનું કામ તે પલકે સરાવે; નીચ નિર ગંગા મળતાં ગંગ, એ સમોવડી દીસે સતસંગ–સેવો૦ ૫૩ લવ હરિ સંગીની સંગના, સુખની સમતા નહીં કોય; સ્વર્ગ તથા અપવર્ગનું, સુખ પણ સમોવડ નવ હોય; નવ હોય શમતા મોક્ષાનંદ, તો કયાંહાં જન ઈચ્છિત સુખ મંદ; અણ અનુભવીને આશ્ચર્ય થાય, અનુભવીને

સંદેહ નહી જરાય—સેવો૦ ૫૪ શ્રીગંગાજી હરે પાપને, શશિ તાપ હરે ગયે શર્ણ; દારિદ્ર ટાળે સુરતરૂ, મળી ત્રણ કરે ત્રણ હર્ણ; હરણ કરે ત્રણ તે તત્કાળ, મળતાંમાં હરિજન દયાળ; જ્ઞાને તાપ હરે દર્શને દોષ, દૈન્ય ટાળે ઉપજાવી સંતોષ—સેવો૦ ૫૫ યોગ યજ્ઞ જપ તપ વૃતો, બહુ કીધે કાષ્ટા કર્મ; જ્ઞાન ધ્યાન અતિ દાનથી, તીર્થ આચરતા ધર્મ; ધર્માધ્યયન વેદ શાસ્ત્ર પુરાણ, કોટિ સાધનથી ન પરમ કલ્યાણ; શ્રેય ન થાય ઉપાય અનેક, વિના મહંત પદરજ અભિષેક—સેવો૦ ૫૬ હરિજન તે હરિરૂપ છે, તેને મૂર્ખ નિજ સમ જાણે; જેમ શશિ સાગરમાં હતો, માન્યો મીને મીન પ્રમાણે; મીન પ્રમાણે થયો નહીં સોમ, મકર રહ્યો જળ તે વશ્યો વ્યોમ; તેમ વૈષ્ણવ વૈકુંઠે જાશે, અધમ તે હ્યાંના હ્યાં અથડાશે—સેવો૦ ૫૭ ચાર વર્ણમાં શ્રેષ્ટ સર્વથી, બ્રાહ્મણ વર્ણ વિખ્યાત; તે સહુના પણ કહાવે શિરોમણિ, મ્હોટા મુનિવર સાત; તે સાતે કરે ધ્રુવની પરિક્રમા, ધ્રુવ સુત ક્ષત્રી ને તે સુત બ્રહ્મા; વિબુધ વિચાર કરો તમો એહ, ભક્ત મોટા કે બ્રા-

ક્ષણ દેહ—સેવો૦ ૫૮ બ્રહ્માદિક વ્રજભક્તની, પદરજ વંદે ગુણધામ; દુર્વાસા ઋષિ દીન થઇ, કર્યો અંબરીષને પ્રણામ; કર્યો પ્રણામ જ્યારે અથડાયા, વળી શબરી પદજળ દ્વિજ ન્હાયા; હરિજનથી મ્હોટું નહિ કોય, દુભવે તે દુઃખ પામે સત ખોય—સેવો૦ ૫૯ સંત સેવે નારદ થયા, જુઓ દાસીસુત હરિમન; તે સુર ઋષિના સંગથી, સમી વાસના ઉરની અગન; અગન મટી સમજાવ્યા મર્મ, શ્રીભાગવત રચ્યું છાંડીને કર્મ; ક્લેશ મટે કરે પ્રભુજન પ્રીત, દુભવેથી શાનું સુકરીત—સેવો. ૬૦ યોગી તરે કદા એકલો, હરિજન તારે સહુ સંગી; સિદ્ધ ઉદાસી રહે સદા, હોય સંત સુંદર રસરંગી; રંગે રસિક સેવે ગુણ ગાય, પોતે પીયે સુધા સામાને પાય; ભક્ત સ્નેહથી સહુનું સરે કામ, દયાની સાથે કોઇનો નહિં ઠામ—સેવો૦ ૬૧ સર્વ પ્રાણી ઉપર દયા, આણવો નહિં કોઇનો દોષ; વશ કરવી ઇંદ્રી સહુ, યદ્રેચ્છા લાભ સંતોષ, સંતોષ ધરી વદવી સત્ય વાણી, દઢ આશ્રય પ્રભુ દીનતા આણી; દુષ્ટસંગથી રહેવું દૂર, વસવું સદા હરિજન હજુર—સેવો૦ ૬૨ દુષ્ટ સંગ તેને જાણીએ, જે ભૂલાવે ભગ-

વંત; સ્નેહ કરાવે શ્રીકૃષ્ણ શું, તેને કહીયે સાચા સંત; સંત સાચા તેની સંગત કરીયે, અસમર્પિત અન્યાશ્રયથી ડરીયે; હું હરિનો હરિ મ્હારા નાથ, એ નીશ્ચે કરવું મન સાથ—સેવો૦ ૬૩ અન્યાશ્રય અસમર્પિત, એ બે મ્હોટા દુસ્તર રોગ; સર્વ વસ્તુ શ્રીનાથને અરપી, ઉચ્છીષ્ટ કરવો ભોગ; ભોગ કરવો હરિભક્તની સંગે, એકજ શ્રીકૃષ્ણ સેવવા રંગે, દૃઢ આશ્રય શ્રીગુરૂદેવનો ધરવો. ગોવત્સપદવત્ ભવદધિ તરવો. સેવો૦ ૬૪ ગુણની ઉપર ગુણ કરે, એ તો રીત જગતમાં પ્રકાશ; પણ અવગુણ સામો ગુણ કરે, તે મ્હોટા હરિદાસ; દાસ દોષ સહુના સંતાડે, હોય અલ્પ તે અધિક દેખાડે, સાગર લાંછન વિષ શિવ પીધું, શશિધર પ્રકટ લલાટે લીધું—સેવો૦ ૬૫ વિશ્વંભર વશ તેહને, જેનું ચિત્ત સદા પ્રભુ પાસ; હિત ઇચ્છે સહુ જગતનું, નવ ધરે કોઈની આશ; આશ ધરે એક શ્રીગોપાળ, વ્યતિત કરે હરિ સેવામાં કાળ, એવા ગુરૂનો લઇએ ઉપદેશ, ધરિયે સાચો વૈષ્ણવનો વેશ—સેવો૦ ૬૬ ધ્યાન મૂળ રૂપ શ્રીગુરૂ પૂજન, પુજનનું મૂળ ગુરૂ પાએ; મંત્ર મૂળ

ગુરૂ વાક્ય છે, મૂળ મોક્ષનું ગુરૂ કૃપાએ; ગુરૂ કૃપા વાંછિત ફળ થાય, હરિ રૂઠે તો ગુરૂ કરે સહાય; ગુરૂ કોપે કંઇ નહિં ઠેકાણું, અધિક આશ્ચર્યથી કો નવ જાણું–સેવો૦ ૬૭ ક્રોધી ગુરૂતો નૃસિંહજી, કામી હોય તો કૃષ્ણને કહિયે; લોભ દાખે તો વામનજી, પણ હરિ સાચા એમ લહિયે; લહિયે એ પારખે દાખે જો દુષ્કૃત, તોપણ માનિયે તે થકી ગત્ય; જેણે સોંપી આપ્યા જુગદીશ, તેનો ઋણી સદા છે એ શિષ્ય–સેવો૦ ૬૮ ભોજન વ્યસનની ચિંતા કરી, વૈષ્ણવે ના થાવું ઉદાસ; વિશ્વંભર પુરે વિશ્વને, તે કેમ ભૂલે નિજ દાસ; દાસ આશ પૂરે સહુ વણ માગે, વણ કહે સાહ્ય કરે અનુરાગે; હરિ ભજે કાંઇ નવ રહે ખામી, નથી અજાણ્યા અંતરજામી–સેવો૦ ૬૯ અજબ ગુલમ્હેરી જળ વસે, પક્ષિણી રટે મુખ હરિનામ, ખાન પાન માટે નવ કરે, છુટે મુખથી સુંદર શ્યામ; શ્યામે વિચારી કર્યું તેહને સુખ, ચરણી ચરવા કર્યાં મોરનાં મુખ; પુંછે વદન કર્યું ઉંટની ગ્રીવા, શ્રીહરિ યુક્તિ કરી જળ પીવા–સેવો૦ ૭૦ અજગરને અનાયાસ હરિ આપે, આહાર આનનમાં લાવી; શકરખોરને

સાકર, સાગર બેટમાં દેછે મીલાવી; મેળવે ચાતકને જળ સ્વાતી,ગિરિશ્રૃંગ વૃક્ષ પોખે કોઈ ભાતી;સ્રીસ્તને પય કર્યું પોષવા બાળ, તે તૂને નહિં ભૂલે ભજ ગોપાળ—સેવો૦ ૭૧ ભક્ત મનોરથ સર્વે પુરે પ્રભુ, કઠીણુ, સરળ, ગુરૂ નાહાના; પુર્યા જેનાં તેહનાં નામ કહું, તું પૂછેશ કહાંનાં કહાંનાં; કહાન ગયા કૂબજાપતિ થાવા, પારથપત્ની થયા જળ પાવા; પુરી પુત્ર થૈ અદીતીની આશ, પાંડવકાર્ય કર્યા થઈ દાસ—સેવો૦ ૭૨ છડીદાર ઉગ્રસેનના થયા, દ્વારપાળ બળી ભૂપ; નરસૈયાના બાપનું શ્રાધ્ધ સાર્યું, સેનામાટે નાપીક રૂપ; રૂપ મહાર દામાજી સારૂં, નામાનું છાપરૂં છાયું ચારૂ; વારી વહ્યું ત્રિલોચન ઘેર, મીરાંબાઇનું પીધું ઝેર—સેવો૦ ૭૩ ઇચ્છે રૂડું પ્રભુ જગતનું, કેમ કરે કુડું નિજ દાસ; જે કરશે હરિ તે ભલું તાહરૂં, તું ધર દૃઢ વિશ્વાસ; વિશ્વાસ રાખ કલ્પના મૂક, સેવા સમરણમાં નવ ચૂક; નહિ મળે ફરી અવસર આવો, હરિ ભજી લો મનુષાદેહ લ્હાવો—સેવો૦ ૭૪ દુઃખ થાયે હરિ સેવતાં, તે સુધા સમું પરમાણો; વિષય ભોગનું સુખ છે, તે વિષ સરખું સહુ જાણો; જાણો

જેમ ખસ ખણુતાં મીઠી, ક્ષણુ પછી આગ ઉઠે અં-
ગીઠી; ઓસડ પીતાં કટુક તર્ત લાગે, રોગ ગયા પછી
આનંદ જાગે—સેવો૦ ૭૫ શ્રીગિરિવરધર સેવતાં,
ભય રાખવો ભૂપતિમાન; બાળકસમ વાત્સલ્યતા,
ધરવો સ્નેહ તે જાર સમાન; જાર સમાન પ્રીય પ્રભુ
લાગ, તો દુઃખ જન્મ જન્મનાં ભાગે, પ્રેમ પીયુષ
પીધું તે જાણે, નથી સ્વાદ કોઇ એહ પ્રમાણે—સેવો૦
૭૬ જે પ્રતિકુળ પ્રભુ સેવતાં, તેને તજીયે ના વળ-
ગીયે વ્યર્થ; જનુની જન પતિ પુત્ર ભ્રાત, ગુરૂ
છોડયા જદપિ સમર્થ; સમર્થ તાત તજ્યો પ્રલ્હાદે,
ભરતે માત મુકી હરિસ્વાદે; પતિ ઋષીપત્ની વિભિ-
ષણુ ભ્રાત, ગુરૂ ના ગણ્યા બળિએ સાક્ષાત—સેવો૦ ૭૭
દેવ પિતૃ ને મનુષ રણુ, ત્યાં લગી માણુસને કહેવાય;
જ્યાં લગી સર્વાત્મા એવા, શ્રીકૃષ્ણુ શર્ણે ન જાય; શરણુ
ગયે સર્વે ઋણુ છૂટે, ચિત્રગુપ્તનું લેખૂ ત્રૂટે; કાળ કર્મનો
ભય ત્હેને, શિશ ધણી સમર્થ હરિ જ્હેને—સેવો૦ ૭૮
કર્તુ અકર્તુ અન્યથા કર્તુ, સમર્થ શ્રીહરિરાય; ના થવાનો
કરે પદાર્થ, થાનારો મટિ જાય; મટિ ગયું જો વશિષ્ટે
વિચાર્યું, તેસમે વન જે સમે રાજ ધાર્યું; બ્રહ્માના સુત એ

ત્રિકાળના જ્ઞાની, ઇચ્છાયે વર્તે તેનું પણહાની-સેવો૦ ૭૯ સહસ્ત્ર ભુજાપતિ રાખશે, તેને હણશે શું બે ભુજ વાળો; તેજ પુરૂષ જ્યારે મારશે, ત્યારે કોઈ નથી રખવાળો; રખવાળો રિપુ છે નહિં કોઇ, સઘળી વસ્તુ શ્રીકૃષ્ણથી હોઇ; કરતા હરતા એક શ્રીવ્રજરાય, એના કર્યા વિના કાંઇ ન થાય-સેવો૦ ૮૦ કર્યું થાય શ્રી-કૃષ્ણનું, કોથી ઘટે નહી લવલેશ; તેજ પ્રમાણે સુખ દુઃખ, લાભાલાભનો સંશય રેશ; રેશ રહે નહીં તે સમે શુદ્ધિ, જેવું હોનાર તેવી થાય બુદ્ધિ; થાનારતેતો સ્હેજે પણ થાય, કરતા નથી શીદ તું પસ્તાય-સેવો૦ ૮૧ હરિ જંત્રી તું જંત્ર છે, તે વાજે વજાડે જેમ; કાષ્ટ પૂતળી નૃત્ય કરે, સૂત્રધાર નચાવે તેમ; તેમ વિધિ નિષેધ સહુ હરિ હાથે, તું મૂર્ખ તાણી લે શીદ માથે; વિચાર જો જીવનું કર્યું હોય, તો દુખી જગતમાં થાય ન કોય-સેવો૦ ૮૨ જેની રચના જોઇને, ઘણો મોહ ઉપજે છે મન; તે કરતામાં કમી શી હશે, તું જોની વિચારી જન; જન થશે પૂર્ણ મનોરથ તારો, ખાટે શું મોહ્યો તું જો જડનારો, તેને મળે પૂર્ણાનંદ થાશે, ભવ વૈભવ તૃષ્ણા ઝટ જાશે-સેવો૦ ૮૩ કરવા પ્રસન્ન

ચાહ્ય કૃષ્ણને તો, અભિમાન અલગું નાખ; શિઘ્ર દયા કેશવ તણી, ઇચ્છે:તો દીનતા રાખ; રાખ દીનતા એકજં કરીને, કરવા કૃપા મન થાશે હરિને; બોતેર લક્ષ કોટીએ ના સર્યું કામ, દીનતાએ બંધાયા દામ-સેવો૦ ૮૪ શીલાબુદ્ધિ શાલિગ્રામમાં, હરિ સ્વરૂપ તે ધાતુ પ્રમાણે; મનુષ લહે ગુરૂદેવને, ભક્તિ ભાવ વૈષ્ણવમાં ન આણે; ન આણે મહાપ્રસાદ પ્રતિ અન્ન, હરિ ચર્ણોદક ન પ્રીછે જન; વર્ણાશ્રમ તજે ન લે હરિ નામ, ઇત્યાદિકનાં નર્કમાં ઠામ-સેવો૦ ૮૫ નિગમ ચાર ષટ્ શાસ્ત્ર, અષ્ટાદશ પૂરાણ ચૌદ વિદ્યાય; વ્યાકરણ નવ બત્રીશે લક્ષણ, ભણે ચોસઠે કળાય; કળા રાગ છત્રીસે ગાય, વીશદ કીર્તી ચક્રવર્તીરાય; પણ નથી ભક્તિ જો નંદકુમાર, તો સહુ ધૂળ મળ્યું ધિક્કાર-સેવો૦ ૮૬ શ્રમ કરી સહુ વિદ્યા ભણીયો, મહા પંડિત કહાવ્યો જગત; પણ તેનો સાર સમજ્યો નહિં, ન થયો ભગવતનો ભક્ત; ભક્તિ વિના શ્રમ એ ફળ સાર, જેમ રાસભ વહે ચંદન ભાર; જેમ અહિ મણિદ્યુતિ મેળવે આહાર, તેમ તે ઉદર ભરે ધિક્કાર-સેવો૦ ૮૭ સ્પર્શ મણિના પુર વિશે, રચ્યું

ચીંતામણી મય ધામ; કલ્પવૃક્ષની વાડ ગાય ઘેર
કામદુર્ગા જેનું નામ; કામદુર્ગા અક્ષેપાત્ર અતૂલ,
નવનિધિ અષ્ટમા સિદ્ધિ અનુકૂળ; પણ નથી વલ્લભ
શ્રીવ્રજનાથ, તો એટલું મળે ઘસવા હાથ—સેવો૦ ૮૮
કૃષ્ણ કીર્તન નહિં કર્ણમાં, તે શ્રવણ રાફડા કહિયે;
નિરખ્યા ન જેણે નેત્રભરી, કીકી પીછચાંદલા તે લહિયે,
લહિયે દાદુર જીભ્હા હરિ નવ બોલે, કર પદ સેવા
રહીત શબ તોલે; વૃક્ષ જીવન શ્વાસ ધમણ સમાન,
ગ્રામશૂકર સમ છે ખાનપાન—સેવો૦ ૮૯ જગ દર્પણ
જોનાર તૂં, સામું દીસે જેવું તુજ પાસે; દુષ્ટને દુષ્ટ
સાધુને સાધુ, ભવ આ સૃષ્ટિમાં ભાસે; ભાસે તે સહુ
નિજમાં છે જાણો, દોષરહિત દુનિયા પરમાણો; એવે
વિવેકે જો રહેવાય, રાગદ્વેષ નહિં કોથકી થાય—સેવો૦
૯૦ જીવ સર્વ હરિઅંશ છે, ત્હેના વિચિત્ર ભાંત સ્વ-
ભાવ; સર્વથી હળિમળિ ચાલીયે, એતો છે સંજોગ નદી
નાવ; નાવ તરંગ નદી એમ જાણો, કોથી બગાડે બે દિવ-
સનો પરોણો; સહુને સદા એક સ્થળ નથી રહેવું, કટુક
વચન માટે કોઇને ન કહેવું—સેવો૦ ૯૧ કાંઇ પ્રભુ પાસે
ન માગીયે, માગે પસ્તાવો થાય; ઉદાસી આવે નાથને,

વ્યાપાર સરીખું જણાય; દેખાય એવું માટે રખે જાચો, સેવો શ્રીકૃષ્ણ ધરી સ્નેહ સાચો; વણ માગે સહુ આપે એ સ્વામિ, નથી અજાણ્યા અંતરજામી– સેવો૦ ૯૨ દાસીના સુતના સહૂ પિતા, રાણીસુતનો એક રાય; ભક્તિઅંશ શ્રીકૃષ્ણ સેવે, ને માયિક સર્વને ધાય; ધાયે તોયે કર સાહે ન કોય, કામ પડે ત્યારે અંતે રોય; આવાગમનમાં સદા અથડાય, કો કાળે હરિ વિના ગત્ય ન થાય–સેવો૦ ૯૩ ન્હાનો પદાર્થ મોટો દેખાડે, ને પાકાને દાખે કાચો; ઉગ્ર હોયે તેને શાંત બતાવ ને જુઠો મનાવે સાચો; સાચો ભાસે એજ માયાનું રૂપ, એણે કીધા વશ રંક ને ભૂપ; એને જીત્યાનો છે એક ઉપાય, સાચું શરણ લો શ્રીવ્રજ- રાય–સેવો૦ ૯૪ માયા છે ઘંટી ખીલ હરિ, ત્હેમાં જીવ ચરાચર અન્ન; જે પડયું તે પીસાય છે, તું જોની પ્રકટ લોચન; લોચન જો એક વંચ્ચે છે તેહ, ખીલ સમીપ રહે છે જેહ; જે અણું ત્યાંથી ખસ્યો કણ આઘો, તે તત્કાળ દળાવા લાગ્યો–સેવો૦ ૯૫ પરવારી સહુ કામથી, કોઈ મૃત્યુ ન પામે જંન; આ કીધું આ કરવું છે, એમ કરતાં આવશે અંત; અંત આવ્યો હરિ

ક્યારે ગાશે, ચેત ચેત નહીં તો પસ્તાશે, મર્ણુ નહિં આવે કાનમાં કહિને, જશે ઓચિંતું અંધારૂં થઇને–સેવો૦ ૯૬ ઉત્તર વચન તે માનવું, પૂર્વનું નહિ પરમાણ, છેલ્લું રચ્યું શ્રીભાગવત, સહુ પ્હેલાં રચ્યાં છે પૂરાણ; પૂરાણ પ્રથક પ્રથક કર્યાં વ્યાસે, તોયે રહેતું ઉર ભરિયું ઉદાસે; મર્મ બતાવ્યો નારદ મિત્ર, સુખ થાશે રચો ભક્તિ ચરિત્ર—સેવો૦ ૯૭ પુષ્ટિપંથ પ્રભુ શ્રીવલ્લભકુળ, જઇયે ત્હેને શરણ, નામનિવેદન મર્યાદા ધરી, સેવીયે શ્રીગિરિધરણ; શ્રીગિરિધર ગુરૂ વૈષ્ણવ પ્યાર, ધરી ગતિ કર માર્ગ અનુસાર; મનુષ જન્મનો એ છે સાર; જે માને તે પામે પાર–સેવો૦ ૯૮ મહામંદ મતિ જીવ કલિના, સર્વ શાસ્ત્ર ક્યાં ખોળે; માટે સકળ સિદ્ધાંત સાર, શોધી કીધો છે ટોળે; ટોળે કરાવ્યો પ્રભુ મતિ દીધી, નિજ જન જાણીને કરૂણા કીધી; ભક્તિપોષણ ધર્યું ગ્રંથનું નામ, કથે સુણે સર્વનું કામ–સેવો૦ ૯૯ એકસોને એક ચંદ્રાવળાં, એ ગ્રંથ તણાં છે સાર; પ્રતિપદ શુભ સિદ્ધાંત ભર્યું છે, વાંચીને કરજો વિચાર; વિચારતાં વલ્લભ હરિ થાશે, સર્વે ક્લેશ સમુળા જાશે; આચરણ કરતાં આનંદની

હેલી, ભક્તિ શ્રીકૃષ્ણુની કરજો વ્હેલી–સેવો૦ ૧૦૦
મહાનદી શ્રીનર્મદાતટ, ચંદીપુરી ધામ; જ્ઞાતી નાગર સાઠોદરો, ભટ્ટ દયાશંકર નામ; નામ વલ્લભી વૈષ્ણુવ-દાસ, ગુરૂ પ્રતાપે ગ્રંથ કર્યો પ્રકાશ; શિખે સાંભળે જે જન ગાય, તેને મનવાંછિત ફળ થાય–સેવો૦ ૧૦૧.

શ્રીમદ્ભાગવતના ષોડશ ઘોળ.

ઘોળ ૧૨૮ મું.

શ્રીવલ્લભજી કરૂં વિનતિ રે, મારા પ્રાણુ આધાર;
દીન જાણી કરૂણા કરો, પ્રભુ કીજીયે સાર. શ્રીવલ્લભ. ૧
શ્રીવિઠ્ઠલવરને વારણેરે, જાઉં વારંવાર;
નિજજનને હિત કારણેરે, દ્વિજકુલ અવતાર. ૨
અનુક્રમ કરીને વર્ણવું રે, શ્રીમદભાગવત રૂપ;
દ્વાદશ અંગ પ્રભુજી તણા, શોભા પરમ અનુપ. ૩
અધિકાર લીલા પ્રથમસ્કંધ છેરે, દક્ષણુ ચરણુનું ધ્યાન;
વામચરણુનું ધ્યાનછેરે, દ્વિતીયસ્કંધ લીલા જ્ઞાન. ૪
સર્ગલીલા તૃતીય સ્કંધ છેરે, હરિની એક બાહુ જેહ;
વિસર્ગલીલા ચતુર્થ સ્કંધ છેરે, બીજી બાહુ તેહ. ૫

સ્થાનલીલા પંચમ સ્કંધ છેરે, પાછલો ભાગ કટિ જાણ;
પોષણલીલા ષષ્ઠસ્કંધ છેરે, કરીયે ઉદર વખાણ. ૬
ઊતી લીલા સપ્તમસ્કંધ છેરે, વામહસ્ત કેહેવાય;
એક સ્તન અષ્ટમ સ્કંધ છેરે, મન્વંતર લીલા ગાય. ૭
નવમસ્કંધ ઇશાનું કથારે, બીજું સ્તન એહ;
દશમ નિરોધલીલા હૃદય છેરે, સ્મરીએ ધરિ નેહ. ૮
મુક્તિ લીલા એકાદશસ્કંધ છેરે, એતો મસ્તકજાણ;
આશ્રય લીલા દ્વાદશ સ્કંધ છેરે, દક્ષિણ હસ્ત વખાણ. ૯
હરિદાસ પ્રભુ શોભા નિરખિનેરે, ધર લીજીયે ચિત્ત;
ક્ષણક્ષણ એ ન વિસારિએરે, ગુણગાઇયે નિત્ય. શ્રીવ.૧૦

प्रथमस्कंधनुं द्वितीय धोळ.

ધોળ ૧૨૧ મું.

શ્રીમદ્વલ્લભ ચરણે લાગુંજી,
ગુણ ગાઊં વાણી એવી માગુંજી. ૧
શ્રીવિઠ્ઠલનાથજી પૂરોતે આસજી,
જન્મ જન્મની જાણી દાસજી. ૨

અનુક્રમ શ્રીભાગવતનું કહિયેજી,
સ્કંધ તે દ્વાદશ એના લહિયેજી. ૩
અધ્યાય ત્રણુસેને બત્રીસજી,
પ્રાકૃત અધ્યાય મલી ત્રણુસેને પાંત્રીસજી. ૪
શ્લોક અઢાર હજાર પ્રમાણુજી,
પ્રકરણુ ત્રેતાળીસ તે એના નિર્માણુજી. ૫
ઓગણીસ અધ્યાય પ્રથમ સ્કંધજી,
ત્રણ પ્રકરણુ કહ્યાતે પદ બંધજી. ૬
હીન પ્રકરણુ ત્રણુ અધ્યાય લગિથાએજી,
પેહેલે અધ્યાય શૌનક પ્રશ્ન કેહેવાએજી. ૭
બીજે અધ્યાય સૂત પુરાણિક ઉત્તર દીધાંજી,
ભક્તિયોગને ઉત્કૃષ્ઠ ત્યાં કીધાંજી. ૮
ત્રીજે અધ્યાય કથા અવતાર ચોવીસજી,
બીજું પ્રકરણુ મધ્યમ કહુંનામી શીશજી. ૯
ચૌથે ચિંતા વ્યાસજીને થઇ નારદ આવ્યાજી,
ઉપદેશ કરી પાંચમે સમજાવ્યાજી. ૧૦
કીજીયે શ્રીભાગવતનો પ્રકાશજી,
જેણે થાએ તાપ તિમિરનો નાશજી. ૧૧

છઠ્ઠે પોતાનું વૃત્તાંત નારદ કહ્યુંજી,
આગલે જન્મ જે સુખ દુઃખ લહ્યુંજી. ૧૨
ત્રીજું પ્રકરણ ઉત્તમ કહું તે જાણોજી,
તેર અધ્યાય લગી એહ વખાણોજી. ૧૩
સાતમે અધ્યાય બાણ અશ્વાત્થામા કેરાજી,
રક્ષા કરી સર્વેને રાખ્યા છે નેરાજી. ૧૪
આઠમે ઉત્તરા ગર્ભ રક્ષા કરિ લીધીજી,
કુંતાજીએ પ્રભુજીની સ્તુતિ કીધીજી. ૧૫
ભીષ્મ પિતાએ યુધિષ્ઠિરને ઉપદેશ દીધોજી,
તે સર્વે નવમે અધ્યાયે પરિ સીધોજી. ૧૬
દશમે અધ્યાયે યુધિષ્ઠિરને રાજ બેસાર્યાજી,
પછે શ્રીજી પોતે દ્વારકા પધાર્યાજી. ૧૭
એકાદશમે અધ્યાય સગા સહોદર સર્વે મલિયાજી,
માંહો માંહે પરસ્પર ભલિયાજી. ૧૮
ભગવદ્ભકત પરીક્ષિત રાએજી,
જન્મ વર્ણન દ્વાદશમે અધ્યાયેજી. ૧૯
ત્રયોદશમે વિદુરજી હસ્તિનાપુર આવ્યાજી,
તીરથયાત્રા કરી સર્વ મન ભાવ્યાજી. ૨૦

ધૃતરાષ્ટ્ર ગાંધારીને લઇ સાથજી,
વિદુરજી ચાલ્યા ઉત્તર પાથજી. ૨૧
ચૌદમે દ્વારકાથી અર્જુન આવ્યા ગેહજી,
મુખ જોઇ યુધિષ્ઠિરે પ્રશ્ન પૂછ્યું એહજી. ૨૨
પંદરમે અધ્યાય યાદવ કુળક્ષય કહ્યાજી.
પરીક્ષિતને રાજ્ય આપીને પાંડવ ગયાજી. ૨૩
સોલમે અધ્યાય પરીક્ષિતનું દિગ્વિજય કહ્યોજી,
પૃથ્વી ધર્મ કલિયુગને ત્યાં લહ્યોજી. ૨૪
ધર્મરક્ષા સત્તરમે કીધીજી,
કલિયુગને સ્થાન આપી શિક્ષા દીધીજી. ૨૫
પરીક્ષિતને વિપ્રશ્રાપ થયો તે અઢારેજી,
ઓગણીશમે જઇ બેઠા ગંગા કિનારેજી. ૨૬
સર્વસ્વ રાજને ત્યાગ કીધુંજી,
શુકજીને પૂછીને વ્રત લીધુંજી. ૨૭
અધિકાર લીલા તે એહ કેહેવાએજી,
એક રસના કેમ કરીને ગુણ ગાએજી. ૨૮
હરિદાસ પ્રભુ શ્રીગોવર્ધનધારીજી,
શોભા નિરખિ નિત્ય પ્રતિ જાઊં વારીજી. ૨૯

દ્વિતીયસ્કંધનું તૃતીયઘોળ.

ઘોળ ૧૩૦ મું.

જ્ઞાનલીલા દ્વિતીય સ્કંધ છે, અધ્યાય દશતે માંહે;
પ્રકરણ એના ત્રણ છે, તત્વ ધ્યાન પેહેલું ત્યાંહે. ૧
પેહેલા અધ્યાય માહે કહ્યું, સાક્ષાત્ યોગ જ્ઞાન;
પોતાના જન કારણે, સ્થુલ રૂપનું ધ્યાન. ૨
સૂક્ષ્મ સ્વરૂપનું ધ્યાન છે, તેતો અધ્યાય બીજે;
હૃદય પ્રસાદ પ્રકરણ બીજું, તેનો વર્ણન ત્રીજે. ૩
ઉત્પત્તિ દેવતા સર્વની, તેની ભક્તિ સકામી;
સર્વ તજી પ્રભુને ભજો, એ છે અંતરયામી. ૪
મનવાંચ્છિત ફલ પુરશે, પૂરણ કામ છે એહ;
મંગલાચરણ શુકજીએ કીધાં, ચોથા અધ્યાયમાં તેહ. ૫
તેમાં શ્રીજીની સ્તુતી કરી, તેતો ક્યાંલગ કહિયે;
ત્રીજું મનન પ્રકરણ છે, તે છે અધ્યાયમાં લહિયે. ૬
એક ઉત્પત્તિ બીજી ઉપપત્તિ, તેના બેજ પ્રકાર;
પ્રથમ ઉત્પત્તિ પ્રકાર છે, તેનો કીધો ઉચ્ચાર. ૭

નારદજીએ પુછ્યું બ્રહ્માજીએ કહ્યું, પાંચમે કરિ માન;
અધ્યાત્મક જ્ઞાન પંચીકરણ, સ્થુલ સુક્ષ્મનું જ્ઞાન. ૮

આઠ સ્વરૂપ વૈરાટના, છઠ્ઠે અધ્યાયે જાણો;
સર્વ ઉત્પત્તિ પ્રભુથી થઇ, એમ કહી વખાણો. ૯

સાતમે અધ્યાયે શ્રીજીના, વરણવ્યા ચોવીસ અવતાર;
આઠમે અધ્યાયથી જાણીએ, ઉપપત્તિ પ્રકાર. ૧૦

નારદજીએ બ્રહ્માજીને પુછિયું, તેતો એમાં કહિયે;
પોતાની ઉત્પત્તિ કહી, નવમે અધ્યાયે લહિયે. ૧૧

ચતુઃશ્લોકી શ્રીભાગવતનો, બ્રહ્માએ ઉપદેશ કીધો;
નારદજીએ હૃદયે ધરી, શ્રવણે રસ પીધો. ૧૨

તે ઉપદેશ શુકદેવજીએ, પરીક્ષિતને કહ્યા;
શ્રીભાગવત રસ સાંભળી, કૃતાર્થ થયા. ૧૩

આધિભૌતિક અધ્યાત્મિક, આધિદૈવિક સ્વરૂપ;
દશમે અધ્યાયે વર્ણન કર્યું, કહિ તેનું રૂપ. ૧૪

શ્રવણે સુધારસ પીજીયે, હૃદયમાં ધારી;
હરિદાસ પ્રભુ શોભા નિરખયે, શ્રીકુંજવિહારી. ૧૫

तृतीयस्कंधनु चतुर्थ धोळ.

घोळ १३१ मुं.

સર્ગલીલા તે તૃતીયસ્કંધ કહિયે,
અધ્યાય ત્રેત્રીસ પ્રકરણ છે લહિયે. ૧
પેહેલું અધિકાર પ્રકર્ણ કહ્યું અધ્યાય ચારે,
વિદુરજી તીરથયાત્રા કરી આવ્યા ત્યારે. ૨
વિદુર ઉદ્ધવજી યમુનાતટ મિલિયા સહી,
બીજે અધ્યાય બાલ ચરિત્રની લીલા કહી. ૩
ત્રીજે રાજલીલા ચોથે પ્રભાસ લીલા કેહેવાએ,
પછે ઉદ્ધવજી ઉત્તરપંથ જાએ. ૪
બીજૂં ગુણાતીત પ્રકરણ અધ્યાય પાંચમેથી જે,
વિદુર મૈત્રેયને પૂછ્યું ભગવત માયા તત્વતે. ૫
છઠ્ઠે માયાનું નિરૂપણ મૈત્રેયજીએ કીધૂં,
ત્રીજૂં સગુણ પ્રકરણ અધ્યાય ત્રણમાં પ્રસિધું. ૬
સાતમે ભગવત્ અવતાર કથા પ્રશ્ન પૂછ્યા જેહ,
આઠમે મૂળપુરૂષથી બ્રહ્માની ઉત્પત્તિ થઇ તેહ. ૭
નવમે અધ્યાયે બ્રહ્માજીએ શ્રીજીની સ્તુતિ કીધીજી,
દર્શન થયા સૃષ્ટિ કરવાની આજ્ઞા દીધીજી. ૮

ચોથૂં કાલ પ્રકરણ અધ્યાય દશમેથી જાણો,
કાલાત્મક કૈક પ્રકાર પશુ સૃષ્ટિ વખાણો. ૯
પરમાણુ કાલગતિ અધ્યાય અગ્યારે,
પાચમં જીવ પ્રકરણ કહ્યું અધ્યાય બારે. ૧૦
બ્રહ્માજીના અંગથી સૃષ્ટિ થૈ સનકાદિ મરિચ્યાદિ જે,
સરસ્વતી સ્વાયંભુ મનુ શતરૂપા તે. ૧૧
તેરમે અધ્યાય વારાહજીનો જન્મ થયો,
ચૌદમે કશ્યપઅદિતી સંવાદ કહ્યો. ૧૨
પંચદશે જયવિજયને સનકાદિકનો શ્રાપ,
સોલમે સનકાદિકને દર્શન દીધાં વૈકુંઠનાથે આપ. ૧૩
સતરમે હરિણ્યાક્ષ વારાહનો યુદ્ધ થાએ,
અઠારમે અધ્યાય પણ એ લીલા કેહેવાએ. ૧૪
ઓગણીસે હિરણ્યાક્ષ મારીને પૃથ્વી લીધી,
વીસમે યજ્ઞ વારાહની સ્તુતી કીધી. ૧૫
છઠું તત્વ પ્રકરણ તેના ભેદ છે બે,
તેર અધ્યાય લગી વર્ણન થાએ તે. ૧૬
એકવિસમે સ્વાયંભૂ મનુ આવ્યા,
કર્દમ ઋષિની પ્રાર્થના કરી મન ભાવ્યા. ૧૭

કર્દમઋષિ દેવહૂતીનો વિવાહ કરી,
બાવીસમે સ્વાયંભૂ મનુ આવ્યા ફરી. ૧૮
ત્રેવીસમે કર્દમઋષિએ વિમાન રચ્યૂં,
યોગાભ્યાસ બળે રત્નમય ખચ્યૂં. ૧૯
વૈભવ સુખ ભોગ દેવહૂતીના કહ્યાં,
નવ કન્યાના ત્યાં જન્મ થયા. ૨૦
કપિલદેવજીનો જન્મ ચોવીસમે કહિયે,
નવકન્યાના વિવાહ તે અધ્યાયમાં લહિયે. ૨૧
પછી કર્દમઋષિયે વન જઇ સાધન કીધાં,
પચીસમે કપિલદેવજી માતાને ઉપદેશ દીધાં. ૨૨
છવીસમે તત્વ સંખ્યા વર્ણન જે,
સત્તાવીસ લગી વરણુન થાયે તે. ૨૩
યોગ ધ્યાનમાં જેવા સ્વરૂપનું ધ્યાન કરવું,
અઠ્ઠાવિસમે અધ્યાયમાં તે હૃદય ધરવું. ૨૪
ઓગણત્રીસમે ભક્તિયોગ વરણુન કહ્યા,
ત્રીસમે વરણુન કર્મવિપાક લહ્યા. ૨૫
એકત્રીસમે અધ્યાયે જીવની અવસ્થા કહી,
ગર્ભથી તે મરણ પર્યંત લહી. ૨૬

જ્ઞાન ભક્તિ નિરૂપણ અધ્યાય બત્રીસમે,
દેવહૂતી સિદ્ધ પદ પામ્યા તેત્રીસમે, ૨૭
માતા જ્ઞાન ભક્તિ ઉપદેશ ચિત્ત ધાર્યો,
કપિલદેવજી ઉત્તર પંથ પધાર્યો. ૨૮
તેર અધ્યાયમાં તત્ત્વ પ્રકરણ કહ્યું,
એના બે પ્રકાર છે તે પણ લહ્યું. ૨૯
પેહેલા ચાર અધ્યાયમાં પુરૂષ મુક્તિ પ્રકાર જાણો,
હરિદાસ પ્રભુ શોભા તે વખાણો. ૩૦

चतुर्थ स्कंधनु पंचम घोळ.

घोळ १३२ मुं.

ચતુર્થ સ્કંધમાં તે વિસર્ગ લીલા કહીરે,
પ્રકરણ ચાર અધ્યાય એકત્રિસમાં સહીરે. ૧
ધર્મ અર્થ કામ મોક્ષ પ્રકરણ ચાર છે રે,
સાત અધ્યાયમાં ધર્મ પ્રકરણનો વિસ્તાર છે રે. ૨
એના અધિકારી તે દક્ષ પ્રજાપતિરે,
પેહેલા અધ્યાયમાં મનુની કન્યાની સંતતીરે. ૩
તેમાં સોમ દત્તાત્રય દુરવાસા જાણિએરે,
નરનારાયણ ઇત્યાદિક વખાણિએરે. ૪

વિશ્વસ્રવાના યજ્ઞમાં દક્ષ પ્રજાપતિ આવિયારે,
બીજા અધ્યાયમાં સર્વે આદર કરી બોલાવિયારે. ૫
શિવજી ઉઠયા નહીં તે દક્ષ પ્રજાપતિયે ક્રોધ કીધોરે,
વાક્‌વાદ કરતાં એક બીજાને શ્રાપ દીધોરે. ૬
ત્રીજે દક્ષના યજ્ઞમાં જાવા સીખ માગી સતીરે,
ત્યારે તે સમય ન આજ્ઞા દીધી પતીરે. ૭
ચોથે અધ્યાય આજ્ઞા ઉલ્લંગન કરી સતી ગયાંરે,
દેહ મેલી પર્વતની પુત્રી થયાંરે. ૮
પાંચમે નારદજીએ શિવ આગળ સર્વે વાત કરીરે,
ક્રોધે યજ્ઞનો કીધો વિધ્વંસ વાત હૃદે ધરીરે. ૯
છઠ્ઠે બ્રહ્માદિક શિવજીની સ્તુતિ કરી ઇહાં રે,
સાતમે દક્ષનો યજ્ઞ સંપૂર્ણ કીધો ત્યાંહાંરે. ૧૦
સર્વે મિલી શિવજીની સ્તુતિ કરી તે જાણીએરે,
બીજું અર્થ પ્રકરણ અધ્યાય પાંચમાં વખાણિએરે. ૧૧
આઠમે અધ્યાયે ઉત્તાનપાદનો વંશ કહ્યોરે,
ધ્રુવજી અપર માને વચને તપ કરવા ગયોરે. ૧૨
નવમે પ્રભુ મલ્યા વરદાન લઇ આવ્યા ઘર ભણીરે,
સર્વેની ધ્રુવજી સાથે પ્રીત બાંધી ઘણીરે. ૧૩

દશમે ઉત્તમ પામ્યો મૃત્યુ દુઃખ હૃદય ધર્યાં રે.
ભ્રાતનું વૈર લેવા નિમિત્ત ધ્રુવજીએ યુદ્ધ કર્યાંરે. ૧૪
એકાદશમે અધ્યાય સ્વાયંભુ મનુ ત્યાં આવિયારે,
કરી ધ્રુવજીનું સમાધાન ઘેર બોલાવિયારે. ૧૫
ધ્રુવજીએ રાજ્ય સંપૂર્ણ કર્યું દ્વાદશમે કહ્યું રે,
પછી પુત્રને સોંપી રાજ્ય અવિચલ પદ લહ્યું રે. ૧૬
ધ્રુવજીની માતા પરમ પદ પામ્યા તેરમાં રે,
ત્રીજું કામ પ્રકરણ કહ્યું અધ્યાય અગ્યારમાં રે, ૧૭
એના અધિકારી તે પૃથુરાજા સહીરે,
તેના ચરિત્રની કથા એમાં કહીરે. ૧૮
ધ્રુવજીનો વંશ અધ્યાય તેરમે વર્ણન કર્યોરે,
ચઉદમે રાજા વેન બ્રહ્મશ્રાપે મર્યોરે. ૧૯
પંચદશમે પૃથુની જન્મપત્રી વિચારી છેરે,
મહા પરમ ભગવદ્‌ભક્ત ચરિત્ર અપાર છેરે. ૨૦
સોલથી પૃથુના ચરિત્ર કહ્યા એકવીસમાં રે,
સનત્કુમારથી આત્મયોગ પામ્યા બાવીસમાં રે. ૨૧
ત્રેવીસમે પૃથુએ દેહ ત્યાગ્યો યોગ સાધિનેરે,
ચોથું મોક્ષ પ્રકરણ કહીયે પ્રભુ આરાધિનેરે. ૨૨

એ તો આઠ અધ્યાયમાં છે તે કહ્યુંરે,
તેના ભેદ તે બે એમાં લહ્યુંરે, ૨૩
બ્રહ્મ તત્વ દશા ત્રણ અધ્યાયમાં થાય છેરે,
શ્રીકૃષ્ણ સાયુજય મુક્તિ પાંચ અધ્યાયમાં કેહેવાયછેરે.૨૪
અનુક્રમપૂર્વક ઉત્તર જાણજોરે,
ચોવીસમે પૃથુનો વંશ વખાણજોરે. ૨૫
પ્રચેતાને શ્રીમહાદેવજી મલ્યારે,
રૂદ્રગીત વર્ણન કર્યું એવા ઢળ્યારે. ૨૬
પ્રાચીન બર્હિરાજાને નારદ મલ્યા પચીસમેરે,
પુરંજન આખ્યાન કહ્યું છવીસથી અઠ્ઠાવીસમેરે. ૨૭
પુરંજનઆખ્યાનસાંભલીઓગણત્રીસમેદુઃખવામિયારે.
કપિલાશ્રમ જઇ પ્રાચીન બર્હિ સિદ્ધિ પામિયારે. ૨૮
પ્રચેતાને ત્રીસમે પ્રભૂ પ્રસન્ન થયા કારજ સીધૂંરે,
કરજો દશહજાર વર્ષ રાજ એ વરદાન દીધુંરે. ૨૯
એકત્રીસમે નારદે પ્રચેતાને ભગવદ વાર્તા કહીરે,
એ કથા સાંભલીહસ્તિનાપુર વિદુરજીઆવ્યાસહીરે.૩૦
હરિદાસ પ્રભુની શોભા ચિત્ત વિચારિએરે,
સદા એઉના કીજે ગુણગાન હ્રદેમાં ધારિયેરે. ૩૧

पंचम स्कंधनुं षष्ठ धोळ.

धोळ १३३ मुं.

(રાગ કાફી.)

પંચમ સ્કંધ અધ્યાય છવીસ કહેવાએ,
સ્થાન લીલાનો વર્ણન થાએ. ૧
ત્રણ પ્રકરણ દેશકાલ સ્વપ્ન કહિએ,
પેહેલું દેશ પ્રકરણ અધ્યાય ત્રણમાં લહિએ. ૨
પ્રિયવ્રતનો વંશ પેહેલા અધ્યાયમાંહે.
સાત સમુદ્ર સાત દ્વીપ કલ્પ્યા ત્યાંહે, ૩
બીજામાં આગ્નીધ્રને નવ પુત્ર કહ્યા,
નવખંડના રાજા થયા. ૪
નાભીરાજાને પુત્રનું વરદાન દીધું,
ત્રીજા અધ્યાયમાંહે પરસીધું. ૫
એકવીસ અધ્યાયનું બીજું કાલ પ્રકરણ જાણો,
ચોથે અધ્યાયે ૠષભ દેવનો જન્મ વખાણો. ૬
ૠષભ દેવને નાભી રાજાએ રાજ દીધું જ્યારે,
પોતે પરમપદ પામ્યા ત્યારે. ૭
ૠષભ દેવના સો પુત્ર તેમાં બ્રાહ્મણ એકાસી,
નવ યોગેશ્વર દશરાજા સુખરાસી. ૮

પાંચમે છઠ્ઠે ઋષભદેવચરિત્ર લહિએ,
સાતમે ભરતને પુત્ર થયા તે કહિએ. ૯
આઠમે ભરત ચરિત્ર કહ્યા પ્રકાશ,
મૃગસંગથી મૃગ થયા તે પામ્યા નાશ. ૧૦
જડભરથ ચરિત્ર નવમે મુંગા થઈ ચાલ્યા,
દશમે રહુગણે વેઠમાં ઝાલ્યા. ૧૧
ભરતને જ્ઞાન રહુગણે પૂછ્યું અગ્યારે,
તેજ કથા કેહેવાએ છે બારે. ૧૨
તેરમે જડભરથ ચરિત્ર કથા કહી,
રહુગણ આત્મ વિદ્યા પામ્યા ચઉદમે સહી. ૧૩
પંચદશમે સુમતીનો વંશ વખાણો,
તેમાં ગયરાજાનો જન્મ તે જાણો. ૧૪
સોલમે ભૂગોલનો વર્ણન તે થાએ,
તેમાં જંબુદ્વીપે નવ વર્ષ મેરૂ પ્રભાએ. ૧૫
સતરમે નવખંડમાં સેવ્યસેવક કેહેવાએ,
તે કથા ઓગણીસ અધ્યાય લગી થાએ, ૧૬
વીસમે સપ્તસમુદ્રના પ્રમાણ,
એકવીસમે જોતિષચક્ર કેરા વખાણ, ૧૭

બાવીસ ત્રેવીસ સુધી એ ચરિત્ર કહિએ,
ચોવીસમે રાહુનું પ્રમાણ તે લહિએ. ૧૮
ત્રીજું સ્વપ્ન પ્રકરણ બે અધ્યાયે ભેદ બેહ,
એક જીવાત્મા બીજે પરમાત્મા તેહ. ૧૯
પચીસમે પાતાલ લોક વર્ણન કહ્યા,
નરક વર્ણન છવીસમે થયા, ૨૦
હરિદાસ પ્રભુ ગુણ ગાન કીજે નિત્ય,
સોભા નિરખિ ધરિ લીજીયે ચિત્ત. ૨૧

ષષ્ઠ સ્કંધનું સપ્તમ ધોળ.

ધોળ ૧૩૪ મું.

(રાગ ધન્યાશ્રી.)

ષષ્ઠ સ્કંધ અધ્યાય ઓગણીસમાં,
પોષણલીલા વર્ણન કહી,
નામ ધ્યાનને અર્ચન ત્રણ પ્રકરણ એના છે સહી. ૧
અજામેલનું આખ્યાન અધ્યાય પહિલે,
બીજે વિષ્ણુ દૂત યમદૂત સંવાદ થયો;
મહાદુષ્ટ આચરણ કરતો હતો તે,
પ્રભુનામ પ્રતાપે વૈકુંઠ ગયો. ૨

ત્રીજે ધર્મરાજાએ પોતાના સેવક આગળ,
નામ માહાત્મ્ય કહ્યું હરિ;
શ્રવણ કથા કીર્તન નામ સ્મરણ,
કરે ત્યાંહાં રખે જાતા ફરી. ૩

પેહેલું નામપ્રકરણ કહ્યું હવે બીજું,
ધ્યાન પ્રકરણ કેહેવાય છે;
ચોથે અધ્યાયથી વર્ણન એહ તેનો,
ચઉદ લગે થાય છે. ૪

પ્રચેતાનો વંશ કહ્યો છે તે પણ,
ચોથા અધ્યાયમાં જાણિએ; દક્ષનો જન્મ થયો તે,
સર્વ એમાં કહિ વખાણિએ. ૫

પ્રભુજી પ્ર..ન્ન થયા ઘણું, દક્ષે એવું તપ કીધું;
પ્રસન્ન વદને શ્રીનાથજી,
સંતાન થવાનું વરદાન દીધું. ૬

પાંચમે દક્ષના પુત્ર સર્વે મોક્ષ પામ્યા,
નારદજીએ ઉપદેશ કીધો;
દક્ષને ત્યારે ક્રોધ ચઢયો, નારદજીને શ્રાપ દીધો. ૭

છઠ્ઠે દક્ષને કન્યા થઈ તે કહ્યું,

પતિસંતતી એમાં વખાણિયે;
સાતમે ઇંદ્રિ ગુરૂ બ્રહસ્પતી રિસાણા,
વિશ્વરૂપને ગુરૂ કીધા તે જાણિયે. ૮
આઠમે ઇંદ્રને નારાયણ કવચ દીધું,
નવમે વિશ્વરૂપને માર્યો તે કથા કહી;
વૃત્રાસુરનો જન્મ તેમાં કહ્યો,
દશમે દધિચીના અસ્થિનું વજ્ર કીધું સહી. ૯
એ વજ્ર લઇ ઇંદ્રે યુદ્ધ કીધું, વૃત્રાસુર સાથે ઇહાં;
એકાદશમે પરસ્પરે યુદ્ધમાં,
પ્રસંશા વચન કહ્યા ત્યાંહાં. ૧૦
દ્વાદશમે વૃત્રાસુર મારી ઇંદ્ર જીત્યા,
ત્રયોદશમે બ્રહ્મહત્યા થઇ; ઇંદ્રે જયારે યજ્ઞ કીધો,
ત્યારે બ્રહ્મહત્યા ગઇ. ૧૧
પૂર્વ જન્મે વૃત્રાસુર ચિત્રકેતુ રાજા,
તે કથા ચઉદમે કહી;
પંચદશમે પુત્રશોક થયો ચિત્રકેતુને,
નારદજીએ સમાધાન કીધું સહી. ૧૨
સોલમે પુત્ર વચન સાંભળી વૈરાગ્ય ઉપન્યો,
સાધન કીધું પ્રભુમલ્યા ત્યાંહાં;

સતરમે વિમાને બેસી કૈલાસ ગયા,
પારવતીએ શ્રાપ દીધો ત્યાંહાં. ૧૩
ત્રીજું જે અર્ચન પ્રકરણ તે,
અઢારમે અધ્યાયેથી થાય છે;
દિતીને અદિતીના પુત્રનો વંશ, એમાં કેહેવાય છે. ૧૪
મરૂદ્‌ગણુની ઉત્પત્તી થઈ,
ઉગણીસમે પુંસવન વ્રત કર્યું;
હરિદાસ પ્રભુની નિરખિ શોભા,
ગુણ ગાન કરીને હૃદે ધર્યું. ૧૫

सप्तमस्कंधनुं अष्ठम घोळ.

घोळ १३५ मुं.

(રાગ રામકલી.)

સપ્તમ સ્કંધ અધ્યાય પન્નરમાં થાએરે,
એના પ્રકરણ તીન કહેવાએરે. ૧
અસદ્વાસના સદ્વાસના કહિયેરે,
સદસદ્વાસના પ્રકરણ ત્રીજું લહિયેરે. ૨
પેહેલું અસદ્વાસના પાંચ અધ્યાય લગી જાણોરે,
પેહેલે જયવિજયના શાપનું કારણ વખાણોરે. ૩

બીજા અધ્યાયમાં હિરણ્યાક્ષ વધ થયુંરે,
માતાને આખ્યાનમાં સમાધાન જ્ઞાન કહ્યુંરે. ૪
ત્રીજે ભ્રાત વૈર લેવા નિમિત્તરે,
હિરણ્યકશિપુ તપ કીધું ધરી ચિત્તરે. ૫
બ્રહ્માજીએ આવી વરદાન દીધુંરે,
જેજે હિરણ્યકશિપુએ માગીને લીધુંરે. ૬
ચોથે હિરણ્યકશપે રાજ કીધું જ્યારેરે,
દેવતા ભાગી ગયા તે વારેરે. ૭
ભગવદ્‌ભક્ત પ્રલ્હાદ પુત્ર થયારે,
પાંચમે અધ્યાયે ભણવાને ગયારે. ૮
ભણે ભગવત નામ તે સારરે,
બીજું કાંઇ ન કરે ઉચ્ચારરે ૯
સદ્વાસના પ્રકરણ બીજું કહિયેરે,
તે પણ પાંચ અધ્યાયમાં લહિયેરે. ૧૦
છઠ્ઠે પ્રલ્હાદજીએ ભણાવી નીશાળરે,
શ્રીહરિનામ જપે સર્વ બાલરે. ૧૧
સાતમે પ્રલ્હાદજીને બાલે પૂછ્યું ત્યારેરે.
તે તમે યેહ ભણ્યા છો કયારેરે. ૧૨

માતાજીને નારદજીએ ઉપદેશ કહ્યોરે,
મેં ગર્ભમાંથી હૃદે ધરી લહ્યોરે. ૧૩
આઠમે પ્રલ્હાદજીને પિતા ક્રોધ કરી વાર્યોરે,
સ્તંભથી પ્રકટી હિરણ્યકશિપુને માર્યોરે. ૧૪
દેવતાએ પ્રભુની સ્તુતિ કરીરે,
નવમે પ્રલ્હાદજીની સ્તુતિ હૃદે ધરીરે. ૧૫
દશમે ભક્તિ વરદાન સ્તોત્ર દીધુંરે,
રાજ બેસાર્યાને સર્વે કારજ સીધુંરે. ૧૬
મયનામ દૈત્ય ત્રિપુર લાવ્યા જેહરે,
બાળીને ભસ્મ કર્યા ત્યાં તેહરે. ૧૭
સદસદ્વાસનાનું પ્રકરણ ત્રીજું થાયરે,
એકાદશમે ચાર વરણ કેહેવાએરે. ૧૮
દ્વાદશમે બ્રહ્મચારીના કહ્યા ધર્મરે,
વાનપ્રસ્થના કહ્યા સર્વે કર્મરે. ૧૯
તેરમે યતીના ધર્મ કહિયેરે,
અજગર પ્રલ્હાદજીનો સંવાદ લહિયેરે. ૨૦
ચઉદમે ગૃહસ્થાશ્રમ ધર્મ થાયરે,
પંચદશમે ત્રિગુણ ધર્મ કહેવાયરે. ૨૧
ઉત્તમ મધ્યમ કનિષ્ટ સર્વ પ્રકારરે,

ઊતી લીલા કહિ તે વિસ્તારરે. ૨૨
હરિદાસ પ્રભુની શોભા નિહારરે,
ગુણ ગાઉં તે વારંવારરે. ૨૩

अष्टमस्कंधनुं नवम धोळ.

धोळ १३६ मुं.

(રાગ ધન્યાશ્રી.)

અષ્ટમ સ્કંધ મન્વંતર લીલા અધ્યાય છે ચોવીસજી,
ચાર પ્રકરણ કહ્યાં છે એનાં તે કહું નામી શીશજી.
તામસ રાજસ સાત્વિક ભક્તિ ચાર પ્રકરણના નામજી,
પેહેલું તામસ પહેલેઅધ્યાયથી તેવર્ણવુંતજિસર્વકામજી.
સ્વાયંભૂમનુસ્વારોચિષમનુ ઉત્તમમનુ તામસમનુ કહ્યાજી
બીજે અધ્યાય તે ગજેંદ્રને જલમાં ગ્રાહે ગ્રહ્યાજી.
ત્રીજે શ્રીહરિની સ્તુતિ કીધી ગ્રાહથી મુકાવ્યો ગજેંદ્રજી,
ભક્ત હેત પ્રભુ પોતે ધાયા છબિપર વારૂં કોટિચંદ્રજી.
ચોથે ગજ ગ્રાહનો પૂર્વ જન્મ કહ્યાં મોક્ષ થયા,
હવે સાત્વિક પ્રકરણ કહિએજી;
પાંચમે રૈવતમનુચાક્ષુષમનુ થયાતે કથા સર્વે લહિએજી.
દેવતા દૈત્ય ગયા ક્ષીરસાગરે તે સમુદ્રમથન નિમિત્તજી,
સર્વે મળી પ્રભુજીની સ્તુતિ કીધી નિરમળકરીનેચિત્તજી.

છઠ્ઠે પ્રભૂ પ્રસન્ન થૈ વરદાન દીધું દેવતા મંદ્રાચળ ગિરી લેવા આવ્યાજી
ઉપાડી શકયા નહિતે જોઈ પ્રભુ ગરૂડે ધરિ લાવ્યાજી. ૭
સાતમે કૂર્મ અવતાર ધરીને સમુદ્રમથન પછે કીધુંજી,
કરતાં મથન હલાહલ નિસર્યું તે શિવજીને દીધુંજી. ૮
આઠમે રત્ન ચઉદ તે નિસર્યાં દેવ દાનવ યુદ્ધ કર્યુંજી,
દેવતાને પિયુષ પાવાને કાજે મોહની વપુ ધર્યુંજી. ૯
નવમે અમૃત દેવતાને પાયું રાહુનું છેદયું શીશજી,
દૈત્યને અમૃત દેવાને ટાણે અંતરધાન થયા જગદીશજી.૧૦
દશમે દૈત્યપરસ્પર વઢિયા એકાદશમેં દેવાસુર સંગ્રામજી,
દ્વાદશમે મોહનીસ્વરૂપતેધરિયુંમોહ્યાશિવસહિતકોટિ કામજી
ત્રયોદશમે વૈવસ્વતમનુજેનારાજમાંશ્રીવામનજીપ્રકટ થયા,
પછી ભવિષ્ય મન્વંતર આગલ થાશેતેપણસર્વે કહ્યાજી.૧૨
સાવર્ણિમનુદક્ષસાવર્ણિબ્રહ્મસાવર્ણિધર્મસાવર્ણિમનુ કહિએ,
રૂદ્રસાવર્ણિ દેવસાવર્ણિ ઇંદ્રસાવર્ણિ સાતે લહિએજી. ૧૩
ચૌદમેમન્વાદિમનુના પુત્ર ઇત્યાદિ સર્વે ભગવદંશ જાણોજી,
હવે નવ લગી પ્રકરણ ત્રીજું રાજસ કહી વખાણોજી.૧૪
પંચદશમે બલીરાજાએ રાજ તે કીધું અશ્વમેધ યજ્ઞ કીધો જ્યારેજી,

સોલમે વિજ્ઞપ્તિ અદિતીએ કરી પતિની પુત્ર કામના
કાજ ત્યારેજી. ૧૫
પુત્ર થાશે વ્રત કરો કર્યું પતિએ પયોવ્રત વિધિ કહીજી,
અદિતીએ કર્યું પયોવ્રત ત્યારે સર્વે વિધિ હૃદે લહીજી.૧૬
સપ્તદશે પયોવ્રત કીધે પ્રભુ પ્રસન્ન થયા જાણીજી,
ગર્ભવિષે પ્રભુ આવ્યા ત્યારેબ્રહ્માદિકસ્તુતિવખાણીજી. ૧૭
અષ્ટાદશે વામનજી પ્રકટી પધાર્યા બલિરાજા પાસજી,
યજ્ઞશાલામાંસનમાન કરીને અવિલોકયા અવિનાશજી.૧૮
ઓગણીસમે ત્રણ પદ પૃથ્વી સંકલ્પ કીધા એહજી,
બે પદમાં સ્વર્ગમૃત્યુ સર્વે લીધું વિસમે એક પદની માગી
જગ્યા તેહજી. ૧૯
ત્રીજાપદનું ન રાખ્યું ઠેકાણું પરસ્પર વિવાદવચન થયાંજી,
એકવીસમે બ્રહ્માજીએ સ્વર્ગમાં શ્રીજીનાચરણ લહ્યાંજી.૨૦
અંગુષ્ટદેખીઅભિષેક કીધો ગંગાપ્રવાહથૈપૃથ્વીમાંવહ્યાંજી,
બલિરાજાને વરૂણપાસતેંબાંધ્યો તેહપ્રસંગતેમાંકહ્યાંજી. ૨૧
બાવીસમે બળી આત્મનિવેદન સત્યવચન માટે કીધુંજી,
શીશ ધર્યો ચરણ પ્રસન્ન થયા રાજસુતળનું દીધુંજી. ૨૨
ત્રેવીસમેબળીનેજીતીનેદીધુંદેવતાનેરાજગયુંહતુંજેહનુંજી,
સર્વ મળી સ્તુતિ કરીપ્રભુની પ્રફુલ્લિતમનથયુંતેહનુંજી.૨૩

ચોથું ભક્તિ પ્રકરણ તે કહિએ ચોવીસમે અધ્યાયજી,
વૈવસ્વતમનુજેનારાજમાંમચ્છાવતારથયોતેકેહેવાએજી૨૪
હરિદાસ પ્રભુના ગુણ ગાતાં, તનની તપત બુઝાએજી,
નિત્યપ્રતિ એહની શોભા, નિરખિ હૈડું ટાહાડું થાએજી.૨૫

नवमस्कंधनुं दशम घोळ.

घोळ १३७ मुं.

નવમ સ્કંધ વર્ણન કરૂં, અધ્યાય ચોવીસ જાણી,
પ્રભુ કૃપાથી ઇશાનું કથા, પ્રકરણ બે વખાણી. ૧
સૂર્યવંશ મર્યાદા પ્રકરણને પેહેલું કહિયે,
ચંદ્રવંશ પુષ્ટિ પ્રકરણ છે તે, સાંભળી સુખ લહિયે. ૨
પેહેલા અધ્યાયથી પહેલું, સુર્યવંશ તે કહિ વખાણો,
વૈવસ્વતમનુને પુત્ર દશ થયા, ઇક્ષ્વાકુ આદિ જાણો. ૩
એક કન્યા થઈ તે કહ્યું, હવે બીજો અધ્યાય,
ચાર સુતને સંતાન થયા નહી, તે પણ કહેવાય. ૪
પછી ત્રણ પુત્રનો વંશ થયો, તે એમાં કાહએ,
નભગ નરિષ્યંતને, ધૃષ્ટદ્યુમ્નનો લહિયે. ૫
ત્રીજે સર્યાતીનો વંશ કહ્યો, રેવતીકન્યાજન્મ્યા જેમાં,
ચોથે નૃગનો વંશ છે, રાજા અંબરીષ તેમાં. ૬

ભક્તને દુર્વાસાએ દુઃખ દીધું, પોતે દુઃખપામ્યાત્યારે,
પાંચમેદુર્વાસાસઘળેફરી,આવ્યાઅંબરીષપાસેજ્યારે. ૭
સુદર્શનનુંસમાધાનકરિવાળ્યું, ત્યારે સુખ થયું,
છઠ્ઠે અંબરીષનો વંશ થયો, તે સર્વ કર્યું. ૮

પછી ઇક્ષ્વાકુનો વંશ કહ્યો, જેના વંશમાં માંધાતા,
તેના વંશમાં મુચકુંદ થયા, તે કહ્યું વિખ્યાતા. ૯
સાતમે માંધાતાનો પુત્ર, કુરૂ કુશનો વંશ જાણો,
તેમાં હરિચંદ્ર રાજાથયા,આઠમેએનોવંશવખાણો.૧૦

તેમાં સગર રાજા થયા, નોમે એનો વંશ તેહ,
તેના વંશમાં ભગીરથ રાજા, ગંગાજીલાવ્યાજેહ. ૧૧
ભગીરથનો વંશ કહ્યો, જેમાં ખટ્વાંગ થયા,
દશમેખટ્વાંગનોવંશ થયો, રામાવતાર ચરિત્ર કહ્યાં.૧૨

એકાદશમેરામજીનુંરાજવર્ણનદ્વાદશમેકુશનોવંશકહિયે
મર્યાદાપ્રકરણઅધ્યાયબારમાં,પુષ્ટિતેરમેથી લહિયે.૧૩
ઇક્ષ્વાકુના નિમિ તેના વંશમાં,રાજાજનકથયાતેજાણો,
ચઉદમેચંદ્રમાંથીબુધથયા,તેનાપુત્રપુરૂરવાવખાણો૧૪

પંચદશમે પુરૂરવાના વંશમાં, શ્રીપરશુરામજી થયા,
સોલમે પરશુરામ ચરિત્રને, વિશ્વામિત્ર જન્મ કહ્યા.૧૫

સપ્તદશમે પુરૂરવાના પુત્ર મ્હોટા, વંશ નહુષનો એમાં,
રાજા યયાતિનોવંશ કહ્યો, અધ્યાયઅઢારમોતેમાં. ૧૬
ઓગણિસમે યયાતિ પરમગતિ પામ્યા,
વીશમેપુરૂનાવંશકહિયે,એકવીસમે દુષ્યંતનેપુત્રભરત
તેનો વંશ લહિયે. ૧૭
રંતિદેવનો જન્મ થયો, ગંર્ગાચાર્ય વંશ કહ્યા,
રાજા પાંચાલના કૃપાચાર્યને, દ્રોણાચાર્ય કહિલહ્યા. ૧૮
બાવીસમે દ્રુપદ કહ્યા, પછી અજમીઢનો વંશ જાણો,
તેમાં જરાસંધ થયા, પછી શંતનુનોવંશવખાણો. ૧૯
પાંડવ કૌરવનો વંશ કહી, પછી જરાસંધવંશ કહિયે,
ત્રેવિસમે બાકી યયાતીના,ચાર પુત્રનો વંશલહિયે. ૨૦
તેમાં યદુવંશ થયો, મેધાવિ ઋષિ જેમાં,
ચોવીસમે જાદવનો વંશને, અક્રૂરનો વંશ તેમાં. ૨૧
ઉગ્રસેનને દેવકનો, તે કહ્યો વંશ,
એમાં એહ વર્ણન થયો, જેમાં જન્મ્યો કંસ. ૨૨
શૂરસેનનો વંશ, જેના સુત વસુદેવ,
તેનાસુતપ્રકટયા,શ્રીકૃષ્ણચંદ્રજી,નિત્યકીજિયેસેવ. ૨૩
હરિદાસ પ્રભુ ગુણ ગાઇને, ચિત્તમાં ધરિ લીજે,
નિત્ય પ્રતિ શોભા નિરખિને, નયને રસ પીજે. ૨૪

दशम स्कंधनुं एकादश धोळ.

ધોળ ૧૩૮ મું.

શ્રીલક્ષ્મણસુત ગુણ ગાઇયે, શ્રીવલ્લભ પરમ ઉદાર,
શ્રીવિઠ્ઠલ વરને સમરિયે, દ્વિજકુલ ધર્યો અવતાર. ૧
એહના પદ વંદન કરી, માગું તે વાણી સાર,
દશમ સ્કંધ હૃદે ધરિ, અનુક્રમ કરૂં ઉચ્ચાર. ૨
અધ્યાય સત્યાસી એહના, ત્રણ મતાંતરના કેહેવાય,
સર્વ મલી કેહેવાય છે, નેવું તે અધ્યાય. ૩
નિરોધલીલા નિરૂપણ છે, પ્રકરણ પાંચ તે જાણી,
જન્મ તામસ રાજસ સાત્વિક, ગુણ પ્રકરણ વખાણી.૪
જન્મ પ્રકરણ પેહેલું પેહેલે અધ્યાયથી,
ને ચાર અધ્યાય લગી એહ;
રાજાએપ્રશ્ન પૂછયુંજ્યારે,શ્રીશુકદેવજીએ ઉત્તરદીધાતેહ.૫
શ્રીવસુદેવજીને શ્રીદેવકીજી પરણ્યા,કંસરાયે કરી પ્રીત,
બીજાઅધ્યાયમાં કંસે દેવકીજીનાપુત્ર માર્યા,તેકહી રીત.૬
શ્રીસંકર્ષણ ગર્ભમાં પધાર્યા તે કહ્યું,
પછી પ્રભુ પધાર્યા ગર્ભ માંહે;
ત્યારે સર્વ દેવતા મલી, સ્તુતિ કીધી જઇ ત્યાંહે. ૭

ત્રીજે શ્રીકૃષ્ણજી જન્મિયા, મથુરામાં કારાગ્રેહ,
શ્રીવસુદેવજીએ શ્રીદેવકીજીએ સ્તુતિ કરીછે તેહ. ૮
પુત્ર લઈ શ્રીગોકુલ પધરાવ્યા, શ્રીજશોદાજીને અંક,
કન્યા લેઇને આવિયા, મનમાં તે થયો શંક. ૯
ચોથે માયા ઉડિ ગઇ આકાશે, કંસને થયો પશ્ચાત્તાપ,
ત્યારે બ્હેનનું સમાધાન કીધું, જોઇને સંતાપ. ૧૦
દૈતને તેડીને એમ કહ્યું, મારોને દુઃખ દેઓ એહ,
બીજું તામસ પ્રકરણ છે, અઠાવિસ અધ્યાયમાં તેહ.૧૧
એના તે ભેદ ચાર પ્રકારના, પ્રમાણ પ્રમેય કેહેવાએ,
સાધન ફળ એ ચાર છે, પ્રમાણ પેહેલું થાએ. ૧૨
પાંચમે શ્રીજીનો જન્મ ઉત્સવ, વ્રજપુલ્યું અંગનમાય,
પછી કંસને કર દઈ, ઘેર આવિયા નંદરાય. ૧૩
છઠ્ઠે પૂતના મોક્ષ, સાતમે શકટ ભંજન જાણ,
તૃણાવર્ત મર્દન વિશ્વરૂપ દર્શન, લીલા એહ વખાણ.૧૪
આઠમે ગર્ગાચાર્યે નામકરણ કીધા,
ચોરી લીલા ને મૃત્તિકા ભક્ષ;
વિશ્વરૂપ દર્શન ફરિ દેખાડયું, જનનીને પ્રત્યક્ષ. ૧૫
નવમે ઉલુખલ બંધન દશમે યમલાર્જુન ભંજન,

નલકૂબરમણિગ્રીવનો ઉદ્ધાર,એકાદશમેનંદગામ લીલા,
વત્સાસુર બકાસુર વધ તે પ્રકાર. ૧૬
પક્ષાંતર કલ્પ ભેદના, ત્રણઅધ્યાયમાં વિરૂદ્ધવાકયજેહ,
દ્વાદશમે અઘાસુર વધકર્યો,ત્રયોદશે ગ્વાલમંડળી તેહ.૧૭
ભોજન શિલામાં બેસી ભોજન કીધાં,
બ્રહ્માજીએ હર્યાં વત્સબાલ;
ચૌદમે પ્રભુ લીલા જોઈ,બ્રહ્માએ સ્તુતિ કરી તતકાલ.૧૮
બીજું પ્રમેય પ્રકરણ છે, તેના તે સાત અધ્યાય,
દ્વાદશે વનક્રીડા કરિ, પ્રભુજીએ ચરાવી ગાય. ૧૯
ત્યાં ધેનુકાસુરનો વધ કરિ, વિષ જલથી રાખ્યા સર્વ,
ત્રયોદશે કાલી મર્દન કીધું,વિષ દૂરકરીનિવાર્યો ગર્વ.૨૦
ચઉદમે કાલી રહ્યો જ્યાં, તેનો તે કહ્યો પ્રકાર,
દાવાનળનું પાન કીધું, સર્વની કરી સાર. ૨૧
પંચદશે બાળલીલા કરિ, પ્રભુ ફિરિ ચરાવી ગાય,
ગ્રીષ્મઋતુ વર્ણન કરી, પછી પ્રલંબવધ કેહેવાય. ૨૨
સોલમે દાવાગ્નિ પાન કર્યું, વનથી પધાર્યા ગેહ,
સતરમે વર્ષાઋતુ વર્ણન, શરદ ઋતુ વર્ણન તેહ. ૨૩
અષ્ટાદશે વેણુ ગીત પછી, ત્રીજું સાધન પ્રકરણ કેહેવાય,
ચિત્તે ધરીને સાંભલો, તેના તે સાત અધ્યાય. ૨૪

ઓગણીસમે હેમંતઋતુ; કર્યું કાત્યાયની વ્રત તે જાણુ,
વ્રજભક્તને વરદાન દીધું, લીલા એહ વખાણુ. ૨૫
વીસમે ઋષિપત્નીનું અન્ન આરોગ્યા,
એકવીસમે ઇંદ્રનો મેટયો યજ્ઞ;
ભોગધરાવ્યોશ્રીગિરિરાજને,પ્રભુજીએકરીઅનુરાગ૨.૨૬
અન્યાશ્રય દૂર કરાવી, પોતાનો આશ્રય કરાવ્યો નાથ,
બાવીસમે ઇંદ્રકોપ વૃષ્ટિથી, રાખ્યો વ્રજ સર્વસાથ. ૨૭
ત્રેવીસમે એવું પ્રાક્રમ જોઇસર્વને, આશ્ચર્ય જ્ઞાનપૂર્વકથાય,
ચોવીસમેઇંદ્રસ્તુતિઅભિષેક,ગોવિંદનામ ધર્યું કેહેવાય.૨૮
પચીસમે શ્રીનંદરાયજીને વરૂણપાસથી,મુકાવ્યા વ્રજઇશ,
વ્રજભક્ત બ્રહ્મહૃદયમાં, નિજધામ દેખાડયું જગદીશ.૨૯
ફુલ પ્રકરણ તે કહ્યું ચોથું, સાત અધ્યાયમાં તેહ,
છવીસમે વેણુનાદ કરી, વ્રજભક્તને તેડાવ્યા એહ.૩૦
રાસલીલા આરંભ કરી, અંતરધ્યાન થયા તે વખાણી,
સત્તાવીસમે વ્રજભકત લીલા સ્મરણ કરી,
દ્રુમને સુધિ પૂછતાં ફર્યા જાણિ. ૩૧
અઠ્ઠાવિસમે વ્રજભકત મલી સર્વે, કર્યું ગોપિકા ગીતગાન,
ઓગણત્રિસમે દીન થઇ રૂદન કીધું;
તતકાલ પધાર્યા ભગવાન. ૩૨

ત્રીસમે રાસ રમણુ કરી સુખ દીધું, વ્રજભકતને નાથ,
અકત્રીસમે નંદરાયને સર્પદંશથી,
મુકાવ્યા તે દીઠું સર્વ સાથ. ૩૩
બલભદ્રજીનોરાસ વર્ણવ્યો,તેમાંશંખચૂડનોવધ કેહેવાએ,
બત્રીસમે દિવસ તાપ દૂરકરવા,વ્રજભકતયુગલગીતગાએ.
ગુણગાન નિશદિન કરૂં, પ્રભુ એ સદા મન આસ,
હરિદાસ પ્રભુ શોભા નિરખિ, માગે ચરણરજમાં વાસ.૩૫

दशम स्कंधनुं द्वादश धोळ.

धोळ १३९ मुं.

ત્રીજું પ્રકરણ તેતો રાજસ જાણો,
અધ્યાય અઠ્ઠાવીસ માંહે વખાણો. ૧
તેના પણ ભેદ છે ચાર,
પ્રમાણ પ્રમેય સાધનફલ નિરધાર. ૨
તેમાં પેહેલું પ્રમાણ પ્રકરણ કેહેવાયરે,
તેના જાણિયે સાત અધ્યાયરે. ૩
તેત્રીસમે વૃષભાસુર વધ કહિયેરે,
નારદે કંસને ઉપદેશ કર્યો તે લહિયેરે. ૪

ચોત્રીસમે કેશી દૈત્ય વધ જાણીરે,
નારદે નંદઘર ભવિષ્ય વાર્તા વખાણીરે. ૫
તેના પછી વ્યોમાસુર વધ થયો તેહરે,
પાંત્રીસમે વ્રજ અક્રૂર કંસે મોકલ્યા એહરે. ૬
પછી શ્રીકૃષ્ણ કુશળ પ્રશ્ન પૂછયા જ્યારે,
છત્રીસમે શ્રીકૃષ્ણ અક્રૂર સાથે મથુરાપધાર્યા ત્યારે. ૭
સ્નાનસમે મારગમાં દર્શન દીધુંરે,
અક્રૂરે સાડત્રીસમે સ્તુતિ કરિ સુખ લીધુંરે. ૮
અડત્રીસમે મથુરામાં કીધું પ્રવેશરે,
રજક માર્યો સુંદર ધર્યો વેષરે. ૯
વાયકને દીધી પ્રભુ મુક્તિરે,
દીધી માલીસુદામાને ભક્તિરે. ૧૦
ઓગણચાલીસમે કુબ્જાને દીધું સ્વરૂપરે,
ધનુષ ભંજન સાંભળ્યું કંસ ભૂપરે. ૧૧
કંસને દુઃખસ્વપ્ન થાયે છે ભારીરે,
રંગમંડપમાં પધાર્યા ગિરિધારીરે. ૧૨
સાત અધ્યાયમાં પ્રમેય પ્રકરણ થાએરે,
ચાલીસમે કુવલયાપીડ વધ કેહેવાએરે. ૧૩

રંગમંડપમાં પ્રભુ પધાર્યા જ્યારેરે,
જેને જેવો ભાવ તેવાં દર્શન થયાં ત્યારેરે. ૧૪
પરસ્પર મળી મહાત્મ્ય વખાણેરે,
એકતાલીસમે મલ્લયુદ્ધ થયું તે ટાણેરે. ૧૫
કંસ મામાને મારીને રોળ્યારે,
માતા પિતાના બંધન ખોલ્યારે. ૧૬
માતાપિતાનું સમાધાન બેતાલીસમે કીધુંરે,
ઉગ્રસેનને રાજ તે દીધુંરે. ૧૭
નંદાદિકને વ્રજ મોકલ્યા નાથેરે,
વસુદેવને ગૌદાન દેવરાવ્યા હાથેરે. ૧૮
જન્મસમે સંકલ્પ કીધો હતો જેહ રે,
પ્રભુજીએ ગાય દોવરાવી તેહ રે. ૧૯
અવંતિકા ગયા વિદ્યા ભણવા કાજેરે,
ગુરૂપુત્ર આણી આપ્યો મહારાજેરે. ૨૦
ત્રેતાલીસે ઉદ્ધવ શ્રીવ્રજ આવ્યારે,
કુશલ વાર્તા કહી નંદ મન ભાવ્યારે. ૨૧
પ્રીતે વ્રજજનને ઉદ્ધવજી મળ્યા સહીરે,
ચુમાલીસમે જ્ઞાન ઉપદેશ વાર્તા કહીરે. ૨૨
વચન આસક્તિનાં કહ્યાં વ્રજજનરે,

શુદ્ધ સત્વ ઉપન્યું ઉદ્ધવ મનરે. ૨૩
દૃષ્ટાંત ભ્રમરનું દઇને કહ્યુંરે,
તે સર્વે ભ્રમરગીતમાં લહ્યુંરે. ૨૪
પિસ્તાલીસમે કુબ્જા ઘેર પધાર્યા હરિરે,
ત્યાંથી ફર્યા મનોરથ પુરો કરીરે. ૨૫
અક્રૂર પાંડવની સુધ લેવા ગયા તેહરે,
છેતાલીસમે હસ્તિનાપુર આવ્યા અક્રૂર એહરે. ૨૬
સર્વને મલ્યાને સુધિ લીધીરે,
કુંતાજીએ દુઃખની વાર્તા કીધીરે. ૨૭
આવી સર્વ પ્રભુજીને કહ્યુંરે,
પૂર્વાર્ધ સંપૂર્ણ ત્યારે થયુંરે. ૨૮
હરિદાસ પ્રભુના ગુણ ગાઊંરે,
શોભા નિરખિ ફુલી અંગ ન સમાઊં રે. ૨૯

दशमस्कंधनुं त्रयोदश धोळ.

ધોળ ૧૪૦ મું.

સાધન પ્રકરણ અધ્યાય સાતનું તે ઉત્તરાર્ધમાં થાય છે,
સડતાલીસમે અધ્યાયે જરાસંધનું યુદ્ધ થયું તે સતરે
વાર કેહેવાય છે. ૧

અઢારમી વાર યુદ્ધને વળી આવ્યો ત્યારે કાલયવન
આવ્યો ઈહાં,
દ્વારકા સમુદ્રમાં પ્રભુ વસાવી સર્વેને મોકલ્યા ત્યાં. ૨
પછી પોતે પધાર્યા ત્યાં થકી મુચકુંદની ગુફામાં હરિ,
અડતાલીસમે કાલયવનને ભસ્મ કીધો મુચકુંદને વર
દીધો એણે સ્તુતિ કરી. ૩
ઓગણપચાસમે મુચકુંદ બદ્રિકાશ્રમ ગયા બલદેવજી
રેવતીજી પરણ્યા તે જાણિએ,
રૂકમિણિનો સંદેશો શ્રીકૃષ્ણને પહોંચ્યો પચાસમે રૂકમિણી
હરણ વખાણિએ. ૪
એકાવનમે યુદ્ધમાં શ્રીબલદેવજી જીત્યાહાર્યાતેરાજા સર્વેરે,
રૂકમિયાની મૂછને મસ્તકમૂંડયા શ્રીકૃષ્ણે બાંધ્યો નિવારિ
ગર્વરે. ૫
ત્યાંથીશ્રીપ્રભુજીશ્રીદ્વારકાપધાર્યાવિધિપૂર્વક વિવાહ કર્યા,
બાવનમે પ્રદ્યુમ્નજી પુત્ર પ્રકટયા શંબરદૈતે તે હર્યા. ૬
યુદ્ધ કરી શંબર દૈત્યને મારી રાણી રતિ લૈ ઘેર આવિયા,
ત્યારેસર્વજનજોવા મળ્યું શ્રીરૂકમિણી મન ભાવિયા. ૭
ત્રેપનમે મણિ પ્રસંગમાં જાંબુવતી સતભામા બે વર્યા
ફલપ્રકરણ અધ્યાય સાતમાં, ચોપનથી વર્ણન કર્યા. ૮

પ્રભુ પાંડવની શુદ્ધ લેવા પધાર્યા ત્યાં સાંભળ્યું જે
સત્રાજીત માર્યો સહી,
શતધન્વાને મારીને મણિ તે લીધી સત્યભામાને પુત્રે
સર્વે વાત કહી ૯
સત્યભામાનેઆગ્રહેશ્રીકૃષ્ણ પધાર્યા શતધન્વાને
માર્યો મણિ મળ્યો નહીં,
અપવાદ થયો અક્રૂરને તેડાવ્યા અપવાદ ગયો મણિ
આવ્યો તહીં. ૧૦
પંચાવનમે ઇંદ્રપ્રસ્થ પધાર્યા શ્રીકાલિંદીજી પર્ણ્યા તે કહ્યું
ખાંડવ વનનો દાહ કીધો મિત્રવિંદાને પર્ણ્યાતે લહ્યું ૧૧
સત્યાભદ્રાનેલક્ષ્મણાપર્ણ્યા છપન્નમે ભૌમ માર્યો તે હરી;
સોલ સહસ્ર કન્યા રોકી હતી તે સર્વ શ્રીપ્રભુજીને વરી.૧૨
સત્તાવનમે હાસ્યયુક્તના વચન તે તો રૂક્મિણિને કહ્યા,
પ્રતિઉત્તર ફરિ દીધા તેના તે તો સર્વ એ માંહી લહ્યા. ૧૩
અઠ્ઠાવનમે સર્વ સ્ત્રીને પુત્ર દશ દશ થયા છે તે જાણિયે,
પટરાણી જે મુખ્ય આઠ તેના પુત્રના નામ વખાણિએ. ૧૪
પ્રદ્યુમ્ન પુત્ર શ્રીરૂક્મિણીજીના તેના સુત અનિરૂદ્ધ છે,
મામાની કન્યા પરણી લાવ્યા ત્યાં તે કીધું યુદ્ધ છે. ૧૫
ઓગણસાઠમે શ્રીઅનિરૂદ્ધને ચિત્રલેખાએ હર્યો,

શોણિતપુરમાં બાણાસુરની કન્યા સ્વપ્નાંતરમાંહે વર્યા.૧૬
ત્યાં ઉષા હરણ કારણે પધાર્યા બાધિયા નાગપાશ છે,
સાઠમેબાણાસુરનોસંગ્રામથયોઅનિરૂદ્ધપરણ્યાપૂરીઆશછે
અનિરૂદ્ધજી પરણી પધાર્યા ગુણગાન કરી ચિત ધારીએ,
હરિદાસ પ્રભુ શોભા નિરખીને તનમનધનસર્વવારીએ.૧૮

દશમ સ્કંધનું ચતુર્દશ ધોળ.

ધોળ ૧૪૧ મું.

ચોથું પ્રકરણ સાત્વિક એકવીસ અધ્યાયજી,
સાત અધ્યાયમાં પ્રમેય પ્રકરણ પેહેલું થાયજી. ૧
એકસઠમે કૂપમાંથી કૃકલાસનો ઉદ્ધાર કીધોજી,
તેના પૂર્વજન્મ વૃત્તાંત પ્રસિદ્ધોજી. ૨
બ્રહ્મ અંશ કઠિણ ઘણું તે લહિએજી,
બાસઠે બલદેવજી વ્રજ પધાર્યા તે કહિએજી. ૩
સર્વને મલી રાસ રમણ સુખ દીધુંજી,
શ્રીજમુનાજીનું આકર્ષણ કીધુંજી. ૪
ત્રેસઠે પૌંડ્રક કાશીનો રાજા જેહજી,
તેનો પુત્ર સુદક્ષણ વધ થયો તેહજી. ૫

કાશીને ભસ્મ કરી છે જ્યારેજી,
ચોસઠે બલદેવજી કપિ દ્વિવિદ માર્યો ત્યારેજી. ૬
પાંસઠે દુર્યોધનની કન્યા લક્ષ્મણા જાણોજી,
જાંબુવતીના પુત્ર સાંબ પરણ્યા તે વખાણોજી. ૭
બલદેવજીથી વિવાદ થયો તે કહિએજી,
ત્યારે હસ્તિનાપુર વાંકું કર્યું તે લહિએજી. ૮
છાસઠે નારદજી પધાર્યા શ્રીકૃષ્ણ ગેહજી,
ગ્રહસ્થાશ્રમ જોતાં થાકયાં તેહજી. ૯
સોલ સહસ્ર ઘર ફરીને જાયજી,
ગૃહ ગૃહ પ્રતિ નૌતમ લીલા થાયજી. ૧૦
સડસઠે પ્રભુજીની આન્હિક વિધિ કહીજી,
જેમ કરતા તેમ કહ્યું પ્રસિદ્ધ લહીજી. ૧૧
નારદજીએ આવીને કહ્યું એહજી,
પાંડવને રાજસૂય મનોરથ થયો તેહજી. ૧૨
સાધન પ્રકરણના અધ્યાય સાતજી,
અડસઠ પ્રભુજીને ઉદ્ધવજીએ કીધી વાતજી, ૧૩
દૂત અને નારદે કહ્યું તે ચિત્ત ધરીજી,
પાંડવ પાસે ઈંદ્રપ્રસ્થ પધાર્યા શ્રીહરિજી. ૧૪

ઓગનોતેરે રાજસૂય યજ્ઞ નિમિત્ત દિશાઓ જીતીજી,
જરાસંધ મારી પુત્ર રાજ બેસાર્યો કરિ પ્રીતીજી. ૧૫
બંધથી રાજા સર્વ મુકાવ્યાજી,
સિતેરમે વસ્ત્રભૂષણ ભોજન કરાવ્યાજી. ૧૬
અભયદાન દઇ ઇંદ્રપ્રસ્થ પધાર્યા નાથજી.
ઇકોતોરમે યજ્ઞમાં શિશુપાળ વધ કરી રાખ્યો
ચરણ સાથજી. ૧૭
બોહોતેરમે દુર્યોધન માનભંગ કારણ કહ્યુંજી,
ત્રોતેરમે શાલ્વ પ્રદ્યુમ્નજીનો યુદ્ધ દારૂણ થયુંજી. ૧૮
ચમોતેરમે શાલ્વ માર્યો કરી ગદા પ્રહારજી,
હવે સાત અધ્યાયમાં ફલ પ્રકરણ પ્રકારજી. ૧૯
પંચોતેરમે વિદૂરથ અને દંતવક્ર માર્યાજી,
પછી પ્રભુ મહાભારત યુદ્ધમાં પધાર્યાજી. ૨૦
છોતેરમે બલદેવજી તીર્થયાત્રા કરી આવ્યા તે કહ્યુંજી,
મહાભારત યુદ્ધ ત્યારે પૂરણ થયુંજી. ૨૧
સતોતેરમે સુદામા સ્ત્રીની આજ્ઞાથી દ્વારકા લા'વો લીધોજી,
અઠોતેરમે પ્રભુ પ્રસન્ન થઇ વૈભવ સુદામાને દીધોજી. ૨૨
ઓગણ્યાસીએ સૂર્યગ્રહણ જાણી કુરૂક્ષેત્રે પધાર્યા એહજી,
વ્રજજન મલ્યા કુશળ પૂછ્યા સમાધાન કીધા તેહજી. ૨૩

એંશીએ પાંડવને મલી કુશળ વાર્તા કીધીજી,
પટરાણીસર્વેને દ્રુપદીએ પાણીગ્રહણ વાર્તા પૂછીલીધીજી૨૪
એકાશીમે ઋષિમુની પૂજા કરી પ્રભુ મન ભાવ્યાજી,
વસુદેવને નારદ પાસે જ્ઞાન ઉપદેશ કરાવ્યાજી. ૨૫
યજ્ઞ કરાવી વિદાય સર્વેને કરીજી,
પછી પોતે દ્વારકા પધાર્યા શ્રીહરિજી. ૨૬

ગુણ પ્રકરણ પાંચમું અધ્યાયમાં છે એહજી,
બ્યાશીમે દેવકીજીના પુત્ર લાવ્યા તેહજી. ૨૭
કંસે છ પુત્ર માર્યા તે જાણીજી,
પાતાલમાં જઇ બલીરાજા પાસેથીઆપ્યાઆણીજી. ૨૮
સ્તનપાન કરી પુત્ર સ્વર્ગ પધાર્યા તેહજી,
દેવકીજી માતાના મોહ નિવાર્યા એહજી. ૨૯

ત્યાશીમે સુભદ્રાનું હરણ તે અર્જુને કીધુંજી,
પ્રભુ શ્રુતદેવ જનક ઘેર પધારી સુખ દીધુંજી. ૩૦
ચોરાશીમે સર્વે ઋષિ મલી પરીક્ષા કરીજી,
બ્રહ્મા વિષ્ણુ દેવ તેમાં મ્હોટા શ્રીહરિજી. ૩૧
નિશ્ચે કરી એહ ઠરાવ્યું સહીજી,
વેદ સ્તુતિ કરી તે પણ કહીજી. ૩૨

પંચાશીમે ભજન કેનું શ્રેષ્ટ તે કહિજી,
વૃકાસુરનું આખ્યાન કહ્યું તે લહિજી. ૩૩
લોકાલોક જઈ વિપ્રના પુત્ર મર્યા લાવ્યા તેહજી,
અર્જુનનો ગર્વ નિવાર્યો,
છયાશી અધ્યાય લગી ચરિત્ર કહ્યાં એહજી. ૩૪
સત્યાશીએ રાજનીતી ગ્રહસ્થાશ્રમ પ્રકારજી,
ગણુતા થાયે યાદવકુળ બહુ વિસ્તારજી. ૩૫
શ્રીવલ્લભજીના ચરણ કમલની આસજી,
શોભા નિરખિ ગુણ ગાએ હરિદાસજી. ૩૬

एकादशास्कंधनुं पंचदश धोळ.

धोळ १४२ मुं.

સ્કંધ એકાદશ માંહિરે, લીલા મુક્તિ કહી;
પ્રકરણ બે છે એનારે, જીવ મુક્તિ બ્રહ્મ મુક્તિસહી. ૧
જીવ મુક્તિ પ્રકરણ પેહેલું રે, તેના ભેદ બે જાણિએ;
અધ્યાય ઓગણત્રીસ લગીરે, એહ વખાણીએ. ૨
એ તો સર્વ સંપૂર્ણ રે, એકત્રીસ અધ્યાય છે;
બ્રહ્મભાવના અધ્યાયેરે, પાંચ કેહેવાયછે. ૩
પેહેલા અધ્યાય માંહેરે, યાદવકુલને બ્રહ્મ શાપ થયો;

બીજે વસુદેવજીનેરે, નારદે જ્ઞાન ઉપદેશ કિધો. ૪
નવયોગેશ્વરનોરે, જનક ઘેર સંવાદ થયા જે;
કવિને હરિ બેઉરે, વચન કહ્યાં તે. ૫
ત્રીજે અંતરિક્ષ પ્રબુદ્ધરે, પિપ્પલાયન કહ્યું;
આવિર્હોત્રી મિલી ચારરે, કહ્યું તે એમાં લહ્યું. ૬
ચોથે દ્રુમિલ યોગેશ્વર રે, ત્રિગુણ અવતાર કહ્યા;
ચોવીસ અવતારરે, એમાં વર્ણવિ લહ્યા. ૭
પાંચમે ચમસ કરભાજનનોરે, સંવાદ થયો તે જાણિયે;
સાયુજ્ય મુક્તિ અધ્યાય બેમાં રે, કહી તે વખાણીયે.૮
છઠ્ઠ દેવતા સર્વ સ્તુતિ કીધીરે, યાદવને આજ્ઞા દીધીહરિ;
પ્રભાસ જઈ યજ્ઞાદિક કર્યોરે, એવાત સર્વે ચિત્ત ધરી. ૯
ઉદ્ધવજી આવીને પ્રશ્ન કીધારે,
સાતમે અવધૂતના ઇતિહાસ કહ્યો;
ચોવીસ ગુરૂનાગુણ લીધારે,રાજા યદુનો સંવાદ થયો. ૧૦
આઠમે નામે ચોવીસ ગુરૂનું કારણરે,
દશમે ઉદ્ધવજીને જ્ઞાન ઉપદેશ તે;
એકાદશમે ભક્તસેવા કરેરે, એને માયા બાંધે નહીયે. ૧૧
દ્વાદશે સાધુ સંગતરે, એમાં એવું ભાખે;
ત્રયોદશે તત્વજ્ઞાન કરીરે, સર્વવિશે સમાન દષ્ટિ રાખે.૧૨

ચતુર્દશભક્તિયોગઉત્કૃષ્ટકહ્યારે, પછીધ્યાનનુંસ્વરૂપકહ્યું;
પંચદશે અષ્ટાદશ સિદ્ધિરે, પ્રાપ્તિ થાયે તે લહ્યું. ૧૩
વિભૂતિનું સ્વરૂપરે, સોલમે અધ્યાય જાણો;
સપ્તદશે અષ્ટાદશેરે, વર્ણાશ્રમના ધર્મ વખાણો. ૧૪
ભક્તિયોગ યમનિયમરે, અધ્યાય ઓગણિસમે;
જ્ઞાન કર્મ ભક્તિ યોગરે, વિધ લક્ષણ વીસમે. ૧૫
વિધિ નિષેધ કર્તવ્યરે, એકવિસ કેહેવાય છે;
તત્વનિશ્ચયાત્મકાદિકરે,બાવિસ અધ્યાયમાં થાયછે. ૧૬
ભિક્ષુ ગીતનું વર્ણનરે, અધ્યાય ત્રેવીસમે;
સાંખ્યયોગાદિ લક્ષણારે, વર્ણન અધ્યાય ચોવિસમે. ૧૭
પચીસમે યોગલક્ષણાદિરે, છવિસમે ઇલોપાખ્યાન સહી;
પુરૂષારાધન વિધિરે, સત્તાવીસમે અધ્યાયે કહી. ૧૮
યોગાચારનું વર્ણનરે, અઠ્ઠાવીસે કેહેવાય છે;
ઓગણત્રીસમેયોગમાર્ગકહીરે,ઉદ્ધવજીબિદા થાયછે.૧૯
બ્રહ્મમુક્તિ પ્રકરણઅધ્યાય બેનું રે,તેનાભેદ બેછેજાણિયે;
ત્રીસમે મમતા ત્યાગરે,
દ્વારકાથી ચાલી પ્રભાસ લીલા કરીતે વખાણિયે. ૨૦
એકત્રીસે અહંતા ત્યાગરે, બ્રહ્માદિકે સ્તુતિ કરી;
હરિદાસ પ્રભુશોભાનિરખિરે,નિજધામ પધાર્યા હરિ. ૨૧

દ્વાદશસ્કંધનું ષોડશ ધોળ.

ધોળ ૧૪૩ મું.

એની ચાલ-સાહેલી રે શ્રીજીને નિરખીયે.

દ્વાદશ સ્કંધના અધ્યાય તેર છે,
આશ્રયલીલારેપ્રકરણપાંચતેજાણી. સદા ગુણ ગાઇએ ધ્રુ.
એક લોકાશ્રય બીજો વેદાશ્રય ભગવદાશ્રયરે,
ત્રીજું પ્રકરણ વખાણી. સદા ગુણ ગાઇએ. ૧
ચોથું શબ્દાશ્રય પાંચમું અર્થાશ્રય એ પાંચમાં રે,
પેહેલું લોકાશ્રય એહ. સદા ગુણ. ૨
પેહેલા અધ્યાયમાં રાજા થયા તે કહ્યા,
બીજા અધ્યાયમાં રે આગલ થાશે તેહ. સદા ગુણ. ૩
બીજું પ્રકરણ વેદાશ્રય અધ્યાય ત્રીજેથી,
તેમાં યુગયુગનારે સર્વ ધર્મ કેહેવાય. સદા ગુણ. ૪
ચોથે યુગયુગના લક્ષણ કહ્યા,
પ્રલયકાળનોરે એમાં વર્ણન થાય. સદા ગુણ. ૫
ત્રીજું પ્રકરણ ભગવદાશ્રય,
ત્રણ અધ્યાયમાં એમાં પૂરણરે ભગવદાશ્રયજાણ.સદા. ૬
પાંચમે પ્રમાણલક્ષણ પરિક્ષતને સર્પ દંશ કર્યો,
છટ્ઠે પરિક્ષતનેરે મોક્ષ થયો નિર્વાણ. સદા ગુણ. ૭

સર્પયજ્ઞ વેદસંખ્યા વર્ણન તેહ,
સાતમે પણ વેદસંખ્યા વર્ણન તેહ. સદા ગુણ. ૮
ચોથું પ્રકરણ શબ્દાશ્રય અધ્યાય,
ત્રણનું એતો શ્રીભાગવતનું રે,
આશ્રય કરવો એહ. સદા ગુણ. ૯
ભગવત્સ્વરૂપ શ્રીભાગવત છે,
ભાવે કરીરે કીજે નિત ગાન. સદા ગુણ. ૧૦
આઠમે અધ્યાયથી માર્કંડેય આખ્યાન છે,
નવદશ લગિરે માર્કંડેય આખ્યાન. સદા ગુણ. ૧૧
એકાદશમે સૂર્ય દ્વાદશ કહ્યા,
દ્વાદશે પૂર્વ કથારે સંક્ષેપે કેહેવાય. સદા ગુણ. ૧૨
ત્રયોદશમે પુરાણ સંખ્યા કહી,
ફલસ્તુતિ પણરે એમાંહે થાય. સદા ગુણ. ૧૩
નિબંધોક્ત સર્વ આખ્યાન કહ્યા,
શ્રીમદ્ભાગવતરે મહિમા અપરંપાર. સદા ગુણ. ૧૪
હરિદાસપ્રભુ શોભા નિરખિને,
ગુણ ગાઉંરે જાઉં બલિહાર. સદા ગુણ. ૧૫

ઈતિ શ્રીમદ્ભાગવતના ષોડશ ધોળ સંપૂર્ણ.

મનપ્રબોધ.

કક્કો.

ધોળ ૧૪૪ મું.

કક્કા કોટિ કારજ છાંડીનેરે, ભજિ લો શ્રીકૃષ્ણ કૃપાળ;
નહિંતોપાછળપસ્તાવોથશેરે,આવીજાશેઅચાનકકાળ. ૧
ખખ્ખા ખોટું સહુ શ્રીહરિવિનારે,આદિમધ્યેઅંતેદુઃખરૂપ;
અનુભવીવાતકહું છું હું ખરીરે,માટેસમરોશ્યામસ્વરૂપ.૨
ગગ્ગા ગુરૂહરિહરિજન એક છેરે, રખે રાખો મનમાંભ્રાંત;
સેવોસાચો સ્નેહ વિવેકશું રે,સર્વે શાસ્ત્રનું એજસિદ્ધાંત. ૩
ઘઘ્ઘા ઘડી લાખેણી જાય છેરે, જોતું જાણી શકેતો જાણ;
હરિભજવાનોઅવસરનહિમળેરે,ફરીથાયછેમ્હોટીહાણ્ય૪
નન્ના નિર્ભય પદ નંદલાલનુંરે, એ થકી સૌ ઓછું જાણ;
પક્ષરાખીનેવચનવદતોનથીરે, મનેમાતપિતાનીઆણ. ૫
ચચ્ચા ચતુરતું ને ત્યારેકહું રે,ચિત્તચરણચતુર્ભુજ રાખ;
નિત્યસેવાસ્મર્ણસત્સંગમાંરે,રહીકૃષ્ણશ્રીકૃષ્ણતું ભાખ. ૬
છછ્છા છેલ છબીલા લાલશું રે, શીઘ્ર જોડે સાચી પ્રીત;
કરતવ્ય કાંઇ પછી ત્હારે નથીરે,ત્હારી સર્વે વાતે જીત.૭
જજ્જા જગજીવનજાણ્યા નથીરે, જાણ્યું સર્વેતોયેતું અજાણ

પ્રેમે પુરુષોત્તમ પૂજ્યા વિનારે, થયે પંડિતનહિકલ્યાણ.૮
ઝઝ્ઝાઝટપ કરી હરિ ગાંઇલેરે, ધરી મળત્રો નથીઆદિન;
રંકનેલંકમળીજેમલુંટવારે, તેમ તુંને મળ્યું એ ધન્ય.૯
ટટ્ટાટોપી તિલકમાળા ધરીરે,તોયેતજ્યાનહીં કપટ કૂટેવ;
વૈષ્ણુવવેશધરીવાહીવિશ્વનેરે,ક્ષણુંકીધીનહીંહરિસેવ.૧૦
ઠઠ્ઠા ઠાલાં થોથાં સંસારનાં રે, કૂટે કંઇયે ન આવે પાર;
અમૂલખઅવસરએળેજાયછેરે,વેહેલોભજીલેનંદકુમાર.૧૧
ડડ્ડા ડાહ્યો ઠર્યો સંસારમાંરે, તેણે શું સર્યું તારું કામ;
મારખાતાંમ્હોડુંભાંગીજશેરે,માટેભજીલે સુંદરશ્યામ.૧૨
ઢઢ્ઢા સુંઢણુકેશ્રીહરિગાઇલેરે,કયાંહાંલગીઢણુકાશેઆઠોર;
થાકયાજમકિંકરતુંનેઝુડતાંરે,તોયેતું નવથાકયોનઠોર.૧૩
રેણુંરાજપાટઘણુંભોગવ્યાંરે, ઘણુંભોગવ્યાંનર્કનાંદુઃખ;
જાણેતોબાકીકાંઇરહીનથીરે,હવેતોહરિભજેથાય સુખ.૧૪
તત્તાતું ત્હારૂં ચેત્યો નહીરે, શિખ્યો સર્વ અવસરનેકાંજ;
સુબળ જ્ઞાન બતાવે અન્યનેરે, તુમાં અંધારૂં ઝાઝ. ૧૫
થથ્થાસ્થાવરજંગમસર્વમાંરે,જાણીલેજે શ્રીહરિનો અંશ;
મનકમવચનેદયા સૌપરધરોરે,રખેકરતાકોઇનોધ્વંશ.૧૬
દદ્દા દોષ સર્વ નિજમાં લહોરે, જાણો સામા સર્વને શૂદ્ધ;

અન્યનોઅંતરગુણનાણિયેરે, એછેભવતરવાનીબુદ્ધ.૧૭
ધધ્ધા ધિક ધિકધનઢંગ જાણજોરે,ધિકવિદ્યાધિકસ્રીધામ;
સ્વરૂપસુઘડતાધિકવૈભવસહુરેત્હારાંજોનભજ્યા ઘનશ્યામ.
પપ્પા પોથાં ભણી પંડિત થયોરે, ઘણું પુજાયો જગમાંહે;
જગતનાપુજ્યનેતેંપુજ્યાનહીંરે,અલ્યાતારૂંઠેકાણુંક્યાંહ.
ફફ્ફાફેરો પડયો અવતારનોરે, જ્યારે ગાયા નહીં ગોવિંદ;
એળેખોયોદુર્લભદેહમાનવીરે,તારૂંઊંધુંકર્મમતિમંદ. ૨૦
બબ્બાબાપત્હારોત્રિભુવનપતિરે,જેનેઘેરત્રિલોકનુંરાજ;
પુત્રપણુંજણવીજોસેવોપિતારે,વિનાસારેસર્યાંસહુકાજ૨૧
ભભ્ભાભક્તિકરીભગવંતનીરે,તેનુંધનભાગ્ય ભવમાંય;
ઈશ અનંત કોટિ બ્રહ્માંડનારે, સદા રહે તે જન ત્યાંહ.૨૨
મમ્મા મ્હોટાથી મ્હોટું ટાંણુંરે, કળીમાંશ્રીકૃષ્ણનું નામ;
સાધનસર્વતણુંએશિરોમણીરે,શ્રમવિનામળેઘનશ્યામ.૨૩
યય્યા યત્ને પ્રયત્ને નાશજોરે, રહેજો તમે દુષ્ટસંગથી દૂર;
ભાવ ભક્તિ હરિ ભૂલાવશેરે,ક્ષણુંમાંચાવીકરશેચૂર.૨૪
રર્રા રસિક શિરોમણી શ્યામસુંરે, તુંને લાગે સાચોરંગ;
સ્હેજેસુખ આવી મળેરે, ત્હારૂં દુઃખ સર્વ થાય ભંગ.૨૫
લલ્લા લોક તથા પરલોકમારે, સુખશ્રીહરિસમરેથીથાય;

કૃષ્ણકૃપા પાખે કાંઇનાબનેરે, બીજા કરિયે કોટિઉપાય.૨૬
વહાલાવાતસિદ્ધાંતનીસુણકહુંરે, જાણેસહુથીબડો વિશ્વાસ;
તેદ્રઢજેહેનેશ્રીહરિઉપરથયોરે, તેતોશિરોમણીહરિદાસ,૨૭
સસ્સા સાર સર્વનો એહછે રે, કરવોસાચોસદા સત્સંગ;
નીચનીરઅતિનગરગલીતણુંરેજુવોગંગમળેથાયગંગ.૨૮
હહ્હાહાથધસીશ પાછળથીરે, નિશ્ચેપળપળથીમાં પસ્તાશ;
પાયલાગીકહું પાલવ પાથરીરે, ભજીલે શ્રીઅવિનાશ.૨૯
અયાતુંનેઅનેકવાતનીએકકહું રે, જેથીથાયઅતિઆનંદ;
કોઇપ્રાણીનેકલપાવીશમાંરે, નિશદિનગાજેતું ગોવિંદ.૩૦
કક્કોઅલૌકિકમનપ્રબોધનોરે, જેકોઇશિખેસાંભળેને ગાય.
કહેદયોદાસશ્રીવલ્લભદેવનોરેત્હેનાંસહુકારજસિદ્ધથાય ૩૧

શ્રીગોકુલચંદ્રમાજીનું ધોળ.

ધોળ ૧૪૫ મું.

શ્રીગોકુલચંદ્ર લાગોછો વહાલા,
મોહીરે જોઇ નેન તણા ચાળા. શ્રીગોકુલ. ૧
વહાલારે તમારી નેન કટારી વાંકી,
એતો મારે કાળજડે વાગી. શ્રીગોકુલ. ૨
આપ વિના કરૂણા તે કોણ કરે,

ઠાલા રે પાત્રમાં રસ રે ભરે. શ્રીગોકુલ. ૩
ચરણ કમળની છું અભિલાષી,
દીજેમાંહે લલિત ત્રિભંગી ઝાંખી શ્રીગોકુલ. ૪
ચરણ નખ ચંદ્ર પ્રકાશ જોઇ,
તેનેરે તેજે મદન રહ્યો મોહી. શ્રીગોકુલ. ૫
નેપુર ધ્વુની તાન સહીત બાજે,
તેને રે નાદે કામદેવ લાજે. શ્રીગોકુલ. ૬
ચરણ કટી ગ્રીવા નમિત કીધાં,
કારણ રસ દાન ભક્તને દીધાં. શ્રીગોકુલ. ૭
ચરણ લગી પરસી છે વનમાળા,
કામણગાલા દીસો છો નંદલાલા. શ્રીગોકુલ. ૮
ચરણ દક્ષિણ મર્યાદા લોપી,
તેને મન સ્થીર થયાં ગોપી. શ્રીગોકુલ. ૯
પીતાંબર સોહીએ છે સારૂં,
ચોર્યું ચીત્ત પ્રાણપતિ મહારૂં. શ્રીગોકુલ. ૧૦
સુથન કટીકાછની છે ભારી,
મુકુટની લટકપર જાઊં વારી. શ્રીગોકુલ. ૧૧
સદા રસ રાસ મધે રમતાં,

એતો પ્રભુ નિજજનને ગમતાં. શ્રીગોકુલ. ૧૨
વર્ણવ્યું સ્વરૂપ સુક્ષ્મ રીતે,
કૃપા કરો ગાવું પૂરણ પ્રીતે. શ્રીગોકુલ. ૧૩

ધોળ ૧૪૯ મું.

મથુરામાં મોહનલાલ નહી દઉં જાવાને,
તમે શાંને વધાર્યાં વાહાલ અમને વાહાવાને. ૧
કાંન્હ કપટી શું કોલ દોછો અમનેરે,
જુઠા નવ બોલો બોલ વારૂં તમને રે. ૨
મ્હારા રૂદીયા ઉપર આજ રથ નવ ખેડોરે.
રઢીયાળા રસિયા નાથ સાથે તેડોરે. ૩
અમો અબળાના શણગાર કોનપેરે ધરીયેરે.
એનું નથી કોઇ સંસાર જોઇને ઠરીયે. ૪
અક્રૂરને લાગું પાય હરિને વારોરે,
કોહો હરિ વિના કેમ જાય અવસર મ્હારો રે. ૫
મામાજીને શું કાજ તેડ્યા સાથેરે,
હરિ રથમાં બેઠા જાય હળધર સાથેરે. ૬
અક્રૂરનો ભાગ્યો ભેદ જુમનાં ઘાટેરે,
કુબ્જાના પુર્યા કોડ ચંદન માટેરે. ૭

પુતનાના સોષ્યા પ્રાણ ગોકુલ ગામેરે,
મામાને માર્યો ઠોર મલને ઠામેરે. ૮
વાસુદેવના કાપ્યા બંધ વાલમ વલીયારે,
સાર્યાં સેવકનાં કાજ વચને પલીયારે. ૯
ધન્ય ધન્ય એ વ્રજની નાર ધન્ય એ વેલીરે
ઉદ્ધવનાં ઉતર્યાં માન માયા મેટીરે. ૧૦
કૃષ્ણદાસના જીવન પ્રાણ મહા રસ ગાયરે
તેના જન્મ જન્મનાં પાપ સર્વે જાયરે. ૧૧

ધોળ ૧૪૭ મું.

વ્રજવાહલુંરે વૈકુંઠ નહિ આવું,મને ન ગમે ચતુર્ભુજથાવું;
ત્યાં નંદકુંવર કયાંહાંથી લાવું. વ્રજ વાહલુંરે. ૧
સોહીયે લલિતા વવેણીમાંરે ગિરિધારી,
સંગે સોહિયે જયાહાં રાધે પ્યારી;
તે વિના આંખ ન ઠરે મ્હારી. વ્રજ વાહલુંરે. ૨
ત્યાંથી શ્રીજમુના ગિરિવર છેએ નહીં,
મુને આસકતિ છે ઘણી બેહેની;
તેવિના માહારો પ્રાણ પ્રસંનરહેનહીં. વ્રજ વહાલુંરે. ૩
ત્યાંહાંશ્રીવૃંદાવનરાસનહીં,વૃજવનિતાસંગવિલાસનહીં;
વિષ્ણુવેણુ વાયાનો અભ્યાસ નહીં. વ્રજ વાહલુંરે. ૪

વૃક્ષે વૃક્ષે વેણુકાધારી, પત્રે પત્રે હરિભુજ ચારી;
એવા રજુરજુ ધું સંગતિ ભારી. વ્રજ વાહલું રે. ૫
એવાવિશ્વશિવસખીરૂપથયા,એવારજુરજુતેરસનારેરહ્યા;
ઉધવ સરખા તે ત્રણ કૃષ્ણ થયા. વ્રજ વાહલું રે. ૬
સુખસ્વર્ગનું કૃષ્ણવિનાકડવું,મનેનગમેબ્રહ્મસદન અડવું;
ધિક જન સુખ પામી પાછું પડવું. વ્રજ વાહલું રે. ૭
શું કરૂં શ્રીજીસહુજપામી, તેમાં નહિં આપણુઓસ્વામી;
મારે દાસપણામાં હવે શી ખામી. વ્રજ વાહલું રે. ૮
વ્રજજનવૈકુંઠસુખજોઇવળી,નગમેતોબ્રહ્માંડમાં રેભલી;
એવા સ્વરૂપાનંદ અતિશે ગળી. વ્રજ વાહલું રે. ૯
ગુરૂબળેગોકુલવાસીથઇશું,શ્રીવલ્લભશરણેનિત્યજઇશું;
દયા પ્રીતમ સેવી રસજશ ગાઇશું. વ્રજ વહાલું રે. ૧૦

ઈતિ શ્રીધોળ સંપૂર્ણ.

અથ વૈષ્ણવકે નિત્ય નિયમકે रसिक पद संग्रह.

॥ अथ श्रीगोवर्द्धनवासि ॥

श्रीकृष्णायनमः श्रीगोपीजनवल्लभाय नमः
श्रीविठ्ठलेशसद्गुरवे नमः

સાખી.

[૧]બંક, [૨]સમ, [૩]રસ, [૪]દ્રષ્ટહે, [૫]દર્શન, [૬]મનઅભિલાષ;
[૭]પૂર્ણ, [૮]લોક, [૯]મન્મથ, [૧૦]રઢણુ, [૧૧]કુંજસદન,નિજબાસ.
શ્યામ ગિરિવરધરણુ, ગોપીજન ચિત્ત ચોર;
વ્રજરાજ કુંવર જીયમે બસો, સુંદર નંદકીશોર.

राग—गोडी पद १ लुं.

શ્રીગોવર્દ્ધનવાસિસાંવરેલાલતુમવિન રહ્યો ન જાય હો;
વ્રજરાજ લડંતો લાડિલે, ધ્રુ૰
[૧]બંક ચિત્તે મુસિકાયકેં લાલ સુંદર બદન દિખાય,
લોચન તલપે મીનજયોંલાલપલછિનકલ્પ વિહાયહો. ૧

[૨]સપ્ત સ્વર બંધાન સોં લાલ મોહન વેણુ બજાય,
સુરત સુહાઈ બાંધિકેં નેંક મધુરેમધુરે સ્વર ગાયહો. ૨
[૩]રસિક રસીલી બોલની લાલ ગિરિ ચઢિગૈયાં બુલાય,
ગંગ બુલાઈ ધૂંમરી નેક ઉંચી ટેર સુનાયહો, શ્રીગો ૩
[૪]દ્રષ્ટિપરેં જા દિવસતેં લાલ તબતેં રૂચે નહિ આન,
રજની નીંદ ન આવહી મોહિવિસર્યોભોજનપાનહો. ૪
[૫]દર્શનકોં નયનાં તપે લાલ વચન સુનનકોં કાન,
મિલિવેકોં હીયરો તપે મેરે જીયકે જીવન પ્રાણુહો ૫
[૬]મન અભિલાષા વ્હૈ રહી લાલ લગત નયન નિમેષ,
એકટક દેખું આવતો પ્યારો નાગર નટવર ભેષહો. ૬
[૭]પૂર્ણ શશી મુખ દેખકેં લાલ ચિત્ત ચોંટયો વાહી ઠોર,
રૂપ સુધારસ પાનકેં લાલ સાદરચંદ્રચકોરહો. શ્રીગો.૭
[૮]૮ લોક લાજ કુલ વેદકી લાલ છાંડયો સકલ વિવેક,
કમલકલીરવિજ્યોંબઢેંલાલક્ષણુંક્ષણુંપ્રીતિવિશેષહો.૮
[૯]મન્મથ કોટિકવારનેલાલદેખી ડગમગી ચાલ,
યુવતી જનમનફંદનાલાલઅંબુજનયન વિશાલહો. ૯
[૧૦]યહ રઢ લાગી લાડીલે લાલ જેંસેં ચાતક મોર,
પ્રેમ નીર બર્ષાયકે લાલ નવઘન નંદકીશોરહો. શ્રી.૧૦

''કુંજભોવનક્રીડાકરે લાલ સુખ નિધિ મદનગોપાલ,
હમ શ્રીવૃંદાવન માલતીતુમભોગીભ્રમર ભૂપાલહો. ૧૧
યુગયુગ અવિચલરાખીયેંલાલ યહ સુખ શૈલ નિવાસ,
શ્રીગોવર્દ્ધનધરરૂપપેં'બલજાયચતુર્ભુજદાસહો.શ્રીગો.૧૨

સાખી.

યહ મેરે અભિલાષહે, પૂરો નંદકુમાર;
યહ છબીપરકોટિકવારણે,તનમન પ્રાણ આધાર.૧
કહા કહુ રસના એકહે, નહી લક્ષ કરોડ;
કેસે કરકે વર્ણવું, દાસ સદા કરજોડ. ૨

अथ श्रीजमुनाजीकी आरति.

आरति पद २ जुं.

જય જય શ્રીજમુના મા, (૨)
જોતાં જન્મસુધાર્યા, ધન્યધન્ય તમો ધન્ય; જય જય.૧
શામલડી સુરતમુરતમાધુરીમા, પ્રેમસહિત પટરાણી;
પરાક્રમે પુરાં મા; જય જય. ૨
ઘેવર વન ચાલ્યાં મા (૨) ગંભીરે ઘેર્યાં મા (૨)
ચુંદડીએ ચટકાળાં પહેર્યાં ને લ્હેર્યાં; જય જય. ૩

ભુજ કંકણ રૂડાં મા, (૨) ગુજરીયો ચુડીમા (૨)
બાજુબંધને બેરખા, પહોંચી રત્નજડિત;જય જય. ૪
ઝાંઝરને ઝમકેમા, (૨) વિંછીયાને ઠમકે મા, (૨)
નૂપુરને નાદે મા ઘુઘરીને ઘમકે; જય જય. ૫
સોળે શણુગાર સજ્યા મા, (૨) નક વેસર મોતીમા,(૨)
આભરણમાં ઓપોછો, દરપણ મુખ જોતાં.જય જય ૬
તટ અંતર રૂડાં મા, (૨) શોભિત જળ ભરિયાં મા,(૨)
મનવાંછિત મોરલીધર, સુંદર વર વરીયાં;જય જય ૭
લાલ કમલ લપટાણા (૨) જોવાને ગયાતાં મા, (૨)
કહેમાધવપરિક્રમા,વ્રજનીકરવાનેગયાતાં;જય જય. ૮

आरति–लावणी पद २ जुं.

દુઃસ્વભાવથી જીતાડો દુરમતિ ટાળો માજી,
શ્રીગોપીજન વલ્લભઅતિવલ્લભમુનેકરોશ્રીયમુનાજી.ટેક.

અખંડ અનપાયની આપો મા સુદૃઢ પ્રેમ ભક્તિ,
પ્રપંચ વિસ્મૃતિ પૂર્વક દો મા શ્રીકૃષ્ણાસકિત;
માનસી સેવા મુખ્ય વ્યસન દો શરણાંગત સાચી,
શ્રીકૃષ્ણ કૃપાએ તું દો દીનતા નહિ કિંચિત્ કાચી;
દઢ આશ્રય શ્રીવલ્લભવરનો અચલિત ગુણ ગાઉં,

સતત રહે શ્રીકૃષ્ણ નામ મુખ દુઃખી નવ થાઉં;
આપ સમાગમથી મા સકળ સિદ્ધિ દે ગંગાજી. શ્રીગો.૧

કામ ક્રોધ મદ લોભ મોહ મત્સર કરો દૂરા,
શ્રીકૃષ્ણ મીલનમાં અંતરાય જે તે કરીયે ચૂરા;
અસુર દુષ્ટ કલિકાલ કર્મ પ્રત્તિબંધક ભય ટાળો,
કુતર્ક કુભાવ કુવાસના કુકૃતિ ઝટ બાળો;
દુઃસંગ દોષ મને જળ પંકજ પ્રમાણ નવ લાગે,
બલી વિભીષણ પ્રલ્હાદની પેરે ભય પામી ભાગે;
કરો કૃપા એવી થૈ મુજપર બીરદ બળ રાજી. શ્રીગો.૨

મારી ચૂરણ કરો સહુ ચિંતા જનમ મરણ ભય કાપી,
માયા મોહ થકી મુકાવો નિજાનંદ આપી;
સાધન ધર્મ ન કિચિંત્ છે અનુચિત કૃતિ તનમનની,
સેવાને સ્મરણ તમારૂં કરવા અશકય છઉં જનની;
જેવો તેવો દાસ ક્ષમા અપરાધ કરો મા એ,
કુપુત્ર તો કહિ હોય એ કુમાતા કદાપિ નવ થાએ;
શરણ પડયો સંતાપ હરો મા વિનતિ કરૂં ઝાઝી.શ્રીગો.૩

તુર્યે પ્રિયા શ્રીકૃષ્ણ વલ્લભા યમુને જગ માતા,
નર્ક નિવારણી યમ ભયહરણી ભવ તારણી ક્ષાતા;

સ્વભાવ દુર્જય વિજયકરણી નિજદાસ દુઃખહરણી,
સકળ પાપ સંતાપ નિવારણી અતિ અદ્ભુત કરણી.
શ્રીવલ્લભ શરણાંગત લહિ મારી પૂર્ણ કરો તૃષ્ણા,
જુગલ રૂપ મુજ હૃદે વસાવો કૃપા કરી કૃષ્ણા;
દાસ દયો મારો સુત શ્રીમુખ સુકૃત કહો ગાજી.શ્રીગો.૪

आरति—पद ४ थुं.

જય જય મહારાણી જમુના, જય જય પટરાણી જમુ.
સુંદર સતવાદી નાર, તપ કરી પ્રભુને આરાધિયા;
પ્રીતે પરણ્યા મોરાર. જય જય. ૧
સૂરજ દેવતાની દીકરી, વેદ પૂરાણે વખાણ;
ભાઇને વહાલીરે બેનડી પસલી આપીછે સાર. જય. ૨
રૂપે રૂડાં જળ શામળાં, વેગે ચાલે ગંભીર;
તીરે તોરંગ ઓપતાં વ્રજ વધ્યો વિસ્તાર. જય. ૩
ચરણા ચોળીને ચુંદડી, ઉરપર લટંકતો હાર;
કંકણ કુંડળનેટીલડી સજ્યા માએ સોળે શણગાર. ૪
વૃંદાવન વીંટાઈ રહ્યું, મથુરા જળ સ્થળ આધાર;
ગોકુળ મહાવન પાસે વસ્યાવહાલોમ્હારો નંદકુમાર. ૫
જળ જમુનાનાં ઝીલતાં ત્રુટયો નવસર હાર,

મોતી સર્વે વેરાઇ ગયાં, હીરલો લાગ્યોછેહાથ. જય. ૬
રામ ઘાટ શ્યામઘાટ ઠકરાણીઘાટ, બીજા ઘાટ અપાર;
અજાણે અધર્મી નાહી ગયો તેનો માએ કર્યોરે ઉદ્ધાર.૭
અઠ્ઠાવીશ કુંડ ઉજવલ થયા, ભાઈનોભાગ્યોભણકાર;
પરાક્રમે ગેલ ચલાવીયાં,વ્રજમાં કીધો વિસ્તાર. જય.૮
નાહ્ય ગાય પયપાન જે કરે,તેને જમનો નહીં ભણકાર;
કરજોડી કહે હરિદાસ નાહાજો વારંવાર. જય જય. ૯

राग काफी—पद ५ मुं.

શ્રીજમુના નામ સંભારે,જે કોઇ શ્રીજમુના નામ સંભારે;
તાકો દર્શસ્પર્શ કોઈ કરહી, વાહીકોં વે તારે. જે કોઇ. ૧
ભકિતકો મહિમા બર્ણી શકે કોઉ,યમ હાહા કહી હારે;
ચત્રુભુજ પ્રભુ ગિરિધરણ લાલકો,
નિત્યપ્રતિ વદન નિહારે. જે કોઇ. ૨

राग काफी—पद ६ ठुं.

શ્રીસર્વોત્ત જપ નિત્ય કરના હો. (૨)
સકલ શાસ્ત્રોકો સાર એહીહે,
ત્રિવિધ તાપ સબ અઘ હરના હો. શ્રીસર્વો. ૧

પુષ્ટિ પદાર્થ યાહી તે પૈયત,
યાહી તે ભવસાગર તરના હો–
રંગીલે ત્રિકમ પ્રિય જાઉં બલિહારી,
કાળદંડસે ના ડરના હો. શ્રીસર્વો. ૨

राग काफी पद ७ मुं.

કરીયે શ્રીસર્વોત્તમ રસ પાન. (૨)
પ્રશંસા કરી શકે કોન કવિ એસો,
શ્રીમુખ કરત વખાણુ. કરીયે શ્રી. ૧
અતિશે કરૂણા કરી આ કલિમે.
દીયો દૈવી જીવનકો દાન;
એક એક અક્ષરહે અધરામૃત,
ગુપ્ત રહસ્ય ગુણુ ગાન. કરીયે શ્રી. ૨
અર્ધ નિમેષ વિલંબ ન કરીયે,
રેન દીવસ આઠો જામ;
રસિક પ્રિતમ જાકે રંગ રંગ્યો,
સોહે ભક્તનિધાન. કરીયે શ્રી. ૩

श्रीनाथजी तथा सात स्वरुपके पद.

श्रीनाथजीको पद—राग विलावल पद ८ मुं.

દેખ્યોરે મેં સ્યામ સ્વરૂપ,　　ટેક.
વામભુજાઉંચેકરગિરિધર,દક્ષિણકરકટિધરતઅનૂપ.૧
મુષ્ટિકા બાંધ અંગુષ્ટ દિખાવત,સન્મુખ દૃષ્ટિ સુહાઇ;
ચરણકમલ યુગલ સમે ધરકે, કુંજદ્વાદશ મન લાઇ.૨
અતિ રહસ્ય નિકુંજકી લીલા, હૃદય સ્મર્ણ કીજે;
દ્વારકેશ મન વચન અગોચર, ચર્ણકમલ ચિત્તદિજે. ૩

(૧) श्रीनवनितप्रियाजीको पद ९ मुं.

નંદ આંગન ક્રીડત સુખરૂપ;　　ટેક.
ગૌરવર્ણ દક્ષિણ કરમાખણ, ઘુટરૂન ચલત અનૂપ. ૧
વ્રજ યુવતી પ્રતિબંધક નેક નહિં,સબદેખત ઉરલાવે;
દ્વારકેશ પ્રભુકું લે ગોપી, તનકી તાપ નસાવે.　૨

(૨) श्रीमथुरेशजीको पद १० मुं.

સબ વ્રજકો રસરૂપ સ્વરૂપ;　　ટેક.
ચાર ભુજા ચારોંકર આયુધ, કમલ સ્વામિની રૂપ. ૧

ચક્ર તેજ ચંદ્રાવલિજુકો, શંખ શ્રીયમુના જાણો;
ગદાકુમારી સ્યામવર્ણ વપુ, દ્વારકેશ મન આણો. ૨

(३) श्रीविट्ठलनाथजीको पद ११ मुं.

દેખ્યો અદભત રૂપ સખીરી, સુર સુતાકે સાથ;
વિવશ ભયેદેખકર સુંદર કટિપર રહિગયેદોઉ હાથ.૧
તાતેં ગૌર ચિત્રસ્યામલતન,ઉપમાકહેતનઆવેગાથ;
દ્વારકેશપ્રભુયહવિધદેખે,મેં તોકરલિયોજન્મસનાથ. ૨

(४) श्रीद्वारकांनाथजीको पद १२ मुं.

આજ હરિ વિહરત કુંજ નિકેત;   ટેક.
કુમુરઆયયુગલકૃમમીચે;પ્યારી જિયઉપજ્યોહેત. ૧
હસ્ત કમલ તારીદે મોહન, દોઉ ભુજરસ ઉર લેત;
દ્વારકેશપ્રભુશ્યામવર્ણવપુ,અદ્ભૂતભલોબન્યોસંકેત.૨

(५) श्रीगोकुलनाथजीको पद १३ मुं.

વ્રજપતિ તુમ બીન કોન કરેં,   ટેક.
ઉત મઘવાકોમાનભંગકર,ઇતવ્રજગોપિનગોપભરેં. ૧
વેણુ બજાવતકરપર ગિરિવર,વામ ભુજાલેશંખ ધરેં;
દ્વારકેશ પ્રભુગૌરવર્ણવપુ,નિગમપ્રશંસિતવિપતહરેં.૨

(૬) श्रीगोकुलचंद्रमाजीको पद १४ मुं.

અંગ છબિ નિર્ખત લજત અનંગે. ટેક.
ચરણ કટિ ગ્રીવકું નમિતકર,
નંદ સુત દેત રસ દાન [illegible]ા ત્રિભંગે. ૧
પુષ્ટિ પંથ સ્થાપ મર્યા[illegible]ંધ કર,
ચિન્હ પ્રકટિત વિવિધ અંગ અંગે;
પ્રેમ આસક્તિ સ્નેહ છાં વિવશ,
વિવિધ પરિ વેષ જીયે વેણુ સંગે. ૨
શ્યામ સુકુમાર તન ચિતવન લલિત,
અવનિપર લટક જબ ચલત તબ માન ભંગે;
પરમ મોહન દ્વારકેશ પ્રભુ મધુર અતિ,
ગોકુલાધિશ ઉચ્છલિત તરંગે. ૩

(૭) श्रीमदनमोहनजीको पद १५ मुं.

વેણુ બજાવત સુંદર વદન, ટેક.
સુનતહીં તેં દૌર આઈ પુછતહેં, કયોં છાંડયો સદન.૧
ધર્મછાંડનિજધર્મ કિયોહમ, તુમકયોંગૌરભયેનંદનંદન;
દ્વારકિશકેપ્રભુહમસબજાનતન્યાયકહતહોમન્મથકંદન.૨

ઇતિ શ્રીસાત સ્વરૂપકે પદ સમાપ્ત.

राग जंगलो. पद १६ मुं.

શ્રીકૃષ્ણ મથુરાંબસકે ગોકુલકો આવનો છોડ દીયો ટેક.
જબતેં વ્રજબાસન ત્યાગ કીયો,
ગઊવનકો ચરાવનકો છોડ દીયો;
જબતેં કુબ્જાકો સંગ કીયો,
પન ઘટકો આવનો છોડ દીયો. १
કંસકુંમારી ભયેમહારાજા,ગલીયનઅથડાનોછોડ દીયો;
લલીત કીશોરીકે રંગ ભીને, ગોપીસેં નેહ છોડ દીયો. ૨

राग जंगलो. पद १७ मुं.

કબહું સુધ કરત ગોપાલ હમારી, ટેક.
જબતેવ્રજબાસનત્યાગકીયો,ગૌવનનેચારોછોડદીયો. ૧
વસુદેવજીકે પુત્ર કહાયે, હમ ઇનહીંકે ધાઇ ભયે;
સૂરદાસ પ્રભુ ગોકુળ પ્રકટે, ભક્તનકે સુખદાઇ. ૨

राग जंगलो. पद १८ मुं.

કછુ દોષ નહી મન મોહનકો, ટેક.
બન વાંસ બુરે જીનકી બંસરી;
તેરી જાતભાત મેં સબ જાણું, તેરે ગાત ગાતમેંહે રસરી;

બન ઢુંઢકે બાંસ કટાય દઉં.
ઉપજે નહી બાંસ બજે બંસુરી; ૧
હમછોડદીયોવ્રજકોવસવો,યામેંતુંબસતુંબેરનબંસુરી;
ચંદ્રસખીભજબાળકૃષ્ણ,ચરણુનમેં ચિત્તધરેસજની.૨

राग कालींगडो. पद १९ मुं.

અબતો થકીત ભયો મન મેરો, ટેક.
મેં આધિન તુમારે ગોપી, ભયો સબનકો ચેરો. ૧
મેં આયો તો યોગ શિખાવન, તુમારો પ્રેમ ઘણેરો;
સૂરદાસ યા વ્રજકું દેખત, છૂટ ગયો છલ મેરો. ૨

राग कालींगडो. पद २० मुं.

કાંહીકુઝુકતવ્રજનારી, હમપરકાહીકુઝુકતવ્રજનારી,ટેક.
સાજે ભાગ નહી કાહુકે, હરિકી લીલા ન્યારી. ૧
કુબજા લીખ્યો સંદેશો સબનસું, ઓર કીની મનુહારી;
મેં તો દાસી કંસ રાજાકી, દેખો હૃદય વિચારી. ૨
સબ ફુળ ઇન બીચ કરવી તુંબરી, રહતહે ઘોરે ડારી;
અબતો હાથ પરી રસીયાકે, બાજત રાજદુલારી. ૩
તન ટેડો મેરો સબ કોઉ જાણે, પરસ ભઇ અધીકાઇ;
સુરદાસ સ્વામી કરૂણામય, અપને હાથ સંમારી. ૪

राग कालींगडो पद २१ मुं

કુબ્જા કહત પુરાતન કહાંની; ટેક.
એક પલંગપર બેઠે દોઉ, બાત કરતહે છાંની. ૧
મેરે આગે નંદ લરકેસે, લસ્કની જશોમતી રાણી;
ઉગ્રસેનકું ગોદ ખેલાયો, તાદીન બડી સયાણી. ૨
કહા કહુ કછુ કહત ન આવે, અબ ભઇ હેપટરાણી;
સૂરદાસ પ્રભુસું કહા કહીયે, બડી ઠાઠ યહ ઠાણી. ૩

रासके पद. पद २२ मुं.

રાસમેં બિહારી આજ રાસમેં બિહારી,
સોહત સલુણે શ્યામ; રાસમેં બિહારી. ટેક.
મોર મુગટ કાછની કટી, પીત પટ સંમારી;
શ્રવણ કુંડળ ચરણ નૂપુર, મોરલી અધરધારી. ૧
બંસી સુણી આય મીલી, સબ વ્રજકી નારી;
એક એક પ્રતિ રૂપ ધરી, વિલસત વનમાળી. ૨
વૃંદાવન કુંજલતા, રાસ રચ્યો ભારી;
થેઈ થેઇ નાચત હરિ, સંગ રાધા પ્યારી. ૩
સુરનર મુનિ નાર સહિત, નિરખી સુધ વિસારી;
ધન્ય ધન્ય રઘુનાથ પ્રભુ, વ્રજજન સુખકારી. ૪

रासनुं पद. पद २३ मुं.

શરદ રેન જુ રહી યા બનમે, મુરલી અધરે ધરેરે, ટેક.
કંચન કંકણુ નૂપુર બાજે, ગલે મોતીયનકી માળારે;
બાજુબંધ સુરજકી જોતી, કુંડળ મુગટ ધરેરે. ૧
શ્રવણુ સુનત બ્રેહ તાપ હીય, પતિસુછાંડચલી બનમેં;
હરિ દર્શનકી પ્યાસી અખિયાં, ચર્ણન જાય ઠરીરે. ૨
દેખીયત સુંદર રૂપ માધુરી, તનકી શૂલ ટરીરે;
સૂરદાસ પ્રભુ મન્મથકે, હરનીશ રાસ વરીરે. ૩

ऊधव लीलानुं पद. पद २४ मुं.

ઉધો જો કોઈ યહ તન ફેર બનાવે, ટેક.
તોઉ નંદનંદન બિનમધુકર, ઓરચિત્તમેંનહીઆવે.૧
યા તનકી કોઉ ત્વચા કાઢકેં, લેકર દુદંભી સાજે;
મધુર ઉતંગ સપ્તસુર નિકસે, કાન્હકાન્હકહીબાજે.૨
નિકસે પ્રાણુ પરે જ્યાં માટી, દ્રુમ લાગે તિહી ઠામ;
સુન અબ સુર પત્ર ફળ શાખા; લેત ઉઠે હરિનામ. ૩

रास गझल. पद २५ मुं.

મેરે શ્રીનાથજી પ્યારે, દ્રગનસેં હોજુ મત ન્યારે, ટેક.
દયા કરી દરસ મોય દીજે, કૃપા કરી આપનો કીજે;

ગલે જામા દદામીકા, કમર પટકા બદામીકા.   ૧
સુરંગી પાઘ સીર સોહે, લસત બન માલ મન મોહે;
લગી કોઇ કહાંનમેં હુતી, તજી મોય સેજમેં સુતી. ૨
મેરા દીલ લે ગયા આલી, લગી તનમેં તાલાવેલી;
મત ભૂલ દેખી તન ગોરા, જગતમેં જીવના થોરા. ૩
કઠીણુહે મોહકી જ્વાળા, વહે જાતાહે સંસારા;
સદા વ્રજાધિશજી ગાવે, છબીપર વારણે જાવે.   ૪

व्रेहनुं पद २६ मुं.

અબતોપ્રીયઆયમીલોનંદકેદુલારે,જસોદાજુકેપ્યારે,ટેક
લાગ્યો મોયે તેરો ધ્યાન, બીસર ગઇ દેહ ભાન;
રેન દીના ચેન નહીં પ્રાણુનકે પ્યારે.   અબતો. ૧
જબ દેખો કરણી મેરી, તબ તો કયાં પાઉં ઠોર;
આપની ઓર કરો નેક, ભવસિંધુકે કિનારે. અબતો. ૨
મો સરખી તો અનેક, મેરે પ્રભુ તુમહી એક;
ટેક ધરિ નાથ નેક, કરો જુ નીહારે.   અબતો. ૩
શીષ નાઇ રઘુરાઇ કહેત શીતળ હોત ગાત;
કૃપાનાથ ધરો હાથ શીષપેં હમારે.   અબતો. ૪

राग सोरठ. पद २७ मुं.

મૈયા મેરી કામરી કોને લઈ,   ટેક.

ગાય ચરાવન જાત વૃંદાવન, ખરીકમે ભાગી ગઇ. ૧
એક કહેતતેરીકારીકામરીયાં,શ્રીજમુનાજીમે જાતવહી;
એક કહે શ્રીવૃંદાવનમેં, સુરભી ખાય ગઇ. ૨
એક કહે તુમ નાચો ગાવો, કાંમરી દેહું નઇ;
સૂરદાસ પ્રભુ જશોમતી આગેં, આંસુનકી ધારા વહી.૩

माननुं पद. पद २८ मुं.

સખી નંદલાલ આવન નહિ પાવે. ટેક.
ભીતર ચરન ધરન મતિ દીજો, ચાહેજીતેકલલચાવે ૧
એસેનકો વિશ્વાસ કહારી, કપટકી બાત બનાવે;
સૂરશ્યામ એક મેરે ભુવન બીના,
અન્ય ચાહે ત્યાં જાવે, સખી નંદલાલ આવન. ૨

राग नट. पद २९ मुं.

નાગરી નટ નારાયણુ ગાયો, ટેક.
તાન માન બંધાન સપ્ત સ્વર રાગસો રાગ મિલાયો. ૧
ચરણુ ઘૂઘરૂ જંત્ર ભુજનપર નીકોઝમક ઝમાયો,
તતથેઇતતથેઇલેતગતિમેંગતિપતિવ્રજરાજ રિઝાયો. ૨
સકલ ત્રિયનમેં સહજ ચાતુરી અંગ સુધંગ દિખાયો,
વ્યાસસ્વામિની ધન્યધન્યરાધા રાસમેં રંગ મચાયો. ૩

राग देवगंधार. पद २० मुं.

સામરો મંગલ રૂપ નિધાન, ટેક
જા દિનતે હરિ ગોકુલ પ્રકટચે દિનદિનહોત કલ્યાણ. ૧
બેઠિ રહો શ્યામ ગુણ સુમરો રેન દિના સબ જામ;
શ્રીભટ કહે પ્રભુ નેનભર દેખો પીતાંબર ઘનશ્યામ. ૨

राग भैरव पद २१ मुं.

હે દૈયા મતવાલા જોગી દ્વારેં મેરે આયા હે. ધ્રું૦
જટા જૂટ સિર મુકટ બિરાજત ત્રૈલોચન મન ભાયા હે,
વૃષભ ઉપર અસવાર હોય કેં શ્રીગોકુલકોં ધાયા હે. ૧
વાઘાંબર પાટાંબર સોહે અંગ છાર લપટાયા હે,
કર ત્રિશૂલ ડમરૂ લિયે ખપ્પર સિંગી નાદ બજાયા હે. ૨
અરૂન નેન વિજયાજુ ચઢાયે આક ધતૂરા ખાયા હે,
તિલક ચંદ્રમા ભૃકુટી ઉપર જોગી જુગત બનાયા હે. ૩
રૂંઢમાલ ગરે બીચ બિરાજત શેષનાગ લપટાયા હે,
અદ્ભુત રૂપ ધર્યો જોગીકો મેરા ગોપાલ ડરાયા હે. ૪
દેખો મૈયા તેરા બાલક જિન મોઇ ચટક લગાયા હે,
સૂરશ્યામ ચરણરજ વંદી દર્શન મેં સચુ પાયા હે. ૫

राग आसावरी. पद ३२ मुं.

બાલામેં જોગી જસ ગાયા. ટેક.

ધન્ય જસુમતિ તેરે તનકોં જિન એસા સુત જાયા. ૧

ગુનન બડા છોટા જિન જાનોં અલખ પુરૂષ ઘર આયા,
જાકો ધ્યાન ધરતહેં મુનિજન નિગમન ખોજ ન પાયા.૨

જો ચાહોસો લીજીયે રાવલ કરો આપની છાયા,
દેહુ અસીસ મેરે યા સુતકો બાઢે અવિચલ કાયા. ૩

ના હો લેહોંપાટ પાટંબર ના લેહોં કંચનમાયા,
અપને સુતકે દરસ દિખાવો જો મોય ગુરૂને બતાયા. ૪

વિનતિ કીયેં કહતિ નંદરાની સુની જોગિનકે રાયા,
દેખન ન દેહૂ તોહિ દિગંબર બાલક જાય દિઠાયા. ૫

જાકી દૃષ્ટિ સકલ જગ ઉપર સો કયોં જાય દિઠાયા,
અલખ પુરૂષ હે મેરા સ્વામી સો તેને ભવન છીપાયા. ૬

બાલકૃષ્ણકોં લાઇ જસોદા કરિ અંચલકી છાયા,
દર્શન પાય ચરણ રજવંદીત સિંધી નાદ બજાયા ૭

નિર્ખી નિર્ખી મુખ પંકજ લોચન નેનન નીર વહાયા,
દેખત બને કહત નહીં આવે નાટક ભલા બનાયા. ૮

ઠાકુરદાસ મહાપ્રભુ લીલા મહાદેવ લો લાયા,
લીલાલાલલલિતગુનઅટકયોચિત્તનહીંચલતચલાયા.૯

राग धनाश्री. पद ३३ मुं.

રાણી તેરા ચીરંજીયો ગોપાલ, ટેક.
બેગિ બઢો બડ હોય વિરધ લટ મહરિ મનોહર બાલ.૧
ઉપજી પર્યો યહ કૂખ ભાગ્ય બળ સમુદ્રસીપ જેસેં લાલ;
સબ ગોકુલકે પ્રાણજીવન ધન વેરીનકે ઉર સાલ. ૨
સૂરશ્રી તો જીય સુખ પાવતહેં અબ દેખત શ્યામ તમાલ;
રજ આરજ લાગોં મેરી અખીયન રોગ દોષ જંજાલ. ૩

राग धनाश्री. पद ३४ मुं.

જસોદા રાણી જાયો હે સુત નીકો; ટેક.
આનંદ ભયો સકલ ગોકુલમેં ગોપ વધૂ લાઇ ટીકો. ૧
અક્ષત દુબ રોચન વંદન નંદે તિલક દહીકો;
અંચલ વારિવારિ મુખનિરખત કમલનયન પ્યારોજીકો.૨
અપને અપને ભવન તે નિકસી પહેરે ચીર કસુંભીકો;
યાદવેંદ્ર વ્રજકુલ પ્રતિ પાલન કંસ કાલ ભય ભીકો.૩

राग सारंग. पद ३५ मुं.

આજ બધાઇકો દિન નીકો; ટેક.
નંદ ઘરની જસોમતિ જાયોહે લાલ ભામતોજીકો. ૧

પંચ શબ્દ બાજે બાજતહેં ઘર ઘરતેં આયો ટીકો;
મંગલ કળસ લીયે વ્રજસુંદરી ગ્વાલ બનાવત છીંકો.૨
દેત અસીસ સકલ વ્રજ સુંદરિ ચીરંજીયો કોટિ વરીસો;
પરમાનંદદાસકો ઠાકુર ગોપ ભેખ જગદીશો. ૩

राग सारंग. पद ३६ मुं.

આજ નંદરાયકે આનંદ ભયો. ટેક.
નાચત ગોપી કરત કુલાહલ મંગલ ચારુ ઠયો. ૧
રાતી પીરી ચોલી પહેરે નૌતન ઝૂંમક સારી;
ચોવા ચંદન અંગ લગાયે સીંદુર માંગ સંભારિ. ૨
માખણ દુધ દહ્યો ભરિ ભાજન સકલ ગ્વાલ લે આયે;
બાજત બેન પખાવજ મહૂવરિ ગાવત ગીત સુહાયે.૩
હરદ દૂબ અક્ષત દધિ કુંકુમ આંગન બાઢી કીચ;
હસ્ત પરસ્પર પ્રેમમુદિત મન લાગિ લાગિ ભૂજ બિચ.૪
ચહૂં વેદ ધુનિ કરત મહામુનિ પંચ શબ્દ ઢમઢોલ;
પરમાનંદ બઢયો ગોકુલમેં આનંદ હૃદે કલોલ. ૫

राग सारंग. पद ३७ मुं.

ઘર ઘર ગ્વાલ દેતહેં હેરી. ટેક.
બાજત તાલ મૃદંગ બાંસુરી ઢોલ દમામા ભેરી. ૧

લુંટત ઝપટત ખાત મીઠાઈ, કહી ન શકત કોઉ ફેરી;
ઉનમદ ગ્વાલ કરત કોલાહલ વ્રજ વનિતા સબ ઘેરી.૨
ધ્વજા પતાકા તોરણ માલા સબ સીંગારી શેરી;
જય જય કૃષ્ણ કહેત પરમાનંદ પ્રકટયો કંસકો વેરી.૩

राग कान्हारो. पद ३८ मुं.

યહ ધન ધર્મહી તે પાયો; ટેક.
નિકેં રાખિ જસોદા મૈયા નારાયણ વ્રજ આયો. ૧
જા ધનકોં મુનિ જપ તપ ખોજત, વેદહૂ પાર ન પાયો;
સો ધન ધર્યો ક્ષીર સાગરમે, બ્રહ્મા જાય જગાયો. ૨
જા ધન તે ગોકુલ સુખ લઇયત, સગરે કાજ સંવાર્યો;
સો ધનં વાર વાર ઉર અંતર, પરમાનંદ વિચાર્યો. ૩

राग बिहाग. पद ३९ मुं.

રાવલકે કહેં ગોપ આજ વ્રજ ધુનિ ઓપ. ટેક.
કાંન દે દે સુનોં બાજે ગોકુલ મંદિલરા;
જસોદાકે પુત્ર ભયો વૃષભાનજુ સોં કહ્યો,
ગોપી ગ્વાલ લે લે ધાયે દધિ દૂધ ગગરા. ૧
આગેં ગોપ વૃંદ સોહે પાછેં ત્રિયા મન મોહે,
ચલિ ન સકત કોઉ પાવત ન ડગરા;

ચત્રભુજ પ્રભુ ગિરિધારીકો જન્મ સુનિ,
ફૂલે ફૂલે ફિરત નારદ જેસેં ભમરા. ૨

राग नायकी. पद ४० मुं.

આનંદ બધાવનો, નંદ મહરિ જૂકે ધામ; ટેક.
બડભાગીન જસુમતિ જાયોહેં,કમલ નેંન ઘનશ્યામ. ૧
બજત નિસાંન મૃદંગ ઢોલ રવ મંગલ ગાવત વામ;
દેત દાન કુંચન મણિ ભૂષણ, ધેનું વસન લેં લેં નામ.૨
દેત અશીશ સકલ ગોપીજન, વ્રજજન મન અભિરામ;
હરિનારાયણ શ્યામદાસકે પ્રભુમાઇ,પ્રકટેહેપૂરણ કામ.૩

राग नायकी. पद ४१ मुं.

જન્મ લીયો શુભ લગ્ન વિચાર, ટેક.
કૃષ્ણ પક્ષ ભાદોં નિશ આઠે,નક્ષત્રરોહીણી અરૂંબુધવાર.૧
શંખચક્રગદાપદ્મ બિરાજત, કુંડળ મણિ ઉજીયાર;
મુદિત ભયે વસુદેવ દેવકી, પરમાનંદદાસ બલિહાર.૨

*प्रभातीयुं. पद ४२ मुं.

શ્રીહરિ નરહરિ કૃષ્ણ કરૂણા કરી રાખ્ય રાધાવર

*જુનાગઢના નરસિંહ મહેતાનું ગાયેલું છે. તે ઉપરથી સિદ્ધ થાયછે કે પુષ્ટિમાર્ગ–પ્રવર્તાવનાર શ્રીમદ્વલ્લભાચાર્ય શ્રીમહાપ્રભુજીનું પ્રાકટ્ય થશે. નરસિંહ મહેતા પુષ્ટિમાર્ગના બધૈયા કહેવાય છે.

ચરણ શરણે; શોક મોહે ગયા જન્મ સઘળા વૃથા
દુષ્ટ ચીંતા કરી ઉદર ભરણે. ૧

દેહ ઈંદ્રીય પ્રાણ અંતઃકરણ દારા ધન સોંપીયાં
શરણ તારે; જીવ વિધા ધર્મ સર્વ શ્રીનાથજી તું
તુજ વિના અવર નહિ વસ્તુ મારે. ૨

મારે માતતું તાતતું ભ્રાતતું ભૂધરા તુજ વિના અવર
કોને ન જાણું; દાસ હું નાથ તું એમ જાણી સદા
દ્વાર બેઠો તારા ગુણ વખાણું. ૩

શ્રીવલ્લભ શ્રીવિઠ્ઠલ ભૂતળે પ્રકટીને પુષ્ટિમાર્ગ તે
વીશદ કરશે; દૈવિનિજ જીવ જે શરણ જે આવશે
વિના સાધન ઉદ્ધાર કરશે. ૪

માટે શરણ ધો શ્રીહરિ દિન જાણી કરી સર્વથા
દાસને ચરણ રાખો; બેઉ કરજોડીને નરસઇઓ વિનવે
નિત્ય પ્રતિ આવીને વદન દાખો. ૫

राग सारंग. पद ४३ मुं.

કેસરકી ધોતી પહેરેં કેસરિ ઉપરના ઓઢે,
તિલક મુદ્રા ધરેં બેંઠે શ્રીલક્ષ્મણભટ્ટ ધામ;

જન્મ ઘોસ જાન જાન અદ્‌ભુત રૂચિ માન માન,
નખસિખકી શોભા ઉપર વારોં કોટિકામ. ૧
સુંદરતાઇ નિકાઇ તેજ પ્રતાપ અતુલતાઇ,
આસપાસ યુવતિ જન કરતહેં ગુણ ગાન;
પદ્મનાભ પ્રભુ વીલોક ગિરિવરધર વાગધીશ,
યહ અવસર જેહે તે મહા ભાગ્યવાન. ૨

राग गोडी. पद ४४ मुं.

નાતર લીલા હોતી જુની, ટેક.
જોપેં શ્રીવલ્લભ પ્રકટ ન હોતે, વસુધા રહેતી સૂની. ૧
દિનદિનનઇનઇઅધિકછબિ ઉપજતજ્યોંકુંડલમધ્યચૂની;
સગુણદાસ યા ઘરકો સેવક જસ ગાવત જાકો મુની. ૨

राग देवगंधार. पद ४५ मुं.

બહોરિ કૃષ્ણ શ્રીગોકુલ પ્રકટે શ્રીવિઠ્ઠલનાથ હમારે;
દ્વાપર વસુધા ભાર હર્યો હરિ કલિયુગ જીવ ઉદ્ધારે. ૧
તબ વસુદેવ ગૃહ પ્રકટ હોયકેં કંસાદિક રિપૂ મારે;
અબ શ્રીવલ્લભ ગૃહ પ્રકટ હોયકેં માયાવાદ નિવારે. ૨
એસો કવિકો હેં જગ મહીમા વરણે ગુનજુ તિહારે;
માણેકચંદ પ્રભુકોં શીવ ખોજત ગાવત વેદ ન્કારે. ૩

राग देवगंधार. पद ४६ मुं.

ચહૂં જુગ વેદ વચન પ્રતિ પાર્યો; ટેક.
ધર્મ ગ્લાની ભઇ જબહીજબ,તબતબ તુમવપૂ ધાર્યો.૧
સત્યયુગ શ્વેત વારાહ રૂપ ધર હિરણ્યાક્ષ ઊર ફાર્યો;
ત્રેતા રામરૂપ દશરથ ગૃહ રાવણ કુલ સિંધાર્યો. ૨
દ્વાપર વ્રજ ડુબતતે રાખ્યો સૂરપતિ પાયન પાર્યો;
કંસાદિક દાનવ સબ મારે, વસુધા ભાર ઉતાર્યો. ૩
કલિયુગ શ્રીવલ્લભ ગૃહ પ્રકટે માયાવાદ નિવાર્યો;
માણેકચંદ પ્રભુ શ્રીવિઠ્ઠલ પુરૂષોત્તમ રૂપ નિહાર્યો. ૪

राग आसावरी. पद ४७ मुं.

પૌષ કૃષ્ણ નૌમીકો શુભ દિન, પૂત અક્કાજૂ જાયે હો;
સુનસુનનિજજનસબઆનંદે,હરખતકરત વધાયે હો. ૧
નારદાદિ બ્રહ્માદિક હરખે,શુક મુનિ અતિ સચુ પાયેહો;
શ્રીભાગવત વિવેચન કરકે, ગૂઢ અર્થ પ્રકટાયે હો. ૨
કલિકે જીવ ઉદ્ધારણ કારણ,દ્વિજવપૂધર ભુવઆયે હો;
અતિ ઉદાર શ્રીલક્ષ્મણ નંદન,દેત દાન મનભાયે હો.૩
કરત વેદ ધ્વનિ વિપ્ર માહામુનિ,જ્ઞાતિ કર્મ કરવાયેહો;
માણેકચંદ શ્રીવિઠ્ઠલપ્રભુકે,વિમલવિમલયશગાયેહો. ૪

राग सारंग. पद ४८ मुं.

જયતિ રૂકિમણી નાથ પદ્માવતી
પ્રાણપતિ વિપ્રકુળ છત્ર આનંદકારી;
દ્વીપ વલ્લભ વંશ જગત નિસ્તમ કરન,
કોટિ ઉડુ રાજ સમ તાપ હારી. ૧
જયતિ ભક્તન પ્રતિ પતિત પાવન કરન,
કામી જન કામના પૂરણ ચારી;
મુક્તિ કાંક્ષીય જન ભક્તિ દાયક પ્રભુ,
સકલ સામર્થ ગુણ ગણન ભારી. ૨
જયતિ સકલ તીરથ ફલિત નામ સ્મરણ,
માત્ર વાસ વ્રજ નિત્ય ગોકુલ વિહારી;
નંદદાસનીનાથ પિતા ગિરિધર આદિ,
પ્રકટ અવતાર ગિરિરાજ ધારી. ૩

राग सारंग. पद ४९ मुं.

જે વસુદેવ કીએ પૂર્ણ તપ,
સો ફળ ફલીત શ્રીવલ્લભદેહ;
જેગોપાળ હુતે શ્રીગોકુળમે,
તે અબ આન બસે કર ગેહ. ૧

જેવે ગોપ વધૂહી બ્રજમેં,
સો અબ વેદઋચા ભઇ જેહ;
છિતસ્વામિ ગિરિધરન શ્રીવિઠ્ઠલ,
તેઇ એઇ એઈ તેઇ કછૂ ન સંદેહ. ૨

राग बिहाग. पद ५० मुं.

ભજિયે શ્રીવલ્લભવરકે ચરણ, ટેક.
સકલપતિતઉદ્ધારણકારણ,પ્રકટકિયે અવતરણ. ૧
ગૂઢ શ્રીભાગવત પ્રતિ પદ, અર્થ પ્રાકટ કરણ;
આશરો કરિ રહે જે જન, મિટે જન્મ ને મરણ. ૨
અખિલ લીલા પ્રેમ સંયુત દિખાયે ગિરિધરણ;
રસિક વિનતિ કરે માનો, ચરણ કમલ અનુશરણ. ૩

राग बिहाग. पद ५१ मुं.

શ્રીવલ્લભ કૃપા કીજે મોહિ, ટેક.
જ્ઞાન ભક્તિ વિવેક બળકો, આશરો નહીં કોઈ. ૧
યહ બળહીં ચિત્ત વિચારૂ, છિનક દૃગભર જોઇ;
દેહો દર્શન કર નિજ, દાસનકે દુઃખ ખોઈ. ૨

राग बिहाग. पद ५२ मुं.

શ્રીવલ્લભ ભલે બુરે તોઉ તેરે, ટેક.

તુમહીંહમારી લાજ બઢાઇ, વિનતિ સુનો પ્રભુ મેરે.૧
અન્ય દેવ સબ રંક ભીખારી, દેખે બહુત ઘનેરે;
હરિપ્રતાપ બલગિનતન કાહૂં, નિડરભયે સબ ચેરે.૨
સબ ત્યજ તુમ શરણાગત આયે દૃઢકર ચરણગહેરે;
સૂરદાસ પ્રભુ તુમારે મિલેતેં, પાયે સુખજુ ઘનેરે. ૩

राग बिहाग. पद ५३ मुं.

અરે મન શ્રીવલ્લભ ગુણ ગાય. ટેક.
વૃથાકાલ કાહેં કોં ખોવત, વેદ પૂરાણ પઢાય. ૧
શ્રીગિરિરાજધરણ પૈવેકોં, નાહિ ન ઓર ઉપાય;
રસિક સદા અનન્ય હોય કે, ચિતઇત ઉતન ડુલાય.૨

राग बिहाग. पद ५४ मुं.

સબતે શ્રીવલ્લભ નામ ભલો, ટેક.
લીજે લીજે લીજે નાતર, કલિયુગ કરત છલો. ૧
સદ્દમદ તીર્થ સદન સ્યામઘન, તીર્થ વૃથા ચલો;
શ્રીવિઠ્ઠલ ગિરિધરણ મહાનિધ, રિદ્ધિસિદ્ધિ પ્રબલો. ૨

राग बिहाग. पद ५५ मुं.

લીજે મોહિ બુલાય શ્રીવલ્લભ, ટેક.
બહુત દિવસ દર્શનભએ મોકોં, તાતે મન અકુલાય. ૧

નિશદિન અતિહીક્ષીણ હોત તન, સુદ્ધબુદ્ધ ગઇભુલાય;
ગોવિંદપ્રભુ તુમારે દર્શન વિન, યુગભર કલ્પવિહાય. ૨

राग बिहाग. पद ५६ मुं.

જય શ્રીવલ્લભ ચરણકમલ શિર નાઇયે, ટેક.
પરમ આનંદ સાકાર શશિ શરદ મુખ;
મધુરી વાણી ભક્તજનન સંગ ગાઇયે. ૧
રાજ તમ છાંડ મદ સત્વકે સંગ વ્હૈ,
રાખ વિશ્વાસ પ્રેમ પંથકો ધાઇયે;
કહત વ્રજાધિશ વૃંદા વિપિન દંપતિ,
ધ્યાનધર ધરી હિયે દૃગન સિરાઇયે. ૨

राग केदारो. पद ५७ मुं.

નમો શ્રીવલ્લભાધિશ સ્વામિ, ટેક.
અખંડ અવતાર જુગધાર લીલા કરી;
આસુરી જીવ સબ મોહ પામી. ૧
નિગમ કર જોરકેં કરત સ્તુતિ સદા,
સનક શુક વ્યાસ નહીં પાર ગામી;
શેષ અજ રૂદ્ર સુર તેતીસ ધ્યાવત સદા,
રટત મુનિજન સકલ દિવસ યામી. ૨

દેખકર દીન બ્હે અતુલ કરૂણા મઇ,
ભાગ્યનિધિ પ્રકટ ભએ ગરૂડ ગામી;
પુષ્ટિ પંથ પ્રકટકર નામ નૌકા કરી,
પાર સંસાર કિએ શરણ આમી. ૩
વેદ દધિ મથિ સિદ્ધાંત નવનિત જે ભજનરસ,
દૈવિજન દૂર કીયે હૃદય ભ્રામી;
કપટ કલિદંડ સબ ગ્રંથ ખંડન કિયે,
વ્યાસ નંદન વચન પાર પામી. ૪
કોટિ બ્રહ્માંડ તન રોમહિ રોમપ્રતિ,
જગત આધાર ધર ધીર ધામી;
નંદ ગૃહ પ્રકટ ભુવિ ભક્ત આરતિ હરી,
તેહી તૈલંગ કુલ તિલક છત્ર છામી. ૫
કોઉ કહેં વિપ્ર કોઉ વિબુધ પંડિત કહેં,
કોઉ કહે અંશ કોઉ આત્મારામી;
સ્વીય જન એક નિરધાર નિશ્ચય કિયો,
વસ્તુતઃ કૃષ્ણ એ બંધ દામી. ૬
કોન ગુણ કહિ શકે અખિલ વ્રજ ઇશકે,
દિન બ્હે ચરણતર શીશ નામી;

શરણ વલ્લભ લિયે ભાગ્યકો પાર નહિ,
ભજ કૃષ્ણદાસ પ્રભુ અંતરયામી. ૭

राग बिलावल. पद ५८ मुं.

યહ માગોં યશોદા નંદ નંદન. ટેક.
વદન કમલ મેરો મન મધુકર,
નિત્યપ્રતિ છિન છિન પાઉં દર્શન. ૧
ચરણ કમલકી સેવા દીજે,
દોઊજન રાજત વિઘુલ્લતા ઘન;
નંદ નંદન વૃષભાન નંદિની,
મેરે સર્વસ્વ પ્રાણજીવન ધન. ૨
વ્રજ વસવો યમુના જલ પીવું,
શ્રીવલ્લભકુલકો દાસ યેહી પન;
મહાપ્રસાદ પાઉં હરિગુણ ગાઉં,
પરમાનંદ દાસ દાસી જન. ૩

राग बिलावल. पद ५९ मुं.

યહ માગો શંકરષણ વીર, ટેક.
ચરણકમલ અનુરાગ નિરંતર;
ભાવે મોહે ભક્તનકી ભીર. ૧

સંગ દેહો તો હરિ ભક્તનકો,
વાસ દેહો શ્રીયમુનાતીર;
શ્રવણ દેઉ તો હરિ કથા રસ;
ધ્યાન દેહુ તો સ્યામ શરીર. ૨
મન કામના કરો પરિપૂરણ,
પાવન મજ્જન સુરસરી નીર;
પરમાનંદદાસકો ઠાકુર,
ત્રિભુવન નાયક ગોકુલપતિ ધીર. ૩

राग बिलावल. पद ६० मुं.

યહ માગોં ગોપીજન વલ્લભ, ટેક.
માનુષ જન્મ ઓર હારસેવા;
વ્રજ વસવો દીજે મોહી સુલ્લભ. ૧
શ્રીવલ્લભકુલકો હોંહૂ ચેરો,
વૈષ્ણવ જનકો દાસ કહાઉં;
શ્રીયમુના જલ નિત્યપ્રતિ ન્હાઉં,
મન ક્રમ વચન કૃષ્ણ ગુણ ગાઉં. ૨
શ્રીભાગવત શ્રવણ સુન નિત્ય,
ઇન ત્યજ ચિત્ત કહું અનત ન લાઉં;

પરમાનંદદાસ યહ માંગત,
નિત્ય નિરખો કબહૂં ન અઘાઊં. ૩

राग धनाश्री. पद ६१ मुं.

શ્રીકૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કૃષ્ણ કહે રે મન મેરે, ટેક.
કોટિ જન્મ કષ્ટ પાપ છિનમે જાય તેરે. ૧
જગત બાવરેકે સંગ તું બાવરો કયાં હોયે રે,
શ્રીહરિજીકો ચરણાર્વિંદ બેરબેર ગૃહિરે. ૨
બેર બેર કહતહૌં તું સુનત નાહિ બહેરે,
કહેતહેં ગોવિંદ સદા આનંદમેં રહેરે, ૩

राग गोरी. पद ६२ मुं.

કૃષ્ણ શ્રીકૃષ્ણ શરણં મમ ઉચ્ચરે, ટેક.
રેન દિન નિત્યપ્રતિ સદા પલ છિન ઘડી;
કરત વિધ્વંસ જન અખિલ અઘ પરિહરે. ૧
